

# ટોચકા સંગ્રહ.

૧૮૯૦

૪૩૨૮

# ટોચકા સંગ્રહ.

અંગ્રેજી, ગુજરાતી, તથા બીજાં પુસ્તકોમાંથી હાસ્યજનક
ટોચકાઓ ઉપજાવી કાહાડી તથા તેમાં અસલ
ટોચકા ઉમેરીને આ પુસ્તક રચ્યું છે.

રચનાર—**જાંહાંગીર બેહરામજી મરઝબાન,**
[illegible]નાર બાઈ, કૌતક સંગ્રહ, મુંબઈથી કાશમીર, વગેરેના કરતા.

**મુંબઈ:**
જામે જમશેદ સ્ટીમ પ્રેસમાં,
મીસીઅર્સ જાંહાંગીર અને સરાફે છાપ્યું છે.

૧૮૯૦.

# ટોચકા સંગ્રહ.

## ચપરખંધો ભીખારી.

એક એસ્કી ગ્રહુસ્થ રસ્તે થઈને જતો હતો તેટલાં એક ચપરખંધા ભીખારીએ વાંકો વળીને સલામ કરી. એસ્કાએ ગજવામાં હાથ ઘાલી કહ્યું, "હું તારા જેવાઓને આપતો નથી." ભીખારીએ જવાબ દીધો, "નહીં આપતો તો તારે ઘેર રહ્યો—પણ મારી સલામ તો મને પાછી આપ!"

---

## મોહોબત!

"ઓ વહાલા મનચી, આપણે પરણ્યા પછી તું કહેશે તો સુકી રોટલી અને પાણીના ગોટ ઉપર રહીશું, પણ તું હવે લગનની ખોટી ના કર," આમ એક જુવાન અબલા બોલી.

વહાલો મનચી બોલ્યો, "ઠીક છે, મારી દીલદાર; તું સુકી રોટીનો ટુકરો શોધી લાવજે અને હું કાંઇબી કરીને એક પાણીનો ગોટ શોધી લાવીશ!"

## નરમ ઘી જેવી વાત.

**નરમ મીજાજના શેઠ**—કેમ સોલા, તું ચાકરી છોડી જાયછ?

**સોલો**—હા, સાહેબ; મને અહીં તમારે તાંહ પરવડે નહીં.

**શેઠ**—પણ છે શું? ખબર પડે તો વળી કાંઇ તેનો ઉપાય કરયે!

**સોલો**—ઉપાય થાય તેમ નથી, સાહેબ. ખોદાએ માણસને બનાવ્યાં તે કાંઈ બદલાવાનાં છે? તમારાં વાસ્કુટ મને ઘણાંજ ઘીલાં પરેચ તેથી મારાથી સાંઝના પવનચકી નહીં જવાતું. મારા આગલા શેઠનાં વાસ્કુટ મને બરાબર બંદબસ આવતાં'તાં અને મને ખરચમાં ઘણો ઉગાળો થતો'તો, ને હમણાં તો મને નવાં વાસ્કુટ સીવારવાં પડશે તે મને નહીં પરવડે, સાહેબ!

---

## પરીક્ષામાં પાસ.

**પરીક્ષક**—ડોસુ, પારદર્શક એટલે શું?

**ડોસુ**—પારદર્શક એટલે, સાહેબ, આરપાર દેખાય તે.

**પરીક્ષક**—સાબાસ, બરાબર છે. જોઉં હવે, જમસુ, તું એક દાખલો આપ.

**જમસુ**—કાચ, સાહેબ.

**પરીક્ષક**—બરાબર છે. મેહેલુ, હવે તું એક દાખલો આપ, જોઈયે.

**મેહેલુ**—કળની અંદરતું કુંચી ઘાલવાનું આંધરૂં, સાહેબ!

## મોહોકાનના સમાચાર.

"તમારે પેટે છોકરી છે, નહીં સાહેબ?" આમ ટેમુલજી દસ્તુરે ધનજીભાઈ બેઠાબેકારને પુછ્યું. ધનજીભાઈએ ઉત્તર દેવાનો યત્ન કર્યો, પણ સાદ કેમે કરી ગળાંમાંથી નીકળે નહીં, તેથી હાથ ઉપર માથું મેલીને બેસી રહ્યા. આ જોઇ દસ્તુરજી બોલ્યા, "માફ કરજો હો, સાહેબ, કાંઈ ભુલચુકથી મારા બોલવાથી તમારૂં દીલ દુખાયું હોય તો. આએ દુનીયાજ અફસોસથી ભરેલી છે, સાહેબ. એકુ છોકરી પાછી થયલી કે શું, સાહેબ?"

ધનજીભાઈ દલગીર સાદે બોલ્યા, "અરે ના રે, દસ્તુરજી સાહેબ, મારી ચહડ ઉતરની અગીઆર છોકરીઓ છે, તેમાંની સઉથી જીની અઠાવીસ વરસની છે!"

---

## મુગાં-બેહરાંની ભેલાભેલ.

એક દહાડે જમશેદજી નામે એક ગ્રહસ્થ અત્રેની મુગા બેહરાંની ઈસ્પીટાલ જોવા ગયો. મકાનમાં દાખલ થતાં એક બીજો પારસી મલ્યો, જે દેખઈતો આ ઈસ્પીટાલનો મુગો-બેહરો દીસતો હતો. જમશેદજીએ ઈસારતથી સમજાવવા માડયું કે મારે ઇસ્પીટાલ જોવી છે. સામાએ પણ આંગળાંથી ઉત્તર આપવાની તજવીજ કીધી, પણ બન્ને જણ એક બીજાને સમજે નહીં. જમશેદજીએ તરેહવાર રીતે આગળાં મરડીને ઘણુંબી સમજાવવાનું કીધું પણ પેલો સમજે નહીં. દસેક

મીનીટ સુધી આમણસામણ એસારતો ચાલ્યા પછી આખરે જમશેદજી થાકી ગયા અને ચીરડાઇને બોલી ઉઠયા, "એનું ખાનું ખરાબ થાય એનું! ચાલ, નીકલ અંહીથી—નરો ધુવડ છે, ધુવડ!"

આ સાંભળી સામો ધણી પણ બોલી ઉઠયો, "ઓ! તમે બોલી શકોછ કે? ત્યારે પા કલાક થયો નકામી શું કામ માથાંકુટ કરાવી?"

"હું તો આ ઈસ્પીટાલ જોવા આવ્યો છું અને મેં ધારયું કે તમે અહીંના એકાદ મુગા-બેહરા હશો," જમશેદજી બોલ્યા.

સામાએ જવાબ દીધો, "લે, તારૂં ભલું થાય તારૂં! હુંબી ઇસ્પીટાલજ જોવા આવ્યોછ અને તમને હું મુગા-બેહરા સમજ્યો!"

---

## ઓ! માયરે!

અમદાવાદની જેલ એકવાર સોહોરાબ અને તેની ધણીયાણી જોવા ગયાં. સઘળાં ખાતાં દેખાડયા પછી જેલર તેમને સ્ત્રી બંધવીઓનાં ખાતાંમાં લઈ ગયો. ત્યાં દરવાજામાંજ એક ઘરડી અને બે જવાન મલી ત્રણ સ્ત્રીઓ બેસી કામ કરતી હતી. આ લોકને જોઈ મીસીસ સોહોરાબજી બોલ્યાં, "ઓ! માયરે! મરદ બંધવા કરતાં આ સ્ત્રી બંધવીઓ કેટલી બધી ખવીસ જેવી લાગેછ?—જાણે નરી ખુની!" આ સાંભળી જેલર બોલ્યો, "નહીં, બાઈ, બંધવીઓ તો અંદર બંધ છે—એ લોક તો મારી બાયડી ને બે છોકરીઓ છે!"

## માને ખુશ ખબર.

**મલવા આવનાર**—ખુચી, તારે તાંહ તો આજે એક નવી બેન આવી !

**ખુચી**--તારે તો ઉભાં રહો, હું માએને જઇને કહી આઉં.

---

## મીઆં ભાઈની અકડ ભારી પણ અક્કલ આડી.

એક દીવસે એક મીઆં રસ્તેથી ચાલી જતા હતા, તેવનને એક કાઠી (કાઠીયાવાડી) મલયો. વાતે લાગતાં મીઆંએ કાઠીને પુછયું, "અબે તેરા નામ કયા ?" કાઠીએ ખરેખરૂ કહ્યું કે મેરા નામ **મોભભઈ.** મીઆંએ વીચાર કીધો કે આ રાંડનો પોતાનો ભપકો દેખાડવા અને મારેથી સરસ છે એવું જણાવવા **મોભભઈ** કરીને પોતાનું નામ જણાવેછ. મીઆંનાં મનમાં એમ કે **મોભ** તો ઘરનો હોય અને બાંધનીને મથાલે **મોભ** આવે તેથી મારાથી ચઢયાતો જણાવવા સારૂ કાઠી પોતાનું નામ **મોભભઈ** કરીને કહેછ. માટે મારે એથી સરસ જણાવવું તે એવું કે એનાથી ચઢે અને તેનેથી બીજું સરસ નામ કેહવાઇ શકાયજ નહીં. એમ વમાસન કરીને મીઆંએ કાઠીને જણાવ્યું જે "તેરા નામ **મોભ** તો મેરા નામ **વલયાં** (વલયાં એટલે બાંબુના ખપેરા જે મોભ અને બરોડની ઉપર નખાય છે તે.) વલી તેરા નામ **વલયાં** તો પીછે મેરા નામ **સલયાં** (સલયાં એટલે લાકડાંની પટીઓ જે ખપેરાની ઉપર જરાય છે તે.) તેરા નામ **સલયાં** તો મેરા નામ **નલયાં** (એટલે નલયાં

સર્વેથી ઉપર આવે)—હેમક ! દેખ, મે તેરા ઉપરકા ઉપર, કભુબી નીચે નહીંજ. બોલ અબી, કયા બોલતા હય ?" એવી રીતે મુછપર તાવ દઇને ચાલતા થયા.

કાઠયાવાડીએ ધાર્યું કે મીઆં બચારા મારા જેવા અકલના ઓઠમીર છે એમ સમજીને છાનોમાનો રસ્તે લાગો.

મીયાંભાઈ તો કાઠી સાથની આ ફતેહથી હરખાઈને ચાલવા માંડયું એટલાંમાં માર્ગમાં એક બીજો કાઠી મલ્યો. મીઆંએ વળી પાછું તેનું નામ પુછયું. કાઠીએ જવાબ દીધો, "મેરા નામ **વાઘભઇ.**" મીઆએ વીચાર કીધો કે આય નાલ્લો મને બીહવરાવવા સારૂ 'વાઘભઇ' કરીને પોતાનું નામ જણાવેછ તેથી બોલ્યો, "બચ્ચા **બાઘભઈ** નામ બોલકે મેરેકુ ડરાતા હયની; કુચ આદમીકા નામ બાઘ કબી હુએ ?" કાઠીએ મીઆંની ખાતરી કરવા સારૂ જણાવ્યું કે "હમારા લોકમાં **વાઘભઈ, કાગભઈ, મોતીભઈ**, વીગેરે નામ આવે છે, માટે તુમ કહો એટલી તુમેરા ખાતરી કરૂં." પણ મીઆં માને નહીં અને વીચાર કીધો કે કાઠી મારાથી ડરે એવું મારૂં નામ એને જણાઉં, પછી જોઉં શું કહેછ. મીઆં બોલ્યો, "દેખ બચ્ચા—તેરા નામ એક **બાઘ** તો મેરા નામ દો બાઘ, આર દો બાઘન, ઔર ઉસકી ઉપર એક બરા સરપ—અબી બોલ તુંને મેરેકુ ડરાયા કે મૈં તેરેકુ ડરાયા." કાઠીએ જોયું કે મીઆં તો બચારો પાક્કો ધનજી છે ને અમસથોજ બકબક કરેછ. ઠીક છે, જરા એનું પાણીબી જોઇએ અને આપણુંબી બતલાવ્યે. એવા વીચારથી મીયાંને કહ્યું, "દેખો, નામસે ડરાના કુચ બરી બાત નહી; કામસે ડરાના અછી બાત હયે." મીઆં બોલ્યા,

"ઠીક બાત હય, અપન દોનોકુ બરા લંબા જાના હય; કબી ચલતે ચલતે નામ ઔર કામ દોનોસે તેરેકુ ડરાઉંગા જબ તો ઠીકની ?"

એવી રીતે વાત કરતાં આગલ ચાલ્યા અને કાઠીએ મીઆંની અકકલ જોઈને મીઆંને છેડવાની પહેલી તક હાથ ધરવાનું પોતે દરૂસ્ત વિચાર્યું. આઘેથી એક દરધા દેખાઇ તેની ગમ દોડી જઇને તે ઉપર નજીસાઈ કરી જેથી મીઆંને બહુ ગુસો લાગ્યો. પણ આંગમાં કાંઇ જોર નહી એટલે હાથોહાથ થવાનુ માંડી વાલી કંઈ એવીજ રીતે કાઠીને સતાવવાનું દરૂસ્ત ધાર્યું. કાઠી મીઆંનો ભેદ પામી ગયો અને આગલ રસ્તો કાપતાં એક કૌવચનું ઝાડ હતું તેને અમથો અમથો પગે લાગ્યો, જેનું કારણ મીઆંએ પુછવાથી તે ઝાડમાં પોતાનો દેવ છે એવું કાઠીએ જણાવ્યું. મીઆંએ જોયું કે હવે કાઠી ઉપર વેર લેવાનો ઠીક લાગ છે એવું ધારીને કાઠીની માફક લાગલો ઝાડ ઉપર ચઢીને નજીસાઇ કરવા માડી અને ઝાડનાં પાન તોડીને સફાઇ સારૂ વાપરયાં અને પછી ઉઠીને ભપકામાં ને ભપકામાં આગલ ચાલતા થયા. મીઆંનો તમાસો જોવા સારૂ કાઠી પુઠેપુઠે લાંબેથી ચાલ્યા કરતો હતો, જેનું કારણ મીઆં એમ સમજ્યા કે કાઠી મારી ઉસ્તાદી જોઈને ડરી ગયો છે અને બલાપો કરતો પાછલ રહ્યો છે.

અરધો એક કલાક મીઆં આગલ વધ્યા નહીં એટલામાં કૌવચથી કરીને મીઆંનાં બદનમાં ખુબ ખાજ થવા લાગી જેથી આગલ વધતાં તો મીઆના દોળા નીકળી પડયા ને મીઆં ઉભા

રહીને કાઠીને લાંબેથી હાંક મારવા લાગા. પણ કાઠી જાણે જાણતો નહીં હોય તેમ પીઠમોરો થઈને બેસી ગયો જેથી મીઆંને બુમ પાડતાં પાડતાં કાઠી આગલ આવવું પડયું અને પોતાને બળતી અગન માટે કાઠી આગળ ફરયાદ કરવી પડી. કાઠીએ કહ્યું કે "તુંમને હમારા દેવકુ સતાયા ઉસકે બાસ્તે દેવને તુમારા ઉપર બરા કોફ કીયા હય; ઉસકા અબી ઈલાજ કુચ નહી હય." મીઆ બહુ રડી કુટી પડયા અને ગમે તે ખરચ કરીને દેવને પાછા મનાવવા જણાવ્યું. કાઠીએ તાન તોર કરીને મીઆં પાસે થોડીક પૈસાની રકમ ઉપરાંત કુંકું, નારીએલ, ફુલ, તથા એક મણ ઘી વીગેરે જણસો દેવને અરપન કરવા સારૂં કઢાવી, જે મીઆંએ ખુશીથી કબુલ કીધું અને તે સર્વે લઈને બેઉ જણા પેલાં ઝાડ પાસે અરપન કરવા ગયા.

મીઆંને અઘે રાખીને કાઠીએ જે પોતાનું ધુતમધાતમ કરવાનું હતું તે કીધું અને પેલાં ઘીમાંથી થોડુંએક ઘી મીઆં પાસે લાવીને બદન ઉપર ચોળવા જણાવ્યું અને ફરીથી એવી રીતે દેવને હેરાંન નહીં કરવા વીશે મીઆં પાસે સપત લેવરાવ્યા. મીઆંએ અગન બળતા ભાગ ઉપર ઘી લગાડવાથી ખાજ નરમ પડી, અને એવી રીતે મીઆનું જે મોટું નામ 'દો બાઘ, ઔર દો બાઘન, ઔર ઉસકી ઉપર એક સરપ' તેનું કાઠીએ તમામ પાણી ઉતરાવ્યું અને છુટા પડી બેઉ પોત પોતાને રસ્તે ચાલતા થયા. અસલથીજ કહેવાતું આવ્યું છે કે 'મીઆંભાઇની અકડ ભારી પણ અક્કલ બહુ આડી.'

## તારે મારે સરત.

**ભત્રીજો**—કાકા, એક પચાસ રૂપીયા ઉછીના આપો. આજે બનશે તો આજે, નહીં તો કાલે પાછા આપશ.

**કાકા**—તું આપતો ને હું લેતો ડોસા થયા. તારે મારે સો રૂપીયાની સરત.

**ભત્રીજો**—લાગી, કાકા. સો રૂપીયા આપો, અને તેમાંથી તમારા ઉછીના આપેલા પચાસ હમણાજ કાપી લેઓ!

---

## હોરાજીની દાહાડી.

આદમજી નામના એક હોરાનાં મોહોડાં ઉપર ઘણીજ ગીચ અને મોટી દાહાડી હતી તે એટલા સુધી કે જેમ હોરાજીના દોસ્ત આસનાવો તેમજ તેમનાં બચાંકચાંનેબી બાવાનું મોહોડું કેવું હશે તે જોવાની મોટી ઉમેદ હતી. આદમજીના દોસ્તો હમેશાં એ બાબદ એવનની મશકેરી કરતા ને દાહાડી ઓછી કરાવવા ખોંહોસ કરતા. આદમશેઠ પોતેબી કોઇ વખત નવરા બેસતાં વમાસન કરતા કે "સાલી જે દારસી મેની દાઠી નીકલીસ તે દારસી સાલું મેનું મોં મેં પણ જોવા પામો નથી ને વલી ઉપરસી આપને, નામ શું, હવે જઈફ થવા આવોસ. અલલા ફઝલ કરે ને કબી કાલ ઉઠી કબરવાસી થાઉં તો મેની ઉમેદ મુસેજ દતાશે. એસી બેતર છે કે ફજરમે અપનો હજામ આવે તેની પાસે આખુંજ મોં મુદાવી કાઢું ને પછી મેની સુરત કેવી છે તે નજરસે દેખું." બીજે દીવસે આદમ-

જીએ આખી દાહાડી બોરાવી ને નાહી ધોઇને એવનની સીસમની કબાટમાંથી આયનો કાઢીને મોં જોઈ બોલ્યા, "શુભાન અલલા, સાલા લોકની અક્કલસે મે આ શું——ખાધું; મેં તો જાણે કાલવાલો આદમજીજ નથી—ભલે, બચ્ચાં પાસે તો જાઉં, એઓની નજરમાં મેં કેવો દેખુસ." એમ બોલી બુજીએ સુફરો બીછાવ્યો હતો તે ઉપર બીરાજમાન થઇને બીસમલલા કરવા જાય છે તેવામાં આદમજીનાં નાનાં બચ્ચાંઓ જે સામે ઉભેલાં હતાં તે એવનની સુરત જોઈને એકદમ ભેંકી પડયાં ને પોતાની મા પાસ જઈને ફરયાદ કરવા લાગ્યાં કે "માજી, બાવાનાં ખાના ઉપર કોઈ મસ મોટો વાંદરો આવી બેઠોસ." બુ ગભરાઈને જોવા જતાં આદમજીએ સરવે ખરો ખુલાસો કીધો ને બુનું મત પુછયું; જેના જવાબમાં બુએ આંખપર હાથ ધાંકયા ને પાછાં ફરયાં. હવે છોકરાંએ બાપાનો અવાજ પારખવાથી બાપાને સવાલ કીધો, "બાપા, એ તમે કેનું મોઢું આજે ઘાલી આવાસ?" આદમજીને આથી બહુ ખેજાલત લાગી અને આજે એક મહીનો થયો ઘરમાંથી બહાર પડતા નથી.

---

## બુધવારના વાંધા.

**ખસરૂ**—મેહરી, તું મારી સાથ પરણવા ના કહેછ બસ, આ ડંગોલું લઈ હું મારૂં ભેજુંજ છુંદી નાખુંછ!

**મેહરી**—તે તો ખરૂં; પણ પહેલાં તો કોઈનું ભેજું લાવી તારાં માથાંમાં મુકશે પછી છુંદશે કેની?

## દાહાડી મુંડાવવી કે દાહાડી રાખવી?

['મુતરબે ખુશ નવા બીગુ'ની રાહ.]

(બેત.)

દાહાડી રખ્ખો અએ દીનદારાં—

દાહાડીસે ઈઝ્ઝત બરી,
ચેહરેકો ઉનસે જેવરી(૧) ;
ખીલે ચમનમેં અનવરી(૨).—દાહાડી૦ ર૦ દી૦

દાહાડીસે ચેહરે અનવરી(૩),
મુંડાવનેસે લાગે બુરી ;
સુરતમેં જએસી અસતરી.—દાહાડી ર૦ દી૦

દાહાડીપર ફીરે અસતરેહ,
કેયા હાલ હોવે બે તરેહ(૪) ;
આખર(૫) હોવેગા કેસ તરેહ.—દાહાડી ર૦ દી૦

દાહાડીકો મુંડવાના એકીન(૬),
અજજુમલે રસમે કાફ્રીન(૭) ;
નહીં એ તરીક હુયે દીનદારીન.—દાહાડી ર૦ દી૦

કીઉં કરતે હો ઉસકો ખાર(૮),
ખોહતે હો અપના અએતેબાર ;
જીન્નતકો વે લેતેહો નાર(૯).—દાહાડી ર૦ દી૦

(૧) શોભા. (૨) કલીઓનું ફુટવું. (૩) દીપકદાર. (૪) બદ દેખાવ.
(૫) કયાંમતમાં. (૬) ખચીત. (૭) કાફ્રેરી રસમ. (૮) ખરાબ. (૯) દોજખ.

દાહાડીકો મુંડવાના હરામ,
કતરાવના મકરૂહ(૧૦) તમામ;
સુનીયો તુમી અએ ખાસોઆમ.—દાહાડી૦ ૨૦ દી૦

દાહાડી શાઆરે(૧૧) દીન હએ,
રખને ઉપર તેહેશીન(૧૨) હએ;
મુંડવાવે પર નેફ્રીન(૧૩) હએ.—દાહાડી૦ ૨૦ દી૦

દાહાડીસે તુમકો માન હએ,
ઉસ્સે ખુશ રહેમાન(૧૪) હએ;
વો શાહેદે ઈમાન હએ.—દાહાડી૦ ૨૦ દી૦

દાહાડી નીશાંન હએ મરદુમી,
રખો ઉસકો સીધી સમી;
ખુશ હોવે રબીઊલ આલમીં.—દાહાડી૦ ૨૦ દી૦

દાહાડી મુંડોકો હએ ખુહારી,
હશરમે(૧૫) બહોત દુશવારી(૧૬);
અજાબ હોવે બહુત ભારી.—દાહાડી૦ ૨૦ દી૦

દાહાડીસે નુર હએ મુખ ઉપર,
સુનો અજીજ તુમ કાનો ધર;
લીખા હએ કઉંફકે(૧૭) અંદર.—દાહાડી૦ ૨૦ દી૦

(૧૦) નાખુશીથી. (૧૧) સાહેઞ્ઞા. (૧૨) આફ્રીન. (૧૩) ધીક્કાર. (૧૪) ખુદા. (૧૫) કયાંમત. (૧૬) વીપતી. (૧૭) ધરમપોથી.

જો દાહાડી તમામ મુંડવાવે,
હશરમે સાંપ લપટાવે;
નુર મુખકા સુખા જાવે.—દાહાડી૦ ૨૦ દી૦

દાહાડીસે હએ બહોત ઈઝઝત,
દાહાડી હએ મુખકી જેન્નત(૧૮);
દાહાડી મુંડો હએ બેઈઝઝત.—દાહાડી ૨૦ દી૦.

માહાસનસે(૧૯) સુજાઅત(૨૦) હએ,
બીગર ઉસકે મુંખંન્નાસ(૨૧) હએ;
વો સુરત મેસલે ઔરત હએ.—દાહાડી૦ ૨૦ દી૦

બીગર દાહાડી ખીજાલત(૨૨) હએ,
દલાલત(૨૩) ઓર મલાલત(૨૪) હએ;
દાહાડી મુંડોપર લેઆનત હએ.—દાહાડી૦ ૨૦ દી૦

દાહાડીવાલે જાંહાં જાવે,
બહોત ઈઝઝત વહાં પાવે;
મરાતબ દેકે બેઠલાવે.—દાહાડી૦ ૨૦ દી૦

દાહાડી મુંડોકો પકરેંગે,
હશરમેં ઉનોકો જકરેંગે;
દાહાડીવાલે તબ અકરેંગે.—દાહાડી૦ ૨૦ દી૦

(૧૮) શોભા. (૧૯) દાહાડી. (૨૦) બાહાદુરી. (૨૧) હીજરો.
(૨૨) શરમીંદગી. (૨૩) ધીક્કાર. (૨૪) દુઃખી.

## ભલા આદમી કાચ્ચો!

**માજીસ્ટ્રેટ**—તારૂં નામ શું રે?

**સોરાબજી સીકંદર**—અરે તમારૂં ભલું થાયરે તમારૂં, એ પરથી જણાયછે કે તમને કશી માહીતીજ નથી. તમારી અગાઉના બધા માજીસ્ટ્રેટો સેવકનું નામ જાણુતા હતા!

---

**સહી**—બેન, તારો વર આવો સુંના જેવો છે તેને તું કાંય ઘડીઘડી ગુસ્સે કરેછ?

**સ્ત્રી**—તેવણ જ્યારેબી ગુસ્સો કરીને જાયછ ત્યારે પાછાં ઘેર આવતાં મને પટાવવા સારૂ કંઈ ને કંઇ લેતા આવેછ તે શું કરૂં!

---

## મારી છત્રી!

મને એક ઘણીજ અભાગણી ટેવ પડેલી છે. મારી છત્રી કોઈ હંમેશ ચોરી જાય છે. ગયા છ મહીનામાં મેં બે-ચાર છત્રીઓ ખોઈ દીધી. આખરે થાકીને મેં શો ઉપાય કરયો તે જુઓ: એક તારસ્તાની છત્રી લઈ તેપર મેં મોટા અક્ષરે ચીતરાવ્યુંછ—**આએ છત્રી જાંહાંગીરજીના ચોરાયલી છે.** આ એજમતી અક્ષર લખાવ્યા પછી મારી છત્રીને કોઈ હાથ લગાડતું નથી—જ્યાં ભુલી આઉંછ ત્યાંથી ઘેરબેઠાં પાછી આવેછ. વળી વધારે નવાઈ જેવું શું છે!—કોઈ

મારી છત્રી પાંચ મીનીટ વાપરવા પણ માગતું નથી. કોઈ ભુલેચુકે હાથમાં લેછ તો ઉપલું વાંચી તરત પાછી મુકી દેછ.

---

## ચશ્માનો શોખ.

મારા એક મીત્રની આંખ્યો ઘણીજ સારી હતી, તે છતાં એસ્કી મારવા માટે તેને ચશ્મો પહેરવાનો શોખ થઇ આવ્યો. તે એક ચશ્માવાળાની દુકાને ગયો અને ઘણાક ચશ્મા કઢાવ્યા. એક જોયો તે નહીં આવ્યો, બીજો જોયો તે નહીં લાગ્યો, એમ કલાકેક સુધી માથાંઝીક કીધી. ચશ્માવાળો અનુભવી હતો તેણે ઘણું સમજાવ્યું, "તમારી આંખ સાજી દેખાય છે, અને ચશ્માની કાંઈ જરૂર નથી." પણ માને કોણ? તે તો બસ કહે, "મારી આંખ્યો અભ્યાસ કરતાં એવી તો ખરાબ થઈ ગઇછ કે મને લાગેછ કે મને બેસતો ચશ્મો મલવો મુશકેલ છે." ચશ્માવાળાએ કહ્યું, "સાહેબ, જરા થોભો, ઘણું વાંચતાં આંખ ખરાબ થઇ ગયલી હોય તેના ચશ્મા મારી પાસે જુદા છે." એમ કહી એક ચશ્મો પોતાને હાથે ઘરાકને પહેરાવી પુછયું, "કેમ?"

ઘરાકે આમ તેમ નજર ફેરવીને ખુશી થઇ કહ્યું, "આહ આએ ચશ્મો આવ્યો ખરો—આંખ કરતાં ત્રણ ઘણું સાજુ દેખાયછ! એનો નંબર શું?"

ચશ્માવાળાએ ચશ્મો પાછો લીધો, અને જયાં કાચ હોવા જોઈયે તે ખાંચામાં પોતાનાં આંગલાં ભેરવી ઘરાકને દેખાડયું કે એ તો કાચ વગરની ખાલી કમાન હતી!

## સખાવતે બહાદુર.

મોરીનસની દુકાન આગળ ત્રણ-ચાર ભુખાં જેવાં છોકરાંએ ઉલટ ભરી આંખો સાથે ફરયા કરતાં હતાં. જેમને જોઈ એક પુરૂષ તેઓને અંદર લઈ ગયો. સઘળાંને ટેબલ ઉપર બેસાડયા પછી પુછયું, "તમને આઈસક્રીમ ખાવા ગમેછ, નહીં?" સઘળાંઓએ ખુશાલીથી જવાબ દીધો, "હાજી." પેલાએ ત્રણ આઈસક્રીમનાં ગ્લાસ તે લોકને સારૂ અને બે પોતાને સારૂ મંગાવી ખાધાં અને ખવાડયાં. પછી કેક મંગાવી ખવાડયાં. છોકરાંઓ ધરઈ રહ્યાં એટલે પેલાએ દુકાનના ફરંગીને બોલાવીને કહ્યું, "જરા આ બચ્ચે લોકને જોજે. હું સામે કુપર માડનની દુકાનેથી રમકડાંની ચોપડીઓ લઈ બે મીનીટમાં આઉંછ. જો કોઈ પડી નહીં જાય !" આમ બોલી તેવણ ત્યાંથી ગયા. પાંચ મીનીટ થઈ, દસ થઈ, અડધો કલાક થયો, કલાક થઈ ગયો, પણ પેલાની તો ધનનસલ મલે નહીં. આખરે દુકાનના ધણીએ પુછયું, "કેમ બુચાઓ, બાવાને ઘણીવાર થઈ—હજુ કેમ આવ્યા નહીં ?" છોકરાંઓએ જવાબ દીધો, "એ કાંઈ અમારા બાવા નથી. અમે તો બહાર રમતાં હતાં ત્યારે એવણ અમને અંદર પકડી લાવ્યાં ને આઇસક્રીમ ખાવા બેસાડયાં તે અમે ખાધું !"

---

કાર્ડીનલ ન્યુમેન કહે છે કે જે પુરૂષો બીજાને દુ:ખ દે તે કદીબી ગ્રહસ્થો હોયજ નહીં. ગરીબ બીચારા ડાકટરો ! ત્યારે શું તેઓ ગ્રહસ્થ નહીં ?

## ગપ્પીદાસની ટોળી.

### આ સઘળામાં જોરાવર કોણ?

દીલ્હી શેહેરમાં જયમલ નામે એક મલ પાદશાહના તમામ મલો સાથે કુસ્તી રમીને જીત મેળવી ઘણો હરખાઈ ગયો, અને કહેવા લાગ્યો, "હવે મારા જેવું કોઈ જબરૂં માણસ નથી; અહીં નથી તો દુનીયામાં ક્યાંથી મલી આવે! અરે કોણની માએ શેર સુંઠ ખાધી છે કે મારી બરાબરી કરી શકે? માટે હવે બહાર ઉતરી પડવું. ઘણા રાજ રજવાડામાં જઇ લડનારની અને તે નહીં તો સવામણ સોનાનાં પુતલાંની માગણી કરવી. લડનાર તો કોઈ હશે ત્યારે આપશે કેની? આમ કરવાથી સોનાનાં પુતલાં મળશે, તેથી આ કમાવાની તક ખોવી નહીં. વળી દુનીયામાં આપણી જીતના ડંકા વાગે એ થોડી મગરૂબીનું કારણ નથી!" આવા વીચારથી જયમલ પરદેશમાં વીજય કરવા નીકળ્યો.

મોટા મોટા રજવાડા અને શેહેરમાં જયમલ ફરી વળ્યો પણ ત્યાં તો કોઈ લડનાર મળ્યો નહીં. પરંતું જ્યાં જ્યાં તે ગયો ત્યાંથી વીજયની નીશાની તરીકે સવામણ સોનાનું પુતલું લીધું. આ પ્રમાણે ચાલીશ પુતલાં એકઠાં થયાં, પણ કોઈ માથાંનો મળ્યો નહીં. આથી જયમલને ઘણો ગર્વ ઉપજયો.

હવે જયમલ ફરતો ફરતો અમદાવાદનાં બજારમાં આવી ચઢયો. કમ્મરપર ચાલીશ સોનાનાં પુતલાં બાંધીને ચૌટાં વચ્ચે ઉભો રહી કહ્યું, "મારી સાથે કોઈ લડનાર આપો, નહીં તો સવા મણ સોનાનું પુતલું આપો." ઘણાં લોકો એકઠાં થયાં હતાં

તેમાંથી એક જણ મશ્કરીમાં બોલી ઉઠયો, "અહો, મલ્લ! તમારી સાથે લડનાર ગાંગલી ઘાંચણનો છોકરો કતડીઓ અમારાં શેહેરમાં છે તેને ત્યાં જાઓ તો તે તમારી સાથે લડશે." જયમલ્લ લાગલોજ ગાંગલી ઘાંચણને ઘેર ગયો, અને તપાસ કરી તો ઘરમાંથી કતડીઆની ઓરતે જવાબ આપ્યો કે "તેવણ ઘેરમાં નથી, બહાર ગામ ગયા છે." જયમલે ફરીથી પુછયું, "કયે ગામ ગયા છે, અને કયારે આવશે?" બાઇએ ઉત્તર દીધો, "અહીંથી પંદર કોસપર એક ગામ છે ત્યાં અમારા શેઠનું સો ગાડાં લોઢું છે તે લેવા આજ સવારના ગયા છે તે લઈ સાંજે પાછા આવશે. પોતાની ખાંધપર ખેંચી લાવવું છે માટે ઘડીક મોડું-વહેલું વખતસર થાય તો થાય! પણ આજે અચુક ઘેર આવશે." જયમલે આશ્ચર્ય પામી સવાલ કર્યો, "ખાંધપર શી રીતે લાવશે?" બાઈએ કહ્યું, "દરેક ગાડાંનો ઉંટડો આગળનાં ગાડાંમાં ભરાવી સૌથી આગલાં ગાડાંનો ઉંટડો પોતે ખાંધપર લેઈ ખેંચશે એટલે તમામ ગાડાં ખેચાતાં આવશે."

જયમલના તો હાંજાજ ગગડી ગયાં તેથી વીચારવા લાગ્યો, "અધધધ! સો ગાડાં લોઢું ખેંચીને પંદર કોસનો પંથ કરી સાંજે પાછો ઘેર આવશે! ઘણી અજબ વાત છે! ઘાંચી મારો સસરો બહુ જબરો દેખું; પણ લડવું તો જોઈયે. 'હીમ્મતે મરદાં તો મદદે ખુદા.' એને કાંઇ દાવ પેચ આવડતા નહી હશે તેથી એક પલકારામાં હરાવીશ. પરંતુ અહીં લડવું ઠીક નહીં. કદાચ ઘાંચી જીતે તો મારૂં મોત થઇ જાય ને લોકો ખરખર હસી પડે, માટે તેની સાથે વગડામાંજ કુસ્તી રમવી એ ઉત્તમ રસતો છે. કદાચ હારશું તો ત્યાંથીજ પોબારા માપી જશુ." આવો

વીચાર કરી જયમલ ઘાંચીની સામે ચાલ્યો. થોડાક ગાઉ ચાલ્યો એટલે ગાડાંઓની હારની હાર ઉડતી ધુલ વચ્ચે આવતી દીઠી. જયમલે એકદમ ધસારો કરી ઘાંચીને ભોંયપર નાખ્યો. ઘાંચી કાંઈ બકરૂં ન હતું તેથી તરત ઉઠીને જયમલની ખાંધ ઉપર ચઢી બેઠો, પણ જયમલ યુકતીથી તેના હાથમાંથી છટકી જઈ મુછપર તાવ દેતો તથા મોટા ડોળા ધુરકતો ઘાંચીની સામે તીરસ્કારથી જોવા લાગ્યો. આ રીતે ભોંયપર બંન્નેની મર્દાંની કુસ્તી ચાલી. અરસપરસ લડતા જાય છે ને ઉપર તલે થતા જાય છે એવામાં બન્ને પાંચ ગાઉ આગળ નીકળી ગયા. એક તરફ ગાડાંનું લોઢું વેરાઇ ગયલું અને બીજી તરફ જયમલની કમ્મરેથી સોનાનાં પુતલાં પણ છુટાં થઈ રસ્તાપર પડયાં છે, તેવામાં જંબુરી નામની એક કોલણ છાંણા વીણવા આવી તેની નજર તેપર પડી. ચારે તરપ જોયું તો કોઇ માણસ દીઠું નહીં તેથી જંબુરી કોલણે હરખાઈને તમામ લોઢું તથા સોનુ વગડામાંથી વીણી ટોપલામાં ભરયું અને પોતે જાતે માથાંપર ચઢાવી ગામ ભણી ચાલતી થઇ. જયમલ અને ઘાંચી છેવટે થાકી ગયા; કોઇની હાર-જીત થઇ નહીં એટલે કાયર થઇ છુટા પડયા. જયમલનાં મનનું અભીમાન ઉતરી ગયું, પણ ઘાંચીનાં મનનું અભીમાન વધ્યું કે જયમલ જેવો પણ મને જીતી શકયો નહીં તો હવે મારી બરાબરી કરનાર કોણ હોય! પોતાનાં માલની તપાસ બેઉ જણા કરવા લાગ્યા તો સો મણ લોઢું અને ચાલીસ પુતલાં મળ્યાં નહીં, પણ અમથાં ખાલી ગાડાં છુટેલાં જોયાં, તેથી તેઓ આસપાસ જોવા લાગ્યા તો તેઓને દુરથી પેલી જંબુરી કોલણ નજર આવી, અને તેનાં માથાંપર

પેલાં ચાલીસ સોનાનાં પુતલાં સુરજના તાપથી ચલકતાં હતાં તે જોયાં. બેઉ જણ વીચાર કરવા લાગ્યા કે આ તો કોઇ જબરી છે—સો મણ લોઢું ને ચાલીશ સોનાનાં પુતલાં લઇને એક હાથે ચાલતી જાય છે! તેથી તેઓએ તેની પુઠ પકરવાનો નીશ્ચય કરયો પણ ફોકટ, કારણકે તેઓ કુસ્તી લડતાં બહુ થાકી ગયા હતા તેથી બેઉ જણ ત્યાંજ વગડાંમાં બેસી ગયા.

આણીમેર પેલી જંબુરી કોલણ ટોપલો લઇને ચાલતી હતી તેવામાં એક જબરો વંટોળ્યો થઇ આવ્યો તેથી તેનાં માથાં પરનો ટોપલો આસમાન પર ચઢયો અને તે જઇને કોટવાલની બાઈડીની આંખમાં બેઠો. કોટવાલની બૈરીને લાગ્યું કે વંટોળ્યાના જોરે તેની આંખમાં કાંકરો આવી પેઠો છે માટે હજામને બોલાવી કઢાવવો જોઇયે. હજામ ભાઈ આવ્યા અને આંખ ઉઘાડીને જોયું તો માલમ પડયું કે આંખમાં તો એક ટોપલો છે, અને તેની અંદર બસો મણજ લોઢું છે અને ચાલીશ સોનાનાં પુતલાં છે, માટે તેણે કોટવાલની બૈરીને કહ્યું, "આ તમારી આંખમાંનો કાંકરો જો મને આલો તો બાપજી હું આખને હાથ અડાડું." કોટવાલની સ્ત્રીએ હા પાડવાથી હજામે પોતાનાં હથીયાર વટે આંખ ચીરીને પેલો કાંકરો તોડી પાડયો. આંખે નીરાંત થઈ અને ભોંય ઉપર તે જોય છે તો આટલું બધુ લોઢું અને સોનાનાં પુતલાં દીઠાં તેથી અજબ થઈ ગઈ. હજામજી તો એક લુહારને ઘેર ગયા અને પેલાં સોનાનાં પુતલાંનાં કડાં કરાવ્યાં ને સો મણ લોઢાંનો નાકમાંથી બાલ તુપવાનો મોટો ચીપ્યો બનાવીને તેમાં પેલાં સોનાનાં કરાં ઓળવી હજામત

કરવા ખનનન ખનનન કરતા નીકળ્યા. રસ્તામાં એક વટેમાર્ગુ મલ્યો જેણે પોતાની હજામત કરવાને વાસ્તે હજામને થોભાડયો. હજામ બેઠો અને એક પલકારામાં પેલા વટેમાર્ગુનું માથું તથા દહાડી બોડી કાઢ્યા પછી ચીપ્યો લઈને નાકમાંનાં બાલ તુપવા લાગ્યો, જે જોઈને વટેમાર્ગુએ ઉપર દમ લીધો કે ઝટ દેતો ચીપ્યો નાક વાટે અંદર ચાલી ગયો. હજામ બુમ પાડવા લાગ્યો, "ઓ બાપજી! એમ ચીમ થયું—મારા સોનાનાં કડાંવાળો ચીપ્યો આલો." એમ કહીને તેની સાથે ગાલ ગલોચ કરવા લાગ્યો. વટેમાર્ગુએ કહ્યું, "જો ભલા માણસ, તારે જોઈયે તો નાકમાં હોય તો કાઢી લે." હજામ વાંકો વળ્યો અને તેનું નાક પોહોળુ કરીને તંતોસવા જતો હતો તેવામાં વટેમાર્ગુએ પાછો જોરમાં દમ લઇને સરૂકો મારયો કે ઝટ દઈને બાપરા હજામજી પેલા વટેમાર્ગુનાં પેટાખાનામાં ચાલી ગયા. હજામ આમથી તેમ ફરવા લાગ્યો પણ ચીપ્યો તો મલ્યો નહીં પણ પેટમાં એક ઉંટવાળો હાય અફસોસ કરતો બેઠેલો જોયો. ઉંટવાળાએ હજામને કહ્યું, "અરે ભાઇ, તું અહીં કયાંથી આવી ચઢેલો?" "અરે ભાઇ, હું શું કહું," પેલા હજામે જવાબ દીધો, "મારો તો સોનાના કડાંવાળો ચીપ્યો આએ ભુતડો ગળી ગયો છે." "અરે ભાઈ, પણ મારૂં તો સાંભળ; એજ માણસ મારાં પંદર ઉંટ આજ વીસ દીવસ થયા ગળી ગયો છે, ને છેવટે હું પણ અંદર સપડાઇ ગયો. વારૂ ચાલો, જે બન્યું તે બન્યુ. પણ જરા મને ચકમક આપો કે આપણે બેસીને બીડી પીજ્યે." તેઓએ ચકમક સળગાવ્યો અને બીડી પીવા લાગ્યા, પણ ચકમકના સળગવાથી પેલા વટેમાર્ગુને ગીલી લાગી તેથી જોરમાં બેત્રણ છીંક

ખાધી જેથી પેલો હજામ, તેનો ચીબ્ગો અને સાથે પેલો ઉંટવાળો પોતાનાં પંદર ઉંટ સાથે નીકળી પડયા. વટેમાર્ગુ પોતે પોતાને માર્ગે ચાલ્યો, અને હજામ અને ઉંટવાળો પોતાનું ખોવાઇ ગયલું પાછું મલવાથી ખુશી થતા વીદાય થયા. હવે કહો, આ સઘળામાં જોરાવર કોણ ?

---

## બેવડો સંતાપ.

નવલુ ધુવડ એટલો તો બદશીકલ હતો કે તેણે પોતાનાં ઘરમાંની સઘળી આરસીઓ કઢાવી નાખી કે જેથી પોતાનો ચેહેરો જોવામાં ન આવે. હવે નવલુ ધુવડની બાયડી શીરીન સોવામણીએ એક નાની આરસી પોતાને માટે પોતાના ખાનગી ઓરડામાં છુપાવીને રાખી હતી. બનાવ એવો બન્યો કે એક દહાડે નવલુ ધુવડ શીરીનના ઓરડામાં જઈ લાગ્યો અને પેલી આરસીમાં મોંહોડું જોવાઈ ગયાથી બહુજ દલગીર થઇને રડવા લાગ્યો ; સાથે સાથે શીરીન પણ રડવા લાગી. થોડીવારે નવલુ તો રડતો બંધ થઇ ગયો પણ શીરીન રડવાનું બંધ કરેજ નહીં ; તેથી આખરે નવલુએ થાકીને પુછયું, "પણ હું મુગો રહયો ને તું હજુ કેમ રડયા કરેછ ?"

"અફ્સોસ!"—શીરીને જવાબ દીધો, "તમે તો એકજ વાર તમારી સીકલ અચમુચ જોઈને આટલા બધા રડી પડયા પણ હું તો દરરોજ આખ્ખો દહાડો તમને જોઉં છું ત્યારે અમારા શું હાલ ?"

## મોબેદ બાદશાની જમવાની બાજ.

સાપુરદારૂને એક ભરવાડ સાથે ઘણી પ્રીત પડી હતી. સાપુરદારૂ મુંબઈથી આવે ત્યારે પોતાના મીત્ર ભાણ્યા ભરવાડા સારૂ કાંઇ ધાભરી, છરી વીગેરે લાવતા તેથી ભરવાડો તેમની બહુ ખાતરદારી કરતો. એક દીવસે એ ભરવાડ મીત્રએ સાપુરદારૂને મેજબાનીએ બોલાવયા; અને દાહેલા મલેસરાનાં ખજુરાંમાં જઇ બંને જણે ભુજણુ, કવાબ, વીગેરે તૈયાર કીધું. પછી દરેકે પોતાનું ભાણું છેટે રાખી જમવાની તૈયારી કીધી ભાણાંપર બેઠા પછી સાપુરદારૂએ મોટે મોટે 'બનામે યઝદ' કરી જમવાની બાજ ધરવા માંડી. પેલો ભરવાડ તો ટગર ટગર જોયા કરે કે એ સાપલો એમ કેમ કરે; એને તો વાયું થઇ આએવું હો, બહુ બબડવા માંડયો છે. પછી બાજ ધરી સાપુરદારૂ મુગે મોંઢે ખાવા લાગા. પેલો ભરવાડ હંમેસ માફક ઘણીબી વાત કરાવે પણ સાપુરદારૂએ બાજ ધરેલી તે બોલે નહીં. અણાડી ભરવાડે વીચાર કીધો કે ખરેખર બચારા સાપલાને કંઇ દરદ ઉભરાઇ આવેલું લાગે છે. પહેલાં બડબડયો વા થયો, પછી એકદમ મુગો થઇ ગયો; એને સુનેપાતની કાંઇ કસર થવા માંડી છે; અને હવે જો હમણા કંઇ ઉપાય નહીં કરશ તો કદાચ મરી જવાનો. એમ વીચાર કરી આતસમાં બે દભેણાં (ડાંમ મુકવાના લોઢાંના સોટા) ખુબ તાતવી સાપુરદારૂને બે પોતાના બીજા ભરવાડો પાસે પકડાવાની યુકતી કરી. ભરવાડા સાપુરદારૂને અડકવા જાય કે બાજમાંજ "હું હુંઊં! હુંઊઊ!" કરી દુર જવાને ઇસારતથી ફરમાવે. ભરવાડા તો કહે, "કામ વધવા માડયું જો" કરી જબરાનથી પકડીને

પેટપર ને ગરદનપર ડામ દેવા માંડયા. સાપુરદારથી ખમાયું નહીં તે મોટેથી બોલી ઉઠયા કે "અરે દોસ, મને એમ ના કરો; હું મરી જવશ." ભરવાડ મીત્ર ખુશી થયો કે હં! ડામ દીધાથી સાપુરદાર બોલતો થઈ ગયો. પછી તેણે કહયું કે "સાપલા, તુંને તો હું છેઉં તાંસુધી મરવા નહીં દેઊ કેની; જો તુંને હમણા ડામ નહીં દેતે તો તું મરી જતે. તું તો મુગો થઈ ગયેલો તો હવે જોની કેવો પાછો બોલતો થઈ ગયો." "અરે! ઘેરાના ખાધાઓએ શું કરી મેલ્યું!—હોરાજીકી દોસતીમે કટોલાંકા ફાકા થયા તો."

---

## વીસરભો.

મારો એક મીત્ર હંમેશ ફરીયાદ કરે કે "તે તેની ડ્રેસીંગ ટેબલ ઉપર રાતના પૈસા કાઢી મુકે છે તે કોઈ ચોરી જાય છે." આ મીત્ર લગાર વીસરભો હતો તેથી કેટલા પૈસા ગયા તેની યાદ રાખે નહીં. એક દહાડે અમોએ મસલહત કરી કે મારા મીત્રે નોકરોંની અજમાયશ કરવા થોડાક રૂપ્યા ટેબલ ઉપર મુકવા. રાત પડી અને સઘળી તૈયારી કીધા બાદ તેણે થોડાક રૂપ્યા ચાકરો જુએ તેમ મેજ ઉપર મુકયા. સહવારના હું મળવા ગયો ત્યારે મેં પુછયું, "કેમ દોસ્ત, પછી અખતરાનું શું પરીણામ?"

"તે તો કેમ જણાય!"

"કાંય, રૂપ્યા મુક્યા હતા કેની?"

"હા, મુકયા હતા તો ખરા."

"ત્યારે કેટલા ગયા?"

"તે હું કહી શકતો નથી, કેમકે મુકતી વખત કેટલા રૂપ્યા હતા તે કાંઇ મેં ગણ્યા નહીં!"

## એ તે કેઈ જાતનો ઈનસાફ !

બઇરાંઓથી તો હાથ જોડયા. દાખલા તરીકે મારી બઈરીજ લેઓ. જ્યારે અમે અદરાયલાં હતાં ત્યારે હું છુપી રીતે મારે સાસરે તેણીને મળવા જતો. ત્યારે આઠ વાગે તોબી મને ઉઠવા નહીં દે ને હંમેશ કહે, "ઓવાય, હજુ તો સકારૂં છે; એટલા જલદી ઘેર જઈને શું કરશો ?" હવે અમો પરણ્યાં છૈયે ત્યારે સાત વાગે ઘેર જાંઉ છું તોબી કહે છે, "આટલા મોડા રખડી રઝડીને ક્યાંથી આવ્યા ?"

---

## મર્દાંને મર્દ.

**નશરવાન એસ્કી** (કાંસતો અને હાંફતો)—ઓ બાપરે ! ઓ માયરે ! જરા કોઈ એક બ્રાંડીનું ગ્લાસ લાવોરે !

**સઘળાં** (અકલાઇને)—શું છે ? શું છે ? કાંઇ ઘણા થાકી ગયલા દીસોછ !

**નશરવાન**—અરે બોલોજ ના; આજે પાલવા બંદર ઉપર મેં એક ડુબતાં માણસનો જાન બચાવવામાં મદદ કીધી—ઓ—ઓ—આ !

**સઘળાં**—હેં ! સાબાસ ! પણ તમને તરતાં તો આવડતું નથી ?

**નશરવાન**—નહીં, તેટલું કામ તો એક ખલાસીએ કીધું; પણ મેં કીનારે ઉભો રહી મદદને સારૂ ધાંટેધાંટાં પાડી નાખ્યાં !

## બચારા ડાકટરો!

સાંઝના ડાકટર પોતાના ઓરડામાં બેસી વાંચે છે એવામાં પડોસના બે દોસ્ત ડાકટરો મેહરનોશજી અને પોંચાજીનો હમાલ ચીઠ્ઠી લઇ આવ્યો :—

"ડીયર પીલુસ, જલદી આવજે; અમે બે જણ બગાંસાં ખાઇયેછ અને જો ત્રીજો હોય તો પાણાનો સટ થાય."

ડાકટરે ચીઠ્ઠી ફાડી નાખી અને પોતાની સ્ત્રીને કહ્યું, "ડીયર, હું જરા જઈ આંઉછ, હો; ઘણો અગતનો મામલો છે અને બે ડાકટરો મારા વગર ખોટી છે!"

---

## મારી હીરાની વીંટી.

સાહેબો, તમારો સેવક કંઈ પોચાં ભેજાંનો નથી. બગડાના છગડા કરવાના તમારા સેવકનેબી આવડે છે. હું કોઇ દહાડે ઠગાયો નથી પણ એકવાર કેવો ચોખ્ખો સપાટામાં આવ્યો તેનું બ્યાન નિચે આપું છું :—

અમારી વાડીમાં શાપુર ફાંકડો આવતો હતો. તેને આંગલે એક બીલીયાનની વીંટી ચમચમ થઈ અમો સઘળાઓને લલચાવતી હતી. એક દહાડે નવરોજજી ઝવેરી વાડીમાં જમવા આવ્યા. તેવણે વીંટી તપાસી મત આપ્યું કે "આ બીલીયાન સુમારે પાંચ રતીનું હશે અને બહુજ પાણીદાર હોવાથી કાંઈ નહીં તો રૂપ્યા એક હઝારનો માલ હશે." આ વીંટીની માંહેલી બાજુએ **શા. ફાં.** કરી અક્ષરો

કોરેલા હતા અને તેની બાંધણી એવી નવાઇ જેવી હતી કે જો એકવાર વીટી જોઇ હોય તો ફરીથી કદીબી ભુલી જવાય નહીં.

હવે એવું બન્યું કે શાપુર ફાંકડો કોઇ ગુનાહના સપાટામાં આવી ગયો અને મુંબઈથી વટી ગયો. વરસેક ગયા પછી હું એક દહાડે મારવાડી બજારમાંથી જતાં જતાં જોઉં છું તો એક મારવાડી ઝવેરીની દુકાને વીટીઓ મુકેલી હતી જેમાંની એકને જોઇ "આ તો શાપુરવાળી વીટી—તમે કહો તો સમ ખાંઉ!" આમ હું અચરતીથી બોલી પડયો. એક કાચના બાકસમાં બીજી દસ-બાર વીટીઓ સાથે આ વીટીબી મુકેલી હતી. મેં આ વીટી કઢાવી અને મારવાડીને પુછયું કે "આ વેચવાની છે?"

મારવાડીએ વીટી કાઢી અને બોલ્યો, "હોવે, બેચનેકા હય, પણ હમકુ કુચ કીંમત માલમ નહીં પરયા. સવા બરસપર એક પારસી પચાસ રૂપ્યા લેકર ગીરવી રખ ગીયા."

વીટીમાં તો ફેર નહીં. માંહે 'શા. ફાં.'ના અક્ષરબી જેના તે, બાંધણીબી તેજ. મારવાડીને પુછતાં તે બોલ્યો, કે "રૂપ્યા ૫૦ ધીરેલા અને વ્યાજનાં વ્યાજ સાથે રૂપ્યા ૮૦ આપો તો વીટી તમને મળે." હું તો મન સાથે હરખાઈ ગયો કે ચાલ બચ્ચા, કમાયો. આજે મારા બાપ જનમમાં મારવાડી પહેલીવાર ડગાયો ખરો. મારવાડીને મારી ઉપર શક નહીં આવે માટે ઘણી ઉલટથી લગાર રગઝીક કરીને રૂપ્યા ૭૦ આપી મેં વીટી વેચાતી લીધી અને આંગલાંમાં લટકાવી ત્યાંથી ચાલવા માંડયું. મેં મન સાથે વિચાર કીધો કે શાપુર

જેવો ચકોર માણસ કાંઈ પચાસ રૂપ્યા વાસ્તે આવી વીટી વેચે નહીં. જ્યાં છે ત્યાં શાપુરે કોઈને વેચેલી અને તેની પાસેથી કોઇ ચોરી લાવેલું અને મારવાડીને ઘેર વેચી ગયલું.

બંદા તો વીટીનો ઓળો ફેંકતા ફેંકતા વાડીમાં ગયા. ત્યાં તો સઘળા મારી મશ્કરી કરવા લાગ્યા—કોઈ કહે, "એ કાચનો કકડો ક્યાંથી ઉંચકી લાવ્યો ?" કોઈ બોલ્યું, "કાચની પછવાડે પારો લગાડેલો છે કે ?" ઈત્યાદી. મારૂં તો જબરદસ્ત પાકી આવ્યું, પણ દમ ઉંચો રાખી કાંઇ બોલ્યો નહીં. બીજે દીને સહવારનાં પોહોરમાં હું નવરોજજી ઝવેરી પાસે ગયો. મને વીટી વિષે તો કાંઇ શક હતોજ નહીં કેમજે નવરોજજીએ પોતે આ વીટીની કીંમત આંકી હતી, પણ મને ધ્રાંટો આવ્યો હતો તેથી મેં ઠરાવ કીધો કે નવરોજજી પાસેથી એની સર્ટીફીકેટ લખાવી મારા વાડીના દોસ્તોને ચાંઈ કરૂં.

નવરોજજીએ વીટી હાથમાં લીધી અને બોલ્યા, "હા, આએ વીટી મારી જોયલી. શું તમારે એની કીંમત જાણવી છે? હમણાં કહું (તરાજુમાં તોલીને)—સુનાની કીંમત, બાર રૂપ્યા અને સાડા નવ આના !"

હું તો ઉજળો પુની જેવો થઇ ગયો અને પુછ્યું, "ત્યારે તમે અગાઉ રૂપ્યા એક હઝારે કાંય આંકી ?"

"તો બાપુ, ત્યારે તો તેમાં ખરો હીરો જડેલો હતો, પણ હમણાં તો ખોટો છે !"

ઘણોવાર નવરોજજી સાથે વાત કીધાથી ખોલાસો એમ જણાયો કે, "શાપુર કડકો થયો હશે ત્યારે ખરો હીરો કાઢી

નાખીને વેચી નાખેલો અને ભપકો રાખવા સારૂ માંહે ખોટો હીરો બેસાડેલો. સેવટે તેણે આ ખોટી વીટી મારવાડીને ત્યાં ઘરેણે મુકી હશે."

હું મારાં મન સાથ વિચાર કરવા લાગ્યો કે બચ્ચા, તું મારવાડીને હાથે બન્યો અને વાડીમાં તારૂં ફુલસુગનું ગયું તે જુદું—પણ ચિંતા નહીં, વળી મારોબી દહાડો આવશે. થોડોક વાર વિચાર કરી મેં નવરોજજી ઝવેરીને પુછ્યું કે "તમે લોક હીરા ભાડે આપો છો કે?"

"હા, કાંય નહીં—સારાં માણસ જોઈને ભાડેબી વાપરવા આપ્યે છૈયે," નવરોજજી ઝવેરીએ જવાબ દીધો.

"તો જુઓ, નવરોજજી, મારૂં એક કામ છે તે કરશો? પણ બોલી એ કે કોઈ આગળ એક હરફ કાઢવો નહીં."

નવરોજજીએ કબુલ કીધાથી અમે અમારો બંદોબસ્ત કરી ઉઠયા. ત્યારપછી એક મહીનો સુધી હું વાડી ગયો નહીં. હોરમઝદ રોજને દહાડે જ્યારે હું ગયો ત્યારે વળી પાછા મારા મિત્રો મારી વીટીની મશ્કરી કરવા લાગ્યા તેઓએ 'કાચ' અને 'ઝુમ્મરનાં લુલખ'ના શબ્દો બોલી અસેમસે પાછી ટકોર કરવા માંડી. આખરે લાગ જોઈ હું બોલ્યો, "સાહેબો, આજ કાંઈ મુદત થઇ તમે લોક અસેમસે કેટલાક ટીકા કરો છો. અત્યારસુધી હું જાણે જાણતો નહીં હોઉં તેમ કાંઈ બોલ્યો નહીં, પણ હવે તો વાત છેક હદ ઉપર જાય છે તે મને પસંદ નથી. (ઓહો—તરીઆપાવ!) તમે લોકોએ હીરા બાપદાદે વાપરેલા ઘણા કેની તે બધા સમજુનાં પુછડાં થઈ

નિકળ્યા છો! તમારા જેવા હાથીપારખુઓ હીરાના વેપાર કરવા નિકળશે ત્યારે બાવળીયો બળશે, સમજ્યા—મુગા બેસો, નહીં તો કાંઇ વધારે સાંભળશો."

વાત તો વધી પડી અને તકરાર હસ્વાપરથી ખસ્યાંપર આવી ગઇ. ભટલુ મોદી બોલ્યો કે "જો આ હીરો ખરો હોય તો રૂપ્યા પચાસની સરત!" માકુ મેડ કહે, "તે ઉપર મારા રૂપ્યા પચાસ બીજા." એક કહે, "ભાઇ મારાણી પચાસ ઉમેરતો આવ." આ પ્રમાણે અગીયાર જણા સરત મારવા ઉતરી પડયા અને પેટ પકડીને ખુબ હસવા લાગ્યા.

મેં અજાણ્યો થઈ કહ્યું, "જો ભાઇઓ, તમે લોક આમ તપી જાઓ છો તે ઠીક નહીં; મેં તો આએ વીટીની જુજ કીંમત આપી છે પણ મારા વિચાર પ્રમાણે એ ખરી છે. હું સરત મારવાને ખુશી નથી, બાકી હમણાં તમારૂં હસવાનું બંધ કરી મેળતે."

આ સાંભળી તેઓ તો વધારે હસવા લાગ્યા અને બોંસાબોંસી ઉપર આવ્યા કે હું આમ બોલીને છટકી જવા માગું છું. ઘણી આણાકાણીએ મેં આ સઘળા અગીયાર જણા સાથ સરત કબુલ રાખી, પણ એવી સરતે કે દરેક જણે પોતાના પચાસ પચાસ રૂપ્યા અમારા 'ચેરમેન' બેજીકાકાના સ્વાધીનમાં આપે અને હું પણ રૂપ્યા સાડી-પાંચસોની રકમ તેવણને આપું. પછી એ આખ્ખી રકમ જે ખરો પડે તેને મળે!

અમોએ અમારી રકમો આપી. સધળાઓ બહુજ ખુશાલીમાં

આવી ગયા હતા. અમો તેજ ઘડી કપડાં પહેરી કોટમાં પ્રાવર હ્યુબાની દુકાને આવ્યા. ગાડીમાં સર્વે એક બીજા સાથે વાત કરે છે કે મારૂં માથું હવે જતું જાય છે કે શું. ઝવેરીએ વીટી જોઇ અને સઘળાઓએ સવાલ પુછયો કે "એ ખરી છે કે ખોટી?" જવાબ મળ્યો કે "જુની ખાનનો ઘણો સરસ હીરો છે—કીંમત રૂપ્યા હઝારથી બારસો!"

મારા સઘળા દોસ્તો તો ચાટ પડી ગયા. બેજુકાકાએ નોટનું બંડલ સેવકને આપ્યું. સાડી-પાંચસો રૂપ્યામાંથી નવરોજજીને તેવણનું ભાડું આપી તેવણનો હીરો પાછો સપુરદ કીધો અને મારો ખોટો હીરો પાછો માંહે જડાવીને વીટી આંગલીએ લટકાવી ફરવા માડયું.

આ વીટીની રકઝક બહાર ઘણી થઇ અને આખરે તે વાત મારવાડીના કાનપર પણ આવી. બાપ મારા! તેનો તો દમ ગયો. "મારા હીરા, હે ભગવાન—ભગવાન, બારસેં રૂપૈયાકા માલ! પારસી બરા લુચ્છા—હાય, હાય! મારા સત્યાનાશ હો ગયા; એ પારસી થોડા બીયાજકે લીયે ખરી વીટી મેરે પાસ છોડ ગીયા, પણ ઈતના દીનમે મર ગયા હોગા."

મારવાડી તો બીજે દીને રડતો રડતો મારી પાસે આવ્યો અને વીટી પાછી વેચાતી લેવાને કાલાવાલા કરવા લાગ્યો, "ઓ શેઠજી, મેરી ચુક હો ગીયા; અમ ગરીબ આદમી મર જાયગા—જો આદમી વીટી રખ ગયાથા વો તો પીછા

આયા હય ને અમેરા ઉપર ફીરીયાદી કરેગા, કુછ પૈસા જીઆદા લો, તુમારે પગે પડતા હું."

હું ઘણી આનાકાની કરવા લાગ્યો. મેં કહ્યું, "અરે પણ ભલા માણુસ, તુંને કોઈએ બેહેકાવ્યો છે. મને નહીં લાગતું કે એ હીરો ખરો હોય. નકામું કાંય તારૂં માથું ઝીકે છે."

મારવાડી બજીદ થવા લાગ્યો કે "હીરો ખોટો તો ખોટો પણ પાછો જોઇએ છે; કેમજે તેનો ધણી લેવા આવ્યો છે," ઈત્યાદી. મેં કહ્યું, "ત્યારે ઠીક છે, રૂપ્યા હડીસો આપે તો આપું."

મારવાડીનાં પેટમાં જીવ આવ્યો. તે મન સાથ મને બડો મુર્ખ સમજ્યો હશે. થોડીક ખેંચતાંણ કીધા પછી તેણે રૂપ્યા કાઢી આપ્યા. મેં રસીટ લખી આપી કે "મારવાડીને હડીસો રૂપ્યા માટે એક ખોટી વીટી વેચી છે." મારવાડી તો હરખાતો ઘર ગયો.

સાડી-પાંચસો પહેલા અને હડીસો આએ! એક દહાડાની રમતમાં રૂપ્યા આઠસો!

વારૂ ચાલો, એબી ગનીમત! આપણે કયાં ઘી વેચવા ગયા હતા!

---

## શક ભરેલો જવાબ.

**સુનાબાઈ**—અરે નીચે સુધી આવવાની શું કામ તસદી લેઓછ? એ તો હવે હું જવશ.

**દીનબાઈ**—અરે તસદી શાની? તમને જતાં જોવાની તો એક જાતની ખુશાલી છે!

## વાજાંનું ઈસતુન.

કેખશરૂ શેઠ પોતાની દીકરીને સારૂ સાઉન્ડી કુંપનીમાંથી એક મ્યુઝીક સટાંડ લઇ આવ્યા. સઘળાઓ બાહાર જવા પછી 'બીરામ ઈરાની' સાફ કરતો કરતો આ સટાંડનો ઈસકરૂ ખુબ ફેરવવા લાગ્યો તેટલાં આયા આવી લાગી.

**આયા**—અરે બેહરામ એ શું કરેછ?

**બેહરામ ઈરાની**—આજે શેઠ બોઈને કેતીતી કે બુચી-બાઇને સારૂ હું વાજાંની ઇસટાન લાવીછ તે હું એક કલાક થયો ફીરાવી જોઇચ તે વાજું તો કંઇ વાગતી નહીં!

---

## ભોળા ભરવાડની બાયડી.

એક ભરવાડ અને વાણ્યો બન્ને દોસ્તદાર હતા. વાણ્યો જરા ઠાવકો હતો પણ ભરવાડ તો બચારો તદનજ 'ઈલેવનતી ઇલેવન' હતો અને વાણ્યાને રોજ એક બૈરી સોધી કાઢવાની ફરમાસ કરતો હતો. વાણ્યાએ જોયું કે એ બચારો ભોલો માણસ છે, એને જો કેઠે સારે ઠેકાંણે પરણાવી આપશું તો આપણને દુવા દેશે એમ ધારી તેને એક લાંબેનાં ગામમાં પોતાની ઓળ-ખાણુના અને સારી સ્થિતીના ભરવાડને ત્યાં આ ભોલા ભરવાડનું કારજ સાંધી આપ્યું. જો કે આ ભોલો ભરવાડ જે ગામમાં રહેતો હતો ત્યાં બાયડીઓનો કાંઈ ટોટો ન હતો તોપણ એનાં ગામનાં બધાં લોકને ખબર હતી કે એ ભાઈ તો તદનજ ભોઠ છે. એથી કોઈપણ એને વરવાને રાજી ન હતું. એ

વાત સારી પેઠે વાણ્યાને જાણીતી હતી માટે વાણ્યાએ લાંબેનાં ગામની બાયડી શોધી આણી.

કારજ થયા પછી કેટલેક દીવસે આપણા નવા થયલા જમાઇને સાસરેથી તેડું આવ્યું જેની ખબર આ ભોલાએ જઈને પોતાના વાણ્યા મિત્રને જણાવી. વાણ્યાએ જોયું કે જો એને એખલોજ સાસરે જવા દઈશ તો રાંડનો કાંઈક ગોટો વાળી આવશે અને મારી ફજેતી થશે તેથી પોતે પણ સાથે જવાનો ઠરાવ કરી બન્ને જણે પેલાં ગામ ભણી હીંડવા માડયું.

રસ્તામાં વાણ્યાએ ભોલા ભરવાડને બહુ રીતે સમજાવ્યો અને ખુબ દમામથીજ સાસરે વર્તવા કહ્યું, પણ એ બચારો **દમામ** એ ચીજ સમજેજ ક્યાંથી, તેથી 'ઓવે ઓવે' કરી ચાલ્યા કીધો.

જ્યારે સાસર્યાં ગામમા આવી લાગ્યા ત્યારે વાણ્યો નવા જમાઇજીને સાસરાં ઘરમાં તેડી ગયો અને ઘણા વખતના બન્ને જણા ભુખ્યા હોવાથી ભોલા ભરવાડની સાસુએ ખાંણું તૈયાર કર્યું. નવા જમાઈજી પહેલાજ સાસરે પધારનાર છે, એમ જાણી ખાંણું બહુ ઉંચી પ્રકારનું કરવામાં આવ્યું હતું.—તેમાં ચાવલ, ખાંડ, અને ઘી શિવાય બીજું કાંઇએ મળે નહીં. (ભરવાડો હંમેશાં રોટલા ખાય છે અને જે દીવસે મોટા અવસર, વગેરે હોય છે તે દીવસેજ ચાવલ, ખાંડ, અને ઘીનું પકવાન બનાવે છે).

હવે ભોલો ભરવાડ અને વાણ્યો બન્ને ખાવા બેઠા એટલે સાસુજીએ પહેલાં ચાવલ આણ્યા. બચારા ભોલાએ તો કોઈ દીવસે ચાવલ જોયલા કે ખાધેલા નહીં. તેથી ઘભરાયો અને

વાણ્યાને 'પુછવા લાગ્યો, કે "એ હું?" વાણ્યાએ જોયું કે મુઢ કાંઈ નખ્ખોદ વાળશે માટે કહ્યું, "અલ્યા, ચપ-ચપ," (યાને છાનો રહે). ભરવાડ સમજ્યો કે એનું નામ તે **'ચપ-ચપ'** હશે. પછી સાસુજી સાકર લાવ્યાં ત્યારે પાછું વાણ્યાને પુછ્યું, કે "આહું ?" વાણ્યો કંટાળ્યો તેથી કહ્યું, કે "છાણો રહે, નકર ઉપરથી ધમ કરી પડશે" (યાને મુકી મારીશ) પેલો ભરવાડ સમજ્યો કે આનું નામ તે **'ઉપરથી ધમ'** કરી હશે. વળી સાસુજી ઘી લાવ્યાં એટલે વળી આ મુઢ પુછવા લાગ્યો, કે "આ હું ?" હવે બચારો વાણ્યો બહુજ મુઝાયો કે રાંડનાને આટલું કહું છું તે છતાં મુગો રહેતો નથી તેથી ગાળ દીધી, કે "તારી માનું નાતરૂં." પેલો સમજ્યો કે એનું નામ તે **'તારી માનું નાતરૂં'** હશે. હવે સર્વ ભોજન ખલાસ કર્યું એટલે સાસુજીએ જમાઈ પાસ આવી પુછ્યું, કે "કહો, જમાઈજી, કાંઇ જોઇયે છે?" પેલા મુઢે તો કોઈ દીવસ એવું ખાધેલું નહીં તેથી કહ્યું, કે "હા." સાસુએ સવાલ કર્યો, કે "શું લાઉં ?"

ત્યારે આ અનાડીએ કહ્યું કે થોડુંક **ચપ-ચપ, ઉપરથી ધમ,** અને **તારી માનું નાતરૂં** લાવ." સાસુ તો ચીરડાઇ કે એ બકે છે શું. પણ પેલો ફરીને ફરીને એમજ કહે. સાસુ સમજી કે મુવો ગાળ દે છે તેથી પોતે પાછી જમાઇને ગાળ દીધી, કે "મુવા, **તારી માનું નાતરૂની,** મને કેમ કહે છે." પણ પેલો કાંઇ સમજ્યો નહીં અને કહેવા લાગ્યો, કે "ઈ તો ઈ, કાંઇ નહીં, ઈ પણ લાવ." વાણ્યાએ જોયું કે આ મુર્ખે તો ગોટો વાળી દીધો એટલે તેણે સાસુને સમજાવ્યું, કે "એ તો ચાવલ,

સાકર, અને ઘી માગે છે, પણ રાંડનાને નામ ન ખબર હોવાથી તમે જ્યારે પીરસવા આવ્યાં ત્યારે એ મને દરેક વખતે પુછવા લાગ્યો, કે 'આ શું?—આ શું' તેથી મને કંટાલો આવ્યો. પહેલાં ચાવલ આણ્યા ત્યારે એણે પુછ્યું, 'કે આ શું?' મે કહ્યું, કે 'અલ્યા, ચપ-ચપ'—તો એ ચાવલનું નામ **ચપ-ચપ** કરી બેઠો; વળી તમો સાકર લાવ્યાં તો કહે, કે 'આ શું?' ત્યારે મે કહ્યું, કે 'અલ્યા, છાનો રહેછે કે નહીં, નકર આ ઉપરથી ધમ કરી મારીશ' તો રાંડનો સમજ્યો કે સાકરને **ઉપરથી ધમ** કહેતા હશે અને જ્યારે તમે ઘી લાવ્યાં ત્યારે વળી મને કંટાળો આપવા લાગ્યો તેથી મેં ચીરડાઇને કહ્યું, કે 'અલ્યા, તારી માનું નાતરૂં' તે એ સમજ્યો કે ઘીને **તારી માનુ નાતરૂં** કહેતા હશે. હવે તમે જ્યારે પાછાં પુછવા આવ્યાં ત્યારે એને એ દરેક વાનાં જોઈતાં હતાં તે રાંડનાએં તો દરેક મેં દમથી કહેલાં નામજ ઠોકી દીધાં, વાસ્તે એનો તમે ગુસ્સો કરવો નહીં. એ બધી વાતે છે તો હુશિયાર પણ મુઢને સારાં ખાણાંની ખબર ન હોવાથી એવો ગોટો વાળી દીધો; બાકી એમાં કાંઇ બીજી ખામી નથી."

સાસુજી ચબરાક હતાં તેથી સમજી ગયાં કે આ તો તદનજ મુર્ખ માણસ છે અને વાણ્યો ઝંખવાણો તે માટે આમ કહે છે, તેથી જવાબ દીધો, કે "એ હોશીયાર છે તો ભલે, એને વાસ્તે બીજું ઘર સોધી કાઢો, મારે તો મારી છોડી સાથ એને પરણાવવો નથી." વાણ્યાએ પેલી બાઇને ઘણુંક સમજાવ્યું પણ તેણે ના પાડવાથી વાણ્યો પેલા મુર્ખ ભરવાડને લઈને ઘરમાંથી ગામ ભણી જવા બહાર નિકળ્યો.

રસ્તે ચાલતાં ભરવાડ પુછે છે, કે "કેમ, મારી બાયડી

આપણી સાથે નથી ચાલતી ? શું પીયરેજ હમેંશ રહેશે, કે કેમ." વાણ્યો સમજ્યો કે હજુર તો રાંડનો વરી નથી મુવો અને બાયડી સાથેજ લેઇ જવા નિકળ્યો છે. એનું કાંઈ વલે નહીં અને કોઈ એને બાયડી આપે નહીં અને જો વળી કોઈ બીજે ઠેકાંણે સાંધી આપીશ તો ત્યાં પણ કાંઈ નખ્ખોદ વાળી આવશે. વાસ્તે હમણા તો એને ઠંડો પાડીજ કામ લેઉં. તેણે ઉત્તર દીધો, કે "ના, આપણે જોઇ આવ્યા એ બાયડી તારે લાયકની નથી—તું છે એકદમ હોશીઆર અને એ બાયડી છે મુર્ખ—વાસ્તે હું બીજી અક્કલવાલી બાયડી સોધી કાઢીશ; તારે ચીંતા કરવી નહીં." ભરવાડ કહેવા લાગ્યો, કે "હા, ઇમજ રાખો, મારે એવી મુર્ખ બાયડી પાલવે નહીં. આપણે જમીને હેંડયા આવ્યા તોપણ રાંડ મુર્ખ સાથે ચાલી નહીં; કાંઇ ફીકર નહીં, વળી બીજે ઠીકાંણે હોધી કાઢજો એટલે વળી આપણને હાજુ ખાવાનું તો મલહે અને હાજી બાયડીએ મલહે." વાણ્યાએ કહ્યું, કે "હા, હાલ તો તું તારે ગામ જા, પછી હું શોધીને આવીશ." એમ વાતો કરતા બન્ને છુટા પડયા અને ભરવાડજી પોતાનાં ગામમાં આવી લાગ્યા. આડોસીપાડોસી એકઠાં થયાં અને પુછયું, "કેમ ભોલાજી, વહુ ક્યાં છે?" ભરવાડે જવાબ દીધો, એવી વહુને હું કરવું છે? રાંડ તો મુર્ખ છે એટલે હમે નહી વર્યા પણ બહુ હાજું ખાઇ આવ્યા." લોકે પુછયું, "શું જમી આવ્યા?" ભરવાડે કહ્યું, કે "**ચપ-ચપ, ઉપરથી ધમ અને તારી માનું નાતરૂં** બહુ હવાદ લાગ્યું." લોકે હસવા માડયું કે એ તો ગાંડો થયો છે અને કાંઈક લવે છે, પણ ભરવાડ કહે, કે "ના, હું તો ઈજ ખાઈ આવ્યો અને બીજી વેળા હાહુ

પીરહવા આવી ત્યારે **તારી માનું નાતરૂં** ખલાહ થયું હતું, એટલે **મારી માનું નાતરૂં** પીરહયું પણ ઇબી બહુ હાજ્રું હતું, તમારે જોઈએ તો વાણ્યાને પુછી જોજો."

વાણ્યાએ આવીને બધો ખોલાસો કર્યો અને લોક બધાં હસવા લાગ્યાં કે એ મુર્ખનું કેડે ઠેકાણું ન લાગે. બચારો ભરવાડ પોતે પણ એમજ દહાડા કાઢવા લાગ્યો, કે મુર્ખ બાયડી ન જોઈએ, હાજી અક્કલવાળી જોઈએ ; કારણકે પંડે અક્કલના ભંડાર હતા!

---

## કરકસર તે એનું નામ.

મનચુ માઈઝર ઘણોજ મખીચુસ હતો. એક ટાંચણીબી ભોંય ઉપર પડી જાય તો તે શોધી કાઢે ત્યારે તેના જીવને ચેન પડે. એક દહાડે એક મીત્રે જોયું તો મનચુ દીવાસલીની દાબડીમાંથી કાંડી કાઢીને સળગાવી ભોંય ઉપર કાંઈ શોધતો જણાયો. એક સળગાવે અને તે બળી જાય એટલે બીજી સળગાવે અને ખુબ શોધે. આથી મીત્રે પુછયું, "અરે પણ ભાઈ, ત્યારનો કાંડી સળગાવી સળગાવીને ભોંયપર શું શોધેછ?"

મનચુએ જવાબ દીધો, "અરે યાર, ઉભો રહેની, મારે હાથે એક કાંડી પડી ગઈછ તે શોધુંછ!"

---

## બચારા સોહરાબજી સીકંદરને આવા સખી દાતાર નહીં મળતા!

કેટલાક લોક દેખાવે ખવીસ જેવા પણ અંદરથી બહુજ માયાળુ દીલ રાખે છે. તેઓને ગાઈ વજાડીને ભલું કરતાં

આવડતુંજ નથી. આ નિચલી વાત ખરી બનેલી કહેવામાં આવે છે:—

એક રડતા દેખાવનો પુરૂષ ચાલીને જતો હતો તેને એક બેગારીએ ઉઠીને સલામ કરી. પેલાએ ક્રોધથી પુછ્યું, "કેમ શું માગેછ?"

"સાહેબ, આજે કાંઈ કામ મળ્યું નથી તેથી કાંઇ મજુરી કરવાની હોય તો આપો."

"કામ કરવાની તારી ખુશી છે?"

"હા સાહેબ, કામ નહીં કરયે ત્યારે ખાઈયે શું?"

"ઠીક છે ત્યારે, તું મોદીખાને નારણ મીઠાઇવાળાની દુકાન જાણેછ?"

"હા સાહેબ."

"અને તેની પાસે સપલા લાલચુનું પીઠું જાણેછ?"

"હા સાહેબ."

"ત્યારે ત્યાં જઈને આ પૈસાની પાંચ શેર મીઠાઈ તોલાવ અને દારૂવાળાને ત્યાંથી અર્ધી બાટલી દારૂ લે."

"પછી લઇને શું કરૂં, સાહેબ?"

"વળી શું કરે? મીઠાઈ ખાજે ને દારૂ પી જજે અને ત્યાં જવાની તારી મજુરીના બદલામાં બાકી ખુરદો વધે તેબી તું લેજે," આમ બોલી પેલાએ રૂપ્યો કાઢી સામો ધર્યો. બેગારી તો ચકીત થઈને જોવા લાગ્યો. પેલાએ કહ્યું, "નહીં મજુરી કરવી હોય તો ના કહે. મને બીજા ઘણા મળશે." બેગારીએ ધ્રુજતે હાથે રૂપ્યો લીધો અને ઉપલા વિક્રાળ દેખાવના પુરૂષે ત્યાંથી ચાલવા માંડયુ!

## કોણ કહે છે ?

લોક કહે છે કે સ્ત્રીનાં પેટમાં છુપી વાત કદીબી રહે નહીં. છટ ! અમારે એ વાત કબુલ નથી. કેઈ સ્ત્રી પોતાની છુપી વાત કહી દેશે કે લગનમાં જે જણસ હું પહેરી આવી છું તે બીજે મારનાં ભાડુત પાસેથી માગી લાવી છું ?

---

**બુચો**—માએ, જરા તમે ભોંયપર હાથ મુકીને ઉભાં રહોની, જોઉં !

**માય**—કાંય દીકરા ?

**બુચો**—આજે સહવારે આયા કેતી'તી કે તારાં માય તો ભેંસ જેવાં છે ; તે તમે ભેંસની પેઠે ઉભા રહો, જોઉં !

(આયાની કમબખ્તી ને બુચાને ધમોલો.)

---

## અધીપતીની કાહાણી.

નશવાનદારૂ એક દહાડે 'જામે જમશેદ 'ની આરીસમાં ઘણુા ગુસ્સા ભેર આવ્યા અને બોલ્યા, "એ કાણુ નાપાકે મારી પાદસ્તની જુઠી ખબર છપાવીશ ? કાલની કાલ તે ફેરવશો, ને તમારી દલગીરી જણાવશો નહીં તો તમારૂં કીધું તમે જાણો."

આ ઉપરથી અધીપતીએ બીજે દીને નીચલો ખોલાસો છાપ્યો:—"અમો જાણીને અતીશય દલગીર છીયે કે મોબેદ નશરવાનજીની પાયદસ્તની ખબર ખોટી છે."

## દીનશાહ એસ્કો.

દીનશાહ એસ્કો બેંડ-સ્ટેંડ ઉપરથી ફરીને પાલ ઉપર પોતાની પાર્ટી આગળ આવ્યો અને હસીને કહેવા લાગ્યો, "દોસ્તો, શું મારી મરોડ હશે કે બેંડ-સ્ટાંડ ઉપરની બધી ઘુમમાંનાં બૈરાંઓ સેવકને ટીંગાઇ ટીંગાઇને અને ખુશી ખુશી થઇને જોતાં હતાં!"

આ સાંભળી મનચેરજી રોકડીયાએ જવાબ દીધો, "તો ટીંગાઈને જોય નહીં! ભલા માણસ, પછવાડે ફરીને જો, તારા ડગલા સાથે કોઈએ પુછડી લટકાવીછ!"

---

## ડાહ્યો વાણ્યો.

એક વાણ્યાભાઇને ત્યાં મધરાતે ઓગરીદાસ નામનો પરોણો આવ્યો. ઓગરીદાસે તફરમચીમ કરવાનું શરૂ કીધું. વાણ્યાએ જોયું કે સત્યાનાસ, તેથી યુક્તી રચી પોતાની ધણીયાણીને મોટે સાદે કહ્યું, "મારે આંગળેની વીટી પાછળે બાર વીસરી ગયો છું, માટે સવારે યાદ રાખવી; રૂપ્યા સાડા ત્રણ હજારનું નંગ છે. (જાણવું કે વાણ્યા સવારે નાવા બેઠો ત્યારે વીછુ તેની નજરે પડતાં એક વાસણ વડે ઢાંકી મુકયો હતો.)

ઓગરીદાસ વીટી લેવાની લાલચે પાછલેબાર ગયો કે તરત વાણ્યો બારણું બંધ કરી બકોરાં વાટે નિહાળતો ઉભો. જેવો તે વાસણ ઉઘાડી વીટી તંટોસવા જાય છે તેવોજ વીછુએ ચટકો માર્યો. બાકોરાં વાટે વાણીઓ કહે, "ભાઈ સાહેબ, વીટી કઠણ પડતી હોય તો થુક ચોપડો, જલદી સરી જશે." પછી ઓગરીદાસ વીટી પહેરતો પહેરતો ઘરે ગયો!

## ભલાં આદમી, ત્યારે પેહલાંથીજ ભસ્યે કેની!

"તમને કાંઈ છોકરાં છે?" એક શખ્સે બીજાને પુછ્યું.

"હા, સાહેબ, એક છોકરો."

"તે કદી પીઠાંમાં ઉતરી પડે છે કે?"

"અરે નારે સાહેબ, તે મોવડાં કે તાડીને અડકતો નથી."

"હું સાંભળી ઘણો ખુશી છું—એ લખ બુરો છે. પણ જરાં ઘરમાં તો 'બઓ' લગાડતો હશે?"

"તેના જનમ પછી તેણે એક ટીપુંબી ચાખ્યું નથી."

"ઉત્તમ—પણ કદી તે આડે રસ્તે રખડતો તો હશે?"

"નહીં, સાહેબ; આઠ વાગામાં તો તે સુઈ જાય છે."

"આ બધું સાંભળીને મને ઘણો સંતોષ થાય છે. તમારો દીકરો એક ભલા ખવાસનો જુવાન્યો છે."

"હજી તે કાંઈ જુવાન્યો થયો નથી, સાહેબ; તેની ઉમ્મર માત્ર બે મહીનામાંબી થોડા દીવસ કમ છે!"

સવાલ કરનારનું કોઠું જોઈ લો.

---

## માન કે માંડ.

બે ભાઈઓ જેઓ એક બીજાને પુર આદરમાન આપતા હતા તેઓ બહાર ફરવા નિકળ્યા. નિકળતી વેળા એક ભાઇ બીજાને કહે, 'આપ આગળ ચાલીએ,' અને બીજો કહે, 'નહીં સાહેબ, આપ આગળ ચાલીએ.' એવાંમાં સામેથી એક તોપ્રાની ગોધો

દોડતો આવ્યો જેની આંટીમાં બેઉ જણ નિચે પડયા. નિચે પડયા પડયા પણ એક કહે, 'આપ ઉઠીએ' અને બીજો કહે, 'આપ ઉઠીએ'—માન આપતાં માંડ લાગી જેનો નીકાળ દાકતરે કીધો !

---

## હીસાબી માસ્તર.

**માસ્તર**—જુઓ છોકરાઓ, હીસાબ જે છે તે એવો એક નિયમ છે કે તેમાં કશો ફેર પડેજ નહીં. જેમકે બે ને બે ચાર —બે ને બે પાંચ કોઇ દહાડે થાયજ નહીં. એક બીજો દાખલો આપું તે સાંભળો: જાણે સમજો કે આ દેવાલ બાંધવાને એક માણસને બાર દહાડા લાગે અને બાર માણસ લગાડયાં હોય તો એક દહાડામાં એ દેવાલ પુરી કરે.

**રૂસતમ**—ત્યારે સાહેબ, ૧૭,૨૮૦ માણસ લગાડયાં હોય તો આએ ઘેર એક મીનીટમાં બંધાઇ જાય ! ખરૂં કે ?

---

## દસ્તુરજીની પવીત્ર દાહાડી.

સોરાબશાહ શેઠ દસ્તુરજી સાથે વાત કરતા હતા તેટલાંક તેવણનો બુચો જાંહાંગીર આવ્યો તેને સોરાબશાહે પુછયું, "જાંહગીર, દસ્તુરજીને ઓળખેછ કે?" જવાબ મલ્યો; "નહીં, બાવાજી; પણ તમે તે દહાડે માયજીને કહેતા હતાની કે 'જો, હું કેવો કવી છેઉં ! મેં કવીતા જોડીછ કે—

દસ્તુરજી બાપ—દસ્તુરજી બાપ,
દાહડી પકડી ખાસડું મારૂં તો પાપ કે સબાપ?'

## ધણીજી સગન માગે.

ધનતેરસને દહાડે પાછલી રાતનાં લક્ષ્મી કોઇને ઘેર જાય તે પહેલાં બધી લક્ષ્મી પોતાનેજ ઘેર બોલાવવાના ઇરાદાથી કુરાઈ ડોસાંએ સકારાંમાં ઉઠીને પોતાને બારણે ચોક ચાંદણુ કરીને પોતાની ખડકી, કે જ્યાં રેશમી કાપડ વણવાની સારો માડેલી હતી, ત્યાં મોટો દીવો મુકી લક્ષ્મી જલદી ભરાઈ જાય કરીને બારણાં ખોલ્લાં મુક્યાં હતાં. થોડા વારમાં જોય શું કે 'હોંચા! હોંચી!' કરતાં બે ગધેડાં મરાતાં મરાતાં ઘેરમાં ભરાઇ જઇને સાર ઉપર ચઢી રેશમના બાર વજાડી મુક્યા.

---

## તેણીએ સુલતાન સાથે મુલાકાત કેમ કીધી?

૧૮૪૧ના સાલમાં ઈંગ્લાંડનો એક માતબર ઉમરાવ પોતાની બાનુ સાથે ઈસ્તમબોલ ફરતો ફરતો જઈ લાગ્યો. જ્યારે તેઓ ત્યાંના ઈંગ્રેજી એલચી લૉર્ડ પોન્સોનબીને મળવા ગયાં ત્યારે ઉમરાવબાનુએ ખાહેસ બતાવી કે "તેણીની સુલતાન સાથે મુલાકાત કરાવવી." એલચીએ ઘણુંબી સમજાવ્યું કે તે દેશમાં કોઈબી ઈંગ્રેજ બાનુને સુલતાન સાથ મેળવવાનો કાયદો નથી માટે આ વાત બની શકેજ નહીં. ઉમરાવબાનુને આથી ચટકો લાગ્યો તેથી એલચીને પડતો નાખી બીજાની મારફતે સુલતાનનાં દીદાર જોવાનો ઠરાવ કર્યો. તેણી મોટા ઉમરાવ રશીદ પાશાને મળવા ગઈ અને ત્યાં પોતાની ઈચ્છા ઘણા આગ્રહથી જણાવી. રશીદ પાશાએ

તેણીની ઈચ્છા પાર પાડવાની કબુલાત આપી અને બીજે દીવસે સુલતાનની હજુરમાં ગયો. હાથ જોડીને અરજ કરી કે "એક ઈંગ્રેજી કુફ્ર પાસે ઘણુંજ નાદર ઝવેરકામ છે તેથી અગર હુકમ થાય તો તેને હાજર કરે."

સુલતાને હુકમ કીધો કે "તે ઝવાહીર ખાનગી ઓરડામાં પોતાના ખાસ હજુરીયાઓ પાસ જોવા મોકલાવે."

રશીદ—જહાંપના, એ ઝવેરી પોતાનાં ગોહર કોઇને સોંપવાની ના પાડે છે, માટે તેને પોતાનેજ અંદર લાવ્યા વગર ચાલશે નહીં.

સુલતાન—ઠીક છે, ત્યારે તેને બોલાવો.

રશીદ (જરા અચકાઈને)—મારી ચશ્મોનાં નુર, હું ઘણોજ શરમીંદો છું, પણ એ ઝવેરી સ્ત્રી છે અને તે જરા ભેજાંની ખીસેલી છે કે શું! પોતાનો સઘળો અસબાબ પોતાનાં અંગપર પહેરીનેજ ઘરાકોની પાસે જાય છે.

સુલતાન (હસીને)—ઠીક છે, એ દેવાની કુફ્ર સ્ત્રીને તેની સઘળી જણસ સાથે અંહીયાં લઇ આવો ને તમે પણ દુભાસ્યા તરીકે હાજર રહેજો.

રશીદ પાશા નમીને ત્યાંથી ગયો અને ઉમરાવબાનુને વધામણી કહી, કે "સુલતાને તેણીની ખાનગી મુલાકાત લેવાની ખુશી બતાવી છે પણ તેણીનાં નામાંકિત ઝવાહીરોની વખાણ સાંભળ્યાથી તેણે ખાસ ઈચ્છા બતાવી છે કે જો બાનુને

અડચણ નહીં હોય તો તેણીએ પોતાની સઘળી જણસ પેહેરીને આવવું."

ઉમરાવબાનુને પણ તેવુંજ જોઈતું હતું. મુલાકાતને દહાડે પોતાનું સઘળું જરીઆંન, હીરા, માણેક, મોતી, વગેરે લટકાવીને તેવણ સુલતાનના મેહેલમાં રશીદ પાશાની સાથે આવ્યાં. સુલતાનની હજુરમાં તેવણ વાંકાં વળીને નમ્યાં ત્યારે સુલતાન રશીદ પાશા ગમ ફરીને તુર્કી ભાષામાં બોલ્યો, "આ ઝવાહીરો ખુબ વેચવા લાવી છે."

રશીદ પાશા (ઉમરાવબાનુ તરફ ફરીને)—તુર્કીનો નામવર સુલતાન કહે છે કે "તમે ભલે પધાર્યાં."

બાનુ—નામદાર સુલતાનને કહો, કે તમારી ઘણી મોટી મેહેરબાની થઈ.

રશીદ—નામદાર સુલતાન, આ વેપારી કહે છે કે "મારી પાસ હજુર બીજી ઘણી જણસો વેચવાની છે."

સુલતાન—એને પુછો, કે "આ બીલીયાનના નેકલેસનું શું દામ છે?"

રશીદ—ઉમરાવબાનુ, મોટા દરજ્જાના સુલતાન પુછે છે કે "તમને આ મુલક કેવો પસંદ આવે છે?"

બાનુ—સુલતાનને કહો કે "આવું મોતબર શેહેર મેં મારા જણમમાં કોઇ દહાડે જોયું નથી."

રશીદ (સુલતાનને)—જહાંપના, એ તો હીરાના નેકલેસના ૫૦,૦૦,૦૦૦ (પચાસ લાખ) રૂપ્યા માગે છે.

સુલતાન—છટ, એ ઓરત હેમક છે; એટલી બધી કીંમતને કાંઇ એ લાયક નથી.

રશીદ—નામવર બાનુ, સુલતાન પુછે છે કે "તમોએ અંહીની નામિચી મસજીદો જોઈ છે?"

બાનુએ ના પાડી અને પોતાનો ઉપકાર જણાવ્યો.

સુલતાન—એને પુછો કે "આએ લીલમની પહોંચી છે એનું શું દામ?"

રશીદ—નામવર પુછે છે કે "તમને મેહેલની વાડીમાં ફરવાનો શોખ છે?"

બાનુ—કહો કે "ઘણી તસ્દી થશે."

રશીદ (સુલતાનને)—સાહેબ, એ તો પહોંચીના ૧,૦૦,૦૦,૦૦૦ (એક કરોડ) રૂપ્યા કહે છે.

સુલતાન—અલ્લાહ! આએ ઓરત દેવાની છે. એને લઇ જા, મને કંઇ જોઇતું નથી!

રશીદ (બાનુને)—સુલતાન કહે છે કે "અલ્લાહ તમારો નેગેબાન થાઓ અને તમોને જોવાથી ખુશ છે."

અત્રે મુલાકાત ખલાસ થઈ. બાનુ હસીને પાછળે પગે ત્યાંથી નમીને બહાર નિકળ્યાં અને ઈંગ્લાંડનાં પત્રોમાં ખબર આપી કે "ટુર્કીના સુલતાને ફલાણી ફલાણી બાનુની ઘણીજ ખાતરદારી કરી તેણીને મુલાકાતનું માન આપ્યું હતું." સમજે તેનું મોહોત, નહીં તેની કમબખ્તી!

## મારી બાયડીની ટકટક.

તમને ખબર છે કે વરસના ક્યા મહીનામાં મારી સ્ત્રી સર્વેથી ઓછી ટકટક કરતી હશે ?

કોણ જાણે બા, વખતે સરકમ થતો હશે અને ગળું પકડતું હશે ત્યારે ઓછું બોલતી હશે !

નહીં, નહીં, નહીં ; ફેબરવારી મહીનામાં—કેમકે તે મહીનામાં અઠાવીસજ દહાડા છે.

---

## એ તો શગ—એનું કાંઈ નહીં.

એક નોશાકરા ગરગરદારૂ એક દીવસે ખજુરાંમાં એટલું બધું ધીંચી આવ્યા કે પોતે શું કરે છે તેનું તેને કશું ભાન રહ્યું નહીં. રસ્તાની માપણી કરતા કરતા રાતના કલાક ૧૧ને સુમારે ઘર આગળ આવી પોહોંચ્યા. ધણીયાણી ધણીના ઢંગથી વાકેફ હતાં તેથી બારણે ખીલી દઈ સુઇ ગયાં હતાં. ગરગરદારૂએ પોતાનાં ધણીયાણીને સાદ મારી બારણાં ઠોકયાં, પણ પહેલી ભર ઉંગમાં પડેલાં બાઇએ તે કશું સાંભળ્યું નહીં. ઠાકીને ફેરઓ લેતા લેતાં ગરગરદારૂ તો ઓટલા ઉપરજ લેટી ગયા. થોડીવારમાં ત્યાં સુતાં સુતાંજ વામીટ કીધું અને લેતાણની બહારમાં સુઈજ રહયા. બારણે ફરતાં કુતરાં આવીને બહાદશા સાહેબનું ખરડેલું મ્હોડું ચાટવા લાગ્યાં. ધણી જાણે ધણીયાણી આવીને મ્હોડું હાથે સાફ કરી ધુએ છે, તેથી બોલ્યા કે “ રાંડ, મોંહોડું તો મેં ધોએલું છે. વરી શાનું શોરીઆ કરેશ.” અલબત, સહવારે ગરગરદારૂએ પોતાની ભુલ જોઇ હતી.

## દોડા દોડીનુ કાંઈ કામ નથી.

એક પુરૂષ ૮૩ વરસ સુધી ખોટી થઈને પછી પરણ્યો! આતો એક માઈલ દુરથી દોડી આવી બીલસનો ભુસ્કો મારયા જેવું થયું.

---

## જવાબ આપો!

આ નીચલા હીસાબનો જવાબ આપો જોઈએ. બે છોકરીઓ દેવલના મોહોલામાથી આવતી બીજી ત્રણ છોકરીઓને રસતામા સામે મલી. તેઓ દરએકે એક બીજાને બચીઓ લીધી તો તે જગા ઉપર સઘલી મલી કેટલી બચીઓ લેવાઈ?

---

## પ્રશ્ન ને ઉત્તર.

એક મુસલમાને કાજીને પુછાવ્યું કે મારે એક સ્ત્રી સાથ નીકા કરવા છે અને હું ધંધે ધર્મગુરૂ છેઉં એટલે મારા નીકાની ક્રિયા હું પોતેજ કરૂં તો ચાલે કે નહીં?

કાજી જે લગાર હસમુખો હતો તેણે નીચલો જવાબ લખી મોકલ્યો.

તમારા સવાલના જવાબમાં જણાવુંછું કે જયારે તમારૂં મરણુ થાય ત્યારે તમોને દફનાવવાની ક્રીયા તમારે હાથેજ કરવાનું માથે લીઓ તો તમારા નીકા તમારે હાથેજ કરવાની રજા આપું.

## ગરીબ બચારો!

એક જુવાન પુરૂષ ઘણા વરસ રાહ જોઈ જોઈને આખરે અચબુચ એક વીધવા સાથ પરણી બેઠો. આ સ્ત્રી પાસે રૂ ૬ લાખની પુંજી હતી. લગણ પછી તે પોતાના દોસતોને કેહવા લાગયો "તમે કાંઈ એમ ના સમજતા કે હું પૈસાને માટે પરણ્યોછ. એ બાઈ તો મને એટલી વાહાલી હતી કે એની પાસે જો રૂ. ૬ લાખને બદલે ૨ લાખબી હતે તોબી પણતે ને ફર પણતે!"

---

## સાંટક!

બમનજી નામે એક પારસી બારીસટર થઇને મુંબાઇ આવ્યો. ઘણા દાહાડા સુધી માખ મારવા પછી એક પહેલ વહેલો કેસ તેના હાથમા આવ્યો જેમા એક ચીનાને ચોરી કરવા માટે પોલીસમાં ઉભો કીધો હતો. પોતાના ચેમબર માથી ખુશાથી બાહાર પડયા પછી ગજવામાનો રેશમી રૂમાલ નહી મલે. હોશે—હાશીશમા રેહી ગયો હશે એમ ધારી પોલીસમા ગયો અને ચીનાનો ખુબ બચાવ કીધો પછી પુછયું "બંધવા, આ કોરટની હજુર ખોદાને હાજર નાઝર જાણી સાચું કેહ—તેં કોઈ દાહાડેબી ચોરી કીધી છે?"

આ વેળા ચીનાએ પોતાના ગજવામાથી બારીસટરનોજ રો-માલ કાહાડી આંખો નુછી કહયું "સાહેબ કોઈ દાહાડે નહી, માતર આજે સહવારનાજ એક ઈચમજી જેવા પારસીના ગજવામાથી આએ રોમાલ ચોરીઓ, બાકી હું નીરદોશ છું."

## ચોટ્ટે ખુશાળ!

કાવશજી દમણવાલાની વાડીમાંથી એક વાર રાતના કોઈ પેર તફડાવી ગયું. કાવશજી હસમુખા હતા તેવણે આ પરથી બીજે દીને ઝાડ ઉપર નીચલી 'નોટીસ' મારી:—

ખબર.

ગઈ રાત્રીએ આ વાડીમાંથી કેટલાંક પેર કોઈ ચોરી ગયું છે. આ ઉપરથી વાડીનો માલેક ચોરનારને ખબર આપે છે કે થોડાંક બીજાં ઝાડ ઉપર હજુ છે તેબી જો લઈ જશે તો વાડીના ધણી ઉપર મોટું હેસાન થશે.

બીજે દીને સહવારના કાવશજી વાડીમાં જઈ જોયછ તો પોતાની નોટીસ ફાડી નાંખેલી અને તેને બદલે નીચલી નોટીસ તેજ ઝાડ ઉપર વળગાડેલી હતી.

ખબર.

પેર ચોરનાર વાડીના ધણીનો દીલોજાનથી ઉપકાર માને છે. બાકીના પેર હજુ લેવા જેવાં નથી—કાચ્ચાં છે. આગલી રાતે જે માલ લઈ ગયો તે વીશે ચોરનાર અંતકરણથી દલગીર છે કેમકે એકેએક પેરમાં કીડા પડેલા હતા તેથી ફોકટમાં મેહેનત પડી.

---

## પોલોની રમત.

એક હસમુખા સ્વભાવના ઈંગ્રેજે એક દાહાડે ટરીચરની દુકાનમા જઈ પુછ્યું "પોલોની રમતનો સઘલો સામાણ તમે રાખોછ કે?"

દુકાનદારે જવાબ દીધો "હા સાહેબ—બધું રાખીએછ."

"તો ઠીક છે. મારે સાંજના માટચ રમવી છે માટે સોજો લેપ ૦॥ રતલ—પાટા બાંધવા સારૂં કપડું ત્રણ વાર, એક ઝુરી કામઠાં, કલોરોફોરમ, એક ડાકટર, એક ડુલી અને એક કફન કરી મેદાનમા મોકલાવી આપજો."

## આશાવંત!

એક ૯૨ વરસની કુમારી ડોસીએ હવડાંજ પીઆનો વજાડતાં શીખવું શરૂ કીધું છે. આ પ્રમાણે કરવાનો સબબ જયારે કોઈએ પુછયો ત્યારે આ બુચીએ જવાબ દીધો કે આજના જમાનામાં કોઈબી જાતનુ ગાતાં વજાડતાં નહી આવડે તેની પણુવાની આશા થોડી એટલે પછી શું કરીએ!

---

## ફીટમ ફાટ.

મારી ઉપર એક બાઇએ એક વાર ચીઠી લખી કે "અમે લોકોએ મલીને એક ફેનસી બજાર કાઠીઆવાડમાં ઉંધાડવા ધાર્યું છે અને તમારી રાબેતાની એવી બાબદની ઉમંગ જાણી તમારા નામથી રૂ. ૧૦૦ ભરવાની છુટ લીધી છે તે દરગુજર કરજો અને આ ચીઠી લાવનાર સાથે રૂ. ૧૦૦ નો ચેક મોકલાવી દેજોજી."

આ નરમ ઘી જેવી વાતનો ઉત્તર મેં લખ્યો કે "મારે માટે તથા મારા ઉમંગ માટે તમોએ જે ઉંચું મત બતાવ્યું છે તે માટે હું તમારો ઉપકારી છું. બચીત તમોએ મારી તરફ ઘણી સારી સોચના દેખાડી છે. સ્ત્રી કેળવણી તરફ તમારા ઉમદા વીચારોની મને ખબર હોવાથી અમારી નીશાળોના ફંડમાં તમારા નામથી રૂ. ૧૨૫ ની રકમ ભરવાની મેં હીમત કીધી છે તે વીશે મારી ખાતરી છે કે તમે ના પાડશો નહી. માટે મેહરબાની કરી ઉપલી રકમમાથી મારા રૂ. ૧૦૦ બાદ કરી બાકીના ૨૫ આ માણુસ સાથ મોકલાવી આપજો. લા૦ દુવાગીર" ઇત્યાદી.

## હેમકાઈ—મુરખાઈ—બેવકુફાઈની ડીક્ષનરી.

તાકીદની જરૂર છે એવે બાહાણે પૈસા ઉછીના લેવા જવું એ **નફટાઈ.**

જુગાર રમતાં નાણું ખોવું અને પછી તે બાબે તરીઆપાવ નાખવા એ **મુર્ખાઈ.**

સર્વે સાથે તોડ છોડ કરવી અને પછી તમારા દુશમન ધણા કેમ તે વીશે ફરીઆદ કરવા બેશવું એ અક્કલની **કોતાઈ.**

દારૂમા પૈસા ગુમાવવા અને પછી રોજીમા બરકત કેમ આવતી નથી તેનો બળાપો કરવો એ **ગુમરાહી.**

દારૂ પી છાકટા થવું અને બીજે દીને માથું દુખવાની ફરીઆદ કરવી એ **એકલપેટાઈ.**

આતશ બેહરામ ભણવા જાય તે બધાજ પરેહજગાર છે એમ માનવું એ **સાદાઈ.**

માણસોને બરાબર પગાર આપવો નહી અને પછી તેઓ ચોરી કરે તેથી અજાયબી બતાવવી એ **બેહુલી ગુરદાઈ.**

ઊંધ વેચી ને ઉજાગરો કરવો એ **હેમકાઈ.**

ચાકરોને બાહારના લોક આગલ જુઠું બોલતાં શીખવવું અને પછી તમુને પોતાને ઠગવા જુઠું બોલે એટલે ચીરડાવું એ **ગેર સલુકાઈ.**

લીલાંઉમાથી જે કાંઈ મલયું તે સસતું છે એવું માનવું તે **બેવકુફાઈ.**

સઉ કોઈ મને માનો ને હું કોઈનુ ન માનુ એ **સાત પાણીએ ધોયલી બેરડાઈ.**

## લડતા ભલા.

મુંબઈમાં ભુલેશ્વર આગલ એક વાણીયો અને એક ભણસાલી એ બે પાસે પાસે રહેતા હતા. આ બન્નેને એક બીજા સાથે બાજતું નહોતું અને લડવામા ચડીઆસ બહુ રાખતા હતા. આ લોકો વચ્ચે પરસ્પર કડવાસ કેટલી હશે તેનો એક રમુજી દાખલો નીચે આપું છું. એક વાર એવું બન્યું કે વાણીઆના ઘરની ભીંત ઢીલી પડીને ભણસાલીના ઘરના ચોકમા પડી. પોતાના ઘરને નુકશાન થયું તે માટે પોતાના દુશમન ઉપર વેર લેવાનો દાવ આવ્યો છે એવું જાણી ભણસાલી ખુશી થતો પોતાના વકીલની સલાહ લેવા દોડયો. કલાક એકમાં પાછો આવી જોય છે તો સામું એક વકીલની નોટીસ વાણીઆ તરફથી આવેલી કે "મારી ઇંટો ઇતેફાકથી તારા ઘરમાં ગઇ છે માટે હમણાની હમણા પાધરી મારે ત્યાં મોકલાવી દેવી નહીં તો પારકો માલ ખાઇ જવાના આરોપ મુકી તારા ઉપર ફરીયાદી માંડીશ."

---

## અમદાવાદી હજામોને શીખામણ.

ઘણા વરસના અનુભવ ઉપરથી આ શીખામણો ઉપજાવી કાહાડેલી છે, માટે હજામોને તેમા મુખ્ય કરી "ચોંઇ" યાને અમદાવાદી હજામોને અમારી ભલામણ છે કે પોતાના દરેક છોકરાના ધીઆનમા તે ઉતારવી.

જ્યારે કોઇની હજામત કરવા જઇએ ત્યારે દાહાડી ઉપર સાબુ લગાડતાં થોડો ઘણો મોહોડાંમાબી ઘાલવો. આથી ઘરાકની

તબીએતને કાંઇ ઘણી ખલલ થતી નથી. સાબુ દોહોડીઆં એકના કકડા બે મલે છે તેથી ઉંચો લીધો તો તમને તમારા બાપના સમ છે. દાહાડી ઉપર સાબુ ચોળતી વેળાએ ઘરાકના નાકનો દાંડો ચમટામા ધરવો. આમ કીધાથી ઘરાકને મોઢાં વાટે દમ લેવો પડે છે જેથી તેમના ફેફસાં ખોલ્લાં થાય છે.

સાહેબ લોકના હજામોએ ઘસી પીસીને વેચી નાખેલા કાળા મેસ જેવા બરસ તમુને બસ છે. પગમા કીડ લાગે ત્યારે એજ બરસથી ધવડવાને તમુને છુટ છે. જો કોઇ હોરાનુ માથુ બોડવું હોય તો ખીસામા સુકું ગોટલાંનુ કોટલું રાખવું અને હજામત કરી રેહવા પછી ચલક લાવવા માટે માંથાં ઉપર ખુબ ઘસડવું.

પારસીની હજામત કરવી હોય તો રાતના સારી પેઠે કાંદા ખાઇ તેના નાકની આગલજ ધચા ધચ ઓડકાર ખાવા. એ લોક ઘણી લાહેરી કરે છે તેથી તેઓને એજ શીક્ષા. જ્યારે ઘરાક ખરાબ ગંધની ફરીઆદ કરે ત્યારે ગટર વાસ મારતી હશે એમ ગળે પડવું.

જે રોમાલમાં તમારો સામાણ બાંધયો હોય તે કોઇ વારબી ધોવો નહીં કેમકે એથી અપસુકન થાય છે. જેવો ઘરાક તેવી વાત. અસ્ત્રા ત્રણ ચાર જાતના રાખવા. જો કોઇ ઘણીજ પતરાજી કરે તો તેને માટે કોઇ છોકરાનું કોહેલું માથું બોરયું હોય તે અસ્ત્રો વાપરવો.

પપેતીને દાહાડે તમારૂં ડાંપું બાપ દાદે સહી. જો ઝટે તો ઠીકા ઠીક, નહીં તો બીજે દાહાડે અસ્ત્રો તો એવો લગાવવો કે માથાં અથવા દાહાડીમાંથી ઝઝરીને લોહી નીસરે.

બાલ કાપતાં જો કાતરમા કોઇનો કાન આવી જાય તો સામુ તેને ગળે પડવું કે "ભાય, સમા સમા બેસો."

નખ કાપતાં હમેશ જીવતું નખ કાપવું અને વાણીઆની હજામત કરી રેહવા બાદ તેને ટપલો મારવાની તમને સતા છે. જો એમ કરતાં કોઇ ચીબાવલો તમને પોલીસમાં ઘસડે તો બેલાસક મને શાક્ષી તરીકે બોલાવજો.

---

## હેતનો કટકો.

ફરામજી અડગરા રતઇ મડમ સાથ અદરાયલા હતા. રતઇ પોતાના પ્યારના જોસસામાં ફરામજીને ઘણા લાંબાં કાગળો લખે. એક દાહાડે ફરામજીએ જવાબ લખતાં અક્કલનો ભમરડો ઘુમાવી દીધો "મારી વાહાલી—તું જેમ બને તેમ કાગળ ટુંકાં લખ. કેમકે વખત છે ને આપણે મરાઇ પરીએ ને કોરટમાં આ સઘળાં કાગળ રજુ કરવાં પડે તો તરજુમો કરાવવાનો ખરચ ઘણો થઇ જશે."

---

## હવે એનો શું ઉપાય?

ગયા માસમાં વલસાડમાં એક ઘણોજ ઓચંબા ભરયો બનાવ બન્યો છે તેનું કેમ સેવટ આવશે તે હજી સમજ પડતી નથી. એક સ્ત્રી તથા તેની છોકરી બન્ને જણી એકજ દહાડે એકજ જગ્યામાં હમેલથી છુટી. આ વીચીત્ર બનાવ બનવાને લીધે અલબતાં ઘરમાં ગરબડ સરબડ થઇ ગઇ હતી. તેમાં સોયાનીઓ (દાઇઓ) ને હાથે છોકરાં ભેલાઇ ગયાં. હવે આ બે છોકરાં મોટાં થશે ત્યારે એક બીજાને કેમ બોલાવશે?

## વાજબી છે.

બડે બડેકું દેખકે, છોટે ન દે બીસાર
કામ પડે જબ સુયકો, કહા કરે તલવાર ?

કહ્યું છે કે મોટાને જોઇને નાહનાને વીસારી દેતો ના. કેમકે જ્યારે સોયનું કામ પડશે ત્યારે તલવાર હાજર કીધાથી તારૂં કામ સરવાનુ નથી.

---

બડે બડેકુ દુ:ખ હુયે, છોટેસે દુ:ખ દુર
તારે સબ ન્યારે રહે, ગ્રહે ચંદ્ર ઔર સુર.

એટલે જે મોટાને પીડા ભારી. નાહનાને તો દુ:ખજ શેનુ હોય. જેમ આસમાનમાં તારા જયારે જોઈએ ત્યારે છુટા હોય ને મોટા ચંદ્ર તથા સૂર્યનેજ ગ્રહણ લાગે.

---

## પાટી પર ધુળ.

કુકીઆઇનો ધણી બદલો મુંબાઇમા સુથારનો ધંધો કરતો હતો અને કુકીઆઇ ગનદેવીમા રેહતી. બદલાનુ હેત પોતાની સ્ત્રીપર ઘણું એટલે દર આઠ દાહાડે બરાબર ઘેર કાગળ લખે. ટપાલ વાળો કાગળ લાવે તે કુકીઆઇ વગર ઉઘાડવે એકક પર ચોડા કરે. એક દાહાડે આ કૌતક એક પડોસણે જોયું ત્યારે તેણીએ પુછયું "ઓ લેરે કુકી, ઘેરવારાના કાગર આવે તે એમ ઉખરયા વગર ઢગળા કરી મેળે તે હું?"

કુકીઆઇ બોલી "તો હું કરૂં ? જી ભરૂં—અપ્ખઇ થઇને છ મહીને ઘેરે આવહે તારે પોતે વાંચહે તારેહ તો—મને કાંઇ વાંચતાં આવરે કે—ઓ લે ! ઉખરી કારૂં તે ઝપ દઇને ફાટી બાટી જાય તો વરી નકામા ડવારો પારે."

## હોસી બોલતી રખે—તો કેહ ના રે બાપા.

એક નાહનો છોકરો બડો મસતાન હતો. તેના ઘરમાં કોઈબી મળવા આવે તેના ચેશ્ટા કરી ચેહરા ચીત્રે. એકવાર એક ઘ્રહસ્થ તેના માબાપને મળવા આવનાર હતો. તે ઘ્રહસ્થનું નાક ઘણું બેઠું અને ચપટું હતું. છોકરાની માએ જોયું કે નાદાન પોરેઓ કાચું કાપશે, તેથી તેને આગળથી શીખવી રાખ્યું કે જો ફલાણા ધણી આવે તેના નાકની મશકરી કીધીછ તો મારી નાખશ. થોડીવારે પરોણા આવ્યા અને તેમના દેખતાંજ છોકરો બોલી ઉઠયો "મા—તમે તો મને બીહવાડીને મારી નાંખ્યો. તમે કેહેજે એવણના નાકની મશકરી ના કરતો—પણ પહેલાં તો એવણનું નાકજ કાંહ છે?"

---

## અત્યાપાત!

બેરામજી બીસકોટવાળાની દુકાનમાં પોતે શીવાય બીજું કોઇ હતું નહીં. એવામાં એક ઘરાક આવ્યું. છુટું નાણું લાવવા સારૂ બેરામજીને માળપર જવુ પડયું તેથી પોતાના ૪ વરસના છોકરા રૂસતમને ખુરશી ઉપર બેસાડી કાનમાં કહયું, "રૂસતમ જરા જોયા કરજે હો કે—એવણ કાંઇ તફડાવે નહીં. હું હમણા માપરથી પૈસા લઇને આંઉછ."

માળપરથી પાછું આવતાં રૂસતમે ઘરાકના દેખતાંજ મોટે સાદે કહયું "બાવા—હું ત્યારનો અંહીજ બેસી રહયોચ તોબી એવણે કાંઈ તફડાવ્યું તો નહીં?"

## બે ઠગ—સરસ કોણ હું કે તું?

દિલ્હીમાં એકવાર બે અઠંગ ઠગ આવ્યા. રસ્તે ચાલ્યા જાય છે એવામાં એક ઠગે બીજાને કહ્યું હું તો ખરો કે એક ત્રાંબાના પૈસામાંથી રૂપીઓ પેદા કરૂં. ત્યારે બીજો કહે, "અબે છોકરી, ઈસ્મે કયા બરી બાત. મેં ખાલી રજમેંસે રૂપૈયા બના દઉં."

આ પ્રમાણે હોજાંતોજી કરતા બન્નેએ શરત મારી કે જે જીતે તેને બશેર બરફી ખવાડવી. ચંદનીચોકના ચૌટાંમાં આવતાંજ બન્ને એક શરાફની દુકાને ગયા. વાણીઓ કોઇક ઘરાકને ખુડદો ગણી આપતો હતો, એવામાં પહેલા ઠગે દોહોડીઉં કાઢી તેના ખુડદાના ઢગમાં દુરથી ફેંકયું અને બોલ્યો "અબે બનીયા, એ રૂપે કા પૈસા દે."

વાણીઓ બીજાને પૈસા ગણી આપવામાં રોકાયલો એટલે આ ચરીત્ર તેના જાણુવામાં ન આવ્યું. કામથી છુટયો એટલે રૂપીઓ આમ તેમ શોધે છે તો ન મળે. વાણીઓ કહે "બાપુ રૂપીઓ ચ્યાં સે? આંઈ તો કયાંઈ ન મળે."

પહેલો ઠગ તો ધાંધલ કરવા લાગ્યો "અબે બનીયા! એ કયા બકવા લગાઇ હયે. કુચ પરદેશી આદમીકુ ખાલીપીલી સતાતા હયે. લા અબી પૈસા, નહીં તો ચૌરીમાં જાંઉગા."

વાણીઓ તો ઝંખવાણો પડી લઢવા લાગ્યો. મીયાંભાઇની ગરબડ સાંભળી પાંચ-પચાસ લોક ભેગું મલ્યું. કોઇ કહે વાણીઓ લુચ્છો અને કોઇ કહે પરદેશી. આમ રમખાણુ મચ્યું છે એવામાં બીજો ઠગ આંગલી બતાડી કહેવા લાગ્યો,

"એ ભાઇ બન્યા; તુમારી દોનોકી ગબરડીમેં મેરા રૂપીઆ મત ભુલ જા. મેરા પૈસા ચુકા દે, ઔર મુજે જાને દે."

વાણીઓ તો શીવ શીવ કરવા પડયો. હજી તો એક પંચાતી ચાલે છે તેમાં વળી આ બીજું લાકડું કયાંથી ઘુસ્યું. લોકોએ નીશ્ચય ધારયું કે આ વાણીઓ લુચ્ચાઇ કરે છે, તેથી તેને મારવા કાઢયો નાચારે બાપડાએ રૂપીઆ બેનો ખુડદો ગણી આપ્યો.

કહેવાની જરૂર નથી કે બીજા ઠગે બે શેર બરફી ખુશી થઇને ખાધી.

---

## હૈડું.

એક વાર એક શીક્ષક નિશાળમાં છોકરાઓને 'હૈડું' તે શું તેની સમજણ આપતો હતો. ઘણો વાર સમજાવ્યા પછી તેણે સવાલ નાખ્યો "ચાલો, જોવો, છોકરાંઓ—મેં હમણા તમુને સમજાવ્યું તેમ, જે ચીજ કે માણસને સુખે સુવા દેતી નથી અને તેને દુઃખી કરીને રાતના પલંગ ઉપર આમથી તેમ નારાજ કરેછ તે શું?"

છોકરાઓ માસતરનુ પુછવું સમજયા નહી પણ એક નાહનો છોકરો નામે રૂસ્તમ બોલી ઉઠયો "હા માસતર મને આવડેછ."

માસતર ખુશી થઇ બોલ્યા "સાબાસ—બોલ દીકરા તે શું? મેં હમણાજ સમજાવ્યું?"

છોકરો—"મચ્છર, સાહેબ."

## નશીબના ભોગ.

એક વાર વીકટોરીઆ વાળાએ મને ખોટો અડધો રૂપીઓ રાતની વખતે આપ્યો. સહવારના વગર જોવે મેં તે બજારમા આપવા કહયો તો કોઇ લે નહીં. મેં ફરફીને પાછો ગજવામાં નાખ્યો અને સાંજના ટરામ વાળાને ભુલમાં આપ્યો તો તેણેબી પાછો આપ્યો.

રંગે લગાર કાળો મારી ગયલો હોવાથી હું ઘર ગયા પછી રાંધણીમાથી આમલી મંગાવી તેને ખુબ ચોળી ને સાફ કીધો તો અલહમ દીલ અલ્લાહ ! સોનાની ગીની ! આ વાત ખરેખરી બનેલી છે.

પણ બીરાદરો એ ભરૂસે જેટલા અડધા રૂપીઆ ખોટા મળે તેટલાં હોરતા ના નહીં તો હાડમાર થશો.

લાંબાની સુઝે ટુંકો જાય,
ને મરે નહીં પણ માંદો થાય.

---

## લુહુવાર વાડે સોય.

આજે કોલાબાની ટરામ કારમાં એક પારશી શેઠ આજેજ બાહાર પડેલું "ગપ-સપ" વાંચતા હતા. એવામા એક ફકરો તેવણને ઘણો રમુજી લાગ્યો હશે, તેથી પાસે બેઠેલા બીજા પુરૂષની ગમ ફરી કહયું "જો આએ વાંચો—આએ ઘણું હસવાનુ છે" એમ બોલી પોતેજ ફકરો વાંચી ગયા. પાસે બેઠેલાએ મોહ કમળાવ્યું પણ કાંઇ બોલ્યો નહીં. વળી પારશી શેઠને એક બીજો ફકરો ઘણો પસંદ આવ્યો અને

તેબી હરખાઇને પડોસી ને દેખાડયો. પડોસી વળી પાછો માથા ઉપર હાથ મુકી બેઠો. જ્યારે પારસી શેઠે ત્રીજો રમુજી ફકરો વાંચવા માંડયો ત્યારે પેલાએ કંટાળીને કહયું "ભાઇ નકામુ કાંય તારૂં માથું ઝીંકેછ—ગપ-સપનો લખનાર હું પોતેજ છેઉં. રાતના ઉંઘમાં બી એ, જાગતો બી એ, નાહાતો બી એ, ખાતો બી એ, ને હવે જરા ગાડીમા બેઠોછ તાંહ તો સુખે ગગડવા દે."

---

## ઘણીજ નવાઈ.

બે ખીસા કાતરૂઓ એક બીજામાં વાતો કરે છેઃ—

૧લો.—બચ્ચા; આજે નવો દોર જેવો ડગલો કાંહથી લાવ્યો?

૨જો.—દોસ્ત ઘણીજ નવાઈ જેવી રીતે! મારા જનમમાં આવી રીતે ડગલો કે કાંઈબી બીજું મારા હાથમા આવ્યું નથી.

૧લો.—શું પાયો?

૨જો.—ના!

૧લો.—તારે શું તપડાવ્યો?

૨જો.—અરે નારે!

૧લો.—તારે શું ઉછીનો લાવ્યો?

૨જો.—નહીં બસ નહીં!

૧લો.—લે હવે ડાએલો થોડો થા, ભસી મરની કાંહથી લાયો?

૨જો.—ઘણીજ નવાઈ જેવી રીતે—મારા જનમમાં પેહલીજ વાર—ખરેખરા પૈસા આપી વેચાતો લીધો.

## જુરી.

મુંબઇમાં શેશન ભરાય છે ત્યારે કામન જુરીમાં કેવા કેવા નમુનાઓ કોઇવાર આવે છે તે સર્વે કોઇએ જોયું હશે. એકવાર શેશન ચાલતી હતી તેમાં જુરીમાં આદમજી અડગરા પકડાયા. બંધવા ઉપર ખુનનો અપરાધ હતો. બે દહાડા મુકરદમો ચાલ્યા પછી બંધવાને જુરીએ ગુનેહગાર ઠરાવ્યો, અને જડજ ટેંપ મારવા જાય છે એવામાં સીપાઇઓએ "ખુન થયલા" પુરૂષને સઘળાની અજાયબી વચ્ચે લાવીને ઉભો કીધો. અલબતે જડજે જુરીને ફરમાવ્યું કે બંધવાને બીન ગુનેહગાર ઠરાવવો જોઈએ. સઘળી જુરીએ હા પાડી, પણ આદમજી અડગરા એકથી બે થાય નહીં. જડજે ગુસ્સે થઇ પુછ્યું, "જે ધણીનું ખુન કરવાના વાંક માટે બંધવાને ઉભો કીધો છે તે પોતે જીવતો અહીં ઉભો છે એટલે બંધવો ગુનેહગાર કેમ હોય?"

"હા—મારા લારડ—એ ખાસ્સો ગુનેહગાર છે."

"પણ તે કેમ?"

"ચાર વરસની વાત ઉપર એણે મારા ઘેરમાં દાગીનાની ચોરી કીધી હતી!"

---

## સમજે તેનુ મોહોત.

એક વાર પ્રેમાભાઈ વીમાદલાલ જે વીરમગામના નગરશેઠ હતા તેઓ આગની ગાડીમાં બેશી સુરતથી અમદાવાદ જતા હતા. રસતે નડીઆદથી તેમની ગાડીમાં એક ભુતમામા

જેવો ઈંગ્રેજ આવીને બેઠો. થોડીવાર ફુંફારા મારયા પછી નગરશેઠથી ચુપ બેસાયું નહીં તેથી હળવે હળવે વાત છેડી "શોબ, બેમ કુશળ તો ખરા."

સાહેબે હસીને ઈંગ્રેજીમાં ઉત્તર દીધો "હા ઠીક છે, આપ શું ધંધો કરોછો?"

નગરશેઠ બોલ્યા "શોબ, તમારા પગની પુનઇથી રેશમનો વ્યપાર કરૂંસું, વખત જોતાં કોમ ઠીક સે. દીવાળી બોકી ખર્ચ કાઢતાં વર્ષે દાહાડે હઝારનો નફો રેહે સે, એટલે અમારે વાણીઆને મનસી જેએ ભાય જેએ!"

આ પછી સાહેબ તો કાંઇ બોલ્યા નહી એટલે વાણીઆને ચટાપટી થવા લાગી તેથી વળી પાછું મેલું લાગ્યું.

"ક્ષમા કરજો હો બોપજી—આપ શું વ્યપારી સો?"

"હા."

"શેનો ધંધો કરોસો ભલા?"

સાહેબે ખુંખાર મારી જવાબ દીધો "હું—આપરે—છેતે—કહું કે ન કહું?"

"અરે શોબ બોલી દયોની, એમા તે તમારે લઇને શી વાત સે? સારી પેઠે કમાની હોય એટલે પસે ધંધો ગમે એવો હલકો હોયામા શી વાત—શું કમાઓ સો?"

"વર્ષે દાહાડે હેંસી હજારથી લાખ રૂપ્યા!"

વાણીઓ તો આ રકમ સાંભળીને ઝબકી પડયો "ઓ મારા દાદા!—એવો તે શો ધંધો સે?"

ઈંગ્રેજે ધીમેથી જવાબ દીધો "તે તો જેવો વખત—ખુન, ચોરી, કાંઈ ખોટી સહી, કોઈ વાર ઝેર દેવું, એવુ અમારૂં કામ."

આ સાંભળી નગર શેઠના તો પોત્યાં ધીલાં પડી ગયાં, તેઓ મન સાથ ભગવાનનું સ્મરણ કરવા લાગ્યા. અબ ઘડી આ ખુન ચોરી કરનાર ઈંગ્રેજ તેમની ગળચી ધરશે એવો તેમને ભય લાગ્યો. આ ઢંગ જોઈ ઈંગ્રેજ વળી બોલ્યો "બીહીસો ના શેઠ, કાયદાના હીમાયતીઓ સાથ મારે ઘણીવાર લડવું પડયું છે અને હું તેમને હજારો વાર ચતા પાત નાખી નીકલી આવ્યો છું."

વાણીઆ ભાઈ તો શીવ શીવ કરી સટેશન આવી પોંહોચવા ની કાગડે ડોળે વાત જોવા લાગ્યા. જેમ જેમ તે બીહીતો જાય તેમ ઈંગ્રેજ તેની પાસે આવી "બીહો ના હું તમને કાંઈ કરનાર નથી" કરી ચમકાવતો જાય. આવા ધડક ધુજારામા અમદાવાદનુ સટેશન આવ્યું. જેવી ગાડી ઉભી કે નગર શેઠ ભુસ્કો મારી ગાડીમાથી ઉતરી પડયા. સટેશન ઉપર કેટલાક શેઠ સાહુકારોએ આવી મોટી આબરૂથી પેલા ઈંગ્રેજને ઉતારયો. નગર શેઠ બોલ્યા "અરે બાપુ, આધા જાઓ આધા જાઓ, મારી પાડશે, આજે તો જીવ શટો શટ બચ્યો, જાણે નવો જણમે જણ્મ્યો."

સઘળાઓના પુછવાથી તેમને આ ભયંકાર ઈંગ્રેજ ખુની સાથ મુસાફરી કરવાની સવીસ્તર હકીકત કહી.

સધળાઓ ખડ ખડાટ હસી પડયા. "અરે શેઠ કાંઈ ઘેલા થઈ ગયા. એતો મુંબાઈનો નામાંકીત બારીસટર આનસ્ટી સાહેબ છે, ને ઓલા નગર વેલના ખુનના મુકરદમા સારૂ અમોએ બોલાવ્યો છે. એતો ખુન, ચોરીના મુકરદમાઓ ચલાવે છે એટલે પેચમાં બાંધી તમારી ઠેકડી કરી."

---

## કેટલાક કામ જોગ નુક્તા.

**ઉંઘ વેચીને ઉજાગરો**—કેટલાક હીંદુ ઘહસ્થોને ત્યાં થતી બેઠક.

**બેજાંનો ખીમો**—કોરપોરેશનમાં થતાં કેટલાંક 'સ્પીચો.'

**સુક્કો પલાવ**—પારસીને ત્યાં લગનમાં ફક્ત પાન ગુલાબનું તેડું.

**જીવપર જોરાવરી**—ઓટલા, ઉઠમણા, વગેરે ઠેકાણે વગર બોલાવવે ઓટલા ઉપર જઈ બેસનારા સાહેબો.

**સાતસે ચુવા ખાકે બીલી હજકુ ચલી**—ભર મીજલસની વચ્ચે ઉભા રહી હાથમાં અવસતા લઈ મોટે સાદે ભણી જે આવે તેને સલામ કરતા જવું.

**કમ્મરની કઠી**—કોઈ મરી ગયું હોય તેને ઓટલે બે કલાક સુધી વગર અઠીંગવાના બાજઠ ઉપર બેસવું પડે તે.

## અવાખરી પસેમાન.

નવલુ પીડલર એક દહાડે ટાંઉ થઇને ઘર આવ્યો, અને બાયડી સાથ છીટાં લઇ તેના દીલ પર ખુરસી મારી. આથી ખુરસી અકસમાત ભાગી ગઇ. બીજે દીને તેની બાયડીના બાવા આવી લાગ્યા અને સઘળી વાત સાંભળીને નવલુને ઘણો ધમકાવી શીખામણ દીધી.

નવલુએ ડોકું નીચું નાખી ઘણોજ પસેમાન હોય એવો દેખાયો અને સઘળું સાંભળી રહેવા પછી બોલ્યો "હાજી હુંબી જે બન્યું તેથી ખરેખર દલગીર છેઉં, કેમકે જે ખુરસી ભાગી ગઇ તેવી ફરીથી મને કબુ મલનાર નથી!"

---

## લાડે લાડે લીદકાં!

એદલજી ખાનસાહેબે વળી એક નવો બુટો કહાડયો. તેવણ જરા સેજ આજારી પડયા ત્યારે એવો હુકમ કહાડયો કે જે કોઇ ખબર કહાડવા આવે તેને નીચેજ ઉભો રાખી સ્લેટ ઉપર લખી ખબર અંતર પુછાવે. આ સ્લેટ ઉપર આવે તે ઉપર લખેલું એક કલારક વાંચે. એક દહાડે સ્લેટ ઉપર આવી તે ઉપર નીચે પ્રમાણે લખેલુ સઘળાંના દેખતાં કલારકે વાંચ્યું:—"શેઠજી કનીઆ જેરામ નારણનો સલામ, ૭ ૭ મહીનાના આંકડા ચહડી ગયા છે ને નકાલો કરતા નથી. તે આઠ દહાડામાં પગાર ન કરશો તો સમાલ કાજમાં ફરીઆદી માંડીશ."

## મમાઇનો પ્રેસ્તો.

એક નાટકશાળામાં ઘણાખરા બધા 'ખોદાબખસ' આવે અને નાટક જોવાનો મુકી દઈ એક બીજામાં વાત કરયા કરે. આથી નાટકના ધણીનું બહુજ પાકી આવતું. એક વાર ગાયણરૂપી ઓપેરા ચાલવાનો હતો તે દહાડે તેણે સઘળી ગોઠવણ કરી મુકી કે અધવચમાં બધાઓએ એકદમ અચબુચ મુગા થઇ જવું, એટલે તમાસગીરોમાં જે વાત કરતુ. હશે તે ખશીયાણું પડી જશે.

હવે એવું બન્યું કે મમાઇ કોઇ દહાડે નાટકમાં જાય નહીં ને તે દહાડે જઈ લાગ્યાં. પાસે ઓળખાણવાળાં ડોસીબાઇ દરાનવાળાં આવી બેઠાં અને બે ડોસીઓ પોતપોતામાં વાતો કરવા લાગી. અચબુચ વાજું વાગતું બંધ થઇ ગયું અને સઘળું ચુપાચુપ થઇ ગયું તેમાં મમાઇનો સાધ એખલો આખ્ખી નાટકશાળાએ સાંભળ્યો કે "મને તો તીખો તીખો લોહરીપર તતરેલો કોલમીનો પાટીઓ ઘણો ગમે!"

---

## હરામનો દલ્લો!

એક ગામડીઆ જેવા દેખાવનો પુરૂષ ગલીને નાકે ઉભો રહી માથું ખજવાડતો હતો. તેના હાથમાં એક કાગલનું સીલ કીધેલું બંડલ હતું જે પર લખેલું હતું કે "આ પાકીટમાં રૂ. ૨૦૦ બાંધેલા છે તે કાવશજીને ઠાવા પોંહચે; લાવનારને હેલ રૂ. ૧ આપજો."

આ ગામડીઆને આવડાં વમાસણમાં જોઈ આદરજી ઉઠાઉગીર તેની પાસે જઈ પુછવા લાગ્યા "લાવરે જોઉં શું છે?"

ગામડીઆએ બંડલ હાથમાં મેલ્યું અને રડવા જેવું મોહડુ કરી બોલ્યો "લેની બાપ, જરા છરનામુ વાંચી આળની, હું ઠેચાણું ભુલી જીયલો."

આદરજીએ આ મુફતની ચલ્લી હાથમાં આવેલી જોઈ બંડલ પોતાના હાથમાં રાખી ગામડીઆને હસીને કહ્યું "અરે તારૂં ભલું થાય રે તારૂં, એ તો મારૂંજ સરનામુ છે, હું કયારનો વાર જોઉંછ ને તું કાંહ રખડતો હતો?"

ગામડીઓ બોલ્યો "ઓઈ બાપજી! તોંણે તો ઠીક! રખડતાં રખડતાં મારા તો પગ ઠોચી જીયાતા. બાપજી, રૂપીઓ હેલ આપવા લછીઓ છે તે આળો. મારે તો હજી લાંબું ઝવું સે."

આદરજીએ લાગલો રૂપીઓ કાઢી આપ્યો અને બંડલ લઈ ઝડપ ઝડપ ચાલ્યા. ગામડીઓ પણ રૂપીઓ લઈ વટી ગયો. દાદીશેઠની અગીઆરીના ઓટલા ઉપર બેસી આદરજીએ લુમકો ઉઘાડીઓ તો માંહેથી કોરાં કાગલના કકડા નીકલ્યા જેમાંના એક ઉપર લખેલું હતું "બચ્ચા સજ્જડ બન્યો."

---

## પારસી સ્ત્રીઓના અંબોડાનો ભરમ.

(આ વીગત ભેગી કરવામાં બાઈ સાહેબોની કમીટીની મદદ મળી છે, તેમની ખાસ પરવાનગીથી.)

**નંબર પહેલો.**—જીની મઈ જેવો અંબોડો—ગણત્રીના પચાસ બાલ ને તેબી વળી ચાર તસુ લાંબા. અંબોડાનુ

કદ એક તસુ સમચોરસ—તેમાં માથાંબાનાનું કપડું સુધાં.

**નંબર બીજો.**—સાધારણ કલાસ—એક ફુટ લાંબા બાલ—કદ મોટા કદની બટર બીસકોટ જેવડું—અથવા ખમણના લાવડા જેવડું—અંદર દગો કાંઈ નહીં.

**નંબર ત્રીજો.**—કાળાં ઉનનો ડુચો—ચપટો અંબોડો—કદ પાંચ ઇંચ સમચોરસ.

**નંબર ચોથો.**—જુનું જભલું આખ્ખું ખોસી દીધેલું—અંબોડાનું કદ ખાસું અધરણીના લાવડા જેવું—જાણે પૃથ્વીનો ગોળો.

**નંબર પાંચમો.**—કપડાંની બનાવેલી ઉધણ—ખાસ્સું જાણે ગાડીતું પૈડું—દેખાવે નરી પરભુરણ—હાથને લાગે કઠણ—ચકરડું છ ઇંચ—દેખાવે 'અગલી હેલ.'

**નંબર છઠ્ઠો.**—કલઈની નાહની રકાબી ખોસેલી—દેખાવ જાણે માથું સાંચામાં દાબી કહાડયું હોય એવું—વાપરનારને કરાર નહીં—વાતમાં કાંઈ સાર નહીં—માથે થોડો ભાર નહીં.

**નંબર સાતમો.**—ખરેખરો અંબોડો—બાલ ગજ લાંબા—ભારો જબરો—દેખાવે ખુબસુરત—રંગે કાળો—લાગે સુંવાળો. પણ સોમાં એકજ જણને એ શેહતાનનો હવાળો.

## બઇરાંઓની માગણીનું ખાતું.

| જમે | ઉધાર |
| --- | --- |
| અમે અમારે અમે એટલો ખરચ કપડાં ઉપર કરચે, પણ તમારે વાડી વંતર ઉપર પૈસા ખરચી નાખવાના કેવા! | ઉધાર પાસાંમાં દાદાર હોરમઝદનુ નામ. |
| અમે ફરવા જઇએબી નહીં ને જવા દઇએબી નહીં—બસ અમારી સાથે બેસીને વાત કરયા કરો. | |
| આખો દહાડો મેહનત કરી થાકી ગયા. તેમાં અમને શું પ્યાર! રાતના એક વખતબી જાગતા નહીં તે અમે તે કેટલોક ઉજાગરો કરચે? | |
| ઘરમાં તમે નહીં હોવ ત્યારે અમે માણુસ નોકરો સાથે ઠીઠી ઠાઠા કરચે તેમાં શું થયું; પણ જો તમે કોઈબી પારકી બઈરી સાથ હસયાછ તો તમારી વાત તમે જાણો. | |

બઈરાંઓની માગણીનું ખાતું—(ચાલુ.)

| જમે | ઉધાર |
| --- | --- |
| અમે મરચાં, આમલી, કચુબરનો ચટાકો, ચીકણી સોપારીના ડુચા, સફેદ મતોરી, વગેરે ખાઈશું; તમે સાંજના બહાર હોશો ત્યારે મનચેર પાસે ભજીઆં-ચટની મંગાવીને ખાઇશું; પણ તમે રાતના દારૂ પીધો તો પછી તમારી વાત. | ઉધાર પાસાંમાં દાદાર હોરમઝદનુ નામ. |
| મારી બેન બચારી કેવી તવલેછ. તેને બે ચાર જુના કપડાં ને પંદર રૂપયા મોકલ્યા તેમાં તમારી દોલત ધોવાઇ ગઇ કે.? | |
| તમે જઈ જઈને હરૂસે તમારાં માએને મહીને દારે રૂપયા પાંચ આપી આવોછ, તે હું બધું જાણુંછ. તમારે પેટ જાણે છોકરાં નહીં હોય તેમ જઈને ઝોંસી આવોછ તે તમને શરમ નહીં આવતી કે? | |

બાઈરાંઓની માગણીનું ખાતું—(ચાલુ.)

| જમે | ઉધાર |
|---|---|
| કલબ, કલબ, કલબ, ઓંજીઉં રોજ ઉઠીને તે શુ સવાદ લાગતું હોસે—રોજનો વીહાનો કરતોબી લાજે—મુવાં બધાં કલબ બરીબી નહીં જતાં. | ઉધાર પાસાંમાં દાદાર હોરમઝદનુ નામ. |

## મરદોની માગણીનું ખાતું.

| જમે | ઉધાર |
|---|---|
| હમે માટીડા તે વાડી વંતર જઈશુંસ તો—તમે બઇરાંઓને રખડપટો કેવો? | ઉધાર પાસામાં પરવરદેગારનુ નામ. |
| હવરેની બાઈરીઓ હવે તો બસ અતેરૂં કરી રહી છ—મેલામાં જયાં જોઈએ ત્યાં પગે પગ રખડે. એ તે કાંઈ રીત છે? | |
| ન ઘટે તેવે ઠેકાંણે અમે સારી રાત રઝડયે તો કાંઈ નહીં, અને જો સ્ત્રીઓ ચાંદણામાં ફરવા જવા માગે તો આવડા આવડા ડોળા કહાડવા. | |

મરદોની માગણીનું ખાતું—(ચાલુ.)

| જમે | ઉધાર |
| --- | --- |
| વાડી જઇએ ત્યાં ફીના રૂ. ૨, અને તાએફાનો રૂ. ૧, વગેરે ખરચ કરી આવયે, તેની ચીંતા નહીં, પણ બઈરી જો સપાટ સારૂ અથવા બદીઆન સારૂ પૈસા માગે તો જીવ ઉપર આવે. | ઉધાર પાસામાં પરવરદેગારનુ નામ. |
| બઈરી સાથે નહીં હોય ત્યારે બેંડ સ્ટાંડ ઉપર દર ગાડીમાં ડોકાં ઘાલી ઓળખાનવાલીઓ સાથે હસીએ તો કાંઈ નહીં. પણ જો બરૂમમાં આપણી સ્ત્રી સાથે હોય ને કોઇ દોસ્ત આવી વાત કરવા માંડે તો દમ ઉપર આવે. | |
| બઇરીને તરેહવાર એલફેલ ગાલ દેવાની આપની સત્તા છે અને તે એક તુકારો જવાબ આપે તો દાંત તોડી પાડયે. | |

ખાતું ઘણું લાબું થઈ જવાથી આવતી દીવાળી ઉપર હીસાબ ચુકવવાનું રાખ્યું છે.

## નોંધી રાખવા જોગ નુક્તા.

**માફ થઈ શકે એવી ચુક**—સઉ કરતાં તમારૂં બચ્ચું ધણુંજ ખુબસુરત, ધણુંજ હુશીયાર છે, એમ સમજવું.

**વગર પૈસાની બક્ષેશ**—માથું દુખી આવે ત્યાં સુધી દીધેલી શીખામણ.

**પોચી મતોડી કોપરીએ ખણવી**—મુડદાલ દેશીને મારનાર ઇંગ્રેજો.

**સોના સાહટ**—ઘોડા લે વેચ કરી પૈસા ગુમાવવાનો અભખરો.

**ગયા અવતારમાંથી પાછાં આવેલાં પાપી માણસો**—ભાડુતી વીકટોરીઆના ઘોડા.

---

## નોકરીના ઉમેદવાર.

હું જયારે મારી પહેલી હાફીસમાં હાફીસનો વડો હતો ત્યારે મારા કાકાની છોકરીએ મને ચીઠી લખી કે તેણીના નરણની માસીનો છોકરો ઘણોજ હુશીઆર છે, હીશાબ તરાતર કરી જાણેછ માટે જો તેને કાંઈ સારી જગા આપશો તો મોટો ઉપકાર થશે.

મારી પીતરાઈને ચીઠી લખી આ જવાન ગ્રહસ્થને મને આવી મલવા જણાવ્યુ.

બીજે દીવસે અગીઆર વાગતે આ 'ચાન' આવી લાગ્યા.

તેવણે કાલો બનાતનો ડગલો, વારનીસના બુટ અને કાલર પેહરયો હતો અને નાકે ચશમા ચહડાવી રંગીલા છેલ છબીલા બનીને આવીઆ હતા. એક હાથ કમરે રાખી બીજા હાથમાં રૂપેરી માથાંની નેતર પકડેલી હતી. ખુરશી ઉપર બેસવાને જણાવી મેં પુછયું " સાહેબનું નામ શું ?"

" જાલેજર !"

બાપ રે ! આ પહેલોજ ધસારો જોઈ આપરે તો ચમકયા. વળી પુછયું " મેતરીકયુલેશન પસાર કીધીછ ?"

" Yes, nearly " (હા લગભગ).

મેં નમનતાઈથી કહયું " બાપુ મને ઇંગ્રેજી બરાબર આવડતી નથી. ગુજરાતીમાં બોલશો તો મેહરબાની થશે."

" આલ રાઇટ—પરીક્ષામાં ગીઓતો પણ ચોથે દહાડે જરા માથું દુખ્યું તેથી ઉઠી ગયો, નહીં તો જરૂર પસાર થતે."

" બેશક !" મેં કહયું " બેશક—મારી પીતરણ કહે છે કે તમે હીસાબમાં ઘણા હુશીયાર છેઓ ?"

" ઠીક છે."

" હું તમુને બે ત્રણ સાદા સવાલ પુછું ?"

" અલબત."

" જાણે સમજો કે એક પારસણ સાડી સારૂ ૨૧ ગજ પાજ લે અને દોહોડ રૂપીએ બે આને ગજ તો કેટલા રૂપીઆ થાય ?"

હીસાબી ગ્રહસ્થે પેહેલાં સીલીંગ તરફ જોયુ, પછી જમીન તરફ જોયું, પછી જરા સીસોટી વગાડી, પછી પુછયું "કેટલા ગજ?"

"એકવીસ."

"ને શું ભાવે લીધી, કહયું ?"

"દોહોડ રૂપીઓ બે આને."

"તમારી ભુલ છે; સાડીને માટે એટલી બધી પાજ જોઈએ નહીં."

"વારૂ ચાલો સાત આને ને દસ પૈઇએ રતલ ચાહે તો સાડા પાંચ રતલનુ શું?"

વલી પાછું ઉપર નીચે જોઇ શેઠ બોલ્યા "હીલ ટી કે ચીનાઇ?"

આનો ઉતર દીધા વગર વળી મેં પુછયું "જાણે સમજો કે તમુને પચાસ રૂપીઆની નોટ આપીને બજારમાં ર૩ાા રતલ ગોશત લેવા મોકલું ને ગોસ્તનો ભાવ સવા પાંચ આને રતલ છે તો તમે કેટલા પૈસા પાછા લાવો?"

નોકરીના ઉમેદવાર બોલ્યા "તમે તો મને બનાવવા બેઠાછો. વળી સવા પાંચ આને રતલ ગોશત મલતું હશે ને વળી આટલી ખરીદીને માટે રૂ ૫૦ ની મોટી નોટ કોઇ આપતું હશે, સાહેબ મેહેરબાન—Ta Ta Good bye."

આમ લેહેકો કરી શેઠ તો ચાલ્યા ગયા. મેં તેમની પાછળ મારી પીતરણને ચીઠી મોકલી.

"મારી ડીઅર.

તેં જે જવાનને મોકલ્યો તે એટલો હીસાબમાં હુશીયાર છે કે કોઇ દહાડે મારી જગા પર ચહડી બેશે તેની મને બીક લાગે છે. પણ તે કરતાં 'અકાઉનટનટ જનરલ'ની કે એવી કાંઇ એને લાયકની જગા નીકલશે તો હું જરૂર યાદ રાખશ. હાલ મારી એવી ઇચ્છા છે કે જો તે સાહેબ તુને ફરીથી મલે તો સુચના કરજે કે બીજે ઠેકાણે ચાકરી શોધવા જાય ત્યારે આવા ચલકતાં વારનીશના બુટને ઠઠેરો કરીને નહીં જાય કેમકે તેનો તાપ ખમાઇ શકાતો નથી."

---

## કુવામાં પડી કુતરી ને સમ ગીયા ઉતરી.

જમશેદજી છાપગરને દારૂનો ભારી લખ હતો. એક દહાડે તેવણના ધણીઆણી ખરશેદબાઇ ઉદવાડે ગયાં હતાં ત્યારે હું જમશેદજીને મળવા ગયો. જોઉંછ તો ટેબલ ઉપર એક વાટી જેવું મસ મોટું ટંબલર બ્રાંડીથી ભરેલું પડેલું હતું અને જમશેદજી તેમાંથી સહરૂક સહરૂક સવાદીઆં લઇ પીતા હતા. મેં ધભરાઇને પુછ્યું "બરાદર જમશેદ, આ નાહનુ મઇ જેટલું ટંબલર કયાંથી લાવ્યો? તુને કાંઇ બીજું વાસણ મળ્યુંજ નહીં કે?"

"દોસ્ત એક બીલોરની હાંડી બગારીને નીચે પતરાંની દાંડી ખામખા કરાવી."

"અરે તારૂં ભલું થાય રે તારૂં—પણ એટલું બધું કરવાનો કાંઇ સબબ?"

"જોની બાપુ" જમશેદે જવાબ દીધો, "ખટલી ઉદવાડે ગેઇછ. જતાં જતાં મને મારા બાપુજીના સમ ધાલી ગેઇછ કે મારે આખો દહાડો મલી એક ટંબલરથી વધારે દારૂ પીવો નહીં. હવે છોકરાના સમ ખાધા તારે તે કાંઇ ખોટા થાય? કામ પડશે તો જીવતી માછલી રાખવાનું 'એકવેરીઅમ' આવેછ-ની તે વેચાતું લાવી તેને દાંડી કરાવી મારા સમ પાલસ ને પર પાલસ."

---

## ભેલમ ભેલાની જાત્રા.

બેહરામજી બંગલાવાલાની છોકરી હીરાં જે દહાડેથી કેખશરૂ સ્ટેશન માસ્તર સાથ નાસી જઇ પોતાના બાપની મરજી ઉપરાંત પરણી તે દહાડેથી બેહરામજીએ તેઓનાં નામ ઉપર પુરો મુકયો હતો. કેખશરૂનું નામ તથા પોતાની પેટની દીકરી હીરાંનું નામ ઘેરમાં કોઈએ લેવું નહીં એવો સખત તાકીદનો હોકમ બેહરામજીએ ઘેરમાં કીધો હતો.

કેખશરૂ સ્ટેશન માસ્તર તવંગર તો નહીંજ હતો પણ ઉદ-યોગથી થોડાક પૈસા ભેગા કર્યા હતા અને જ્યાં સુધી તેની બાજુ સલામત હતી ત્યાં સુધી તેની સાથે શાદી કરવામાં કોઇબી છોકરીને ચીંતા જેવું ન હતું. પણ બેહરામજી બંગલા-વાલાનું ધ્યાંન પોતાની બેટીનું કારજ પાલણજી મીસ્ત્રી નામે એક ઘરડા જમીનદાર સાથે કરવાનું હતું. આ પાલણજી

જમીનદારની જમીન વાંદરામાં બેહરામજીની મીલકતની પડોસમાંજ આવેલી હતી અને તેમના મનમાં એવું કે જો આ જોડું સંધાઈ જાય તો પછવાડેથી કશી વાતની હરકત રહે નહી.

પણ તેનું ધાર્યું તો કાંઈ થયું નહીં. તેથી ઉલટું ત્રીજે દીને તપાલમાં એક કાગલ નવસારીથી તેને મળ્યું જેમાં હીરાંએ પોતાના લગનની ખુશવકતી જાહેર કરીને પોતાના પીતા પાસે ઘણી કરગરીને માફી ચાહી હતી.

"માફી!" બેહરામજી બંગલાવાલા ખુબ ચીરડાઈને બોલ્યા, "માફી! તેઓ ભુખે મરતાં હોય અને મારી આગલ આવી પગે પડે તોબી નહીં. એ દુકતી તો મારે મનથી મરીજ ગઇ."

* * *

કેખશરૂ અને હીરાં આ પછી દોઢ વરસ સુધી સુખમાં સાથે રહયાં. પણ કમનસીબે ત્યારપછી બીમારીએ પોતાનું કાળું મોહડું આ ગરીબ ઘેરમા દેખાડયું. છ મહીના સુધી ગરીબ બીચારો કેખશરૂ મંડવાડથી બીછાના પર ઉઠવા પામ્યો નહીં. તેને બચાવેલા થોડા ઘણા પૈસા ખરચમાં અને દવાદારૂમાં તણાઇ ગયા. ઘેરનું ભાડુંબી છ મહીના ચહડી ગયું, અને ઘેર ધણીએ એક માસની નોટીસ આપી. ખાધખોરાક વગર અને દવાદારૂ વગર કેખશરૂ જયારે પીલાતો ચાલ્યો ત્યારે સેવટે નાચાર થઇ હીરાંએ હીંમત પકડી પોતાના બાપ પાસે જઇ તેના પગ ઉપર માથું મુકી માફી ચાહવાની ઘણી કાકલુદીથી આજુજી કરી. કઠણ હૈડાંના બેહરામજીએ તેણીને હડસેલી, ગાલબેલ દઇ, કહાડી મુકી, અને નોકરોને હોકમ કર્યો

કે જો એ ફરીથી આવે તો પોલીસના સીપાઇને બોલાવી તેના સ્વાધીનમાં આપવી.

*　　*　　*

એજ રાત્રે બેહરામજી બંગલાવાલા અચબુચ કોલેરાથી પટકાઇ પડયા. તેવણુની મતલબ પોતાની છોકરીને વીલમાંથી રદ બાતલ કરવાની પહેલાંથીજ ખરી; પણ સાધારણ રીતે વેહેમછે તે પ્રમાણે વીલ કરવાને આનાકાની કર્યા કીધેલી. પણ હવે આજે તો કર્યા વગર છુટકોજ નહી.

વખત કાંઇજ હાથમાં રહયો ન હતો. તેને પોતાના વીસવાસુ નોકરને બોલાવી કહયું, "વેહેલો દોડ, મંચેરજી વકીલને ત્યાં, ને તેને કહે કે મારી સઘળી મીલકત હું મારા વીસવાસુ દોસ્ત પાલણુજી મીસ્ત્રીને આપી જવા ઇચ્છું છું એવી મતલબનું વસીયતનામુ તૈયાર કરી મારી સહી સારૂ લઇ આવે. હવે વખત રહયો નથી માટે બગીમાં જા, અને બગીમાં પાછો આવજે ને વકીલને તાકીદ કરજે."

કલાકેક ગયા બાદ મારતી ગાડીએ વકીલ આવી પોંહોચ્યો અને જલદીથી બેહરામજીના બીછાના આગળ જઇ બંધ બારણે કેટલીક વાતચીત થઈ. ત્યારપછી બારણું ઉઘાડી વકીલે બે શાક્ષીઓને માંહે બોલાવ્યા, જેઓની હજુર બેહરામજીએ જેમ તેમ પોતાની સહી કરી.

વકીલે આ વસીયતનામું પોતાના ખીસામાં મુકયું, અને બીજે ઠેકાણે એવાંજ કામ માટે જવું છે એમ કહી રજા લીધી.

તેજ દહાડે બેહરામજી આ જહાનથી કુચ કરી ગયા અને તેવણના મરત્યુકની ક્રીયામાં તથા લોકોને આવકાર દેવામાં મોટો ભાગ પાલણજી મીસ્ત્રી લેતા જણાતા હતા.

*　　*　　*

એક માસ પછી મંચેરજી વકીલે મરનારના લાગતાં વલગતાંઓને નોટીસ મોકલાવી કે બેહસ્તીનુ વીલ ઉખેડી વાંચવાનું છે માટે સર્વેએ હાજર થવું. મરનારના દુરના તેમજ અતલગના બેસીઓ તથા પાલણજી મીસ્ત્રી વગેરે ઠેડવેલા વખતે ભેગા મલ્યા.

વકીલે સર્વેના દેખતાં સીલ ફોડયું અને ચસ્મો નુછી વીલ વાંચવાની તૈયારી કરી. પાલણજી મીસ્ત્રી જેઓને વીલની મતલબની ખબર પડી હતી તેઓ જાણે બેહરામજીના ગુજરવાથી કેવાક દલગીર હોય તેમ વાંકા તીકા ડોકાં કરવા લાગ્યા. વકીલે વાંચવું શરૂ કીધું:—

"હું નીચે સહી કરનાર આ લખ્યાથી મારી સઘળી અસકયામત મા————

આટલું વાંચીને વકીલ અચકી પડયો. તેણે ચસ્મો કહાડી ફરીથી નુછયો અને ઘણીજ અચરીતી સાથે આગળ વાંચ્યું.

"મારી વહાલી દીકરી હીરાંને આપી જાઉછુ." વકીલની અચરતીનો શું પાર! પોતાને હાથે વીલ ઘડી કહાડેલું, પોતાના દેખતાં સહી થયલી, શાક્ષીનાં નામ બરોબર, અને આ શું મોહોકાન!

ધારવા કરતાં આ ઉલટું પરીનામ આવ્યાથી બીજાં

સઘળાંઓ ખુશી થવા લાગ્યાં. ફકત પાલણજી મીસ્ત્રી ખસીયાણા પડી ચકીત થઇ બેસી રહયા.

બીજે દીને વકીલે એક બીજું બાઇનું વીલ એજ પ્રમાણે સર્વેની હજુર વાંચ્યું. એ બાઇએ પોતાની હૈયાતીમાં પોતાની ગરીબી છતાં કેખશરૂને તથા હીરાંને તેમના સંકટની વેળા પોતાથી બનતી મદદ કરી હતી.

પણ તેણીનું વીલ વળી ઉપલાંથી નવાઇજ જેવું નીકલી આવ્યું. આ વીલમાં ફરમાવ્યું હતું કે, "મારી કુલ અસ-કયામત જેમાં અગીઆર સદરા, છ મોજાંની જોડ, એક પોપટ, અને એક દેવદારની પેટી છે તે હું આ લખ્યાથી પાલણજી મીસ્ત્રીને આપી જાઉં છું."

આસપાસનાઓ તો સમજ્યા કે બેહરામજી બંગલાવાલાએ મરતી વખતે પોતાની ભુલ જોઇને આ પ્રમાણે ઇનશાફનું કામ કીધેલું હોવું જોઇએ. પણ ખરી વાત શું હતી તે મંચેરજી વકીલ બરાબર સમજી ગયા હતા. બેહરામજીના બીછાના આગળ જ્યારે તેઓ આવ્યા ત્યારે બેહરામજીને સારૂ તથા પેલાં ડોસાંને સારૂ એક સરખાંજ તથા એકજ રંગનાં કાગલપર વીલના ફારમ કરી લાવ્યા હતા, માત્ર નામની જગા ખાલી રાખી હતી.

અકરાટ ગભરાટમાં તેવણે ભુલથી બેહરામજીનાં વીલમાં હીરાંનું નામ અને ડોસાંનાં વીલમાં પાલણજીનું નામ મુકી દીધું હતું અને તેથી આ વાજબી ભુલચુક થઈ ગઈ હતી.

મંચેરજીએ જોયું કે હવે ખોલાસો કીધામાં કાંઈ સાર નહીં, જે થયું તે ઠીકજ થયું એમ ધારી શેહેતાન ડાબો કરી ગયા.

## નવા પાસ થયલા ડાકટર.

ડાકટર (પોરેઆને)—અહીં આવરે, તું પેલી દવા બેરામજી બાસતરને તાંહ મોદીખાને આપી આવ્યો કે?

પોરેઓ—હા, સાહેબ.

ડાકટર—ને ડોસાંએ દવા પીધી?

પોરેઓ—હા, સાહેબ.

ડાકટર—તેં કેમ જાણ્યું?

પોરેઓ—કેમજે બપોરના તેણી મેર પાછો ગયો ત્યારે બારણે બાજઠ માંડેલા હતા!

---

## સમજે તેનું મોહોત.

રતનબાઇ એક ગુજરાતી વાતની ચોપડી વાંચતાં હતાં તેટલાં તેવણના મીત્રે પુછ્યું, "કેમ, રતનબાઇ, આ ચોપડીમાં ભાષાની છટા કેવી છે?"

"ભાષાની છટા?" રતનબાઇ જરા વીચાર કરીને બોલ્યાં, "તે તો કોણ જાણે; હજુ હું તે વાત સુધી આવી નથી—હજુ તો મેં પચાસજ પાના વાંચ્યાં છે. હવે પછી આવે તો કોણ જાણે!"

---

માસ્તર—એક બેવકુફને તું કેમ પારખી શકે?

ચેલો—તેના તમારી માફક સવાલ પુછવાની ઢપ ઉપરથી!

## નહી બોલ્યાના નવ ગુણ.

દસ્તુરજી સાહેબ ઝારસદાર બરજોરજીને મળવા ગયા ત્યારે બીજી ખબર અંતરમાં પુછયું, "શાયબને તાં કેટલાં છોકરાં ખોદા રાખે?"

બરજોરજીએ મોહોડું કુમલાવી ઉતર દીધો, "સાત."

"હેં! મેં સાંભરયું કે છોકરીઓબી છેની?"

આનો ઉતર આપતાં બરજોરજી ધભરાયા કીધા, તે જોઇ દસ્તુરજી સાહેબે કહ્યું, "માફ કરજો હો, કાંઇ મારેથી ચુક થઈ હોય તો. આ દુનીઆંજ ફોકટની છે, સાહેબ; એકુ છોકરી પાછી થયલી કે શું?"

"નહીં, દસ્તુરજી સાહેબ, મારે ઘેર ચહર ઉતરની સાત છોકરીઓ પેદા થઇ—તેમાં સઉથી નાહાલી પાંતરીસ વરસની છે, ને બધી પણવાની છે."

દસ્તુરજી સાહેબ મનમાંજ ટચાકરી ફેરી કોઇ સાંભળે નહીં તેમ અવાખશે પશેમાન બોલી મુગાજ રહી ગયા.

---

"દાકટર સાહેબ, એક માણસ ભેજાં વગર કેટલાં વરસ જીવી શકે?"

"તેની મને બરાબર ખબર નથી, પણ તમો તમારી પોતાની ઉંમરપરથી વીચારી લેઓ."

## એક કુંવારા પુરૂશને આવેલું સ્વપનું.

હું છું કુવારો એક ગબરૂ જવાન,
માંડી છે ફુટવા સેજ મુછની નીશાન.

કલબમાંથી 'ડગરી' ને સુતો એક વાર,
સ્વપનામાં આવી ડીઅર દીની લગાર.

લગણુની ધામધુમ ખુશાલીના પાર,
દીનીનો પ્યાર ને બાળકોની હાર.

હસતું કુટુંબ જાણે બેઠું ચોપાસ,
દીની બેઠી સીવે ને સઉ ખુશ મીજાસ.

પણ જુવો હવે સપનામાં કેમ પડેછ ફેર,
આવવા માંડયા આંકડા ઝપાઝપ બીજી મેર.

છોકરાં તો જાણે નરાં ભુખ્યાં ડાંસ,
પાંઉ ને માખણનું વાળે સત્યાનાસ.

રોટલીનો ચોડો તો પલ એકમાં પાર,
ઘરમાં રોજ જોઇએ ગોસ્ત રતલ બાર.

બીજી મેર ડાકટરનાં બીલોની ધાડ,
સ્કુલોની ફી જોઇ આવે ચઢી તાહાડ.

ફી તો રહી બાજુ પણ ચોપડીઓનો ઘાણ,
પેનસીલો ને પેન ને સ્લેટની મહોકાણ.

અઠ્ઠુરામાં પુરી વળી બુટોની ખોટ,
દેડાના જણુયાં તો વાળે નખ્ખોદ.

કુમારી સ્થીતીની પાછી થઈ હોંસ,
કલબમાં જવાની જોઈએ શાની બોંહોસ.

વીક્ટોરીઆ ગારડનની ખાસ્સી લટાર,
બેંડસટાંડપર લટકા કરી ચાલતા'તા યાર.

પણ સબર—દીનીનો ગીયોછ મીજાજ,
છોકરાંપર ધમોલાનો પડતો અવાજ.

ઘરમાં ચાલી રહી છે કલા બકોલ,
એ સમેત જાગી ઉઠયો બંદો ચકડોલ.

દીની ને છોકરાં બધી સપનાની વાત,
ખોદા ખેર કરે—નહીં જોઇએ પંચાત.

સેવક તો કુમારા કલોર જેવા છે,
ને દાનશાહલા! કુમારાજ હંમેશ રહેશે.

---

## સવાલનો જવાબ.

કલગીરપુરના નવાબે પોતાના એક હજુરીયાને પુછ્યુ, "કયું બચા, તું ગધા હોને ચાહતા યા ઘોડા?"

હજુરીયાએ હાથ જોડી જવાબ દીધો, "જનાબ, ફીદવીકુ ગધા હોના પસંદ હયે."

નવાબે પુછ્યું, "કયું બે હેમક?"

હજુરીયો તુરત બોલ્યો, 'મએને એક ઘધેકુ નવાબ બના હુવા દેખા હએ, તો કયુ એક દીન મેરાભી નસીબ ઉઠ જાવે!"

## સ્વર્ગમાં ઈનસાફ.

લક્ષ્મીશંકર નામે એક વાણીઓ, જેની સ્ત્રી બડી કલાંટ હતી, તે બહુ મુંઝાઇ મુંઝાઇને મરણ પામ્યો. સ્વર્ગના દરવાજા કને પોંચતાં માંહે દાખલ થવાને તેણે બ્રહ્મને વિનંતી કરી. બ્રહ્મે પુછયું, "તેં પાપનું પ્રયાશ્રીત કરયું છે?" વાણીએ જવાબ દીધો, "ના, મહારાજ, પણ હું ભુંડી સ્ત્રીને પરણ્યો હતો."

બ્રહ્મે કહયું, "વારૂં, એટલી શીક્ષાબી તને ઠીક છે. જા, માંહે જા," આમ કહી લક્ષ્મીશંકરને સ્વર્ગમાં દાખલ કરયો.

થોડી વારે એક બીજો વાણીઓ નામે રેવાશંકર આવીને સ્વર્ગમાં દાખલ થવા માટે રજા માગવા લાગ્યો. બ્રહ્મે પુછયું, "તુંએ પ્રયાશ્રીત કરયું છે?"

"ના, મહારાજ."

"ત્યારે તારાથી સ્વર્ગમાં અવાય નહીં."

"મહારાજ, આમ કેમ હોય? આપે હમણાંજ બીજા વાણીઆને માંહે જવા દીધો તે કેમ?"

"તે ખરૂં," બ્રહ્મ બોલ્યા, "પણ એ બીચારો એક વાર પરણીને બહું દુખી થયો એટલે એને સજા થઇ ચુકી."

"અરે ભગવાન!" રેવાશંકરે કહયું, "ત્યારે તો મનેબી હયો, કેમજે હું બે વાર પરણી ફરયો હતો."

બ્રહ્મે સ્વર્ગનું બારણું બંધ કરી ઉત્તર દીધો, "જા, ભાઇ જા," સ્વર્ગ કાંઇ મુર્ખોને માટે નથી; એકવાર ફરયો ત્યારે બીજી સ્ત્રી સાથ પરણ્ગ્રો શા સારૂં?"

# આડાની મુંઠ.

૧૮૫૯ના સાલમાં મારા સંબંધમાં એક કર્યુંબર થઇ ગઇ તેનો જાણવા જોગ હેવાલ નીચે આપું છું:—

તેવાર હું નાનજી મોદીને તાંહ મેહતાગીરી કરતો હતો. શેઠની એક દુકાન દમણુમાંબી હતી. એવું બન્યું કે દમણનો મુનીમ અચબુચ કામ નીકળી આવવાથી સુરત જતો રહયો. રવીવારે સાંજે હું બહાર જવા નીકલ્યો એટલે નાનજી મોદી આવી કહેવા લાગ્યા "મકનભાઇ તમારે દમણ જવું પડશે. બુખણની કાકી મરી ગઇછ તે આઠ દહાડા તમારે જવું."

મેં હા પાડી અને બીજે દીને રાતના નવ વાગતે ગ્રાંટ રોડથી હું મેલ ટ્રેનમાં બેઠો. મારી સાથ ફ્કત એક કનતાનના 'કારપીટ બેગ' શીવાય બીજો કાંઇ સામાણ ન હતો. હવે દમણનો વડો મુનીમ સુરતનો રહેવાશી હોવાથી મને પીછાણતો ન હતો તેથી શેઠે તાર કર્યો કે મકનભાઇ આવે છે એમને બરાબર રાખજો.

મારી સાથ સેકંડ કલાસમાં એક જુવાન પુરૂષ શિવાય બીજું કોઇ નહીં હતું. રસતે ચાલતાં અમે બીજી–ત્રીજી વાત કરી. ડંતોરા સ્ટેશન આવ્યું એટલે મલી ભેટીને અમો છુટા પડયા. મારો સાથી અંહી ઉતરયો અને મેં તેનો કોથળો બહાર કાઢી આપ્યો. ગાડી પાછી ઉપડી ગઇ પણ મેં બારીમાંથી જોયું તો મારો મીત્ર બે હાથ ઉંચા કરી બુમો પાડતો હતો. આ ઉપર ડ્રાઇવરે, ગારડે, કે બીજા કોઇએ કસું ધ્યાંન આપ્યુ નહીં અને બીજા અરધા કલાકમાં ટરેન ડમણ સ્ટેશન ઉપર આવી પુગી.

હું કારપીટ બેગ લઈ નીચે ઉતરયો અને ચાલવા માડયું. મારી 'બેગ' પહેલાં કરતાં લગાર ભારી લાગતી હતી તેની મને જરા નવાઇ લાગી ખરી. આ વેળા મારી પાછળ બે પુરૂષો લાગુ થયા. તેઓ એક બીજામાં હળવે વાત કરવા લાગ્યા પણુ સઘળા શબ્દો મારે કાને આબેહુબ પડતા હતા.

એકે બીજાને કહયું "તારમાં વીગત પ્રમાણે આ માણુસનો ચેહરો નીશાન મળતાં આવતો નથી—પણુ કોથળો તો એજ."

બીજાએ ઉત્તર દીધો "આપણા બાપનું શું જાયછ—આપણે આપણો હુકમ બજાવ્યો—બીજું શું."

આટલું બોલી બેઉ જણુ મારી પાસે આવ્યા અને મને બાજુમાંથી પકડયો. પછી એક બોલ્યો "દામોદર ભંડારી, સરકારના હુકમથી બેંકમાં ચોરી કરવાના વાંકસર હમો તુને પકડયે છૈએ."

હું તો સજ્જડ ચમકયો. મે નમ્રતાથી કહયું "અરે બાપુ તમે કાંઇ ભુલ કરો છો."

"ઠીક છે ઠીક છે—હવે તમે બહુ ચતરાઇ ન કરો—મુગા મુગા અમારી સાથે ચાલો. તમે નીરદોષ છો તો અમે કયાં તમારો ઇનસાફ કરયે છૈયે."

આમ બોલી તેઓએ કોથળો મારા હાથમાંથી ઝટકી લીધો અને આંખના પલકારામાં મારે હાથે બેડી ઠોકી દીધી.

આ તો આબડ ગુચડ થઈ ગઈ. હવે શું કરવું. સઘળુ હાઉસન ઝાઉસન ચોકી તરફ મામલતદાર બેઠા હતા ત્યાં આવી

પોંહચ્યું. કોથળો ઉઘાડી જોય છે તો—હે શીવ! માંહે તો નોટના ચોડા ને સોનાના સીક્કા!

તેજ ઘડી મારા માથાંમાં વાત આવી કે મારાથી કોથળો ભેલાભેલ થઇ ગયો. મેં મામલતદારને ઘણુંએ સમજાવ્યું પણ તે તો મારી ઠેકડી કરવા લાગ્યો. મેં કહયું કે હું નાનજી મોદીની પેહડી ઉપર આવ્યો છું માટે ત્યાંના મુનીમને બોલાવી મંગાવો તો તે તમારી ખાત્રી કરશે.

મામલતદારે દમણના વડા મુનીમ રણછોડલાલને તેડાવી મંગાવ્યા. મારા ગમ જોઇ રણછોડલાલ બોલ્યા "મુંબઇથી મારા શેઠના મેહતા આવનાર હતા ખરા, પણ આ શેઠ તેઓજ છે એમ હું કેમ કહી શકું—હું એમને ઓળખતો નથી. એઓ મકનભાઇબી હોય કે દામોદરબી હોય."

મોહકાનના સમાચાર! મારી આજુજીથી મામલતદારે નાનજી મોદી શેઠને તાર કીધો અને રાતોરાત તો મને બંધ કોઠડીમા ધાંધ્યો.

હે પ્રમેશ્વર! ચાંચડ, માકર, ચીઢ અને શરમથી હું તો અધમુવો થઇ ગયો. રાત્રી કયમો કરતાં જાય નહીં. બીજી ગાડી આવી તેમાં બેંકનો શરાફ આવી લાગ્યો. તેણે મારા ગમ જોઇ કહયું "બેંકમાંથી નાણા ઉચાપત કરનાર ધણી એ નહીં પણ તેણે ચોરી કરી માલ આપી આ શેઠને દમણ સટકાવી દીધા હોય એમ દેખાય છે."

બીજે દીને સહવારમાં નાનજી મોદી હાંફલા ફાંફલા આવી લાગ્યા અને હું કોણ છું તે વીશે જામીનગીરી આપી. મારા હાથમાંથી કડીઓ કાહડે એવામાં ખરા દામોદરનેબી પકડી આણ્યો.

આ મવલા પોતાની ચોરેલી મીલકત ગુમાઇ ગયાથી બહુજ ધભરાટમાં પડી ડંતોરાના સ્ટેશન માસતરને પુછવા ગયલા કે મારો કોથળો ભુલમાં આગળ ચાલી ગયો છે તેનું શું કરવું. આ પુછપરછ ચાલતી હતી તેવામાં અમારો તાર ડંતોરાના સ્ટેશન ઉપર જઇ લાગવાથી દામોદરને પકડયો હતો.

તેની તપાશ મુંબાઇની સેશનમાં થઇ અને તેને સાત વરસની ટેપ મળી. હું ઘર ગયો અને સઘળાઓ મારી ઉપર પડેલી વિપતીને માટે પેટ ધરીને હસવા લાગ્યા. પણ બીજે દીને બેંકના માલેકો તરફથી રૂ.૧,૦૦૦નો ચેક મારે માટે બક્ષીશ આવ્યો એટલે સઘળા મુગા થઇ ગયા અને હું પેટ પકડીને હસવા લાગ્યો.

મકનભાઈ.

---

## માહોબત.

"ત્યારે તમો મને ચાહવો છો કે, જરબાનુ," ગુસ્તાદ ગોટપીટ જરબાઈની આગળ બેસીને બોલ્યો.

"ચાહતી તો નથી, પણ મને તમે ઘડી ઘડી યાદ આવોછ; કેમકે તમારો ચેહેરો મારા બેહસ્તી સુલતાનના જેવોજ છે."

"હં કે ?" ગુસ્તાદે વધારે નજદીક જઈને પુછયું. "પણ સુલતાન તમારો કોણ થતો હતો ?"

"કોણ વળી ?" જરબાઇએ ઉઠી જતાં કહ્યું, "મારો પાલેલો કુતરો."

## અહ્ના બંદેકી જોડી—એક અપંગ દુસરી ખોડી.

એકવાર હું મારા ભરથાર સાથ વલસાડ ગઇ અને ત્યાંની ધર્મશાળામાં ઉતારો કીધો. આ ઠેકાણે એક રમુજી બેંમાન મારા જોવામાં આવ્યું તે સાંભળો. ધર્મશાળાના રખેવાલ આદર અને તેની સ્ત્રી ધના કરી હતાં. આ બન્ને આસરે ૭૦ વર્ષનાં હશે. પણ નવાઇ એ હતી કે બધું કામ તેઓ સાથેજ કરે. જો બહારથી આવતાં અમે બારણું ઠોકયે તો બે જન સાથે ઉંગાડે. જો આદર નાહવાનું પાણી લાવે તો સાથે ધના પણ હોયજ. જો કાંઇ વેચાતું લેવા બહાર જાય તો બેઉ સાથેજ જાય.

જે દહાડે અમો આવી પુગ્યાં ત્યારે અંધારૂં થવા આવ્યું હતું અને અમે ચાહે માગી તો બે જન સાથે લાવ્યાં. આ ઓચંબા ભરયું લાગ્યું ખરૂં, પણ તેવાર તો હમે કાંઇ પુછયું નહી.

રાતના હમે સુવા ગયાં ત્યારે બન્ને સાથે હમોને મુકવા આવ્યાં. ધના બતી લઇ ચાલતી, અને જયારે મેં નાસ્તાની વરદી કરી ત્યારે 'હાજી' કરી આદર કાકાએ ઉત્તર દીધો.

સહવારના મારો ધણી વાડીમાં ફરતો હતો અને હું પલંગ પર સુતેલી હતી તેટલાં મેં ધનાને કાંઇ કામ સારૂ હાંક પાડી. જોઉંછ તો મારા સુવાના ઓરડામાં આદર અને ધના બે સાથે ચાલી આવ્યાં. આથી જરા મને ગુસ્સો આવીઓ અને ધન તરફ નાખુશીથી જોયું.

ધના બોલી "બાઇ મારો ડોહો મારી હાથે ઓરડામાં આવે તેનો કાંઇ ગુહ્હો નોં કરતાં હો—એ તો બેઉ આંખે આંધળો છે."

હું દયા ખાઇ બોલી "ગરીબ બચારો—એમ છે તારે એને ધકેલા કાંય ખવાડેછ?—એક બાજુ બેસવા દે."

હવે ડોસાએ જવાબ દીધો "હેઠાંણી એને જે કેહો તે નકામુ! એ તો બેઉ કાને બેહરીછે!"

આફરીન કુદરત! કેવી રૂપસુંદર જોડી! આ તે ધણી ધણીઆણી ખરાં—ધણી પોતાની સ્ત્રીની આંખોથી જોતો હતો અને સ્ત્રી પોતાના ધણીના કાનોથી સાંભળતી હતી. એ બે સાથે આવે નહીં તો કાંઇબી કામ બની શકેજ કેમ? બે જન મલીને એક માણસ બન્યુ હતું!

ગુલેસતાન.

---

## જમવાનુ ઇજન!

મારા ધ્યાંનમાં એવા ઘણા જના છે કે જેઓને ખોટાં ખોટાં ઇજન કરવાની ટેવ છે. તેમને આ નીચલી વાત વાંચવાની ભલામણ કરૂં છું:—

એક વાર ૧૮૪૪ ના સાલમા હું સુરત ગયો ત્યારે ત્યાંના એક મધ્યમ વર્ગના પણ 'મોટા લોક' માં ખપવા માગતા રહેવાશી મેહેરનોશજી વકીલે મને જમવાનું ઇજન કીધું. ખાનુ ખાઇ રહેવા બાદ મેહેરનોશજી અને તેવણના ધણીઆની હીરાંબાઇ ઘણી ઓજરખવાઇથી મને ઇજન કરવા લાગ્યાં કે

"ઘેર તમારૂંજ છે. સુખેથી રોજ જમવા આવજો. જો અમારા સમ, ઓસકાતા ના" ઇત્યાદી.

મેં જવાબ દીધો "રોજ? એ તો કહેવાની રીત! વળી કાંઇ રોજ ને રોજ પરવરે? તમુને ને મને બેને ભારી પડે."

આથી હીરાંબાઇ નાખુશ થઇ બોલ્યાં "ઓ સાબાશરે! એમ તે કાંઇ બોલવાનુ છે? તે લોક જુદાં જો. તમારા જેવા કોણને ઘેર ભારી પડેછ, વાહ!"

મેં પુછયું "ખરેખર? જો બરાબર વીચાર કરીને પછી બોલજો."

"હવે વીચાર કીધા! એમાં તે શુ અમારી ખાલ ઘસાઇ જવાની હતી—ખાતા ખવાડતાંને જી!"

મેં કહયું "ઠીક છે, તમારી એમજ મરજી છે તો આપણે કયાં ના છે."

બીજે દહાડે બરાબર સાડા સાતને ટકોરે સેવક મેહરનોશજીને ત્યાં જઇ ઊભા અને હસીને કહયું "જોયું મારી કબુલાત મુજબ આયો કેની?"

સર્વે ખુશીથી હસવા પડયાં અને મારી આવી સોખાઇ માટે મને સાબાસી આપવા લાગ્યાં. જમવાની મેજ ઊપર ખુશી ખુશાલી પંથરાઇ રહી. અને જતી વેળા "આવજો બા આવજો" થી આપણુને વીદાય કીધા.

બીજે દહાડે બરાબર આઠને ટકોરે બંદા હાજર થયા. "કેમ ખુશ તો છો? લેઓ તમારા ઇજનને માન આપી આજેબી હું આવ્યો. પણ એમ કેમ? તમે લોક લગાર અચરત થયલાં લાગો છો. શું તમોએ મારી વકી રાખી ન હતી?"

મેહરનોશજી અને હીરાંબાઇએ તાણી તોડીને હસતું મોહડું કરયું અને બોલ્યાં "અરે નહીં રે, ઘેર તમારૂંજ છે બા."

"અં—તારે તો ઠીક."

ટેબલ ઊપર જમતાં મેં તરેહવાર હસવાની વાતો કીધી પણ 'હાજી' અને 'નાજી' શીવાય સામી તરફથી એક શબ્દ નીકલયો નહી. આપણે જાણે જાણતા ન હોઇએ તેમ વાતો ચાલુ રાખી.

ચોઠે દહાડે બરાબર જમવાને વખતે હું જઈને ઉભો. આપણને તો કોઈએ ઝાઝું કોહું આપ્યું નહીં. મેં હસતું મોહડું કરી પુછ્યું "શું છે, સમાચાર તો સારા છે ની!"

હીરાંબાઈ બોલ્યાં "સઉ સારૂં રૂડૂં છે. મને ઓસક એટલાજ માટે લાગે છે કે આજે તમારે લાયકનું રાંધેલું નથી."

મેં કહયું "અરે તેમાં શું. હું તો તમારી દોસ્તી ને વાતચીતને વાસતે આઉંછ. તમેજ મને ઈજન કીધુંછ કેની?"

રોજની પેઠે મેં સારી પેઠે ખાધું અને બાઈને જણાવ્યું કે ભોણું રોજના જેવુંજ સારૂં હતું. કોઈબી રીતે ખરાબ નહીં હતું.

પાંચમે દહાડે ઘર આગળ આવતાંજ ઓટલા ઉપર મેહર-નોશજીનો ચાકર મકન ઉભો હતો તે બોલ્યો "છાબ; છેઠ ને છેઠાણી તો બાર જંબા ગીએલાં—ઘરમાં કોઈ ની મલે."

મેં ઉતર દીધો "હા તેની મને ખબર છે, પણ કાલે મારી છતરી ભુલી ગયોછ તે લેઉંછ" એમ કહી મકનને ઝડપમાં ખસેડી હું માંહે ગયો. અલબતે મેહરનોશજી અને હીરાંબાઈ તો ટેબલ ઉપર બેસવાની તૈયારી કરતાંજ હતાં.

મેં હસીને કહ્યું "તમારો ચાકર બડો બુબખ છે. મને કહેજે તમે બહાર ગીઆંછ, હું સારી પેઠે જાણતો હતો કે એમ હોયજ નહીં. તમે મને ઈજન કીધેલું ને બહાર જાઓજ કેમ કરી. એ બચારો મુરખ છે, પણ કેમ આજે ઘણાજ દલગીર છેઓ? શું છે? ખેરીયત તો છેની? મને કહોની?"

"નહીં કાંઈ નહીં" એટલો ટુકમાં જવાબ આપી બચારા મેહરનોશજી ઘભરાયા કીધા. આખરે ખાનુ ખલાસ થવા પછી હું પેટ પકડીને હસી પડયો અને બોલ્યો "તમારી કહેવાની છાતી ચાલતી નથી તો લેઓ હું કહું. તમારૂં ઈજન તમુને ભારી પડયુંછ. આટલા દહાડાબી તમોએ સાંખયું તેથી હું અજબ છેઉં. તમારે બદલે હું હોઊં તો પરોણાને બારી વાટે નાખી દેઉં. પણ હવે કોઇ દહાડેબી ઈજનની ઘણી ઓહોંસ કરતાં તપાસજો. હજારમાં એક મારા જેવો 'સુકકો' બી નીકલી આવશે; સાહેબ મેહેરબાન."

## અમારી તરફનાં ઈનામો.

જયારે હવે પત્રવાળાઓ પીકચરો, આલબમો, અને ચોપડીઓ ભેટ આપે છે ત્યારે અમે પણ તેજ કાયદાને વળગી રહેવાને ઠરાવ્યું છે. માટે જે કોઈ નીચલા સવાલોના ખરા જવાબ લખી મોકલશે તેને નીચે જણાવેલાં ઈનામો અમારે ત્યાંથી આપવામાં આવશે:—

સવાલ ૧ લો.—આંખ્ખાં હીંદુસ્તાનમાં કુતરાં કેટલાં છે તેની બરાબર સંખ્યા આપો? ઈનામ—કોલાબાને નાકે હવાવાળી જગામાં એક ખાલી ઓરડી. ભાડું લીધામાં આવશે નહીં.

સ૦ ૨ જો.—મુંબઇના રસતા ઉપર બધા મલી પથરા કેટલા છે? ઈનામ—રૂ. ૧૦ની એક માસ સુધી નોકરી.

સ૦ ૩ જો.—પાસીફીક મહાસાગરમાં કેટલા હાંડા પાણી હોશે તેની ગણત્રી આપો? ઈનામ—ખોટા દાંતનો એક સટ.

સ૦ ૪ થો.—મુંબઇનાં સઘળાં ઘરોની બારીના કાચ કેટલા હશે તેની સંખ્યા આપો? ઇનામ—મયુનીસીપાલીટીનું રૂ. ૩૦૦ નું એક વગર પગાર થયલું બીલ.

સ૦ ૫ મો.—નેરીઓસીંગ ધવ્વલના બુટ બનાવનાર મોચીનું નામ શું? ઇનામ—તમારી જીંદગી સુધી ચાલે એટલુ બ્લીસટર.

સ૦ ૬ ઠો.—મુંબઇમાં પ્રમાણીક માણસ કેટલાં છે, અને તેમનાં નામ? ઇનામ—તમારૂં નામ અંદર મુકવાની છુટ.

સ૦ ૭ મો.—કએખશરૂ પાદશાહના દાંત કેટલી વખત દુખયા હશે, અને તેની દવાઈ કયા હકીમે કરી હશે, તેનો વીગતવાર હેવાલ? ઈનામ—ગુજરાતી વૈદાંની ચોપડીઓ.

## જેનાં કામ તે તેથી થાય ને બીજે ફોકટ થોકડ ખાય.

(ખરો બનેલો બનાવ.)

એક દહાડે હું, મારી સ્ત્રી, મારી સાળી, તથા બે ચાર મીત્રો બેસીને રાંધવાના વીશય ઉપર ગપ્પાં મારીએ છીયે. મેં મત આપ્યું કે "રાંધવામાં દમ શું છે? સેવક એટલી તો હીંમત રાખેછ કે જો તમો લોક કશાને આંગળી નહીં લગાડો તો તમને બધાંને પેટ ભરીને જમાડું."

આ સાંભળી સઘળી સ્ત્રીઓ હસી પડી, અને મારી ઠેકડી કરવા લાગી. વાત રસપર ચહડી, અને ઠરાવ્યું કે રવીવારે સહવારના મારી બાયડી તથા સાળીએ આખો દહાડો કોટમાં જવું, અને સઘળું રાંધવાનું મારે હાથે મારા મીત્ર બાપુજીની મદદથી કરી, સાંજના સઘળાંઓ કોટમાંથી આવે તે માટે તૈયાર રાખવું.

આ ઠરાવ થવા પછી બાપુજી મને પુછવા લાગ્યો, "કેમ, બચ્ચા, ઠાકેછ કે? ખશીયાણા તો નહીં પડયે?"

"એહ! એમાં શું! દુધ ઉકાળીને ઉભાવા આવે તેમાં જરા આટો નાંખીને ખાંડ નાંખીએ તો દુધપાક થાય. આટામાં ખલખલતું પાણી નાખી મસલીને રોટલી ઠાપી ચેરવવા મુકે એટલે રોટલી! મેં મારી માને કાંઇ હજારો રોટલી કરતાં જોઈ હશે. એતો બઈરાંઓ ખાલી ભપકો કરેછ. આટલું

બઈરાંનું કામ આપણાથી નહીં થાય તારે આપરે માટીડા શાના. જોતો ખરો, દોસ્ત, એ લોકને અજાયબ કરૂંછ તે."

રવીવાર આવ્યો, અને સ્ત્રીઓ સઘળો જોઈતો સામાન કાહાડી આપીને કોટમાં ગઈ. બાપુએ ને મેં બદીઆન કાહાડી નાખ્યાં, અને શાહ બબરચીની માફક બેહુએ માથે રૂમાલ બાંધીઆ. પછી બજારમાંથી બટક આવ્યું હતું તેની ડોકી ભપકામાં છટકાવી નાંખી. પણ એવામાં મને યાદ આવ્યું કે બટકનાં પીછ કાહાડવા સારૂ તો ગરમ પાણી જોઈએ. તુરત પાણી મેલી દીધું, પણ ઢેડનાં ખાંધાં લાકડાં સળગેજ નહીં. જેમ તેમ પાણી ગરમ કરી માંહે બટકને નાખી માછલી સમારવા બેઠા.

માછલી કાપતાં આવડી નહીં તેથી ચુંથી ચબડી નાખી, અને ધભરાટમાં ને ધભરાટમાં બાપુએ તેને પીવાનાં માટલાંમાં બોળીને ધોઈ કાહાડી. હવે માછલીને બાજુ મુકી બટક હાથમાં લીધું તો પીછ એવાં તો સજડ થઈ ગયલાં કે ધણીબી મેહનત કરતાં નીકળે નહીં. મારાં તો આંગળે આગળાં દુખી આવ્યાં. મારાં મન સાથ હું બરબડવા લાગ્યો કે રાંડ ધનનાં આંગળાં હોશે કે બલા! આખરે બાપુએ અને મેં મળીને બટકનું ચામડું ઉખેડી કાહાડયું, અને પછી ખુબ ઇંગાર ખોરીને બટક ભુંજવા મુકયું.

ચાલો, એકતો વાની તૈયાર થઇ! બઇરાંઓ શું ખાંડ ખાતાં હશે! પા કલાકનું કામ!

હવે લાંકડાં થઈ ચુકવા આવ્યાં એટલે રોટળી કેમ કરીશું! આટો ગોઠવી માંહે ખાડો પાડી પાણી રેડયું, તો પાણી કોણ જાણે

વધારે પડી ગયું કે શું—તે ખીર જેવું થઇ ગયું! માછલીને નીમક લગાડતાં ભુલી ગયલાતે વાસે વાસ મારે. અમોએ મસલહત કીધી કે ફેસતો થશે વાસતે ચાલો ભગવાન ઈસ્તું બનાવ્યે—એટલે ભરમ રેહશે. પછી બાકીનાં લાંકડાનું બળતું કરી કહરાઇ ચુલા ઉપર ચહડાવી, અને જેટલું ઘી આવ્યું હતું તે સઘળું કહરાઇમાં રેડી દીધુ; પછી અંદર પેલી કોહેલી માછલી નાખી. તારબાદ બાપુએ ચેડાં કાહાડી ત્રણ રતલ ગોસ્તનો કટકો આવેલો હતો તે એમનો એમ માંહે હોમાવી દીધો. આ ઉપરથી મને ચુર થઇ તેથી પેલો ખીર જેવો બની ગયલો આટોબી મેં અંદર નાંખ્યો. હવે તો નવ્વાનું ત્યાં ભરયા સો. આખા કાંદા, મરચાં, મુઠી બરી મરી, મીઠું, કોથમીરની ઝુરી, આખાં ગાજર, એ સઘળું બજારમાંથી આવ્યું હતું તે એક બગાનામાં ટપકાવ્યું, પછી ડાહાયા ડોહોરા થઇ કડછીએ હલાવવા માંડયું. આટો બળે અને ઘી કકળે તેનો પમરાટ તો બહુજ આવવા લાગ્યો. અમે ઠરાવીઉં કે સ્ત્રીઓને આ નવી વાનીથી અજાયબ કરી નાખવી. જરા જરા બધાંનો સ્વાદ આવશે. લાંકડા જ્યારે બળી રહયાં ત્યારે કહરાઇ ચુલાપરથી ઉતારી એક બાજુ ઢાંકી મેલી.

આ કીધું તો ખરૂં, પણ કદાચ કાંઈ આડાની સુંઠ બની ગઈ હશે તો ખાશું શું! છતું દુધ મંગાવેલું છે—ચાલો દુધપાક બનાવ્યે. કાંઇ નહીં તો તે તો ખાશે. એ બનાવતાં તો મને બરાબર આવડેછ. સોજી મોટી તપેલી લઇ તેમાં દુધ રેડયું અને ચુલા ઉપર મુકયું; પણ લાંકડાં નહીં મળે. હવે કરવું કેમ. બાપુ કહે, "ઉભો રેહ, મને કાંઈ સુજેછ."

એમ બોલી તે નીચે દોડયો અને તબેલામાંથી થોડું ઘાસ ઉંચકી લાવ્યો. આથી અમે બળતું કીધું, અને ધુમાધાન કરી ફુંકા ફુંક કરી મુકી.

દુધ ઉકળયા પછી માંહે આટો નાંખી હલાવ્યે છીયે તેટલાં તપેલી ઉપર બળતું થઈ આવ્યું. અમે તો ઘભરાઇ ગયા,અને બેહુ અડગરાઓએ મોહોડાંથી ફુંકવા માંડયું, પણ તેથી કાંઇ બળતું બેશે! રખેને દુધપાક બળી જાય એવી બીકુથી મેં ખોબો ભરી રાખ નાંખી, અને મને જોઇને બાપુએ પણ નાંખી—એટલે બળતું હોલાઈ ગયું.

હવે બધું વગે જગે કરી અમો કપડાં બદલવા ગયા. ઠાકીને લુસ થઈ ગયા હતા, અને આંખ્યો તો બોટાં જેવી લાલ થઈ આવી હતી. પણ મનમાં મલકાવા લાગ્યા કે પેલી ડોહી ડગરીઓ આવશે તેઓના ખુબ ચેશટા કરીશું.

સાત વાગતે તેઓ આવ્યાં. આવતાંને વાર ધને પુછયું, "કેમ, ફ્લા બબરચી! ખાવાનું તૈયાર છે કે?"

મેંબી તેવીજ ટકોરમાં જવાબ દીધો, "તૈયાર, બાઈ સાહેબ! ગરમા ગરમ મસાલેદાર ભગવાન ઇસ્તુ—સવાદદાર દુધપાક—ને ગરમ ગરમ ભુંજેલું બટક—ખાવો મારા લાલ!"

"તારે ચાલો," ધન બોલી, "ખોટી કોણુની—અહીંબી કરકી લાગીછ."

સેવકે બોંહે ચહડાવી, અને બગાનું લાવી વચમાં મુકયું. સઘળાં આસપાસ ફરી ખાવા બેઠાં! ધને પેહલો વેહલો

લુમકો ઉંચકી મોહોડાંમાં મારયો, અને તેજ ઘડી પાછું ઓકી કાહાડી ગળું તાણવા લાગી.

તેણીના નસીબે પેહલા નવાલાંમાંજ કોથમીરની ઝુરી ગળામાં આવી ગઈ હતી. "ઓ ! તમે હરવાયારે રાંધતાં—એ શું મુવેલા આગાની મુછ જેવું નાખ્યુંછ?"

મેં કહ્યું, "એતો જરા હોયજ તો—બીજું તપાસી જોની; અંદર તરેહ તરેહની વાની છે.

અમે ખોલવા બેઠાં તો કોઇના હાથમાં ચાર રતલનો ગોસ્તનો મુવેલા બીલાડા જેવો કટકો આવી ગયો, તો કોઈની મુઠીમાં કાચા આટાનો લોંદો આવ્યો. કોઈએ ભુલમાં આખું મરચું ચાવી દીધું, તો કોઇ કોટલાં સાથેનું ઇંડુંજ કચર કચર કરવા લાગ્યું. ઘડીમાં આખો કાંદો હાથમાં આવે, તો ઘડીમાં આદુનો મોટો ગાંઠીઓ ઘરાઇ જવાય. વળી સઘળુંજ કાળું કાળું થઇ ગયલું તે સુજબી નહીં પડે કે આ શું હાથમાં આવ્યું.

આ પ્રમાણે ગોસ્તના કટકાની ખેંચા ખેંચી કરતાં આ વાની તો પડતી મેલી. મારી ધન તો ખુબ ઠેકડી કરવા લાગી. પણ મેં કહ્યું, "લાલાજી, ઉભાં રહો—એમાં તો જરા ચુક થઇ; પણ દુધપાકમાં શું ચુક કાહાડશો, જોઈએ?"

મારી સાળી બોલી, "બા, જે હોય તે લાવોની—નહીંતો ભુખે જીવ બગરી આવશે."

આ ઉપરથી મારા આસીસટંટ બબરચી બાપુએ દુધપાકની તપેલી લાવી રજુ કીધી, અને મારી હુશીયારીની કેવી તારીફ થાય છે તે જોવાને સેવકે નાકનાં ફીફરાં ચહડાવ્યાં.

મારી સાળીએ પેહલો ચમચો મોહોડામાં મેલતાંજ પાછો કાહાડી નાખ્યો. શું થયું ! ઓ ! "અરે ફરામજી, તમે ડોસા થાઓરે ! એ તપેલીમાં બધી રાખ કાંહાથી આવી ? થુ !—થુ !—થું !—જરા પાણી આપો તો કોઇ !"

પેલું કમબખત બળતું લાગેલું ત્યારે રાખ હોમાવી દીધેલી તેની તો ખરેખર યાદજ નહી.

ધને વેહલી વેહલી જઈ પાણી લાવી પોતાની બેહેનને આપ્યું તો—વીસરૂં ધાન ! અમોએ માછલીબી માટલાંમાંજ બોળી ભચકોરી કાહાડેલી !

હું જરા ખશીયાણો પડગો તો ખરો, પણ હજી હટ છોડી નહીં. મેં કહ્યું, "લે, ચાલો બા, આપણે હારયા. હવે તો બીજું કાંઇ નથી—એક બટક ભુંજેલું છે. હવે એમાં તો કાંઈ મોટી વાત નથી. એટલુંજ ખાઇને શુકરાના કરશું."

બટક આવ્યું. ધને એક પગ પકડગો અને બીજો મેં પકડયો, અને બાપુ તથા મારી સાળીએ બે પાંખ પકડી બટક તોડવા માંડયું પણ તુટતાં તુટે નહીં. આખરે ભુખને મારે ઘણુંજ જોર કીધું કે તુટું તો ખરૂં, પણ બટકનાં પેટમાંનું બધું રગદર છરર દેતું નીકળી અમારાં કપડાં તથા આંગ ઉપર પડયું !

આ પછી ઓરડામાં શું થયું તે હું જાણતો નથી, કેમકે તેજ ઘડી હું ત્યાંથી નાહસી સુવાના ઓરડામાં ભરાઈ ગયો, અને પાસેના ઓરડામાંથી પેટ પકડીને હસવાના અવાજ આવતા હતા તે બંધ કરવા સારૂ કાનપર ધનની સારી ઢાંકી.

## હોરાજીઓની ફારસી.

એક હોરાજીનાં ઘરમાં કાંઇ ટંટો થયો, તે ઉપરથી મીયાંને એક મોગલ ન્યાયાધીશ આગળ સાહેદી આપવા બોલાવ્યા. તેવણુની જુબાનીની મતલબ એવી હતી કે "જ્યારે હું ઘરમાં હતો ત્યારે કસ્સો બખેડો થયો નહીં હતો, પણ ઘરમાંથી બાહેર ગયા પછી બંધો જણા લડી પડયા."

આ જુબાની મીયાંએ નીચલી ફરમાસુ ફારસીમાં આપી:—

"જેવારે મન હાઝેર બુદમ, તેવારે મન જંગ ન શુદમ. લેકીન જેવારે મન ખાને રફતમ—તેવારે લંહેનના કુકરા લરી પરા."

---

## કંજુસની કહાણી.

મલ્લાં મસ્તાનજી મુસાજી એક દીને કોઇ ગામ જવા નીકલ્યા. રસ્તે ચાલતાં ચાલતાં ત્રણ ગાઉ સુધી ગયા પછી કંઇક યાદ આવ્યું તેથી પાછા ઘેર ગયા, અને પોતાની સ્ત્રીને કહ્યું, "બુ, સાંભરોચ કે, તમને કંઈ કેવુંતું તે ત્રણ ગાઉથી પાછો આવો." બુ—"વરી શું કેવાનું રહીગું?" મસ્તાનજી—"દીવાની વાટ ઉપારે તે સરીથી ઉપારજો—આંગરીથી ના ઉપારતાં; તેલ ઓછું થાય." બુ—"એ તો બહુ ઠીક કીધું. પણ તમે અતરા લાંબેથી ચાલી આવા તે તમારા જોરા ન ઘસાના?" મસ્તાનજી—"તેનીતો ફકર ન કરો—તમારો ગુલામ ભુલો નથી; જોરાતો બગલમાં મારાતા."

## ઈતીહાસીક નુક્તા.

હંટલી ને પામરની જાણીતી બીસકીટ પહેલ વહેલી ૧૮૪૬ માં વહાણ 'રીચાર્ડ કોબડન' માં મુંબઇમાં આવી હતી. એ વહાણ લોહોડાંનું હતું, અને પહેલું લોહોડાનું બારકસબી એજ મુંબઇમાં આવ્યું હતું. એ વહાણનો કપતાન મી० થામસ લીડબેટર હતો, જે હજી મુંબઇમાં હૈયાત છે. આ વહાણ મીશીઅર્સ રીચમંડની કુ०ને 'કનસાઇન' થયું હતું, જે કંપનીના તે વેળાના દલાલ હાલના માનવંત સર દીનશાજી માણેકજી પીટીટ હતા.

મુંબઇમાં પહેલ વહેલું આઈસ ૧૮૩૬માં આવ્યું. તેની મુંબઈની આદત જાન રાબર્ટની કુંપનીના હાથમાં હતી. જ્યારે તે પહેલું કીનારે ઉતરયું ત્યારે લોકોમાં તરેહવાર બુમ ફેલાઇ, અને આઇસને કોઇ આંગળી લગાડે નહીં. તે પહેલા વહેલું ચાર આને રતલ વેચાયું હતું.

આ બે જાણવા જોગ ઇતીહાસીક નુક્તાને માટે હું સર દીનશાજી માણેકજી પીટીટનો આભારી છું.

---

માય—જોની, બુચી, નાનપણથીજ દરરોજ સહવારના ગરમ પાણીએ ઘસડીને મ્હોડું ધોઇએ કેની, તો મોટપણમાં ઘણાં ખુબસુરત દેખાઈએ જો!

બુચી—ત્યારે, માએજી, તમો એ વાત જાણવા છતાં પોતેજ કાંય નહીં એમ કીધું?

સ્કોટલંડની પુર્વે એક નાનાં ગામડાનું દેવળ લગભગ રસ્તાની વચ્ચે હોવાથી તે ગામડાના ત્રણ પરવારતા સાહેબજાદાઓએ વીચાર કર્યો કે "તે દેવળને રસ્તાની એક બાજુપર ખસાડયે, જેથી આવવા જવાની આપણને સગવડ થાય." આવો વીચાર કર્યા પછી તેઓએ તરતજ પોતાના ડગલા કહાડી દેવળની એક બાજુ મુકયા, અને આ દાનાઇ ભરેલું કામ કરવાને બીજી બાજુ જઈ દેવળ ઉપર અઢેલાઇ ખુબ જોર કરવા લાગ્યા. એવામાં એક ચોટટે ખુશાલ ત્યાં આવી પુગ્યો, અને તેણે તે તકનો લાભ લઇ ત્યાંથી ડગલા ઊંચકી ચાલતી પકડી. થોડો વખત પછી તેઓ મધેનો એક શખ્સ બીજી બાજુપર જોવા આવ્યો કે તેઓનાં કામની કાંઇ અસર થઇછે કે નહીં: અને તેણે ત્યાં ડગલા નહીં જોવાથી તરતજ પોતાના મીત્રો આગળ જઈ કહેવા લાગ્યો કે, "અરે ઉભા રહો! ઉભા રહો! આપણે દેવળ એટલું બધું ખસેડયું જે આપણા ડગલા નીચે દબાઇ ગયા છે!"

---

"સાહેબ, તમને શાપુરજીએ ધપેડા કહ્યા?"

"હા."

"અને તમે શું કીધું?"

"કાંઇ નહીં."

"હઠ, મારા સાહેબ, બાયલા. હું તો એક લાત મારતે."

"ત્યારે તો તેનો બોલ ખરો પડતે!"

## ફુલી ફુલીને ઢોળ બન્યા.

મીયાં ફુલણખાન એક વખતે પોતાના ઓરડામાં બેઠા હતા તેવામાં એક મોટા ઉંદરને પોતાના પગ આગળથી જતાં મીયાં સાહેબ તો પાધરા ઉઠયા, અને એક ધોકો લઇ બીચારા ઉંદરને ઠાર કર્યો. આવી બહાદુરીનું કામ કીધાથી મીયાં ઘણાજ મગન થઈ ગયા, અને ઉંદર તરફ એક નજરે જોતા હતા તેવામાં તેમના સસરાજી આવી લાગ્યા અને પુછયું, "કેઉં, જમાઇરાજ, યે કેસરી સીંહ કીને ગુલદાયા?" આ સાંભળી ફુલણખાન તો ફુલાયા અને બોલ્યા, "અરે મારા તો ખુદાકે રસુલને, પણ જશ તો તુમારે જમાઇ કું આયા!

---

દોરાબજી દેગરા બીખી ધોભણને ત્યાં ગયા. ધોભણ ઘરમાં નહી હતી, પણ તેનો દીકરો હતો તેને તેવણે પુછયું, "કેમ, મારો ડગલો તૈયાર થયો કે?"

"હા, સાહબ, તૈયાર તો થીએલો—પણ મા બહાર મુકતાં ભુલી ગયલી ને કેઠે મુકેલો."

"કાંહાં મુકયોછ?"

"તે તો મને ની કેહલું—મને તો એટલુંજ કેહલું કે દોરાબજી દેગરા આવે તેને ઇમ કેજે કે મા બહાર મુકતાં ભુલી ગયલી!"

## જેવી જેની ગણના.

મકાઇ ડોસાં—ઉંમર વરસ ૧૦૩—ને ખબર પડી કે ૯૩ વરસનાં નાલી ડોસાં ગુજરી ગયાં. આ સાંભળી મકાઇ ડોસાં ડોકું ધુનાવી બોલ્યાં, "મરેરે! હેજગારીજ ઘણી કરે તે! હું અગાઉથીજ જાણુતી'તી કે એ ઘણી લાંબી ઉંમર સુધી જીવશેજ નહીં!"

---

મુશાફર (એક રહાદારીને)—મહેરબાની કરી મને કહેશો કે મજગામનો રસ્તો કયો?

રહાદારી—અહીંથી સીધાને સીધા ચાલ્યા કરશો તો તરત રસ્તો મલશે. હું ધારૂં છ કે કોઇ મુર્ખને પણ તે માલમ હશે!

મુશાફર—તેટલાજ માટે મેં તમને પુછ્યું તો!

---

માસ્તર મનચેરશાહ નાના રૂસ્તમને શીખવવા ઘરમાં આવ્યા. તેવણે રૂસ્તમને પુછ્યું, "એ તો થયું હવે; બોલ, 'મોજેજો' તે શું? અથવા 'મોજેજો' બોલ આવે એવું એકુ વાકય તેં સાંભલ્યું હોય તે કેહ."

રૂસ્તમ—"હાજી, મારાં બપાઇએ કાલે વાત કરતાં કહ્યું કે તારા માસ્તર પરમ દહાડે પરણ્યા તેવણુ બચારાને જો તેવણુની બઇરી દશ દહાડમાં ખાસડે ખાસડે નહી મારે તો એક 'મોજેજો' સમજવો!"

## ઓ તારૂં નખ્ખોદ જાય!

ફ્રરામજી એશકા એક વાર દુકાનપર બાલ કપાવા ગયા. ટામ જ્યારે ચપાચપ બાલ કાપે છે ત્યારે તેનો કુતરો ઘણીજ આતુરતાથી તેની તરફ્ જોયા કરે છે. આથી અજબ થઇ ફ્રરામજીએ પુછયું, "આએ કુતરો તમારો છે?"

ટામ—હા, સાહેબ.

ફ્રરામજી—તમો બાલ કાપોછ તે એને જોવા ઘણું ગમતું દેખું!

ટામ—અરે નારે, સાબ; એ તો કોઇ કોઇ વાર ઘરાકનો કાન કાતરમાં આવી જાયછ, ને વખતે અવારનવાર એકાદ ન્હાનું ગબતરૂં છુટું પડી જાયછ, તે એને ખાવાની મજા પડેછ તેથી વાર જોતો બેઠોછ!

---

## એતો છુપી વાત લોક કેમ જાણી?

એક દહાડે મારા નાના ભાગ્યા મારી આગળ ડોળતા ડોળતા આવ્યા ને કહેવા લાગ્યા કે "સાંભળોચ કે, જમશેદજી, આપણા રામાએ બેવકુફ્ જેવાએ પાસેના કાકુ કરકતીના કાકા-સસરાને કહ્યું કે મારા શેઠના નાના ભાગ્યા બરા ઘધા છે."

"અરર! એણે શું કાચ્યુ કાપ્યું," મેં જવાબ દીધો. "હવેથી હું એને દમ ભરાવશ કે આપણી આરીસની છુપી વાત એ કોઇ આગળ કહે નહી." મારા ભાગ્યા ખુશી થઈને ગયા.

## જનમ, લગન, અને મરણ.

પીઠાંના મહોલ્લામાં દારૂની દુકાન માંડનાર શાપુરજી મરી ગયા ત્યારે તેની વીધવાએ નીચલું મરણ ન્યુસપેપરોમાં છાપવા મોકલ્યું :—

"મરણ—રોજ ૧૨ મો, માહ ૩ જો શહેનશાહી, પીઠાંના મહોલ્લામાં, શાપુરજી સંતોકજી લીલા લહેર લાલ પીરા દારૂના સીસાવાળી દુકાનવાળા—મીઠો ગારો મુકે તે કુટુંબપર ઘણી માયા રાખતા'તા. મરનારની અભાગણી વીધવાએ દુકાન ખંડી રાખીછેજી—જુના ઘરાકોએ બીજી દુકાને જવું નહીંજી—માલ ચોખો આપશું મરૂં."

---

કેટલાક લોક તવંગર **દેખાવાને** માટે જેટલી મહેનત લેછે તેટલી જો તવંગર **થવાને** માટે લે તો જરૂર તેમની ઈચ્છા પાર પડે.

---

**જાહેર ખબર.**—કુતરાનાં હડખાંનો એજમતી ઉપાય.—જે ધણી ટપાલ મારફતે અમોને ચાર આના મોકલી આપશે તેને આ ઉપાય પહોંચાડી આપશું.

ઉપલી મતલબની જાહેર ખબર એક અમેરીકન પત્રમાં વાંચ્યાથી મેં ચાર આના વાલ્યા. વલતે પોસ્ટે જવાબ બરાબર ઠેકાણાસર આવી લાગ્યો. તેમાં લખ્યું હતું કે—

**હડખું અટકાવવાને સઉથી સહેલો ઉપાય એકે કુતરાંથી દુર નાહાસતા રહેવું.**

## આસમાએ વાસમાત વાંસમાચો.

અબદુલ કાદર નામે એક હોરો અને બેજુ કોપર નામે એક પારસી, બે દોસ્તો મુંબઇથી દીલ્હી, આગરા ભણી ફરવા ગયા. લાહોર આવતાં બે જણુ મલી પાસે રૂપયા પચાસ હતા તે ખલાસ થઇ ગયા, એટલે મુંબઇ પાછું કેમ ફરવું તેના વીચારમાં હતા, એવામાં અબદુલ કાદરને એક વાત સુઝી.

હોરાજી બોલ્યા "દુસ બીજુ ! મુને કંઇ વાતનો ખેઆલ આવો સે, મેં કહું ઇમ કરે તો રૂપીઆ વીસ મીલી જાસે—કીમ ?"

બેજુ કહે, "લાવની બીરાદર, તું જેમ કહે તેમ કરૂં, નહીં તો આપરા બેઉના સાહડા બાર વાગી જશે."

"તો જો—તું આમસી આમ ફીરતો રેહ ને પુલીસનો સીપાઈ મીલે ના, એના પાસ જઈ તારી પારસીની અવળી બોલીમાં ફીરીઆદ ચલાવજે. તે ના સમજે ઈતલે તુફાન લગાવી લોક મીલાવજે, ઈતલે તુને નક્કી ચુકીમાં લઇ જાસે—પછી બાકીનું મેં જોઇ લઇસ."

આ પ્રમાણે બેજુ એક સીપાઇ આગળ જઇ બોલ્યો "એસમેઈ, સીસમીપાસમાઈ, માસમારી પાસમાસે ખુસમુરદો ખુસમુટીસમી ગીસમીઓ છેસમે."

સીપાઈ જે જાતનો પરદેશી હતો તે ટગર ટગર જોવા લાગ્યો અને બોલ્યો "અબે બીસમી બીસમી કહા કર રહા હયે—તું કહાંકા રહેનેવાળા ?"

બેજુએ પગ હાથ થોકી ધાંધલ કીધી—"માસમારા

જાસમાલ્લા, તાસમારા બાસપામનુસમુ સસભત્યા નાસમારસ જનસમાય. પેસમેટમાસમાં કસમકરી લાસમાગીચ તેસગેનુ કેસમેમ ?"

આ પ્રમાણે સીપાઈ અને બેજુ વચ્ચે ખુબ ટક્કર ચાલી, અને સેંકડો લોક એગુ મળ્યું. આખરે સાંજ પડવા આવી હતી એટલે રાતોરાત તો બેજુભાઈને લઈ જઈ ચોકીમાં બેસાડયા અને ખાવા સારૂ પાતલી સરકાર તરફથી મળી.

સહવારના લઇ જઈ બેજુને પોલીસમાં ઉભો કીધો અને માજીસ્ત્રેટ સવાલ કરે તેના સઘળા ઉત્તર બેજુ અવળી બોલીમાં આપે. તેઓએ ઇંગ્રેજી, ફારસી, હીંદુસ્તાની, ચીનાઈ, વગરે ભાષા તપાસી જોઇ, પણ બેજુ તો 'નસમઇ માસમાલમ' કરી ડોકું હીલાવીઆ શિવાય કાંઇ બોલે નહીં અને મોટો ઘાંટો કહાડી રડવા માંડે.

આખરે માજીસ્ત્રેટ તેમજ સઘળા અમલદારો હાકયા એટલે પહેલાએ કંટાલીને પુછ્યું "પણ ખબર તો કહાડો કે આ ધણીની ભાષા આ ગામમાં કોઈ સમજતું નથી ?"

સીપાઇઓ દોડી પોંહચ્યા અને થોડીવારમાં અબદુલ કાદર જાણે કસામાં હોય નહીં તેમ આવી પોંહચ્યા. તેવણ બોલ્યા કે "હું મોલવી છું અને આ ધણીની ભાષા સમજી શકીશ માટે જો કોરટ દુભાશીયાની ફી અપાવે તો અજમાવી જોઉં."

કોરટે અલબત્તે હા પાડવાથી અબદુલ કાદરે પુછ્યુ "અસએ હીસબીમક, તુંસમુ સુંસમુ માસમાગેસમેચ ?"

આ સાંભળી બેજુ જાણે કેવોક હરખમાં આવી ગયો હોય તેમ અબદુલ કાદરને વળગી બોલ્યો "ઓસમો—આસમાએ બસમધા કેસમેવા ગસમધેરા છેસમે. બસમચ્ચા, રૂસમુપીઆ વીસમીસ મુસબુકાસમાવજેસમે, હોસમો કે!"

અબદુલ કાદરે કોરટને સમજાવ્યું "સાહેબ, ઈતો મુંબભાઈની ઇની પાર કોલાબું કરી ગામ છે તીનીમેરનો રીવાસી છે ને ઈ કહે છે કે આ સીપાઇ આગર ફીરીઆદ રૂજુ કરવા ગીઓ, ઈઆં ખાલીપીલી ઈને પકરીને કેદ કરે. તેસી ઈનું કામ બગરૂં તીના રૂપીઆ વીસ હામીજી માગે છે, સાબ."

માજીસ્ત્રેટે સીપાઇને પુછ્યું કે "એને સા સારૂ કેદ કીધો?"

સીપાઇએ ખોલાસો કીધો કે એ કાંઈ બકવા લાગ્યો તે કોઇ સમજ્યું નહીં તેથી લોક ભેગું મળ્યું અને એને ઘણી ગરબડ કરી તેથી સાહેબ પાસે ઉભો કરવા સારૂ ચોકીમાં રાખ્યો."

માજીસ્ત્રેટે ચુકાદો કીધો કે માહારાણીની એક વફાદાર રૈયતને વગર કારણે ચોકીમાં લઈ જવાના અપરાધસર સીપાઇને રૂપયા ૧૦નો દંડ કરવો અને તે રૂપીઆ આ નીરદોષ પુરૂષને આપવા અને આ મોલવી સાહેબે તસ્દી લઇ દુભાશીઆનું કામ ચલાવ્યું તેવણને ઠરાવેલી ફી રૂ. ૧૦ આપવી.

રૂપયા લઇ બહાર પડવા પછી અબદુલ કાદર અને બેજુ મોહલાને નાકે મળ્યા, જ્યાં અબદુલ કાદરે પુછ્યું.—

"કીમ, દુસ બીજુ—બંદાએ કેવી બનાવી?"

## કીમતી જબાની.

મીયાં હસનબક્ષ અને જમાલખાન કંઈ વાતો કરતા હતા. વાતો કરતાં કરતાં ગાળા ગાળીપર આવ્યા, અને મારામારી થવા લાગી એટલે સીપાઈએ બંનેને પકડયા. આ વખતે જોગજોગે કાગદી આદમજી બોલ્યા જતા હતા તેવણને પણ સીપાઇદાદા સાક્ષી અપાવવા લઈ ગયા, અને જડજ સાહેબ પાસે ઉભા કર્યા. જડજ સાહેબે આદમજીને પુછ્યું, " કેમરે, મલ્લાંજી, આ લોકની મારામારી સાથી થઇ? "

આદમજી બોલ્યા—

" એક આવો આમસી,
ને બીજો આવો એમસી;
બંને પરા લરી,
મને આવો ચકરી ને હું ગયો પરી."

---

## ભરથારની પ્રીત.

અબુકાસમ પીંજારાની સ્ત્રી મરીઅમ મીજાજની ઘણી પાજી હતી. જયારે તેણીનો સ્વાભાવ બગડે ત્યારે બાપડા અબુકાસમના બરડાની બેવડ વાળી નાખે. એક વાર મરીઅમબુ ઘણાં કાહેલી પડયાં, અને આંખ્યો મીંચી દીધી. ભ્રથારે ઝપાટામાં જનાજો મંગાવ્યો, અને બુને ફુલોમાં પોઢારીને ઘોરસ્તાનમાં લઈ ચાલ્યા. હવે બુ કાંઇ ખરેખર મરી ગયાં ન હતાં; તેવણ તો બેભાન પડેલાં હતાં. તેમનાં રવાનને લોક ઉંચકી જતા હતા તેવામાં રસ્તે બોરડીનાં ઝાડના કાંટા બુની

લાસને ઓચીંતા લાગ્યા, જેથી તેવણ બેભાનીમાંથી જાગૃત થયાં. લોક તેવણને વાજતે ગાજતે પાછાં ઘર પહોંચાડી આવ્યા, અને બુએ વળી મીયાં સાબની દાઢી પીખવા માંડી. થોડી મુદત બાદ બુ ખરેખરાં મરી ગયાં. આ વેળા જનાજાની આગળ આગળ મીયાં ચાલતા હતા, અને ખાંધ મારનારાઓને હર પળે તાકીદ કરતા હતા, "ભાઈઓ, રસ્તાની વચ્ચેથી ચાલો—બાપુ, બોરડીનાં ઝાડ તપાસતા જાઓ—બાપુ, જો કાંટા ન લાગે હો!"

---

## તારૂં તે મારૂં ને મારૂં તો હી હી.

જો આપણે કાંઇ કઠણાઈથી કામ કીધું તો તે **મક્કમ વીચાર**; પણ તેમજ જો આપણો પડોસી ચાલ્યો તો કહીશું કે **હઠધાનીઘો** છે.

આપણે હાથ ચીંમટ રાખ્યે તો તે **કરકસર**; પણ બીજાએ કરકસર કીધી તો તે **કંજુસાઈ.**

આપણે મગરૂરી કરયેં તો તે **ટેક**; બીજો કરે તો કહેવું કે **મીજાજી.**

આપણે હાથ દુલ્લો રાખ્યે તો તે **સખાવત**; બીજાએ તેમ કીધું કે તેનું નામ **દીવાલીઓ.**

આપણી છોકરી કદે ઠુંકી હોય તો **સમકલાં જેવી**; બીજાની તેવી હોય, તો **ઠીંગણી ઠબુસ.**

આપણી બાયડી જાડી હોય તો **આસુદી**; સામાની તેવી હોય, તો **પાડા જેવી.**

## બધા ઢોંગ છે!

હું ઘેરમાં હાજર હોઉં ત્યારે એક ન્હાની સરખી ટેબલ કે પેટી ખીસાડવા કહી હોય તો મારી બાયડીને જોર હોતું નથી, ને જવાબ દે છે કે "મારેથી કાંઈ ખસે?"

પણ હું ગેરહાજર હોઉં ત્યારે જો કોઇ 'સોજર' ચાલી આવ્યો તો બારણું ઢાંકી દઇ આડો મસ મોટો કોચ ઘસડીને મુકવાનું જોર કયાંથી આવતું હશે?

તેમજ બીચારીથી મારા દેખતાં દાદર ઉપર એક ફેરો ખવાતો નથી, કેમકે કમ્મરના કકડા થઇ જાય છે. પણ તેવામાં જો કસારી કે મુવેલો ઉંદર આગળ ધરયો તો ઢોલકી ઉપરથી કોચ ઉપર અને કોચ ઉપરથી ભોંય ઉપર ભુસકા મારવાનું જોર કયાંથી આવતું હશે?

---

## ફ્રીમેસનરીની છુપી વાત.

કાવશજી કુતારની સ્ત્રી અને પાલણજી નીલધરીવાળાની સ્ત્રી બે નનંદ ભોજાઈ થતી હતીઓ. એક દહાડે આ બે બેહનપણીઓ ફ્રીમેસનરી તે શું હશે તેની વાત કરવા લાગ્યાં. પાલણજીની ધણીઆણી જાઇજી સુધારાવાળી હતી અને કાવશજીની ધણીઆણી ડોસી જે પાલણજીની બેહન થાય તેને વારેઘડીએ બનાવતી હતી. ડોસી જે ઘણી સાદી અને અભણેલ હતી તે વારેઘડીએ ફ્રીયાદ કરે કે એ માટીડાઓ 'લાજ'માં જઇને કોણ જાણે શું કાળાં ધોળાં કરતા હશે.

એક દહાડે નનંદ ભોંજાઇ વાતે બેઠી છે તેવામાં ડોસી બહુજ

ઉભરી અને બોલી કે "જો આ છુપી વાત શું છે તે કોઇ મને સમજાવે તો એક હજાર રૂપીઆ આપું. કાવશજીને ઘણાબી કાળાવાળા કીધા તોબી કાંઇ બોલતા નહી ને હસયા કરેછ."

આ સાંભળી જાઇજી હસીને બોલી "પણ ડોસીબાઇ, તાંહ શુ થાયછ તે એટલું તો ખરાબ ને ભયંકાર છે કે જો તમે સાંભળો તો કોણ જાણે શું નુ શું કરી નાખો."

"હેં! તેં કેમ જાણયું?"

"મેં પાલણજી પાસેથી કાંઇબી કરી જાણી લીધું."

"ખરેખર! મારા સમ! તારે મને કહેની."

"ઓ નારે માય" જાઇજી બોલ્યાં, "એક ચોકસ કારણને લીધે મારેથી તો કહેવાયજ નહીં. પણ જો તમે મારૂં નામ નહીં દેવાના સોગંદ ખાઓ તો તમારા વર પાસેથી જાણી લેવાની હું તમુને રીત શીખવું."

આ સાંભળીને ડોસીબાઇ તો ચમકીને ખડાં બેઠાં અને સમ પર સમ ખાવા લાગ્યાં. આખરે ઘણોવાર તવલાવી જાઇજી બોલ્યાં "જો—ધયાંનથી સાંભળો—જે ફ્રીમેસન હોય ની—તે ઉંઘમાં પડયા પછી તેના નાખ ઉપર તીતરનુ બરેલું પીછ હળવેથી ફેરવ્યે એટલે તેના મનમાં જે હોય તે ઉંઘમાં બોલાઇ જવાય. જો અજમાવી જોવો ને મારા બોલમાં ફેર પડે તો પછી મને પુછજો."

આ સાંભળી ડોસીને તો અકડ વકડ થવા લાગી. તેણીએ ઠરાવ કીધો કે હવે જારે પાલણજી 'લાજ' માંથી આવે કે તેજ દહાડે સઘળું જાણી લેવું. તે હરખાઇને બોલી "મરેરે જાઈ,

તું તો બરી પક્કી જો—આટલા દહાડા થયા મને તવલાવીને મારી નાખી તે અગાઉથીજ કાંય નહીં કહયું ?"

જાઇજીએ કાંઇ બાહાનું બતાવ્યું અને પોતાની સહી પાસેથી રૂખસદ લીધી.

હવે સાંટક એવું બન્યું કે આ બેહનપણીઓની સઘળી વાત જાઇના ધણી અને ડોસીના ભાઇ પાલણજીએ છુપી રીતે સાંભળી હતી, અને તેણે પોતાના મીત્ર કાવશજીને તે કહી. આ ઉપરથી તેઓ બેહુ જણ ખુબ રમુજ પામ્યા.

થોડા દહાડા પછી કાવશજી 'લાજ' માં ગયા અને ડોસીએ તીતરનું પીંછ બારીને તૈયાર રાખ્યું. રાતના આઠ વાગ્યા ત્યારે ડોસીની છાતી ઈંતેજારીથી ટડક ટડક થવા લાગી. આહ! આખરે તવલાવી તવલાવીને ભરમ હાથમાં આવ્યો ખરો—બધું સાંભળી લેઉં ને સહવારના કાવશજીને કેવા ચીડવસ—વાહુવા.

રાતના કાવશજી અગીઆર વાગતે ઘર આવ્યા ત્યારે ડોસી ચરત કરીને ઉંઘાઇ હોય તેમ દાંતીઆં પીસીને પડી રહી. કાવશજીને મનમાં હસવું તો ઘણું આવતું હતું પણ દાંતમાં ગાલ પકડીને જાણે કસું હોય નહીં તેમ કપડાં કાહડવા લાગ્યા.

થોડીવારમાં તેવણુ પલંગ પર સુતા અને જાણે ભર ઉંઘમાં પડયા હોય તેમ ઘુરવા માંડયું.

ડોસીએ હળવેથી ઉઠી પોતાની ખાત્રી કરી લીધી કે કાવશજી ખરેખર ઉંઘમાં પડયા ખરા. પછી તકીઆ તળેથી પીછું કાહડી કાવશજીના નાખ ઉપર હળવેથી ફેરવવા માંડયું. કાવશજીથી તો હસવું આવવાને લીધે રહેવાય નહીં પણ જેમ તેમ પેટ દાબી રાખીને પડી રહયા.

થોડોવાર જવા પછી કાવશજી જાણે ઉંગમા બરબડતો હોય તેમ ડોળ ધાલવા લાગ્યો. ડોસી પોતાના કાન છેક કાવશજીના મોહડાં આગળ રાખતી કે રખેને કાંઇ સાંભળવાનુ રહી જાય. આખરે કાવશજીના મોહમાંથી સ્પષ્ટ સાદ નીકલવા લાગ્યો. "હું શું કરૂં—મારો તેમાં શું વાંક—'લાજ' ના કાયદાથી ઉલટી રીતે એણે સઘળી અમારી છુપી વાત પોતાની બઇરીને કહી તેથી એને બચવાનો ઉપાયજ નથી. અને 'લાજ' માં એનો ઇનસાફ થયો અને એને કતલ કરવાનુ ઠરાવ્યું. અફસોસ—સોરતી નાખી તેમાં કતલ કરવાનુ કામબી મારે માથે ચોહોટયું. પણ હવે કરવા શીવાય ઉપાય નહી."

થોડોવાર મુગા રહી કાવશજી વળી પાછું જાણે ઉંઘમાંજ બોલવું ચાલુ રાખ્યું "તોબાહ—તોબાહ—મારી ડોસી તો કોણ જાણે શું કરશે. એના ભાઇને મારે હાથે મારી નાખવો પડશે — અફસોસ, અફસોસ."

આ શબ્દો સાંભળતાંજ ડોસી ધોલીઆ ઉપરથી ભુસ્કો મારી જમીન ઉપર ઉભી થઇ અને ચીસા ચીસ પાડવા લાગી, અને બીજીમેર કાવશજીબી જમીન ઉપર ઉભો થઇ પેટ પકડીને બેવડો વળી જઇ દમ બાંધીને હસવા લાગ્યો. આ ગરબડાટ સાંભળીને પડોસીઓ દોડી આવ્યાં અને આ રમખાણ વીષે અચરતીથી પુછપરછ કરવા લાગ્યાં. કાવશજી તો ઓરડામાંથી નાહસી ગયો.

અડોસી પડોસીઓ વગે સગે થવા પછી ડોસીબાઇ સારી પેહડીને રાતોરાત પોતાને મહીરે જતાં રહયાં તે હજુ આવ્યાં નથી. અને અલબત તે દીવસથી જાઈ અને ડોસી વચ્ચેનુ સહીઆરૂં તુટું છે.

## ઈતના ખાય તો ગધાભી મર જાય!

સ્પેનમાં એક ધણીએ સરત બકી કે હું ચૌદ આદમીનો નાસ્તો ખાઇ જાઉં. આ સરત મુજબ તેણે નીચલી વાનીઓ ખાધી:—

૧. એક બકરાનાં ગોસ્તની આખી ટાંગ રોસ્ટ કીધેલી.

૨. કાડ ફીશ (માછલી) આખી રામસના જેટલી.

૩. એક આખી ટરકી સાથે આસરે પાંચ રતલ પટેટા.

૪. ચાર રોસ્ટ ખબુતર.

૫. એક આખું પનીર.

૬. ૮૨ પાઉં.

આ સાથે ૭ બાટલી દારૂ. આ નાસ્તો તેણે ચાર કલાકમાં પુરો કીધો હતો!

આ હેવાલની સચ્ચાઇ વીશે અમો જામીનગીરી આપતા નથી, પણ એક ગ્રહસ્થે ભારી ખાણું ખાધા પછી દશ મોટાં ટંબલર ભરી ખડીઆની જેલી ખાધેલી અમે અમારી નજરે જોઇ છે!

---

## પીડા તો પગે વળગી!

એક વાર મારે ત્યાં પરોણા ઉતરયા. બે ચાર દહાડા તો સારી માવજત કરી, પણ બહેસ્તી તો પતતાં પતે નહીં. નવમે દહાડે મેં મારી બાયડી સાથ ઠરાવ કીધો કે કાંઇ તાલ કરીને એવણુને તાઢે પાણીએ ખેરવ્યે.

મેં કહ્યું, "જોની, ડીઅર, કાલે ખાણાની ટેબલપર હું છીટાં શોધશ કે ખાણામાં નીમક બરાબર નહીં મળે. આ ઉપરથી તું છેડાઇ પરજે, ને આપણે ખુબ તકરાર ઉપર આવી જઇ પરોણાનું મત પુછશું. જો એ મારી તરફથી બોલે તો તું છણકો કરીને ઉઠી જજે, ને એ હોય ત્યાંસુધી ટેબલ-પર આવવાની ના પાડજે; ને જો તારી તરફથી બોલશે, તો હું છેડાઇ પડીને તેમજ કરીશ."

બીજે દહાડે આ પ્રમાણે કીધામાં આવ્યું. તકરારને દરમીઆન પરોણાનું મત પુછયું ત્યારે તેણે ઠંડે પેટે જવાબ દીધો, "જુવોની, બા, આપરે તમારે તાંહાં બે ત્રણ મહીના કહારવાના એટલે પહેલાંથી ઠરાવ કીધોછ કે તમારાં ઘેર સંસારની બાબદમાં મારે વચ્ચે પડવું નહીં—તેથી મને માફ કરો!"

---

## હોશીયારી કોઈના બાપની છે?

એક સારા દેખાવનો ને સારાં કપડાં સજેલો પુરૂષ પોતાના નોકરની સાથે એક ઝવેરીની દુકાનમાં ગયો. તેવણનો જમણો હાથ ઝોલીમાં લટકાવેલો હતો. રૂપીઆ ત્રણસેંની સુમારે ખરીદી કીધા પછી પૈસા આપવા સારૂ ગજવામાં હાથ ઘાલ્યો તો પાકીટ-બુક મળી નહીં. "મને એ ઘણી ખરાબ ટેવ પડીછ—બસ પાકીટ હમેશ ઘેર વીસરી આઉંછ. અહીં આવરે (નોકરને), વહેલો ઘેર જા ને બાઇને કેહ કે કબટમાંથી રૂ. ૩૦૦ કહાડી આંપો."

નોકર જતો હતો તેને અટકાવીને—"ઉભો રેહ, આ ચીઠ્ઠી-પર લખી આપું."

દુકાનદાર પાસેથી કાગળનો કટકો અને પેનસીલ માગી લઇને શેઠે લખવા માંડયું પણ ફોકટ. હાથ એટલો કળતો હતો કે આખરે તેવણે દુકાનદાર ગમ ફરી કહ્યું, "ભાઇ, મારો હાથ ઘણોજ કળેછ; જરા મહેરબાની કરી હું લખાઉં તેમ લખોની."

ઝવેરીએ પેનસીલ હાથમાં લીધી અને ખરીદદારના કહેવા પ્રમાણે લખ્યું: "ઘરમાં રૂપીઆ છે તેમાંથી રૂ. ૩૦૦ આ માણસને આપજે.—લા૦ જેમ્સ."

દુકાનદારે લખ્યું, અને મુછમાં હસીને બોલ્યો, "સાહેબ, આપરે તો નામરાશીઆ છીયે."

"ચાલો, એબી ખુશીની વાત છે." આ પ્રમાણે ચાકર ચીઠ્ઠી લઇ ગયો તેટલાં દુકાનદાર અને ખરીદદાર વાતો કરવા લાગ્યા. પા કલાક થયો, અને ખરીદદાર અવાચીપર અવાચી ખાવા લાગ્યો. "હજી કેમ આવ્યો નહીં? રૂપીઆ મુકેલા જડતા નહીં હશે. ઉભા રહો, હું જઇને લઇ આઉંછ. આ જીણસો એક બાજુ મુકી રાખજો. હું કાલે રૂપીઆ ભરીને લઇ જઇશ."

"કાંઇ ફીકર નહીં, સાહેબ."

આટલી વાત થવા પછી ખરીદદાર શેઠ ત્યાંથી ગયા. રાતના દુકાનદાર ઘર ગયા પછી પોતાની સ્ત્રી સાથ હરખાવા લાગ્યો કે આજે એક બીલ્લુ આવ્યો હતો તેને રૂપીઆ ૩૦૦ની જણસ વેચી તેમાં ખાસ્સા રૂપીઆ સો કમાયો. બાયડીએ

મલકાઇને ઓવારણાં લીધા, પછી બોલી, "પણ આજે રૂપીઆનો એકાએક ખપ કેમ પડયો?"

"રૂપીઆ શાના?"

"એ વરી એમ શું મચકાતા હોશો; આએ તમારીજ ચીઠ્ઠી કેની?"

ઝવેરી બેભાન થઇને ભોંયપર પડયો. ખરીદદાર અને નોકર બેહુ લુચ્ચા હતા. તેઓએ આ સીફત રૂ. ૩૦૦ ઓકાવવા માટે લગાડી હતી.

---

## સાસુની ફીકર.

"સુનઇ, મેં સાંભરીયું કે તું ફરીથી ઘાણા પાડી જાયછ— ખરી વાત?"

"હા."

"કોણની સાથે?"

"મારા બહેસ્તીના નાહાલા ભાઇ સાથેજ."

"તે રરતો કમાતો છે કે?"

"કાંઇ નહીં મળે."

"તારે શું કાંઇ પાસે પુંજી છે?"

"વાલકેશરના પથરા."

"તારે શું ખુબસુરત છે?"

"કારો કોળી જેવો તો છે."

"પણ તારે તેને પસંદ કરવાનું કાંઈ કારણ?"

"તો શું કરૂં! એક સાસુજ ભારી પરી તે—બલા જાણે મારી—બીજી સાસુ કાંહ હોરી લેઉ. એકની એકજ ગગરેલી રહેશે એટલે પીડા પતી."

## ડોસી બોલતી ના.

ફરદુનજી (હસીને)—બુચી, તું મને ઓળખેછ કે?

બુચી—હાસતો વરી. તે દહાડે તમે આવી ગીઆ પછી માએ બાવાને કહ્યું કે આએ છોકરો આપરી રતનને વરે મજાનો બીલ્લુ છે, તેજ કેની તમે વરી!

---

મીસી બાબા—બુટલેર, તુમકુ અમારા કુત્તાને કાટા?

બુટલેર—હં, બાબા; અમારા હાડીમે ઉસકા દાંત બેઠ ગયા!

મીસી બાબા—ગરીબ બીચારા કુત્તા! ઉસકા દાંતકુ બોત ઈજા હુવા હોગા?

---

બાપ—કેમ, રૂસ્તમ, આજે માસ્ટરે શું શીખવ્યું—કાંઈ યાદ છે કે?

રૂસ્તમ—નહીં, પાપાજી.

બાપ—હાઇઓ રાસ્કલ! કેમ યાદ રાખતો નહીં? જો હવે માસ્ટર જે કહે તે યાદ રાખજે—નહીં તો ખાધા વગર સુઇ જવું પડશે.

(બીજે દીને.)

બાપ—કેમ, રૂસ્તમ, આજે માસ્ટરે શું કહ્યું તે યાદ છે કે?

રૂસ્તમ—હા, પાપાજી—હવે તો બરાબર યાદ છે.

બાપ—હેં! ચાલ બોલ, જોઉં—શું કહયું?

રૂસ્તમ—કે કાલે બધા જણા યાદ રાખીને પગાર લઇ આવજો!

## અચુક પરીક્ષા.

જો કોઈ સ્ત્રી સાથ તમે પરણવા ઈચ્છતા હો, અને તેનો સ્વભાવ હસમુખો છે કે ચીરડાઉ તેની તપાસ કરવી હોય, તો તેણીની નવી સફેદ સાડી ઉપર ભુલમાં શાહી ઘોરજો, અને જો તેણી તે ધીરજથી ખમે તો એ સ્ત્રી તમારે લાયકની જાણવી; પણ ઘણુંકરી તેણીની આંખમાં પાણી આવી જશે.

---

મેહરી પીઆરી, બસ હવે તો મારેથી બોલવા વગર ચાલતું નથી—હું તારી સાથ શાદી કરવા તૈયાર છું—મને હા કેહ.

હોમી ડીઅર, એ વાત હવડાં નહીં.

પણ કાંય નહીં ? અહીં કોણ સાંભળવા આવેછ ?

સાંભળનારૂં સાક્ષી નથી તેથીજ અહીં નહીં તો !

(હોમી બોલીને ફરી જાય તેની મેહરનાં પેટમાં બીક હતી.)

---

## ઈતીહાસીક નુકતા.

ફ્રાંસના રાજા ચૌદમાં લુઇનો એક વાર પગ લચકાયો. તે પગ પાછો બેસાડવાને ડાકટર ફેલીકસને બે લાખ ફ્રાંક, હાથ તળેના ડાકટર ડાકવીનને એક લાખ ફ્રાંક, ડાકટર ફાગનને એંસી હજાર ફ્રાંક, ને ડાકટર બેસીરીસને ચાલીસ હજાર ફ્રાંક મળ્યા. એ ઉપ્રાંત જેટલા નોકરો તે વેળા દેવાનખાનામાં હાજર હતા તે દરેકને બાર હજાર ફ્રાંક !

## એક કામમાં બે.

કુકાદારૂ નામે એક મોબેદને ઘરડે ઘડપણ નાતરૂં કરવાનો શોક થઈ આવ્યો. તેવણની દહાડીના તથા માથાંના બાલ સઘળા પાકી ગયા હતા અને મહોપર કરચલી આવી રહી હતી. તેવણનો દોળો પાછલે બારના મહોલ્લાની નજી ગોરાણીની ઓગણીસ વરસની છોકરી ઉપર લાગ્યો હતો. પણ કુકાદારૂની ઉંમર પાકી, એટલે મા દીકરી મચક આપે નહીં. ઘણા મુંઝાવા લાગ્યાથી તેવણને એક દોસ્તે સલાહ આપી કે ઇંગ્રેજ બજારમાં એક દુકાન છે ત્યાં જશો તો બે એવી દવા આપશે કે એક બાલને લગાડતાં તે કાળા ભમર જેવા થઇ જાય, અને બીજી ચહેરાને લગાડતાં ચહેરો ખાસો જવાની ઉપર લાલ તુતી જેવો બને.

કુકાદારૂ આ ખબર સાંભળતાંજ ઇંગ્રેજી હજામની દુકાને ગયા, અને ત્યાં પોતાની વાત 'જેમ્સ હજામ' ને કહી. જેમ્સે કુકાદારૂને ધીરજ ધરવા કહી બે સીસી આપી—એક બાલ કાળા કરવાની અને બીજી ચહેરો સુરખી ઉપર લાવવાની. કુકાદારૂ ઘર આવ્યા, અને ફરમાવ્યા મુજબ રાતના સુતી વખત દવાઓ બાલ તથા ચહેરા ઉપર લગાડીને સુતા. સહવારના પહોરમાં પોતાને જવાન બની ગયલા જોવા માટે આરસી આગળ ગયા અને જોયછ તો— અવાખશે પશેમાન —બે બીલાડાના ચાર કાન! ચહેરો નરૂં સીસમનું લાકડું અને બાલ જાણે આતશીઆ ઉન! બીચારા કુકાદારૂથી બાટલી અદલાબદલી થઇ ગઇ હતી, જેથી તેવણ નરા ચીમપાનજી વાંદરા જેવા બની ગયા હતા.

## આંધી સુંધીને પહેરાવવાનું.

એક દહાડે માટી બઇયરને ખરચ બાબદની તકરાર ચાલી. સોહોલી પોતાની મોહોરદારને કહેવા લાગ્યો, "કરકસર કરવા માગે તો ઘણીબી છે. આએ મારા જુના ડગલા છે તે કાપી કુપીને છોકરાંના ન્હાના સીવે તો શું નહીં ચાલે?"

રતને જવાબ દીધો, "તમે વરી એવા ફારીને ફનકન જેવા ડગલા કરી નાંખો તેમાં હું કાપીને શું કરૂં. નકામી શીવવાની મહેનત થાય."

સોહોલી ખભરીને બોલ્યો, "કબાટો ભરીને કપડાં ડુવા કરડી ખાય તે કરતાં તો કામે લાગે તો ભલા; હું બઇરી હોતે તો બતાવતે."

આ વાત એપ્રીલમાં બની. જુનમાં માર મારનો વરસાદ પડતો હતો ત્યારે એક દહાડે સોહોલીએ કાંઇ શોધવા સારૂ બધી કબાટો ઉથલ પાથલ કરી નાંખી.

"રતન, મારો જાડો બનાતનો ડગલો કાંહ દાબ્યો છે?"

"તેનું તો કાપી કુપીને પીલુને સારૂ બદીઅન કીધું."

"ને પેલો જાડો સુજનીવાળો ડગલો હતો તે લાવ."

"તેની તો ફારીને બુચીને સારૂ ગોદરીઓ બનાવી."

સોહોલુ કચવાઇને દાંત પીસવા લાગ્યો. "પણ લાવની— ઝાંસની—મારૂં ગરમ પાટલુન કાંહ છે?"

"તેના તો પાયજા એઠેથી શીવીને મેલાં કપડાં ભરવાનો કોથલો કીધોછ."

તે દહાડા પછીથી સોહોલીએ 'કરકસર' નો બોલ મુકયો છે.

## તેરીબી ચુપ ને મેરીબી ચુપ.

૧૮૪૭ના સાલમાં જ્યારે બરોડા રેલવે ન હતી ત્યારે સુરત, વગેરે શેહેરો સાથે મુંબઇનો વ્યવહાર આગબોટ મારફતે ચાલતો હતો એ તો અમારા વાંચનારાઓને યાદ હશે. તેવાર મારી પેહડી સુરતમાં હતી, અને તેનું સઘળું કામકાજ હુંજ ચલાવતો હતો. કારતક સુદ ૧૦ને દહાડે મુંબઈથી 'દુઆરકાં' આગબોટ આવી તેમાં કાગળો ગામેગામનાં આવ્યાં તેમાં એક કાગળ મારા પુરાના મીત્ર બેહરામજી મામાનો આવ્યો. બેહરામજી મામા સાથ અમારે ઘણા વરસનો લેવડ દેવડનો વ્યવહાર હતો, અને તેના પોતાના સાથે મારે ઘણી લાંબી મુદતનું ઘેરવટ હતું એટલા માટે તેવણુના આજના પત્રથી મને ઘણી નવાઇ લાગી.

આ કાગળ નીચે મુજબ હતો:—

**"મેહરબાન હેતવંતા ભાઈ સાહેબ જામાસપજી ભાઈ,**

આ કાગળ તાકીદથી લખ્યો છે તે દરગુજર કરશો. અમારે ત્યાં એક ન ધારેલી અડચણ આવી પડી છે તે માટે તમો ભાઇને તસદી આપી છે તે માફ કરજો. અમારી પેહડીમાંથી રૂ. ૧૪,૦૦૦ની હુંડીઓ થોડા દહાડાની વાત ઉપર ગેરવળે ગઇ હતી, અને તેથી મોટો ગભરાટ થઈ રહયો હતો. તપાસ કરતાં ખાનગી રીતે માલમ પડયું છે કે આપરા વીસવાસુ મેહતા જમશેદજીનો એકનો એકપુરો છોકરો આ ચોરીને મુંબઈથી વટી ગયો છે. બીચારા જમશેદજીનું તો આથી મોહત થઈ ગયું છે, અને તેવણના ઘરડા વખતમાં આવી એબ લાગી તેથી રંજીદા થઈ તેવણુ તો બેવાર છવપર કરવા નીકળ્યા

હતા, પણ અમે ઘણા સમજાવીને રોકી રાખ્યા છે. તેવણ માથે માથાં કુટે છે કે જો આ વાત બહાર પડી તો તેવણનું જીવેલું નકામું છે. માટેજ આ કાગળ તમને લખ્યો છે તેપર તાકીદથી ધ્યાંન આપજોજી.

"અમને ખબર મળવા મુજબ આ છોકરો કેથેબી આ હુંડીઓ વટાવી દમણ નાહસી જવાનો વીચાર રાખે છે. હવે આપણા વચ્ચેના ઘેરવટની એ પોરેઆને ખબર હોવાથી વખતે એ પહેલાં સુરત આવી તમને ધાભરીબી જાય ખરો માટે સાવચેત રહેજો, અને જો કદાપી એ આવે તો હુંડીઓ તાબરતોબ પકડજો, અને તેજ ટપાલમાં મને લખી વાળજો. એ નાપાક દુક્તાને સારી પેઠે શીખામણ દેજો, અને એને અમારે હસાબે રૂ. ૫૦૦ આપી પહેલી આગબોટમાં દમણ મોકલી આપજો. બધી વાત નરમ પડી જશે ને પાછો બોલાવી લેશું. બીચારા અમારા નીમકહલાલ મેહતાને ખાતર આટલી મેહનત લેજોજી."

આ કાગળ ઘણાં ધ્યાંનથી વાંચી મેં પેટીમાં બંધ કર્યો, અને આજના જમાનાના નઠારા, છકી ગયલા છોકરાઓ વીષે મનમાં અફસોસ કરવા લાગ્યો. એ તો આ છોકરાનાં સારાં નસીબ કે બેહરામજી જેવા ધણીને હાથ તે પડયો હતો, નહીં તો વધારે વાંકમાં આવી કોઇ દહાડે ફાંસીએ જાય ખરો. એ જો કદાચ આવે તો એને ખુબ ખખરાવી નાખવાનો મેં નીશ્ચય કર્યો. પણ ન આવે તો પછી શું!

પણ આવો વીચાર કરવાનો મને વખત મળ્યોજ નહીં.

નોકરે આવી ખબર કીધી "સાહેબ, પેશતનજી જમશેદજી મેહતા કરી કોઇ પારસી આવ્યા છે તે તમને મળવા માગે છે."

ઓ હો! શેકાર પોતાની મેળેજ ચાલીને આવ્યો ખરો. "અંદર મોકલ ને જોજે કોઇ બહારનું ઓરડામાં ન આવે."

પેશતનજી અંદર આવ્યો. તે જુવાન, સુમારે ૨૮ વર્ષની ઉમરનો, આબરૂદાર દેખાવનો અને રંક હતો. બચારાએ કીયે ચોઘડીએ લાલચ કીધી હશે! બાકી ખોટું કામ કરે એવો નહીં હતો.

ખેર આફીયત પુછ્યા પછી પેશતનજી બોલ્યો "સાહેબ, મને બેહરામજી શેઠને ત્યાંથી રૂની ખરીદી કરવા મોકલ્યો છે. આજે હું ભરૂચ જઇશ, પછી ત્યાંથી જંબુસર થઈ પાછો મુંબઇ જઇશ. ખરીદી સારૂ શેઠે મને હુંડીઓ આપેલી છે તે જો વટાવી અપાવશો તો મેહરબાની."

મેં પેશતનજી ગમ ટગર ટગર જોયું. પેશતનજી લગાર ઘભરાયલો લાગ્યો. મેં બેહરામજીવાળું કાગળ તેના હાથમાં મેલ્યું, જે વાંચ્યા પછી પેશતનજી ધ્રુજવા લાગ્યો, અને પછી પોતાનાં મોહડાં ઉપર બેઉ હાથ ધાંકી રડી દીધું. થોડોવાર તેને રડવા દઇ પછી મેં તેને બહુજ શીખામણ દીધી. કહેવાની કાંઈ જરૂર નથી કે મેં પેશતનજીને પાણી પાણી કરી નાંખ્યો. પોતાના બુઢા બાપે જીવપર કરવાની તજવીજ કીધી હતી તે સાંભળી તેનું હૈડું ભરાઇ આવ્યું અને તે કરગરીને રડ્યો.

હુંડીઓ જે એક એનવીલોપમાં બંધ કરેલી હતી તે કહાડી

પેશતનજીએ મારા પગ આગળ મુકી જે મેં લઈ પેટીમાં બંધ કરી. તેજ દહાડે સાંજના દમણની આગબોટ ઉપડી જનાર હતી તેની ટીકીટ વેચાતી લઇ તેને આપી, અને મુંબઇની લખાવટ મુજબ રૂ. ૫૦૦ તેને આપવા માંડયા જે લેવાને પેસતનજીએ સાફ ના પાડી.

દમડી વગર પરાયા મુલકમાં જઇ ખાસે શું, અને વળી પાછો ખરાબ છંદમાં પડશે, એમ મેં જ્યારે સમજાવ્યું ત્યારે માહ મુશકેલીએ પેશતનજીએ રૂપીઆ લીધા. આ પછી ચાહે, વગેરે મંગાવી મેં બીજી ત્રીજી વાત છેડવા માંડી, પણ પેશતનજી એટલો તો પસેમાન થઇ ગયલો હતો કે મારો જીવ બળ્યો. ઘણી ઓહસ કરી મેં તેને જમવા બેસાડયો અને ઉંચામાં ઉંચું મેવરૂં પાઇ તેને પાછો હસતો કરવાની ઘણીબી મેહનત કીધી પણ ફોકટ. તે ખુણામાં જઈને રડયા કરે અને કાંઈ વાત કરે નહીં.

સાંજના હું સ્ટીમર ઉપર તેને મુકવા ગયો અને જ્યારે લંગર ઉંચક્યું ત્યારે તે મને વળગી પડીને મોટે મોટે રડી પડયો. આ પ્રમાણે અમે છુટા પડયા. મારી આંખમાંબી પાણી ભરાઈ આવ્યાં.

ઘેર જઈ મેં બેહરામજી ભાઇને સઘળી હકીકત સવીસ્તર લખી, અને પેશતનજી ઘણોજ પસેમાન થયો હતો માટે હવે તેને વધારે પજવવો નહીં એવી અરજ કરી.

ચોથે દીને મુંબઇથી નીચે મુજબનો જવાબ ફરી વળ્યો.

તેનો બોલે બોલ મને યાદ છે કેમકે તે મારી યાદદાસ્ત ઉપર લોઢાના ડાહમની પેઠે ચોંટી બેઠેલો છે:—

"મારા મેહરબાન અને હેતવંતા ભાઇ જામાસપજી—તમે એ શું ગાંડું ઘેલું લખોછ, તે સમજ પડતી નથી. અમારા મેહતા જમશેદજીને ઘેર છોકરાંજ કાંહ છે! હુંડી શું ને વાત શું! અમે કાંઇ વાત જાણુતા નથી!"

સાબાશ! આ તો આપણે સજ્જડ બન્યા! બેહરામજીવાળુ કાગળ ખોટી બનાવટનું હતું. આ તો ચોરને ખવાડી, જમાડી—દારૂ પાઇ—રૂપયા ૫૦૦ની પેહરામણી કરી, સ્ટીમરની ટીકીટ ખરીદી, મારે હાથે દમણુ ચહડાવી આવ્યો. વળી નફામાં સુનામોહર જેવી સલાહ એક કલાક સુધી આપી તે તો જુદી!

---

## અક્કલનો દુશમન.

એક વેલા પેસુ માજરો લગનમાં ભારોભાર થયલો સલામતી લેવા ઉઠયો તે વખતે આ પ્રમાણે બોલ્યો:—"સાહેબો, આ વરસ માટીડા કરતાં બઇરાંઓ વધારે પરણ્યાં છે."

---

"અરે યાર, મેં ગીઆ પાંચ વરસની વાતપરજ સર જ ——ને જોયા હતા તારે તેવણુના પગમાં જોડાબી નહીં હતા."

"હેં—તે કહારે વારૂં?"

"તેવણ્ નહાવા બેઠા તારે!"

## લીલાઉં છે—લીલાઉં!

એક વેળા મુંબઇમાં એક લીલાઉંમાં ચાર ઘોડા વેચાવા આવ્યા હતા. આ મધ્યે એક ઘોડો મરેહાલ, પાંસરે પાંસરાં નીકલેલો હતો. લીલાઉવાળાએ પોતાની સરફ્રાજી ચલાવવા માંડી:

"આવી જાઓ, સાહેબો—નંબર વન ઘોડો—પાંચસો રૂપીઆ એક વાર—પાંચસો રૂપીઆ—કોઇ 'બીડ' આપો, સાહેબો!"

ઘણી વાર સુધી કોઈએ 'બીડ' આપી નહીં, એટલે ફકીરજી મુરદાંહોરૂજીએ બીહી બીહીને રૂપીઆ ૨૫ ની 'બીડ' કીધી.

લીલાઉંવાળો બોલ્યો, "વાહ! આવા ઘોડા ઉપર ફકત ૨૫ ની 'બીડ'—જુલમ છે! પરમ દહાડેજ એ ઘોડો ૭ મીનીટમાં બે માઈલ આયો!"

ફકીરજીએ અજબ થઇ પુછ્યું, "હેં!"

આ પછી ચાળીસ રૂપીએ ઘોડો ફકીરજીને નામે ઠોકાયો. રૂપીઆ ભરી ફકીરજી આ ઘોડો લઇને ચાલ્યા. રસ્તામાં જોયછ તો ઘોડાનો ચોથો તાંટીઓજ નહીં મળે! ૭ મીનીટમાં બે માઈલનો જતો તો ડોસો થયો, પણ ૭ કલાકેબી એક માઈલ નહીં ચાલે!

બીજે દીને ફકીરજી ફફડતા આવી લીલાઉંવાળાને ગળે પડવા લાગ્યા—"કેમ, તેં મને ખાતરી આપી કેની કે પરમ દહાડે એ ૭ મીનીટમાં બે માઈલ આયો?

"હા—આગગાડીના ડબામાં આયો!"

## કાળાં માએ ટાહેલાં.

આપણને રોકાણ હોય ત્યારે કેટલીક પીડાઓ મળવા આવે છે અને પતતી નથી તેના ઉપાય માટે મરનાર રેવરંડ બ્રાઉને સટાંડર્ડ પત્રમાં નીચલો ઉપાય છપાવ્યો હતો :—

૧. જે ઓરડામાં મળવું હોય ત્યાં ખુરસી કે કોચ જેવું કાંઇજ રાખવું નહીં.

૨. મળવા આવનાર સાથ વાત કરતાં આપણે પણ ઉભાજ રહેવું, કે તેનેબી ઉભા રહેવાની ફરજ પડે.

૩. આપણું ઘડીયાળ હમેશ દશ મીનીટ 'ફાસ્ટ' રાખવું, કે આવનારને મોડું થઇ જવાથી જવાની ફરજ પડે.

આ ઉપાયો ઠીક છે, પણ એઅદબી માફ હોય તો સેવક નીચલા વધારે સારા ઉપાયોની ભલામણ કરે છે :—

૧. ઓરડામાં દાખલ થવાનો ઉંબર મારબલનો રાખવો, અને તે ઉપર કાંઇ ચીકણું ચોપડી રાખવું.

૨. બેસવાની ખુરસી ઉપર ખુબ માકડ વસાવી રાખવા, અથવા બને તો એકાદ બે ટાંચણી ઉભી ખોસી રાખવી.

૩. મળવા આવનાર બેઠો હોય તો જાણે અજાણતાં તેનો પગ ભચડીને ચાલી જવું, અથવા ભુલમાં તેની પાઘડી ઉપર બેસી જવું—અલબતાં પછી માફ માંગવી.

૪. હાથમાં ભારી 'પેપર વેટ' રાખીને રમ્યા કરવું, અને પછી ભુલમાં તેના પગ ઉપર ટપકાવી દેવો.

૫. કાંઈ તાલ આવે તો ખડીઓ ઉંધો વાલવો—તે એવી રીતે કે શાહી ઇજાર અથવા પાટલુન ઉપર પડે.

## લાઈબલ.

પીરોજ કજીઆખોરના ધણી શાપુરજી ગુજરી ગયા તેમનાં મરણની નોધ લેતાં એક પત્રે લખયું કે બચારા સુખી થયા. તે ઉપરથી તેમની વીધવાએ ઉપલાં નુસપેપર ઉપર લાઈબલની ફરયાદી માંડીછે.

---

## પેનસીલનો ખપ.

એવી ગણત્રી કરવામાં આવી છે કે મુંબઈ શહેરમાં દરરોજ પચાસ હજાર પેનસીલ અથવા જેને આપણે સુખડપેન કહીએ છીયે તે ખપે છે. અમને લાગે છે કે કેટલાક વીસરાળુ સાહેબો મલવા આવે ત્યારે ટેબલપરથી પેનસીલ ઉંચકી પોતાના ગજવામાં મેલી ભુલમાં ચાલી જવાનું છોડી દે તો થોડો ખપ ઓછો થાય ખરો.

---

## સુધાન ચોર.

એક વખત નાટકશાળામાં એક મડમને કાંઈ પૈસાનું કામ પડયું તેથી ગજવામાં હાથ ઘાલી જોયજી તો પાકીટ-બુક અને કુંચીનો ઝુમખો ગેબ! તેણીએ આ અચંબા ભરેલી વાત પોતાની પડોસમાં બેઠેલા એક આબરૂદાર દેખાવના ગ્રહસ્થને કહી, જેણે પોતાનું ગજવું ડાબી જોયું તો તેની કોઠલીબી પસાર થઇ ગયલી!

ગ્રહસ્થ ઉભો થયો, અને મત આપ્યું કે આપણે આ વાત પોલીસ આફીસમાં નોધાવવી જોઈએ. જો તમને આવવાની

અડચણ હોય તો તમારૂં નામ ઠામ બરાબર આપો તો તમારી ફરીયાદબી નોંધાવી આઉં. અલબતાં બાઈએ રાજી થઇ પોતાનું નામ નીશાન આપ્યું.

ગ્રહસ્થ આ નીશાની મુજબ તુરત બાઇને ઘેર દોડયા, અને બાઇની તફડાવેલી કુંચી દાસીને આપી કહયું, "બાઈએ આ કુંચી મોકલાવીછ ને કહયુંછ કે જાંહાં પૈસા રાખેછ તાંહાંથી એકસો રૂપીઆ જલદી આપો. નીશાન સારૂ બાઈએ આએ પોતાનો કાર્ડ આપેલો છે."

આમ બોલી તફડાવેલી પાકીટ-બુકમાંથીજ કાર્ડ કહાડી આપ્યો. અલબત—દાસીને હવે વહેમ આવેજ શાનો! તેણીએ રૂપીઆ કહાડી આપ્યા. પેલા ગ્રહસ્થને ફકત નાટકવાળી બાઇનું નામ ઠામજ જોઇતું હતું!

---

## ઈવનીંગ પારટીમાં કેમ જવું.

હમણાં ઉપરા સાપરી ઇવનીંગ પારટીઓ થાય છે તેમાં જો તમને કાર્ડ નહીં આવતા હોય, ને જવાની ખુશી હોય તો, અમારી પાસે ઘણો ઉત્તમ ઉપાય છે. તમે તમારે સગ્રળાઓને ભપકામાં જવાબ લખવો કે "તમારાં તેડાં માટે ઉપકાર થયો— હું ખુશીથી આવશ." ઇજન કરનાર ધારશે કે તમને બીચારાને કોઇએ બનાવ્યા હશે, અથવા કાંઇ ભુલ થઇ હશે, તેથી જારે તમે પારટીમાં આવશો તારે સામી એવડી તમારી ખાતરદારી કરશે.

## નરમ ઘી જેવી વાત.

એક દહાડે કેકીએ પોતાની ભવીશમાં થનારી ધણીઆણી સાથ બાગમાં ફરતાં ફરતાં પુછ્યું, "ડીઅર, બચી લેવી એ ભુલ ભરેલું છે કે શું?" તેણીએ ટુકમાંજ જવાબ આપ્યો, "ખચીત—છેજ તો!" અને પછી ઘણુંજ ધીમેથી ઉમેરયું, "અફસુસ કરી જો કોઇ ત્રીજું હાજર હોયતો!"

---

મારો માલી દાજી આજે કેટલા દહાડા થયા સહવારના સાત ને આઠ વાગાની વચમાં સુકાઇ જાયછે. જારે ઘણું ધમકાવીને પુછ્યું ત્યારે તેણે કબુલ કીધું કે ગંધારી મહોલ્લામાં એક ડાકટર છે તે પોતાનાં દવાખાનામાં સહવારના ઘરાક ઉભાઇ જાય છે એવું લોકને દેખાડવા સારૂ અમો ચાર જણને એકક કલાક દવાખાનામાં બેસવા સારૂ એકક આનો આપેછ!

---

ભીખારણ—"અરે સાહેબ, દયા કરો! મારા બધાં છોકરાં દરીઆમાં ડુબી મુવાં!" આ સાંભળી એક દયાવંત પુરૂશે પાવલી કહાડી આપી પછી પુછ્યું, "ગરીબ બચારી—બધાં ડુબી મુવાં?"

"હા સાહેબ, એકે એક!"

"તારાં કેટલાંક છોકરાં હતાં?"

"એકજ—ને તે મારે પેટનું નહીં, પણ મારૂં સાવકું છોકરૂં હતું, માબાપ!"

## બહેસ્તીનો જીવ સખ્ખે ગયો હશે.

એક ફ્રેંચ ઉમરાવ, નામે બેરન ડે જુવારન, હમણા ગયા માસમાંજ પારીસ ખાતે મરણ પામ્યો છે. તે પોતાની દોહોડ લાખ ફ્રાંકની કુલ દોલતનો વારેસ પોતાના માનીતા કુતરા 'ટાઈગર'ને ઠરાવી ગયો છે.

મરનારનાં વસીયતમાં ફરમાવ્યું છે કે 'ટાઈગર'ને માટે શહેરની બહાર કુસાદે મકાન ખરીદ કરવું, તથા ત્યાં એક પુરૂષ અને એક સાફસુફ કરનારી સ્ત્રીને ચાકરીએ રાખવાં, અને તેઓને દર સાલ દરેકને બે હજાર ફ્રાંકનું સાલીઆનું આપવું. એક નહાની રકમ ડાકટર તથા દવાને માટે જુદી કહાડેલી છે. દર સાલ ટાઇગરને માટે નવું ગરમ બીછાનું ખરીદવાનું ફરમાવ્યું છે. ટાઇગરનાં મરણ પછી તેની ઘોર ઉપર એક હજાર ફ્રાંક ખરચવા, અને પછી જે બાકી રહે તે જાનવરો ઉપર ઘાતકીપણું અટકાવનારી મંડળીને આપી દેવું.

---

જાથુકનું ઘરાક—સાહેબ મહેરબાન, ડાકટર સાહેબ, કાંઈ ઘણે દહાડે નજરે પડયા!

ડાકટર—હા, હું એક મહીનો હવા ખાવા બહાર ગીઓતો.

ઘરાક—હા, મેં કાલેજ નુસપેપરમાં જોયું.

ડાકટર (મલકાઇને)—હં! શું લખેલું હતું?

ઘરાક—જનમ ને મરણની ટીપ છપાયછની તેમાં ગીઆ મહીનામાં મોહત બીલકુલ હતાંજ નહીં!

## કરેકો બારાદ !

નાનાભાઈએ કાવશજીને સો રૂપીઆ ધીરીઆ હતા. ઘણી મુદત થઇ તોબી કાવશજી તો તે તોલવાની વાત કરેજ નહીં, અને નાનાભાઇને માગતાં શરમ લાગે એટલે એક દહાડે તાલ કરી બોલ્યા, "દોસ્ત કાઉ, આજે રાતે મને સપનો આયો કે જાણે તેં મને મારા સો રૂપીઆ પાછા આપ્યા, અને તે મેં મારી પેટીમાં બંધ કીધા."

નફ્ટ કાવશજીએ જવાબ દીધો, "હેં કે! તારે તો એક બીજા સો રૂપીઆ માગવાની મને હીંમત આવેછ; લાવતો દોશ—વરી કોઇ દહાડે એમજ પાછા આપશ!"

---

માજીસ્ત્રેટ—સોરાબજી સીકંદર !

સોરાબજી—ખોદાવંદ.

માજીસ્ત્રેટ—આ ધણી તમારા જોડા ચોરી ગયો, નહીં ?

સોરાબજી—હા, ગરીબ પરવર !

માજીસ્ત્રેટ—ઠીક છે, આપરે એની પાસેથી તમને ડામીજી અપાવીશું. એ જોડાની શી કીંમત?

સોરાબજી—સાહેબ, નવો બે રૂપીએ લીધો'તો ને ત્રણ ત્રણ આના આપી બે વખત ઠીંગરી મરાવી તેના છ આના, ને એક વખત પાંચ આના આપી નવું તલીયું મુકાવ્યું તે બધું મળીને બે રૂપયા અગીઆર આનાનો જોડો ઉતો, ગરીબ પરવર !

## ખારસો ઉપાય.

ડાકટર ટામસન, જેવણ મુંબઇમાં ઘણા વખણાયલા હતા, તેવણને એક વેળા મુંબઇના મોટા વેપારીની બીમારી વખતે બોલાવવામાં આવ્યા હતા. ડાકટરે બીમારની હકીકત પુછી તથા નાડ જોઇ વીચાર બાંધ્યો કે જો બીમારને પસીનો છુટે તો બીમાર સાજા થાય. પછી તેવણે જેટલા ઉપાયો હતા તેટલા અજમાવી જોયા, પણ બીમારને પસીનો છુટયો નહીં. આખરે તેવણે તે બીમારના મહેતાને બોલાવવા ફરમાવ્યું. મહેતો આવ્યો એટલે ડાકટર સાહેબે તેના કાનમાં હળવેથી કાંઇ કહ્યું. મહેતો લાગલોજ બહાર જઈ બગલમાં કાંઇ ચોપડા જેવું લઇ આવ્યો, અને શેઠને જે જે લોકોનું દેવું હતું તેઓનાં નામો તથા લેણાના રૂપીઆ સાથે વાચી સંભળાવવા લાગ્યો. થોડો વાર ગયો નહીં અને જુવો શેઠને પસીનો ધધરીને છુટો અને તેવણ સાજા થયા.

હવેથી જયારે આવો વખત આવે છે તારે ડાકટર સાહેબ એજ ઉપાય કામે લગાડે છે અને ફતેહ ગણ મેળવે છે.

---

બાઈ—આયા, એ વરી રાંધણીમાં કોણ ભરાયોછ?

આયા—જી, એ તો મારો વર છે.

બાઈ—એ એમ રાંધણીમાં આવી આવીને બેસે તે મને ગમતું નહીં.

આયા—તે શું કરૂં, બાઈજી; 'હાલ' માં આવીને બેસતાં શરમાયચ તે?

## ૭૮! પૈસા શું ચીજ છે!

"જો, વહાલા દાદી, મને જરાબી શક આવે કે તું મારા પૈસા સારૂ મને પણવા માગેછ તો હું મારા જીવપર કરૂં—હું ખરૂં કહુંછ."

"અરે મારી દીલદાર રતન, એ તું શું બોલેછ? એક વાર આપણુને પણવા દે, ને પછી જો કે એવા નજીસ પૈસાને એક તડાકામાં પાર કરી નાંખી તુંને દેખાડી આપશ કે હું પૈસાને સારૂ પણતોજ નથી."

---

નાનાભાઈ ચુલબુલીઆજી મ્યુનીસીપાલ કારપોરેશનમાં દાખલ થવા સારૂ 'વોટ' લેવા માણેકજી મખીચુસને ત્યાં ગયા. માણેકજી તો નહીં હતા પણ તેવણનાં ધણીઆણી વીરબાઈજી હતાં. આગળ એક નહાનો છોકરો રમતો હતો.

નાનાભાઇ બાઇને રાજી રાખવા બોલ્યા, "જી, તમારો બુચો?"

"હાજી."

"જીવતો રેહ—કેવો સોવામણો—નરો જાણે એના બાપનોજ ચહેરો હો. તમે કહેશો ખાલી તારીફ કરેછ, પણ જાણે આબેહુબ માણેકજી."

"જી, તે તો કોણ જાણે—એનો બાપ કોણ હતો તેતો અમુને ખબર નથી—હમે તો એને ઈરાની ધરમશાળામાંથી લાવીને અમારો પાલક કીધો છે!"

## સતી.

કેટલાંક વર્ષની વાત ઉપર જ્યારે સતી થવાનો બુરો રીવાજ ચાલુ હતો ત્યારે વીરંમગામ શહેરમાં સુમારે ૫૫ વર્ષનો એક શા૦ પ્રાણુલેવણુદાસ નામે ઘરડો વાણીયો રહેતો હતો. લોકોના ભમાવવાથી અને પાસે ઠીક પુંજી હોવાથી તે એક સોળ વર્ષની હરકુંવર નામે છોડી પરણી લાવ્યો. હરકુંવરનો સ્વભાવ બહુ ભુંડો હતો તેથી આખો દહાડો શા૦ પ્રાણુલેવણુદાસ સાથે વઢવાઢ કરે અને તેના ઉપર જરાએ પ્રીત કરે નહીં. પ્રાણુલેવણે વીચાર કર્યો કે હરકુંવરની પ્રીત મારી ઉપર છે કે નહીં તે જોવા માટે કાંઇ યુકતી કરવી. તેથી તેણે એક દહાડે હરકુંવરને કહ્યું, "અલી, સાંભળે છે કે, આજ મારાં પેટમાં બહુ દુખે છે, માટે સામેનાં ઘરમાંથી ગોવીંદરાવ વૈદ્યને ત્યાંથી કાંઇ ઓસડ લઇ આવ." હરકુંવરે જવાબ આપ્યો, "કાલે ચાર લાડવા બુંદીના અને બાર ડડીઆ કેરીના રસના શીદને ખાધા હશે, વારૂં ?—આટલું બધું ન ખાત તો કાંઈએ ન થાત. કાંઇ નહીં, થોડા વખતમાં રહી જશે—કાંઇ કાળજી કરવી નહીં." થોડા વખતમાં પ્રાણુલેવણુ મરી ગયો હોય તેમ મોઢું બાડી દીધું અને આંખ્યો દાબી દઇ લાંકડા જેવા થઈને લાંબા ટાટ બની ગયા. હરકુંવરે જાણ્યું જે ડોસો ધબ્યો અને પીડાએ પતી—હવે સુખથી મુવાની સઘળી દોલત વાપરીશ; પણ બહારથી મોટે મોટે રડવા લાગી. રડવાના અવાજથી ગભરાઇને લોકો દોડી આવ્યાં, અને ખરેખર જાણ્યું કે પ્રાણુલેવણુ દોસા કૈલાસવાશી થયા, માટે તેમને અગ્નીદાહ કરવાની તૈયારી કરવા માંડી. પ્રાણુલેવણુ ઘી અને લાડવા ખાઇને કાંઇ જાડા તો થયાતાજ

નહીં તેથી તેમણે કાઢતાં બહુ અડચણ પડી. પણ જેમ તેમ કાઢીને કરકટીપર નાંખી અને રામ બોલોના મધુર અવાજે મસાણ તરફ જીવતાજ લઇ ચાલ્યા.

પ્રાણલેવણે જોયું કે આતો મસાણકાંઠું નજદીક આવ્યું, અને પેલી રાંડ કરકશા તો સતી થવાની કાંઇએ તૈયારી કરતી નથી, પણ મોટે મોટે બુમો પાડે છે અને રૂવે છે, ને આંખ્યો-માંતો એક ટીપુંએ આસું ન મળે. એટલામાં મસાણકાંઠું આવી પુગ્યું, અને કરકટી ઉતારવામાં આવી તેવાજ પ્રાણ-લેવણ કરકટી ઉપરથી ઉભા થયા અને કહેવા લાગ્યા, "ભાઇસાબ, ગભરાતા રખે. મારા જરા પેટમાં લગાર દુખતું હતું માટે કરાર પડવે પોઢી ગયો તેટલામાં મને શીદને અમસ્થકો જીવતો બાળવા ઉંચકી લાવ્યા?" લોકો ખસીયાણા પડી ગયા અને પસતાવા માંડયું—તેમજ હરકુંવર પણ દલગીર થઇ કે મુવો આ ઘરડો પાછો ચ્યમ કરી જીવતો થયો હશે. પ્રાણ-લેવણ ઘરમાં જઇ હરકુંવરને પુછવા માંડયું, "કેમરે, અલી, તેં જાણ્યું કે હું મરી ગયો તોએ તેં સતી થવાની તૈયારી તો ન કરી?" અલીએ ધીમેથી જવાબ આપ્યો:—

"એ શું પેટ છે પંપાળ છે, કે લાડુ ખાધા ચાર,
પછી પીધો રસ કેરીનો, ડડીઆ ભરી બાર.
મુજ પ્રીત પારખવા થકી, કીધી યુકતી તમ,
ઢોંગ કરીને મરી ગયા તો, થાઉં સતી હું કયમ?"

આ ઉપરથી પ્રાણલેવણ બહુ ખીજવાયો, અને ગળે ગાંઠ ને મહોડે ડુચો મારી જુવાન બાયડી પરણી લાવ્યો તે માટે પસ્તાવા લાગ્યો.

## પરવારતાને કામ ને ધંધો.

ઇંગ્રેજોના જેવા સોરતીમાં ઘેલા કોઇ નહીં હશે. જર જરામાં તારે મારે સરત. બે ઉમરાવો બધી જાતની સરત બકી ઠાકયા ત્યારે એક દહાડે સરત બકી કે બારીના કાચ ઉપર વરસાદના બે ટીપાં પડયાં હતાં તેમાંથી પહેલું ટીપું હેઠે કીયું પડેછ તે ઉપર પાંચ હજાર પૌંડ યાને પચાસ હજાર રૂપીઆની સરત બકી.

૧૭૭૩ના સાલમાં એક વકીલના કલારકે સરત મારી કે છ દહાડામાં તે લંડનથી યાર્ક જઈ આવે. આ નહીં બનવા સરખું કામ તેણે બજાવ્યું અને સો પૌંડ જીત્યો.

મુંબઇમાં એક આબરૂદાર પણ ઘરડા મોબેદે સરત મારી કે પાંઉ બજારમાં આંધીઓની દુકાન ઉપરથી માણેકજી શેઠની વાડી સુધી ભર બપોરના ઉંઘાડે પગે ચાલી જાંઉ—સરત રૂપીઆ પાંચ. એક મીત્રે આ સરત ઉંચકી લેવાથી મોબેદ બાદશાહ ઉઠયા અને ઉંઘાડે પગે બુમ પાડતા બજાર વચે દોડયા, "પકડો! પકડો! એક છોકરાની કસબી ટોપી લઇ એક મુસલમાન અબ ઘડી અહીંથી નાહઠો—પકડો! પકડો!"

સઘળું લોક માણેકજી શેઠની અગીઆરી ભણી દોડવા લાગ્યું, અને મોબેદ સાહેબના પગ તરફ કોઇએ જોયું નહીં. અગીઆરી આવી કે મોબેદ બાદશાહ અંદર ભરાઇ ગયા. પાંચ રૂપીઆની આસોદાદ.

૧૮૦૪ના સાલમાં બે ધણીઓએ સરત બકી કે બન્ને જણે

રમુજી લેબાસ પહેરવો, અને જેને માટે લોક ઘણું મઘન થાય તે જીતે. એક જણે પોતાના ડગલા, પાટલુન, અને વેસ્ટકોટ ઉપર તમામ પાંચ ને દસ ગીનીની નોટો સીવી લીધી, અને ટોપીની આસપાસ સઘળા સોનાના સીકા ટાંકી દીધા, અને એવી હાલતે બહાર ફરવા નીકલ્યો. બીજાએ એવો પહેરવેશ સજયો કે આગલી ગમથી જોય તો બુટ મોજાંવાળી નાજુક સ્ત્રી દેખાય, અને પછવાડેથી જોય તો અગલી હેલ જેવો સીધો ભાઇ દેખાય. આ પાછલો ડ્રેસ અલબતાં વધારે ચતુરાઇ ભરેલો હતો, પણ નોટ વળગાવી આવેલો સરત જીત્યો.

એક ખોજાના છોકરાએ બાર ચીઝકેક ખાવાની સરત મારી— સરત રૂપીઓ એક. પહેલાં છ તો સપાટામાં ખાઈ ગયો, ને પછી સાતમુંબી જેમ તેમ ચાલ્યું. આઠમું, નવમું, અને દસમું ખાતા ગળે છરી ફરી. અગીઆરમું તો દાબી દાબીને ગળામાં ઘાલ્યું. પણ બારમું અને છેલ્લું ખાતાં ડોળા તણાઇ આવ્યા. મરવા જેવા ફાંફાં મારી તેબી ગળામાં ઘાલ્યું ખરૂં, પણ તે પાંચ સેકંડ !—સામાત રપ આંગલી કરી પુછયું, "જો બા, ખાધું અં !" સામાએ હા પાડી કે તુરત બારે બાર કેક પાછાં નીકળ્યાં.

અસલના વખતમાં ઈંગ્લાંડની કોર્ટમાં સરતની બાબદના મુકરદમાં મંડાઈ શકતા હતા. શીવાલીઅર ડેઇવોન નામનો એક ધણી પુરૂશ છે કે સ્ત્રી એ બાબેની સરત મારવામાં આવી. તે ઉપર વાંધો ઉઠતાં સામા ધણી ઉપર લાર્ડ માનસફીલ્ડે ૧૭૭૭માં ફરીઆદી માંડી હતી. સર વીલીઅમ કોડરીંગટન

પહેલાં મરી જશે કે બુઢ્ઢો મી૦ પીગટ એવી સરત બાબે નહાના મી૦ પીગટ ઉપર લાર્ડ મારચે ફરીઆદી માંડી હતી. એવું બન્યું કે આ સરત બકાઇ તેની આગલે દહાડેજ બુઢા મી૦ પીગટ તો ધપી ગયા હતા, પણ તેની આ સરત મારનારાઓને ખબર નહીં હતી. વાંધો એ ઉઠયો કે સરત ચાલે કે નહીં. કોર્ટે ઠરાવ્યું કે બેઉ બાજુવાળા બુઢાનાં મરણથી અજાણ્યા હોવાને લીધે આ સરત ચાલી શકે.

એકવાર ઇંગ્લાંડમાં મી૦ કોર્ટની નામના ધણીએ ૧૦૦ પૌંડની સરત બકી કે તે ત્રણ ઘોડાને ત્રણ કલાકમાં ૯૦ માઈલ દોડાવે. આ મુજબ તેણે ત્રીસ ત્રીસ માઇલને આંતરે ત્રણ ઘોડા ઉભા કીધા, અને પછી એક ચોક્સ વખતે સર્વેને સાથે છોડી દીધા. અલબતાં દર ઘોડાએ ત્રીસ માઇલ તો ત્રણ કલાકમાં આસાનીથી કીધા, પણ સામાએ વાંધો લીધો કે સરતની મતલબ તો એવી હતી કે પહેલો ઘોડો પહેલી મંજલ ત્રીસ માઇલની પુરી કરવા પછી બીજો તાંહાંથી છોડે તે બીજા ત્રીસ માઇલ પુરા કરે, અને પછી ત્રીજો ઘોડો ઉપડે. એ પ્રમાણે ત્રણ કલાકમાં ૯૦ માઇલની મંજલ થવી જોઈએ. આ મુકરદમો કોર્ટમાં ગયો, અને કોર્ટે પાછલી સરત બહાલ રાખી.

નેપોલીઅન બોનાપાર્ટ બંદીખાનામાં કેટલી મુદ્દત સુધી જીવતો રહેશે તે ઉપર કરોડો રૂપીઆની સરત લાગેલી હતી, તેથી રખે તેને કાવાદાવાથી મારી નાખવામાં આવે તેની ખુબ સાવચેતી રાખવામાં આવતી હતી.

## બાપુ, તરત દાન ને મહા પુન!

ફીકલા હમાલને એક વાર સાબના બંગલામાં ઝાડુ કહાડતાં પાવલી પાઇ. ફીકલો મધન થઈ વીચાર કરવા લાગ્યો કે એનો દારૂ પીંઉ કે આઈસકરીમ ખાઉં. જોઉં, ઉંચે ઉરાડી નસીબ જોઉં—છાપ પડે તો દારૂ ને કાંટો પડે તો આઈસકરીમ!

પાવલી હવામાં ઉપર ગઈ અને કાંટો પડયો. ફીકલાની મનમાં મરજી તો દારૂ પીવાની, એટલે માથું ધુનાવી બોલ્યો, "ના, ના, ત્રણ વાર ઉરાડી જોઉં—વધતી વાર જેમ બને તેમ કરવું!"

"વળી પાછી પાવલી ઉડી, ને આ વાર છાપ પડયો. ઠીક, હવે બે બાજુ સરખી પડી; હવે તરીજી વાર જે પડે તે સહી."

ત્રીજી અને છેલી વાર પાવલી ઉડી, પણ—ઓ! ફીકલો ફીકો કેમ પડી ગયલો લાગે છે? પાવલી ગબડીને રસ્તામાં આવેલી ગટરનાં નાકામાં પડી ગઈ!

---

## કેમ જણાય કે ઉંદરો કઈ તર બેસેછ.

નામાંકીત જડ્જ બાઈલ્સ જ્યારે બારીસ્ટરનું કામ કરતો હતો ત્યારે તેના હાથમાં એક મુકરદમો આવ્યો, જેની કેફીઅત એવી હતી કે એક પુરૂશે એક સ્ત્રી સાથ પરણવાનો સોદો કરી તોડી નાંખ્યો, અને બીજી સ્ત્રી સાથ પરણી બેઠો. બાઇલ્સ કાકા પરતીવાદી તરફથી હતા.

વાદી સ્ત્રીએ લગનનો કોલ આપેલો પુરવાર કીધા પછી

બાઇલ્સે પુછ્યું, "પણ બાઇ, એ ધણીએ તમને એમ કબુલાત આપી હતી કેની કે મારો બાપ મરશે તારે તારી સાથ પરણુશ ?"

બાઇએ ઉત્તર આપ્યો, "હાજી."

"તારે શું એનો બાપ મરી ગયો ?"

"નહીંજી."

"મારા લાર્ડ, તારે મારાં કુલ ઉપર ચાર્જ આવે કેમ ?"

જડ્જે કહ્યું, "પણ, મી० બાઇલ્સ, તે વાત ખરી—પણ એણે તો બીજી બઇરી કીધી તેનું કેમ ?"

"તો સાહેબ, એનો બાપ મરશે તેટલાંમાં આ બીજી બઇરી મરી નહીં જશે તે કેમ જાણ્યું ? એના બાપને મરવા દેવો જોઇએ, પછી આ મુકરદમાનો ઇનસાફ થાય !"

---

## ઈતીહાસીક નોધ—ઈનામમાં તારી બઈરી આપ.

એક વાર એવું બન્યું કે પોલાંડના એક શાહાજાદાએ લડાઇમાં પોતાના મીત્ર ટરકીના સુલતાનનો જાન બચાવ્યો. સુલતાને ખુશી થઇ કબુલાત આપી કે તું જે કાંઇ માગશે તે તારી એક માગણી હું કબુલ રાખીશ. પોલીશ શાહાજાદાએ સુલતાનની માનીતી સુલતાનાની બેહદ ખુબસુરતીની ઘણી તારીફ સાંભળી હતી તેથી માગણી કીધી કે આ સુલતાનાનો ચહેરો દેખાડ. સુલતાને તેને કાંઇ બીજી માગણી કરવાને ઘણુંબી સમજાવ્યું પણ ફોકટ. શાહાજાદો હઠયો નહીં એટલે સુલતાન

પોતાના મીત્રનો હાથ પકડી તેને જનાનામાં લઇ ચાલ્યો. અંદર દાખલ થતાં એક જીઆરજીઅન બાનું, જે પરી સમાન ખુબસુરત હતી, તેણીએ આ બંનેને આવકાર દીધો, પણ તેણીનાં મહો ઉપર અતીશય અજાયબાની નીશાનીઓ દીસતી હતી. શાહાજાદાએ સુલતાનને મુબારકબાદી આપી કે તારા જેવો નસીબવાન આ દુનીઆમાં કોઈ નથી. મુલાકાત ખલાસ થવા પછી શાહાજાદો રજા લઈ બહાર પડયો કે તુરત એક પીસ્તોલ છુટવાનો અવાજ આવ્યો. શાહાજાદો પાછો જઈ જોયછ તો સુલતાના ગાલીચાના ઉપર લોહી લુવાણુ થઇ પડેલી. સુલતાન ગમગીનીથી બોલ્યો, "તારી અરજ બદલી નાંખવાને મેં તુને ઘણી આજીજી કરી પણ તુ સમજયો નહીં. અમારા અહમદી કાયદા પ્રમાણે સુલતાનની માનીતી સુલતાના ઉપર પારકાની નજર પડી એટલે તેનાથી આ દુનીઆમાં જીવાય નહી!"

---

## "પાંચે ઇંદરીસો તપાસું, પણ સમજ પડતી નથી."

આદમ બંદો ખબરદાર અને સમજુ છોકરો હતો. તેના બાવા કાસમજી જેવોજ શાણો તે નીકળશે એમ સર્વેનું મત હતું; અને કાસમજી ઘડી ઘડી સર્વે આગળ વડાઈ લઇ બોલતા કે "મારો આદમ્ બંદાનું નામ રાખે નહી, તો આ દહાડી મુડાઉં." આદમ શાણો નહી કાં નીકળે? કાસમજી હમેશાં શેખ શાદી વગેરે નસીહતની કેતાબો વાંચતા, અને તેમાંની નસીહતો પોતા તરફની સરેહ અને ફેરફાર સાથ કાસમનાં મગજ ઉપર ઠસાવતા. એક નસીહત તેવણે

કઈ લાલ કેતાબમાંથી કહાડી હતી તે જણાતું નથી, પણ તે તેવણ આદમ તેમજ સર્વે ઓલખીતા પારખીતાઓને ઘડી ઘડી કહેતા કે "કોઇબી ચીજ વીશે બીજાને પુછવા પહેલાં આપણી પાંચે ઇંદરીસી તે જાતે તપાસવી." બીજાઓએ તે શીખામણ કદાચ ધ્યાન ઉપર લીધી ન હોય, પણ ચંચલ બાપનો ચંચલ બેટો આદમ તે ઉપર હમેસ અમલ કરતો. એક વખતે મુંબઇથી આદમના કાકા ઇસમાલજી ખંભાત ખાતે ભાઇને મલવા આવ્યા, અને પાછા ફરતી વખતે આદમને સાથે મુંબઇ લાવ્યા. જનમમાં મુંબઇ પહેલી વાર જોઇ, એટલે આદમને તો અલબેલી મુંબઇ નગરીની તરેહવાર નવાઇઓથી ભારે અચરતી લાગી, અને તેની તે અચરતી જોઇ મુંબઈમાં પાહવરદા બનેલા તેના પીત્રાઇઓ દરેક વાતે તેની ઠેકડી કરવા લાગ્યા. કોઇ ચીજ નવી લાગે, અને આદમ તે વીશે નવાઈ બતાવી સવાલ કરે, તો સર્વે છોકરા તેનો જવાબ આપવા અગાઉ ખરખર હસી પડે. આથી આદમે તેમને સવાલો કરવાના પડતા મેલ્યા, અને મુરબી બાવાજીની નસીહત પ્રમાણે દરેક નવી ચીજ પાંચે ઇંદરીથી તપાસીને પછી તેનું વરણન મુરબી ઉપર લખી વાળતો, અને તેવણ પોતાની અકલ પ્રમાણે તેનો ખોલાસો વળતે કાગજે લખતા. એક દીવસે આદમે પહેલીજ વાર આઈસકરીમ ખાધું. શી ચીજ પોતે ખાધી તે આદમ સમજયો નહી, પણ કોઇને પુછયુંએ નહી, અને બીજે દીને નીચલું કાગજ ખંભાત મોકલ્યું:—

"મુરબી બાવાજી કાસમજીની જીનાબમાં મંબઇ બંદરસી લીખતંગ આદમનું પગે પડવું પોંહચે. જત મુરબી એક

મદમની દુકાનમાં ગઇ કાલે એક નવાઇની જીણસ બંદાએ ખાધી છે. આપની નસીહત મુજબ તે ખાણું પાંચે ઇંદરીસી તપાસ્યું, પણ સમજ પડતી નથી. આંખે દીઠી, તો અરધો સપેત અને અરધો ગુલાબી રંગ નજરે પડો. કાન આગળ ધરી, પણ મંહીસી કસો આવાજ નીકલો નહીં. નાકસી સુંધી, તો લગાર લુબાન જેવો (વેનીલા) સુરમ નીકલો. જીભ થકી ચાખી, તો ફાલુદાનો સવાદ લાગો. ચામડીએ લગાડતા ઠંડક વળી. વળતે કાગજે ખુલાસો સમજાવજો."

કાસમજીએ આ ભેદી સવાલનો જવાબ "વીલાયતી ફાલુદો હશે" એવો વાળયો.

---

રાજાની આસપાસનાઓને જો હાંકી કહાડવામાં આવે તો રાજાનું શું થાય?—રજ યાને ધુળ.

---

એક બાઈએ પોતાના મીત્રની સાથ વાત કરતાં કહ્યું કે "હું તીસ વરસની છેઉં." પેલા મીત્રે જવાબ દીધો, "હા, ખરેખર તેમજ હશે. તમો આજે પંદર વરસ થયાં એમજ કહેતાં આવેલાં છેઓ, તેથી હવે મારા માનવામાં આવે છે.

---

નવલુબાઈ—આવો, જાંહાંગીરજી, હવે તમે તો અમારા પરોસી થયા તેથી મારી દીકરી કાનસરટીના વજાડેછ તે રોજ સાંભળશો.

જાંહાંગીરજી—હાજી, રોજ સાંભળુંછની. એ કાનસરટીનાને લીધે તો ઘેરવાળાએ મારૂં ભારૂં પાંચ રૂપીઆ ઓછું કીધું!

## માજીસત્રેટનો બીચારાનો શું વાંક ?

એક માજીસ્ત્રેટની હજુર એક જુવાન પુરૂશને ઉભો કરવામાં આવ્યો, તેના ઉપર અપરાધ એ હતો કે તેણે રસ્તે ચાલતી એક જુવાન અબલાને તેણીની મરજી ઉપરાંત ચુમી લીધી. જુવાન સ્ત્રી, જે ઘણી દેખામણી અને ગોરી ઘટમારી હતી, તેણીએ પોતાની જુબાની ઘણી લાયકીથી શરમાઈને આપી. આ મુકરદમાનો કોર્ટે નીચે મુજબ ચુકાદો કીધો :—

"કોર્ટ આ બાબદમાં પરતીવાદીનો ઘણો વાંક કહાડી શકતી નથી, અને તે માટે તેને કાંઈબી સજા કીધા વગર છોડી દેછે; કેમકે આ મુકરદમો સાંભળતી વેળાએ વાદીને ચુમી લેવાને કોર્ટનું પોતાનું જબરદસ્ત મન થઇ આવ્યુંછ !"

---

## કોણના બાપની દીવાલી !

સોરાબજી સીકંદરના બાવા મરવા સુતા. ઘડીમાં વકીલને બોલાવી મંગાવ્યો, અને પોતાનું વસીયતનામું લખાવવા માંડયુ. "લખો—ફલાણાને પાંચ હજાર; લખો—ફલાનાને દસ હજાર," એમ પચાસેક હજાર રૂપીઆ લખ્યા બાદ વકીલે કલમ બાજુ મુકી અચરતીથી પુછયું, "પણ, શેઠ, તમારી પાસે એટલા બધા રૂપીઆ હોય એમ મને નથી લાગતું."

સીકંદરના બાવા બોલ્યા, "અરે પણ, બાપુ, હું કાંહાં કેહુંછ કે મારી પાસે છે, પણ મારા મુવા પછી તે લોક એટલું તો સમજશે કે કાકાનો અમારી ઉપર એટલો બધો જીવ હતો !"

## ઘરડા ને ઘેલા.

કાવશજી બાદશા હમણા સીત્તેર વરસના છે. તેવણ પહેલા ચાલીસ વરસે પરણ્યા, અને ત્રીસ વરસ પરણેલી જીંદગી સુખમાં ગુજારયા પછી તેવણની ધણીયાણી મરણ પામી. હમણા તેવણ એક પંદર વરસની કન્યા સાથ લગનનો ગાંઠ બાંધવા નીકલ્યા છે. આ કૌતક જોઈ તેમના દોસતો તેવણને ઘણા અકળાવે છે: "કાવશજી, આ છોકરી ઘણી ન્હાની છે એમ તમને નહીં લાગતુ?"

"ન્હાની—વળી ન્હાની શા વડે થઇ? હું પહેલી વખત પણ્યો તારે મારી પહેલી બઈરીની ઉંમરબી એટલીજ હતી કેની?"

---

## માણસની દાઢી.

મરદોને દાઢી રાખવાની કોઇવાર ભલામણ કરવામાં આવે છે, કારણકે છાતીના અને ગળાના દરદીઓને દાઢી સરદી થતાં અટકાવે છે. કહે છે જે દાઢી એક વરસમાં સાડા છ ઇંચ સુધી ઘણુંકરીને વધે છે. પણ એમ વધતાં વધતાં કેટલીક દાઢીઓ અચરત સરખી રીતે લાંબી થાય છે. એક મગોલ વીશે એવું કહેવાય છે કે તેની દાઢી તેનાં પગ સાથ ચોળાતી હતી, અને તેથી દાદરો ઉપર ચઢતી વખતે જેમ પારસીઓ જાંમા હાથમાં ધરીને ચહડે છે તેમ તે દાઢીને ખાંધ ઉપર નાંખીને ચહડતો હતો. પણ એક વખત તેમ કરવાને તે ભુલી ગયો, જેથી તેને દાઢીની આંટી લાગી, અને તે એવો દુટી પડયો કે મરણ પામ્યો.

## લગનનો ગાંઠ.

લગનના ગાંઠથી જોડાવું જેમ હમણાં લોકની ખુશી ઉપર છે તેમ કાંઇ સદા ન હતું. અસલ ગ્રીક લોકમાં પરણવાની જબરી હતી. લાઈકરગસના કાયદા પ્રમાણે જે કોઇ ઘણો અસુરેથી પરણે, અથવા બીલકુલ ન પરણે, તેણે માટે સજા ફરમાવી હતી. જો કોઇ પુરૂશ ચોકશ ઉંમર થવા છતાંબી ન પરણે તો તેને હરધુત કરવામાં આવતો હતો.

કેનેડાના ફ્રેંચ સ્વસ્થાનમાં વગર પરણેલાઓ પાસેથી ભારે કર લેવામાં આવતો, અને તેઓને લેવડ દેવડમાં ઘણી હરકત નાંખવામાં આવતી. પણ તેથી ઉલટું પરણેલાને સઘળી વાતની સગવડ ઉપ્રાંત તેમના બાલકોની સંખ્યાના પ્રમાણમાં ઇનામ આપવામાં આવતાં. જે ધણીને દસ છોકરાં થાય તેને જીંદગી સુધી દર સાલ ૩૦૦ લીવરનું પેનશન મલતું, જેને બાર છોકરાં થાય તેને ૪૦૦ લીવર, અને પંદર છોકરાં થાય તેને ૧૨૦૦ લીવર આપવામાં આવતા હતા.

૧૬૯૫ના સાલમાં માસાચુસેટ્સમાં એવો કાયદો હતો કે દરેક કુંવારા પુરૂશે વરસ દહાડે ૭ કાગડા મારીને સરકારમાં રજુ કરવા. ૧૭૫૦માં મેરીલાંડમાં એવો કાયદો ચાલતો હતો કે પાંત્રીસ વરસની ઉંમર ઉપરના કુંવારાઓએ વરસ દહાડે પાંચ શીલીંગનો દંડ આપવો.

ઇગ્લાંડમાં વીલીઅમ ત્રીજાના રાજમાં પણ કુંવારા પાસેથી દંડ લેવામાં આવતો. એકાદ સાધારણ પુરૂશ જો પચ્ચીસ વરસનો થયા પછી ન પરણ્યો તો તેને વરસ દહાડે ૧ શીલીંગનો

દંડ ભરવો પડતો, અને ઉમરાવ ખાનદાનનો હોય તો દર વરસે સવાસો રૂપીઆ ભરવા પડતા. એક વખત એવોબી હતો કે કુમારાઓએ પોતાના નોકરને માટે પણ કર ભરવો પડતો હતો.

કેમ, કુંવારી વાચનારી બાઇઓ ! આ ઇતીહાસીક નોધ તમને પસંદ આવે છે?

---

બે મુસલમાનોએ પોતાના મીત્રોમાં વાતો કરતાં એવી સરત બકી કે જે વધારે જુઠું બોલે તે બીજા પાસથી સો રૂપીયા લે.

પહેલો—મેરા બાપ બહોત પૈસેવાલા હયે, ઓર ઉસકે પાસ બેશુમાર ઘોડે હએ, ઔર ઉન ઘોડોંકે લીએ જો તબેલા બના રહા વો ઇતના લંબા હએ કે જો કોઈ આદમી ઘોડેપર સ્વાર હોકે દેખનેકુ મંગે તો બ્યારા મહીનેમેબી દેખ નહી રેહેવે !

બીજાએ હવે ભમરડો ઘુમાવવા માંડયો—શાબાસ ! ભાઈ ! મેરે બાપકે પાસ એક બામ્બુ હએ વો ઇતના તો લંબા હએ કે આસમાનપર જીતને સેતારે હએ ઓ સબ નીકાલ ડાલતે.

પહેલો—યેહ તુંને તો બહોત અચ્છા કહા, લેકીન તેરા બાપ વો બામ્બુ કહાં રખતા હએ ?

બીજો—અબે ગધે, ઈસમે કયા બડી બાત—તેરેહી બાપકે તબેલેમે !

આ ઉપરથી બીજો સરત જીત્યો.

## ડાકટર સાહેબનું કોઠું ભોપ!

ગોઆની મેડીકલ કાલેજમાં એક મોટા ડાકટર સાહેબ ચેલાઓને વૈદ્યાંની કેળવણી આપતા હતા, એવામાં નોકર બહારથી એક કાર્ડ લાવ્યો, જે ઉપર લખેલું હતું: "સીનોર પીનતો મુગો અને બહેરો છે, તે ડાકટર સાહેબની સલાહ લેવા ઇછે છે."

ડાકટર સાહેબે કાર્ડ મુગે મહોડે ગજવામાં મેલ્યો, અને નોકરને હુકમ કીધો કે તેને અંદર બોલાવે. પેલા માણસના દાખલ થતાં વાર ડાકટર મોટો દમામ કરી બોલ્યા, "જુઓ, ચેલાઓ, આ પુરૂષ તરફ ધ્યાનથી જુઓ. તમે કહી શકશો કે એને શું બીમારી છે? જુઓ એની આંખ જુઓ, એનાં માંથાનો ઘાટ તપાસો, એના ચહેરાની વલણ જુઓ—પણ તમોને કાંઈ જણાવાનું નથી. એક લહેજામાં એ બીચારાનું દરદ પારખી કહાડવાને અનુભવી ડાકટરની આંખ જોઈએ છે, જેમ એ ધણી તમારેથી અણજાણ્યો છે તેમ જોકે મેંબી એને આજે પહેલી વારજ જોયો છે, તોબી હું એને જોતાં વાર કહી શકું છું કે એ મુગો અને બહેરો હોવો જોઇએ."

ડાકટરની અજાયબી ભરેલી હુશીયારીથી ચેલાઓ તો ઘણાજ ચકીત થઈ ગયા. એવામાં પેલો મળવા આવનાર બોલી ઉઠયો:

"ડાકટર સાહેબ, કાર્ડ ઉપર જે ધણીને વાસ્તે લખેલું છે તે હું નથી. તે મુગો બહેરો તો મારો ભાઇ છે, અને તમારો હુકમ થાય ત્યાંસુધી મેં તેને બહાર બેસાડયો છે."

ડાકટર સાહેબનું કોઠું ભોપ!

## ઘોડાના વેપલા અને સોના સાહાટ.

સર ફ્રાંક ડાઇલ પાસે એક સોળ હાથ ઉંચો ઇંગ્લીશ ઘોડો હતો. એક વાર ડારબીની નામીચી સરત જીતવા પછી તેના પગ નબલા પડી ગયા અને તેને વેચવા કહાડયો. કોઈ ખરીદદાર થાય નહીં, એટલે એક ભાડુતી ગાડીવાળાને ચાલીસ રૂપીએ વેચ્યો. કમનસીબે ઘોડાના રૂપીઆ તેજ વેળા લીધા નહીં તેથી શું મહોકાન વળી તે જુઓ. સર ફ્રાંકે પોતાનો બંગલો ભાડે આપી દઈ સર સામાન સઘળો વેચી નાંખ્યો હતો, અને પોતે હોટેલમાં રહેતો હતો. આવા વખતમાં ભાડુતી ગાડીવાળો આવ્યો, અને તકાદો કરવા લાગ્યો કે મને ઠગયો. સર ફ્રાંકે ઘણુંબી સમજાવ્યું કે ડારબીની સરત જીતેલો ઘોડો વળી ચાલીસ રૂપીએ તે મળતો હશે; પણ ગાડી-વાળો કાંઇ સમજે નહીં. આખરે સર ફ્રાંકે પુછ્યું, "ભાઇ, મેં તો મારૂં ઘેર બાર ઉંચકી નાંખ્યુંછ—ઘોડાને કાંહાં મારા સુવાના ઓરડામાં બાધું? બોલની, તું શું આપવા માંગેછ? એનું ચામડું કહાડીને વેચું તો દસ રૂપીઆ તો આવે."

ગાડીવાળો બોલ્યો, "હું તો દસ રૂપીઆ આપું."

"લાવ, ભાઇ, દસ રૂપીઆ લાવ, ને નીકાલ કહાડ."

આ પ્રમાણે રૂ. ૨૦,૦૦૦ ની કીમતના ઘોડાના રૂપીઆ ૧૦ ઉપજ્યા.

પણ એ કરતાં નપેતર હાલત હાલના જાણીતા ઇંગલાંડના રાજ્યાધીકારી સર વીલીઅમ હારકોર્ટની થઈ તે જુઓ. તેણે રૂ. ૧,૦૦૦ માટે એક ઘોડો આકસફર્ડમાં ખરીદ કીધો.

પછી લંડનમાં કામની રોકાણને લીધે તે ઘોડાની વાત તો ભુલી ગયો. ચારેક મહીના પછી યાદ આવ્યું એટલે આકસફર્ડમાં પોતાના આડતીયાને તાર કીધો કે હાલ મને ઘોડાનું કામ પડશે નહીં માટે વેચી નાંખજો.

તારનો જવાબ આવ્યો: "સાતસો રૂપીઆ આવેછ—વેચું?"

હારકોર્ટે જોયું કે રૂ. ૩૦૦ માંજ કાસર પતી, અને પાછો તાર કીધો કે વેચી નાખો. ઘોડો વેચાયો, અને હારકોર્ટ સાહેબ પૈસા લેવા ગયા તો જવાબ મલ્યો કે પૈસા શાના? ચાર મહીના રાખવાનો ખરચ અને દવાનો ખરચ બાદ કરતાં સામા મારા પંદર રૂપીઆ નીકળે, પણ તે હવે જવા દેઉંછ."

પણ વેલાતને ચીનની કાંહાં વાત કરયે. સેવકને પોતા ઉપર શું બન્યું તેનો હેવાલ આપુંછ. મેં એક ઘોડો ૪૦૦ રૂપીએ વેચાતો લીધો. થોડી મુદત વાપરવા પછી તેને વરસાતી ફુટી નીકલી, તેથી ત્રણ મહીના બેસાડી રાખી તેની દવા તથા ખાધા ઉપર રૂપીઆ સો ખરચ્યા, પણ તોબી વરસાતી દરૂસ્ત થઈ નહીં. આખરે સઘળા દોસ્તોએ સલાહ આપી કે એ દરદ પુનામાં ઘણું જલદી સારૂં થાયછ તેથી ઘોડાને પુને મોકલવો. એક મહેરબાન મીત્રને અરજ કરી પચીસ રૂપીઆ બીજા ખરચીને ઘોડાને પુને મોકલ્યો. ત્રણ મહીના સુધી ધંન નસલ જણાઇ નહીં, પછી પુછાવ્યું કે "ભાઈ, ઘોડો કેમ છે?" જવાબ ફરી વલ્યો કે "જરા જરા સુધરવા આવ્યો છે." બીજા બે મહીના ગયા. "ભાઈ,

ઘોડાની કાંઈ ખબર?" જવાબ—"સુધરવા આવ્યો છે, પણ ઇસપીટાલનો ડાકટર કહે છે કે વેચી નાંખો તો સારૂં."

અતરેથી લખાવટ ગઈ કે "વેચી નાંખો—જે આવે તે ખરૂં."

વલતે પોસ્ટે જવાબ આવ્યો કે "રૂ. ૭૫ માટે ઘોડો વેચ્યો છે."

આપણે ખુશી થયા કે "જા, કાસર ગઇ—એનું સતયાનાશ થાય એનું!" પુને કાગળ લખ્યો કે "બાવા, જરા નાણાની બરખત છે તે સારૂ એટલા રૂ. ૭૫ મોકલાવી દેશો તો ઉપકાર થશે."

જવાબ આવ્યો, "ઘણા દલગીર છૈએ; પાંચ મહીના રાખવાના ખરચનું બીલ ઇસપીતાલમાંથી રૂપીઆ ૬૦ નું અને દવાનું રૂ. ૧૬)= નું આવ્યું છે, માટે બાકીના રૂ. ૧)= ફરસુદે વાલજો!"

વાંચનાર સાહેબો, રૂ. ૪૦૦ કેમ ધુંવાના આકારમાં ગેબ થયા તે જુવો. સામું રૂ. ૧)= ની ચોટલી!

---

**મમા**—જહાંગીર, છોકરાંઓને મીસીસ ગી——એ તા૦ ૧૦ મીએ, હીરજીભાઇએ ૧૩ મીએ, અને માસીએ ૧૫મી બોલાવ્યાંછ તે મોકલું?—નહીં મોકલશ તો ઘણા દલગીર થશે.

**પપા** (ખભરીને)—તમારે ગમે તેમ. પણ ડાકટરને લખજો કે તા૦ ૧૧ મીએ, ૧૪ મીએ, અને ૧૬ મીએ ફેરો ખાઈ જાય.

## સખાવતે બહાદુર.

બમનુ કજુંસ એક વખત ન્હાની ટોનીમાં બેસી મેલ સ્ટીમર ઉપર ગયો. તાંહાંથી પાછું ફરતાં ટોની ઉંધી વળી અને બમનુ દરીઆમાં પડયો. તેને તોનીવાળાએ ઘણી મહેનતથી બચાવી પાલવા બંદર ઉપર ઉતારયો. બમનુએ ખારવાને ધમ દઈને દોહોડ રૂપીઓ કહાડી આપ્યો. ખારવાએ પૈસા પાછા આપ્યા અને બોલ્યો, "ચીંતા નહીં, સાહેબ, એ પૈસા તમારી પાસેજ રાખો—હું તમને લુટી લેવા માંગતો નથી."

બમનજી બોલ્યા, "અરે નહીં રે, લુટી શાનું લે. જો તું મને નહીં બચાવતે તો એમબી ને એમબી એ પૈસાતો જતાજ રહેતે કેની—તેનાં કરતાં તું લે!"

---

મકન કુનબી ભાઠેથી પહેલ વહેલો મુંબઇ આવ્યો ત્યારે બરોડા રેલવેની લાઇન ઉપર લાલ ફાણુસ બળતાં જોઇ પોતાના સાથીને પુછવા લાગ્યો, "ભાય, આ બતી લાલ કેમ? એમાં હું લાલ તેલ બળતું ઓહે?"

---

કેટલાક કંજુસો બહારની આવેલી ચીઠીની કોરી બાજુ ફારીને જમા કરી રાખેછ. કોઇ ન્યુસપેપરની કોરી બારડરો ફારી રાખેછ. પણ હમણાં એક સખી દાતાર અમારા જોવામાં આવ્યો છે જે એનવીલપો ઉખેરીને તેને પાછાં ઉંધાં વાળી અને વળગાવીને નવાં દાખલ કામ ચલાવે છે.

## હું તો ગામડેની ગોરી.

બાઇ—એ ભીખી, એ આએ મખમલના સોફા કોચ ઉપર શું લગારયું?

ભીખી (જે ગામથી નવીજ આવેલી હતી)—બાઇ, એ તો બીલારી ઉપર બેહી બેહીને ખરાબ કરી નાખે તે હારૂં જરા હરકામાં રાઈ ચહરાવીને ચોપરી કહારી કે તેના વાહથી હુપા પલંગરી ઉપર બેહે નહીં.

---

બે મીત્રો એક બીજા સાથે વાત કરે છે.

પહેલો—ભાઇ, તમે પેલા ડાકટરને પોતાની દીકરીને જવાન એરચ સાથે પરણાવવાની કેમ સલાહ આપી?—કારણકે તે જવાન પગથી તે માથાંસુધી કરજમાં ડુબેલો છે.

બીજો—ભલા માણુસ, તને ખબર નથી કે મારાબી રૂ. ૫૦૦ તે જવાને લીધા છે, તેથી જો તે એકુ ગબર સસરાની છોકરી સાથે પરણે તો મારા રૂપીઆ પાછા મલે.

---

## સાખુ મુકાલીઓ.

બાપુજીએ જાંહાંગીરજી પાસેથી રૂ. ૨૫ ઉછીના મંગાવ્યા. જાંહાંગીરજીએ રૂ. ૨૫ને બદલે રૂ. ૨૪ મોકલ્યા. એનું કારણ બાપુજીએ પુછાવ્યું તેના જવાબમાં જાંહાંગીરજીએ લખ્યું કે "આએ પચીસ રૂપીઆ પાછા મંગાવવા સારૂ ઓછાંમાં ઓછાં એકસો કાગળ લખવાં પરશે તેના ટપાલ ખરચ સારૂ રૂ. ૧ અગાઉથી કાપી લીધો છે!"

## નફટાઈ કે શું!

મીસીસ બરજોરજી—ડીઅર, ગયાં વરસની માફક આએ વરસે પણ માથેરાન જઇશું કે? કારણકે બીજી બધી જગ્યાઓ કરતાં માથેરાન મને વધારે પસંદ પડે છે.

મી० બરજોરજી—નહીં, વ્હાલી, તાંહ જો આપણે આએ વરસે પાછાં જઇશું તો મારા માગનારાઓ એટલા બધા છે કે જરૂર મને મુંબઇના કીલ્લાની હવા ખાવા પાછો જલદી મોકલાવશે, વાસ્તે બીજે કેઠે ઉતરી પડયે.

---

કુકાદારૂ (નીશાળીઆને)—એમ આવ શોકરા, મેં તુંને બાર મહીનાનાં નામ શીખવ્યાં તે બોલી જા—જોઇયે.

નીશાળીઓ—ફરવરદીન, અરદીબેસ્ત, ખોરદાદ, તીર, અમરદાદ, સેહરેવર.

કુકાદારૂ—શાલ, બરાબર બોલ્યો. એમ આવ, રૂસતમજી, બાકીના શ મહીના તું બોલીશા.

બીજો નીશાળીઓ—મેહેર, આવાં, દેહ, બહમન, અસપનદારમદ.

કુકાદારૂ—કેમ, બરાચા, એક મહીનો કેમ ભુલી ગીઓ (એક પટકો મારીને) તારી માએ કીયા મહીનામાં ઉડવારે જાએશ?

બીજો નીશાળીઓ—સાહેબ, જે મહીનામાં કનીઆ ને ધીવારાના આંકરા ઘણા ચહરી જનયછ તે મહીનામાં!

# પરણેલી જીંદગીના સફા.

(૧.)

ધણીઆણી—શાપુરજી જરા પેલી પટેટાની રકાબી આપો તો.

શાપુરજીએ રકાબી આપી, જે ખળખળતી હોવાથી ધણીઆણીએ ચીસ પાડીને નાંખી દીધી, અને તે ભાગીને કટકા થઇ ગયા.

ધણીઆણી—તમે તો ખરેખરા ગધેરા છેઓ !

ધણી—હારે, જયારે આપરાં લગનની સરટીફીકેટ લેવા હું ગયો તારે તમારૂં નામ વાંચી રેજીસ્ટ્રારેબી મને એમજ કહ્યું હતું.

(૨.)

ધણી (લગનને બીજે દહાડે)—ચાલ બોલ, પ્યારી, આપરે પહેલાંથી સમજુતી કરયે તો સારૂં. તું આએ ઘેરની સરદાર કે નાયબ સરદાર ?

ધણીઆણી—નહીં, વહાલા, મારે તો સરદારબી નથી થવું ને હાકમબી નથી થવું. આપણુને તો એક ઘણોજ નહાલો ઓહ્દો જોઇએછ.

ધણી—તે શું ?

ધણીઆણી—ખજાનચી !

(૩.)

ધણીઆણી—તમે એખલા નાટકમાં ગીઆ તે તમુને

આળશ નહીં આવી ! બઈરીને બઇરી કરીને ગણે નહીં તારે બઇરી કીધી શું કામ ?

ધણી—અરે, વહાલી, એમ બોલવું તુંને ઘટે ? તું ને હું મળીને એકજ છૈએ કેની—એટલે હું ગીઓ તે તું ગીઆ બરાબરજ થયું.

બીજે દહાડે રાતના ઠંડી સખત પડતી હતી ત્યારે ધણીઆણી એકપુરી સુજની સારીપેઠે વીટાળીને સુઇ ગયાં.

ધણી—રાંડ ! મને ઓઢારની તો—હું તાહાડે મરી આલ્યો નો!

ધણીઆણી—અરે વહાલા, એમ બોલવું તમુને ઘટે! તમે ને હું મળીને એકજ છૈએ કેની—એટલે મેં ઓઢયું તે જાણે તમે ઓઢયું !

---

## અક્કલ બરી કે ભેંસ !

પીરોશા એસકા મીજલસમાં બેસી પોતાના સફેદ નરમ હાથની ઘણી વડાઇ કરતા હતા. "તમે સમજોછ," તેવણુ સમજાવવા લાગ્યા, "હાથ નરમ અને પોચા કેમ રાખવા તે ?"

"નહીં."

"હું રોજ રાતના સુતી વખત હાથને ફ્લાનલમાં લપેટીને સુવુંછ."

"હેં !" પીરોજબાઈ બોલ્યાં, "તારે જાંહાં છે તાંહાં તમે તમારૂં માથુંબી ફ્લાનલમાં લપેટીને સુતા હોશો, કેમજે તમારૂં ભેજું——"

પણ અહીયાં કોઈએ વાત ફેરવી નાંખી.

## સોરાબજીની ધીરધાર કેમ વધી.

સોરાબજી—ભાઇ ફરામજી, મને નાણાની ઘણી જરૂર છે, વાસ્તે મહેરબાની કરી એક પાંચસો રૂપીઆ આજે ઉછીના આપો, હું દશ દહાડામાં પાછા આપીશ. હું ઉમેદ રાખું છ કે મારા જુના દોસ્ત દાખલ તમો મને ના નહીં પાડશો.

ફરામજી વકીલ—હું ઘણો દલગીર છું કે મારેથી બને તેમ નથી.

સોરાબજી—નહીં, ફરામજી, મને ઘણી અગત છે—કંઇબી કરીને મને આપો; હું દશ દહાડામાં જરૂર પાછા આપીશ.

ફરામજી વકીલ—દશ દહાડામાં તમો કેમ પાછા આપી શકશો, સોરાબજી?

સોરાબજી—ભાઇ, મારા એક જણપર રૂ. ૧,૦૦૦ લેહેણા છે, જે તેણે મને આજથી દશમે દહાડે આપવા કહ્યા છે, અને વળી મારી સુરતથી એક હુંડીબી આઠ દહાડામાં આવવાની છે, તેમાંથી જરૂર હું તમોને પાછા આપીશ—જરૂર.

ફરામજી વકીલ—ઠીક છે; પણ, સોરાબજી, આજે તો મારી પાસે રૂપીઆ હાજર નથી. તમો મારા નીશાળના દોસ્ત છેવો તેથી તમોને મદદ કરવાની મારી મરજી છે, પણ આજે મારેથી બને તેમ નથી. તમે છ દહાડા પછી આવશો તો હું તમને આપી શકશ.

સોરાબજી ઉપકાર માનીને ઘર ગયા.

છઠે દહાડે સોરાબજીને સહવારનાં પહોરમાં પાછા આવતા જોઇ

ફ્રામજી વકીલે તેવણને ઘણો સારો આવકાર દીધો, ને બોલ્યા, "ભાઇ, શેરાબજી, તમે પેલા રૂપીઆ લેવા આવ્યા હશો, પણ ઘણોજ દલગીર છું કે તે આજે બનશે નહીં. તમે જરૂર ચાર દહાડા પછી આવજો." (સોરાબજી ઉમેદમાંજ જાય છે, અને ચાર દહાડા પછી વાએદા પ્રમાણે પાછા આવી માંગનાર પેઠે ઊભા રહે છે.)

ફ્રામજી વકીલ (ઝડપમાંજ)—આવો સોરાબજી, કેમ તમે તસદી લીધી? અં હં! પેલા રૂપીઆ સારૂ આવ્યા હશો? પણ, થોભોની, તમે પહેલે આવ્યા હતા તેને આજે દશ દહાડા થયા, ને હવે તમારી ઉઘરાણીના રૂપીઆ એક હજાર આજે આવશે. વળી તમારી સુરતની હુંડી આઠ દહાડામાં આવવાની હતી તેબી પરમદહાડેની આવી હશે, વાસ્તે હવે તો તમને મારી પાસે ઉછીના લેવાની જરૂર રહીજ નહીં. સાહેબજી, મને જરા કામ છે—માફ કરજો!

સોરાબજી ખશયાણા પડી ચાલતા થાય છે.

* * * *

પાંચ સાત દહાડા વચમાં જવા દઈ સોરાબજી પાછા ધરપચમાંજ ફ્રામજી વકીલને મલવાનું માન આપે છે.

સોરાબજી (ફરામજી ઠંડે પેટે બેસી રહ્યાછ તેવણનો હાથ ખેંચીને તેમની ખુશી ઉપરાંત 'શેકહેન્ડ' કરીને કહે છે)— પ્યારા દોસ્ત, તે દહાડે તમારી ધારણા મુજબ મારા રૂપીઆ આવવાથી મને સગવડ થઇ હતી, પણ વળી આજે મને

એક હજાર રૂપીઆની ઘણી જરૂર છે, અને આજે તો મને તમોએ આપવાજ જોઈશે—હું કાલે જરૂર પાછા આપીશ.

ફરામજી વકીલ—સોરાબજી, હું ઘણો દલગીર છું કે મારેથી બનશે નહીં. મારો કાયદો છે કે કોઇને નાણું ધીરવું નહીં, અને અગત કરીને તમારા જેવા દોસ્તને તો ધીરધાર કરૂંજ નહીં, કેમકે ધીરધારથી દોસ્તીમાં ખલલ થાય છે, અને તમારી સાથની દોસ્તીમાં એવી ખલલ થાય તો હું ઘણોજ દલગીર થાઉં; કારણકે તમે મારા નાનપણના દોસ્ત છેઓ. માફ કરજો હો કે મારો કાયદો હું તોડી શકતો નથી, નહીં તો તમને કદી ના પારૂં નહીં—તે તમો જાણોચ. તમારૂં બીજું કંઇબી કામ હોય તો મને સુખે ફરમાવજો.

સોરાબજી—કંઇ નહીં, ભાઈ, રૂપીઆ તો મને બીજે ઠેકાણેથીબી મલશે, પણ તમે મને મદદજ કરવા માગોચ તો ગામમાં મારી આંત સુધરે તેવું એક કામ તમારેથી બને તેમ છે.

ફરામજી વકીલ—પણ તે શું છે, સોરાબજી?

સોરાબજી—જરા ગામમાં વાત ચલાવશો કે મને એક જબરદસ્ત મોટો વારસો મળ્યો છે?

ફરામજી વકીલ—પણ કોણનો વારસો?

સોરાબજી—અરે કોઇનોબી કહેશો તો ચાલશે.

ફરામજી વકીલ—પણ બાપુ, તમારૂં એવું કોણ હતું કે તેનું નામ દેઉં?

સોરાબજી—અરે કંઈ નહીં રે, સાહેબ, કોઈનુંબી નામ સુધમમાં

અરાવજોની—તમને કોણ પુછવાનું છે. તમે જાણોચ તો ખરા કે મેં મુસાફ્રરી ઘણી કીધી છે, તેથી તમે કહેશો કે એક બંગાલી બાબુનું, અથવા એક આઉદના જમીનદારનું, અથવા અમેરીકાના ઇન્ડયનનું નામ દેશો તો ચાલશે.

ફ્રરામજી વકીલ—ઠીક છે, પણ તે કામ બજાવવાનું માન મનેજ કાંય આપવા માગોછ ?

સોરાબજી—જોઓની, ભઈ, એક તો તમે મારા જુના દોસ્ત પડયા, અને બીજું તો તમે વકીલ છો, તેથી તમે વીલની નકલ મારી પાસે આવેલી જોઇ અને મેં તમારી સલાહ લીધીછ એમ તમો કહી શકો.

સોરાબજી શીધારયા, અને ફ્રરામજી વકીલે પોતાના મીત્ર મહેરવાનજી બારીસ્ટર આગલ સોરાબજીની પહેલે દહાડેની પોતે તાડાં પાણીએ કહાડેલી કાસરની તથા હમણાની બેહાઇભરેલી વાત કરી અફસોસ બતાવ્યો.

મેહરવાનજી રમુજી હતા. તેવણે તોર શોધી કહાડયો કે ઠીક છે, જયારે એવણુની ખુશીજ છે કે એવણુને જબરદસ્ત વારસો મળવાની આપણે વાત ઉરાડવી તો આપણે કાંહાં ના છે? આપણે વાત બહાર પાડયે કે આફ્રરીકાના હરધા ખંડના કાફ્રરી રાજા સોરાબજી ઉપર ખુશાળ થઇ જવાથી પોતાની સીદ્દન બેટીને તેવણુ સાથ પરણાવા માગે છે અને આખો આફ્રીકા ખંડ તેવણુને આપી દેવા માગે છે. પણ સોરાબજી વીશે રશીઆના શહાનશાહને ખબર પડવાથી તે સોરાબજીને પોતાનો

વારેસ કરવા ઈચ્છે છે, અને આ કારણથી આ બે રાજવાળાઓ વચ્ચે મોટી લડાઇ ઉઠવાની વકી છે.

કેમ, સોરાબજીને મનમાનતો વારસો મળ્યો કેની?

આ પ્રમાણે ઠરાવ કરી તેઓએ વાત ફેલાવી. તે એટલીતો હોહા થઇ ગઈ, અને સોરાબજી ઉપર લોક એટલું તો હસવા લાગ્યું કે સોરાબજી જયાંબી રૂપીઆ ઉછીના લેવા જાય ત્યાંથી બરડે પાણી લઈ ઉતરવું પડે, અને તે દહાડેથી તેવણે ફરામજીનો પીછો મુકયો છે.

---

## બગીઉં એ દરદ તમને કે દહારથી લાગું?

સુનાબાઈના હાથ પાક નહીં હતા, અને એક કામની ચીઠી લખાવવાની જરૂર પડી, તેથી પોતાના ભાઇ દોરાબને બોલાવી કહ્યું, "બા, ફુઇની મોટીબાઇને એક બે આંકડા લખી આપ."

દોરાબ લખવા બેઠો, અને નીચે પ્રમાણે લખ્યું:—

"બેનજી મોટીબાઇને માલમ થાયજે તમારી ચીઠી પુગી, પણ મારા હાથ પાક નહીં હોવાથી કાલે મારેથી આવવાને બનશે નહીં."

આટલી ચીઠી લખી નીરદોશ દોરાબ, જે બીચારો તેર વરસની ઉમ્મરનો હતો, તેણે પોતાની બેનની સહી કરવાને બદલે લખ્યું: "લખતંગ તમારો દુવાગીર ભાઈ દોરાબ."

મોટીબાઇ, જે ઘણાં રમુજી હતાં, તેવણે પાછો નીચે પ્રમાણે ઉત્તર લખ્યો:—

"પ્યારા ભાઈ દોરાબ,—તમારા હાથ પાક નથી એ સાભલી હું ઘણીજ દલગીર છું. બગીઉં એ અભાગ્યું દરદ તમને કે દહારથી લાગુ પડ્યું?

લા૦ બેન મોટીબાઈની દુવા વાંચજો."

## ખોટી આપ વડાઈ.

આલી ઈત્તર લગાર ખુબસુરત હતી, અને તે ખુબસુરતી લાખગણી વધારી મેલે એવાં નખરાંની તે ધણીયાણી હતી, એટલે જેમ દીવા તરફ પરવાના ખેંચાય તેમ ફાંકડા જવાનીયાઓ તેણી તરફ ખેંચાઇ આવતા હતા. પોતાની તે ફતેહ માટે સહીમીતીઓ આગળ બડાઇ મારવાની અને તેમની અદેખાઇ ઉસકેરવાની એકબી તક આલી જવા દેતી ન હતી;— અકસર કરી પોતાની ભેજાંફાટેલ પડોશણ કુમલી કડકને તે એવી વાતોથી ઘણો કંટાલો આપતી. કુમલી અરધો બાધો અને અરધાનો ખુરદો ચુકાવી આપે તેવું માણસ હતું, પણ આલીને હજીસુધી પોતાની જીભલીનો ચચરાટ ચખાડયો ન હતો. એક દીવસે શું બન્યું તે જુઓ. આલી એક દહાડે કુમલી આગળ વાત લઇ આવી, "મરેરે, કુવરબાઇ, તમે માનશો કે? ખોદાયે આપુને રૂપ આપ્યું તેમાં કંઇ આપરે ગુનેહગારી કીધી? કાલે પેલા સપલશાહ ડાકટરને તાંહાંનાં લગનમો ગેઈતી, તે મરે કંઈ એવો મને કંટાળો આવી ગીઓ કે મારૂં ચાલતે તો ખાધા વગર ભુખીજ ઘેર ચાલી આવતે. સપલશાહના કાકાનો પેલો જરા ગોરો ને રૂપાલો જેવો દીકરો છે કેની તે છોકરાં પણવા બેઠાં તે વખતે બસ બધાંને પડતાં મુકીને કંઇ મને ને મનેજ ટીકયા કરે. મરે મને તો એવી શરમ લાગી કે બસ પુતલાંની કાની હીલ્યા ચાલ્યા વગર નીચી મુંડીએ બેસીજ રહી!"

"તારૂં ભલું થાયરે તારૂં, આલાં! નકામી કાંય શરમાઇને અરધી થઇ ગેઈ? તે તો બીચારો રતાંધલો છે, તેથી રાતે

તેને કંઈ દેખાતું નથી. તારીપર તે મોહી પડયો એમ તું સમજી કે? પેલા કાવસશાહ વકીલની સીધન આયાબી તે દહારે એમજ ઠગાઇને રાંડ પોતાની બાઇ આગળ ફરીયાદ કરવા ગેઇતી કે મને તો ડાકટરના સગાએ આંખ મારી!"

આલી ઈત્તર હવે કુંવરબાઈ આગળ કદીબી બડાઇ મારતી નથી.

---

## સસતું—પાણીને મુળે લાયો.

ફરદુનજીને એક ઘણીજ ભુંડી આદત છે કે જ્યાંબી લીલાંઉ હોય ત્યાં ઉતરી પડવું, અને આએબી સસતું છે—અરર, આએ તો પાણીને મુળે છે—એવું ધારી જે મળે તે હોરી લાવવું. આ પ્રમાણે હોરત હોરી ફરદુનજીએ પોતાનું આખું ઘર મુરદાંનાં માલથી ભરી કહાડયું છે. આ વીશે ફરદુનજી અને તેની બાયડી બમનબાઇ વચ્ચે વારેઘડીએ ચકાચકી ચાલ્યા કરે. બમનબાઇ હમેસ તુફાન કરે કે તમે નહીં જોઇતી ચીજ નકામી હોરી લાવોછો તેમાં ફાયદો શું. પણ ફરદુનજી જવાબ આપે કે, "પણ આએ અસલ માલ ૮૦ રૂપીઆનો તે ૨૮ રૂપીઆમાં લાયોની."

આ પ્રમાણે ઘણીવાર ચાલ્યા પછી એક દહાડે બમનબાઈ ઘણીજ કાયર થઈ ગઇ, એટલે હરૂસે થોડુંક ઘણુંજ નકામું ફરનીચર લીલાંઉખાનામાં વેચવા મોકલ્યું. પણ સાંજના તેણીની અચરતીનો શો પાર! તે ફરનીચરમાનું ઘણુંખરૂં પાછું હેલકરીઓ ઉંચકી લાવ્યા. થોડી વારમાં ફરદુનજી હરખાતા હરખાતા આવ્યા, " ડીયર, આજે જે મેં માલ

લીધોછ તેથી તુંબી ખુશી થશે. બચારા કોણ જાણે કોણ દીવાલીઆનો હશે! પાણીને મુલે હાથમાં આવ્યો!"

બમનબાઇ અલબત પરદુનજી ઉપર પુરો મુકીને બેઠાં.

---

## લાગીએ લગન તું જસે, છોડા કોણ શકિગા.

ડીઅન સ્વીફ્ટ, જે આઇરીશ બીશપ હતો, તે એક દહાડે ફરતાં ફરતાં વરસાદ આવવાથી મોટાં ઝાડની નીચે જઇ ઉભો. ત્યાં જોયછ તો ચાર પાંચ છોકરીઓ તુફાન નરમ પડવાની વાટ જોતી ઉભી હતી, અને તેમની સાથે એક જુવાન પુરૂષ પણ હતો. આ મધેની એક છોકરી ડુસકે ડુસકે રડતી. કારણ પુછતાં જણાયું કે આ છોકરી ઉપલા જવાન સાથ પરણવા સારૂ દેવલમાં જનાર હતી, પણ વરસાદ અને તુફાને તેમને આ પ્રમાણે ઝાડ નીચે અટકાવી પાડયાં હતાં.

સ્વીફ્ટે કહ્યું, "પણ, રડેછ શું કામ?—લે આવ, હું તુંને પરણાઉં." એમ કહીં પોતાની બાઇબલ ગજવામાંથી ખેંચી કહાડી. અને આશીરવાદ ભણી આ જોડાંને તાંહાંના તાંહાંજ પરણાવી દીધાં. અને પછી તેજ બાઇબલનું પાનું ફાડી કહાડી પેનસીલથી પોતાને હાથે નીચે પ્રમાણે લગનની સરટીફીકેટ લખી આપી:—

"તુફાને વધારયું નકામું વધન,
ઝાડોની છાંયામાં કીધાં લગન.
માટી ને બઈયર કીધાં ઓસ્તવાર,
ચીંતા ન રાખશો હવે તમ લગાર.
જોડું એ કોઈ કાલ તુટી શકશે નહીં,
એની જમાનતમાં ડીન સ્વીફ્ટની સહી."

## અઠંગ જુગારીઓ.

જુગારની બાબદમાં યુરોપથી ચઢીયાતું બીજું કોઇ નથી. મોન્ટી કારલો ખાતે જે મસ મોટું પાદશાહી જુગારખાનુ છે તાંહાં એક અરધો કલાક જોવા ઉભા હોઈયે તો લખ્ખો રકમની હાર ઝીત થાય છે. પણ સર્વે જુગારીઓમાં ઈંગ્લાંડ સરદાર છે. પારલામેંટનો નામીચો ભાષાણકર્તા ફાક્ષ જબરદસ્ત ખેલાડી હતો, અને પાનાં રમવામાં હજારો પૌંડ ઉડાવી દેતો; તે એટલા સુધી કે લાર્ડ હાલંડે તેને વારસામાં પંદર લાખ રૂપીઆની રકમ આપી તે સઘળી જુગાર ખેલીને ખોઇ નાખી.

માર્કવીસ આવ ડરાગીડાએ પોતાની સઘળી દોલત બરબાદ કરવા ઉપરાંત બીજા બે ચાર વારસા જુગારમાં પસાર કરી નાખ્યા. સેવટે એવી હાલતે આવી પહોંચ્યો કે ત્રણ ત્રણ મહીને ન્હાનું લવાજમ મલતું તેપર રહેવું પડયું. પણ શું તેને જુગારનો લખ હશે! જેવું આ લવાજમ હાથમાં આવ્યું કે 'ઓલી' ફેંકવા દોડી જતો. આ ખોયા પછી તે અલબત દહાડાના દહાડા સુધી ભુખો રહેતો.

લાર્ડ શેનેટ વરસ દહાડે પાંચ લાખ રૂપીઆ જુગારમાં ગુમાવતો હતો.

લાર્ડ રાબર્ટ સ્પેનસર, બ્રુક્સ નામનાં જાણીતાં જુગારખાનાંમાં ભાગ રાખી વરસ દહાડે રૂપીઆ દશ લાખ ગાંઠે બાંધતો હતો.

વાહાઈટ કલબમાં લાર્ડ કારલાઇલ ફક્ત એક સાંજમાં

એક લાખ રૂપીઆ હારી ગયો, અને તેની સાથે બેઠેલો એક ડયુક ત્રણ લાખ ને વીસ હજાર રૂપીઆ જીત્યો.

કહેછે કે જનરલ સ્કાટ નામનો એક અમલદાર ફક્ત પાનાં રમવામાં વીસ લાખ રૂપીઆની દોલત જીતવા પામ્યો હતો.

શેલટન નામના એક નામીચા જુગારીએ પોતાનું સરવસ્વ ખોઈ દીધું, પણ જુગારનો લખ મટયો નહીં, એટલે મહોલ્લામાં જે મળે તેની સાથે 'છાપ કે કાંટો' ઉરાડવા લાગ્યો. આ પ્રમાણે કરતાં અંગપરના કપડાંબી પસાર થઇ ગયાં, ત્યારે પોતાની જીંદગી ઉપર સરત બકી, અને તેમાંબી હારયો એટલે રસ્તામાં બતીના ખાંબ ઉપર ફાંસી ખાઈ આપઘાત કીધો.

ઝેટીસકાઈ નામના એક નાટકીએ ઠરાવ કીધો કે જુગાર રમી પૈસો એટલો એકઠો કરવો કે તેમાં 'ગબડી શકાય.' આ પ્રમાણે ખુબ નાણું પેદા કરી તેના સઘળા સોનાના સીક્કા ભોંય ઉપર પાંથરી તે ઉપર ખરેખર ગબડયો. પણ પછી વધુ ખેલતાં આ સઘળું ઘસડાઇ ગયું એટલે રસ્તે ચાલતાં સર્વે પાસે પોતાના મહોડાં ઉપર તમાચા મરાવતો હતો.

ડયુક આવ કવીનસબરીને મરવાનો છેલ્લો સમય આવ્યો ત્યારે તેની ખુશીથી હજુરીઆઓ ઉંચકીને જુગાર ખેલવાની ટેબલ ઉપર લઇ ગયા, જ્યાં જીવ ઉડી ગયો ત્યાંસુધી તે રમ્યો.

આગરામાં જુગારનો લખ ત્યાંના ગરીબ લોકમાં ભારી છે. રસ્તે ચાલતો સાધારણ મજુર પણ બે આની કહાડી કહેશે

કે 'છાપ કે કાંટો'—હારૂં કે ઝીતું. રમકડાં વેચનારાઓ હાટલમાં આવે અને એકાદ જણુસ સારૂ ભાવમાં બે આનાની કલાક સુધી માથાંફોડ કરે, પણ જો આપણે સુચના કરયે કે બે આની ઉરાડયે—છાપ પડે તો બે આના વધારે આપું ને કાંટો પડે તો સામા બે આના ઓછા આપું—તો તૈયાર!

---

## હીકમતની નજદીક હીંમત હારે.

હેદરાબાદમાં એક મુસલમાને એક ગધેડાને ગુલેસ્તાન વાંચતાં શીખવ્યો, તે એવી રીતે કે ગુલેસ્તાનનાં દરેક પાનાંમાં અકેક રોટલાનો ટુકડો મુકે એટલે પેલો ગધેડો અકેક ટુકડો ખાતો જાય અને વાંચતો હોય તેમ પાનાં ઉઠલાવે. આ વાતની નવાબ સાહેબને ખબર પડવાથી પેલા મુસલમાનને પોતાની હજુરમાં બોલાવ્યો અને ગધેડું ગુલેસ્તાન કેમ વાંચે છે તે પેલા મુસલમાનને દરબારમાં દેખાડવા ફરમાવ્યું.

મુસલમાન ગધેડું લઇ દરબારમાં આવ્યો, અને રોટલીના ટુકડા મુક્યા વગર ગધેડાની આગળ ગુલેસ્તાનજ મુકી. ગધેડાએ ગુલેસ્તાનનું આખેર સુધી દરેક પાનું ઉઠલાવ્યું, અને રોટલી નહીં મળવાથી મોટે સાહાદે દરબારમાં ભુંકવા લાગ્યું. તુરતજ મુસલમાન દરબારમાં ઉભો થયો, અને કહેવા લાગ્યો કે "હઝરત સલામત, ગધ્ધેને કીતાબ પઢ ચુકા; અબી મુંસે સબ મતલબ કહેતા હય!"

## " બીએ સુર. "

શહાનશાહ અલેકઝાન્ડર ધી ગ્રેટને એકવાર ફાંટો આવ્યો કે પોતાના દરબારીઓમાં દારૂ પીવાની સરત મુકાવવી, અને જે ઝીતે તેને ૨,૫૦૦ રૂપીઆનું ઈનામ આપવું. આ સરતનું પરીણામ એ નીપજ્યું કે પાંત્રીસ દરબારીઓ દારૂ પી મરણ પામ્યા, અને પોમાચીસ નામનો ઉમરાવ જે સરત જીત્યો, અને જેણે એક તડાકે પંદર બાટલી દારૂ પીધો હતો, તે ચાર દહાડા રહી મરણ પામ્યો.

---

## સમજે તેનું મહોત.

ગામડીઓ (લાકડાંના પગવાળાને)—હે ભાય ! તારો આ પગ લાકડાંનો કેમ થીએલો ?

લંગડો—મેર રાંડના, આટલુંબી નહીં સમજી મરતો ! મારા બપાવાનો લાકડાંનો પગ હતો, મારો બાપ જનમ્યો તેને પણ લાકડાંનોજ હતો, ને મને પણ છે; અને મારે પેટે થશે તેનેબી લાકડાંનોજ પગ રહેવાનો !

---

ડાકટર (દરદીને નાહકનો પાંચ છ કલાક ખોટી કીધા પછી) —કેમ તમુને શું થાયછ ?

દરદી (જે ઘણો ચીરડાઇ ગયો હતો)—મને તો એવું થાયછ કે જાણે તમારો તોટો પીસું.

## ડોસી બોલતી ના, તો કહે નારે બાપા.

ચાર હોરાજીઓ—બદરૂદીન, કરીમભાઇ, આદમજી, અને ઇસાજી—એક દહાડે ચાર પઇના મમરા લઈ દરયે કીનારે નીમાજ કરવા ચાલ્યા. એકાંત જગા જોઇને મમરાનું પોટલું બાજુ મુકી દરેક જણ કપડું બીછાવી નીમાજમાં મશગુલ થયા. એટલામાં એક બકરી આવી લાગી, અને મમરાનું પોટલું કરડવા લાગી. બદરૂદીને એ જોઇ નીમાજ પઢતાં પઢતાં 'હાત' કરી બકરીને હંકાલવાને માટે અવાજ કીધો. એવામાં કરીમભાઇ પણ 'હુશ' કરી બોલી ઉઠયા. આ જોઇ આદમજી બોલ્યા, "આ તમે નમાજ પઢતાં વાતો કરી, માટે તમને ફીરીથી કરવી પડશે." એ ઉપરથી ઇસાજી બોલ્યા, "તમે તરણે એ વાતો કરી પણ બંદો બચો!"

---

વકીલ જમશેદજીએ એક દીવસ પોતાના પંથકી સોહરાબદારૂને પુછયું કે "સોહરાબદારૂ, જો શહેતાન અને ફરેસ્તા વચ્ચે કંઇબી ભાંજગડ થાય, અને તે કેસ જો તમારી પાસે આવે, તો કોણ જીતે વારૂ?"

સોહરાબદારૂ—વરી કોણ, શહેતાનશ તો.

વકીલ—કાંય? કાંય?

સોહરાબદારૂ—કાંયકે બધા વકીલ બારીસ્ટરો પોતાના મુરબ્બી શહેતાનનીજ તરફેણ કરવા ઉતરી પરે. કંઇ તે લોકો ફરેસ્તાની તરફેણ ખેંચવાના છે?

## દેખતે અંધે.

એકવાર અકબર પાદશાહે દરબારમાં એવું કહ્યું કે જે કોઇ શખ્સ દેખતા અંધાને મારી હજુરમાં લઇ આવે તેને મોટું ઈનામ આપું. એ કામ બીરબલે માથે ઉઠાવ્યું, અને એ કામ સારૂ દસ દહાડાની મહેતલ માગી. બે ત્રણ દહાડા પછી ચોગડીયું એવું બન્યું કે બીરબલ પોતાનો ઓરડો લીપતો હતો એવામાં એનો દોસ્ત આવી લાગ્યો અને પુછવા લાગ્યો, "ક્યું, બીરબીલ સાહેબ, ક્યા કરતે હો." બીરબલ એક બોલ પણ બોલ્યા વગર તેને શાહની હજુરમાં લઈ ગયો, અને શાહને તમામ કેફીયતથી વાકેફ કરી ઇનામ લઇ ચાલતો થયો.

---

શેઠનો મીજાજ ગીયેલો છે (કલાર્કને)—તું મારૂં કહ્યું માનતો નથીની? કામકાજમાં કાંઇ ધીઆંન આપતો નથી. વરી આખી રાત પીઠાંમાં ભરાયો હશે.

કલાર્ક—નહીં, સાહેબ.

શેઠ—નહીં, સાહેબ, શું! હા, સાહેબ! આએ તારો ડગલો ઓળવ્યોછ તે સાપ મોવરૂં મોવરૂં વાસ મારેછ.

કલાર્ક—અરે નારે, સાહેબ, એ તો——

શેઠ—ચપ! મુગો રેહ—શું તારૂં નાક છે કે ખુપરો? આએ ડગલો તમામ મોવરાંથી ગંધાયછ. છીટ! છીટ! છીટ! અંહંહંહં! તોબાહ!

કલાર્ક—પણ, સાહેબ, બેઅદબી માફ છે—એ ડગલો તો તમારો છે—મારો નથી!

## ભણ્યા પણ ગણ્યા નહીં.

બેરામશાહ વકીલ, જેવણુ તરતનાજ પસાર થયા હતા, તેવણુ સાક્ષીને તપાસતાં બોલ્યા, "વારૂ તારે તમે બંધવાનું આખું ઘર તપાસી જોયું? તારે ઘરમાં શું શું જોયું?"

સાક્ષી—ઘરમાં કંઈ જોવા લાયક નહીં હતું; જેમ કવી દલપતરામ દાહ્યાભાઇ કહેછ તેમ "વાંસ ફેરવે તો વાંસજ નડે" તેવું છે.

વકીલ (તોરમાંજ જડ્જ તરફ ફરીને)—મારા લાડૈ, હું કવી દલપતરામ દાહ્યાભાઈપર સમન લેવા માંગુંછ. એ ધણી કોણ છે તેની મને ખબર નથી, પણ તેને મારા કુલના ઘરમાં દાખલ થવાની કશી સતા ન હતી.

કોર્ટમાં હસાહસ!

---

મારૂં ઘેર બંધાતું હતું ત્યારે હું હંમેસ તપાસને માટે જયા કરતો, અને આસપાસ સામાન બેદાદ પડયો હોય ત્યારે ઘણી ફરીયાદ કરી ઉંચો મેળાવતો. એક દહાડે જોઉંછ તો કેટલાક ખીલા ધુળ મટોડાંમાં પડયા હતા, અને જરૂર ગુમાઇ જતે. મેં મુકાદમને બોલાવી કહ્યું, "ભાઇ, આએ ખીલા ઉપાડી બાજુએ મુક, નહીં તો જરૂર ગેબ થઇ જશે." મુકાદમે બે હાથે સલામ કરી જવાબ દીધો, "અરે નારે, સાહેબ, ગેબ તે કેમ થઈ જતા'તા. એકેએક પાછા બીલમાં વીગતવાર આવશે."

## શાકને શાન નહીં.

શેઠ—એમ આવ, દોલા, તેં ચોરી તો મોટી કીધી, પણ જારે તેં મને માફીપતરજ પસતાવો ખાઇને લખી આપ્યું તારે હું તુંને માફ કરૂંછ. ખબરદાર! જો હવે એવી ફરીયાદ મારા કાનપર આવીછ તો.

દોલો (કાલાવાલાની ધપે)—મને માફ કીધો તો મોટો ઉપકાર થયો, સાહેબ. પણ સાહેબ, મેં માફીપતર જે તમુને લખી આપ્યુંછ તે મહેરબાની કરી ફારી નાખતા ના.

શેઠ—કાંએ વારૂ?

દોલો (નીચું જોઇને)—કાંએ કે સાહેબ, બીજી વખત કદાચ કામ પડે તો વરી નકલ કાંહાં લેવા જવશ!

---

લગનને ટાંકણે ખરચ ઘણો થાય છે એ વાતથી બરબડતાઓને ધીરજ આવે એવી વાત!

ઇયોવા શહેરમાં નીચે પ્રમાણે લગન થયાં:—વર અને કન્યાને સામાસામી હાથમાં હાથ આપીને ઉભાં રાખ્યાં પછી લગન કરનારે પુછ્યું, "લે ચાલો, બોલી જાઓ, તમે એક બીજાપર રાજી છો?"

"હાજી," બેઉએ જવાબ દીધો.

"તારે જાઓ, આજથી તમે ધણી અને ધણીયાણી." લગનની ક્રીયા ખલાસ!

## ડ્રેસના ફાંટા.

વીસ વરસની વાત ઉપર ફ્રેંચ બાનુંઓને સાંપો પાલવાનું ચેટક લાગ્યું હતું. શાહાજાદી ડી લા ટુર ઓવરને પોતાનો એક માનીતો સાંપ પોતાનાં ગજવામાં રાખતી હતી. આથી તેણીનો ભ્રથાર અને દોસ્તો બહુ ખીજાતા. અંતે પોતાના માનીતા સાંપને ખાતર આ બાનુંએ તેમની દોસ્તી તોડી.

મેડમ મુસાડે પોતાના લખ્ખો રૂપીઆના દાગીનાઓની વચમાં એક જીવતો સાંપ ગળે વીંટાળી આવતી હતી. જયારે તેણી નાટકશાળામાં આવતી હતી ત્યારે હજારો લોક નાટક જોવાનું છોડી દઇ તેણીના ગોરાં ગળાં ઉપર રમતો આ સાંપ જોયા કરતાં હતાં.

કાઉનટેસ ડી વીલેનોવ કેટલાક મહીના સુધી પોતાના ગળાં ઉપર એક મોટી કસારી બાંધી આવતી હતી. આ કસારી જે જીણી સોનાની સાંકળીએ બાંધી હતી, તે તેણીના ખુલ્લાં ખભાં ઉપર એમથી તેમ ફર્યા કરતી, જેથી તમાસગીર લોક બહુ કમકમતું હતું.

---

## બઇરીના ગુણની ટીપ.

દોસ્ત—કેમ, પેસુભાઈ પરવારતા, હજુસુધી કુમારાજ કે? પણુતા બનતા નહીં કે?

પેસુ—અરે હું માગુંછ તેવી બઇરી કાંહાં મળેછ?

દોસ્ત—અરે બાપુ, એવી તે કેવી બઇરી માગેછ?

પેસુ—હું તો બઇરી એવી માગુંછ કે તે ખુબસુરત હોય, દલ્લાવારી હોય, અને મુરખ હોય.

દોસ્ત—પણ એવીજ બઇરી માગવાનું શું કારણ?

પેસુ—તો, જોનીબા, ખુબસુરત બઇરી વગર હું તો પરણું નહીં—દલ્લાવાલી હોય નહીં તાંહાં સુધી મારો ને તેનો સુકરવાર થાય નહીં, ને સામુ હોજરૂં કદુવા દે.

દોસ્ત—વારૂ, એ તો હું સમજયો, પણ મુરખ બઇરી શોધવાનું કાંઇ કારણ?

પેસુ—અરે યાર! તુંબી બરો અક્કલનો દુશમન દેખાયછ, ખુબસુરત હોય ને પૈસાવાલી હોય, પણ મુરખ નહીં હોય તો વળી મારી સાથે પરણે શું જખ મારવા!

---

પડોસી (બીજા પડોસીને)—અરે યાર, તમારા બંગલામાંનો કુતરો રાતે ઘણોજ ભોંસેછ—જરા નીરાંતે ઉંઘબી નથી આવતી.

બીજો પડોસી—નહીંરે, સાહેબ, મારો કુતરો તો છેજ નહીં.

પહેલો પડોસી—વારૂ, કંઇ તમારાં ઘેરમાંથી રાતે અવાજ નીકલેછ?

બીજો પડોસી—હા, મારી ગુલાં પીયાનાફોર્ટપર ગાયન ગાયછ.

પહેલો પડોસી—હં! હં! સમજયો. તારે તેજ અવાજ હોશે.

## સુથારનું મન બાવળીઆમાં.

એક દહાડે એક ફકીર, એક બ્રાહ્મણ, અને એક બાગબાન રસ્તેથી જતા હતા, એવામાં એક જાનવર ઝાડપરથી બોલ્યું. એ ઉપરથી ફકીરે કહ્યું કે "ભાઇઓ, આ જાનવર હમણા બોલ્યું કે '**સુબહાન તેરી કુદરત.**'" ત્યારે બ્રાહ્મણ બોલ્યો કે "નહીં, એ જાનવર તો બોલ્યું કે '**રામ લછમણ દસરથ.**'" પણ બાગબાન કહેવા લાગ્યો જે "તમો બેઉ ખોટા છો, એ તો બોલ્યું કે '**પીઆજ, લસુન, અદરખ.**'" એટલામાં રસ્તેથી એક મોબેદ જતો હતો તેણે આ વાત સાંભળી, અને કહેવા લાગ્યો જે "બધું રહેવા દેઓ, એ જાનવર તો બોલ્યું જે '**વાહારે દારમ, પપાંઉ, કમરખ.**'"

---

સોરાબજી કમપાઝીટરને છાંટાપાણીની આદત હતી. તેવણના છોકરાનો છોકરો ખોદાબખ્શ માણેકજીની સ્કુલમાં જતો હતો. એક દહાડે માણેકજી છોકરાઓને કોષ્ટક સમજાવતા હતા કે ૧૨ આંઉસની એક પૈંટ, બે પૈંટ એટલે એક બાટલી, ઈત્યાદી. સમજાવી રહ્યા પછી માણકજીએ વર્ગને પુછયું, "ચાલો, બોલી જાઓ જોઈએ—બે પૈંટે શું થાય?"

ખોદબખ્શ બોલ્યો, "સાહેબ, બપાવા છાકટા ધુન થઇ જાય!"

---

## જાત જાતની ખંસ્યા.

સોળમી સદીનો નામીચો જ્યોતીષશાસ્ત્રી ટાઇકો ડેબ્રા જ્યારે સામેથી સસલું આવે કે ભોંય ઉપર બેસી જતો.

પોલાંડનો રાજા લાડીસલેયસ સેબ ફળ જોઇને નહાસી જતો.

ઇંગ્લાંડનો રાજા ત્રીજો હેનરી જે ઓરડામાં બીલાડી હોય તે ઓરડામાં બેસી શકતો નહીં—પછી બીલાડી નજરે પડે કે નહીં પડે.

ઇરાસમસ નામના એક ફીલસુફને માછલી જોઇને તાવ ચહડી આવતી હતી.

નામીચો ઉમરાવ લાર્ડ બેકન ચંદ્રનાં ગ્રહણને જોઇને બેભાન થઇ જતો હતો.

મોસ્કોનો ગ્રાંડ ડયુક બીજો જાન એક ઓરતને જોઈ બેભાન થઇ પડતો.

એજ પ્રમાણે શીવાલીયર ડી ગાઇસ નામનો ઉમરાવ ગુલાબનું ફુલ જોઇને બેભાન થઇ જતો—પછી ફુલનો વાસ આવે કે નહીં આવે.

બારમા લુઇની રાણી મરાયા મેડીસીને ફુલનો ઘણો શોક હતો. પણ ખરેખરૂં અથવા કાગળનું બનાવેલું અથવા રંગેલું ગુલાબ જોઇને કમકમતી હતી.

---

## રમુજી વસીયતનામા.

લોકો મરતી વખતેબી કેવા પોતાના પેટમાંના બલત્રા કહાડે છે તેના થોડાક જાણવા જોગ દાખલા અમોએ ભેગા કરયા છે:—

"ઇસવી સન ૧૭૮૮.—હું ડેવીડ ડેવીસ, કલાપહામનો

રહેવાશી, મારા ભાઈ પીટરની દીકરી મેરી ડેવીસને પાંચ શીલીંગ આપી જાંઉ છું, કે જેથી છેલ્લી વાર મારે પૈસે તે છાકટી થવા પામે."

"સને ૧૭૮૧.—હું જાન આઇલેટ સ્ટો—મારી મીલકતના 'એકઝીક્યુટરોને' ફરમાવી જાઉં છું કે તેઓએ એક પીક્ચર રૂ. ૫૦ની કીંમતે ખરીદવું, જેમાં એક વીછુ એક ભલા માણસના હાથને ડંખ મારતો દેખાય; અને તે પીક્ચર ફલાણા ફલાણા બારીસ્ટરને ભેટ મોકલવું, કે જેથી તે ધણીએ મારી સાથ ચલાવેલી નીચ બેમરવતાઈ તેને યાદ રેહે. મારા વસીયતમાં રૂ. ૩૦,૦૦૦નું તેનું નામ પાડયું હતું તેના બદલામાં આએ સમજવું."

"૧૭૯૩.—મારા દીકરા ડાનીયલને હું એક શીલીંગ આપી જાઉં છું, કે હવે પછી તે કાંઈબી ચોરી કરે તે ઉંચકી લઇ જવા સારૂ હેલકરી કરવા કામ લાગે."

૧૭૯૩માં એક ધણી નામે ફીલીપ થીકનેસે વસીયત કીધું કે "મારા મુવા પછી મારો જમણો હાથ કાપી નાખી મારા દીકરા લાર્ડ આડબીને આપવો, કે જેથી તેને યાદ રહે કે પોતાના બાપ તરફ ફરજ બજાવવામાં તેણે જે બેદરકારી બતાવી છે તેવી બેદરકારી ઇશ્વર તરફ ચાલશે નહીં."

૧૭૭૦માં સ્ટીફન સ્વેન નામનો ધણી લખી ગયો કે "જાન આબટ અને તેની બાયડી મેરી જે દહાડે હોશે તે દહાડે ફાંસી જવાનાં છે, માટે તેઓને સારૂં મારી મીલકતમાંથી ચ્યાર આનાનું મજબુત દોરડું ખરીદ કરી રાખજો."

થોડાં વરસની વાત ઉપર વીલીઅમ ડારબી નામનો પુરૂશ મરણ પામ્યો તે પોતાના વસીયતમાં લખી ગયો કે "મારી બાયડીએ મારા ખીસામાંથી ૬૦ ગીની ચોરી હતી, અને મારે નામે પૈસા કહડાવતી હતી, તેથી તેણીને ફક્ત એક શીલીંગ આપી જાઉં છું."

---

## બે વાર તપાસીને કામ પાડજો.

એકવાર હજામની દુકાનમાં એક પુરૂષ આવ્યો, અને કાગળના કટકા ઉપર લખ્યું, "મારાં બાલ કાપો." હજામ સમજી ગયો કે આએ બીચારો મુગો છે. તેથી તેણે કહ્યું, "ખુરસી ઉપર બેસો, સાહેબ," પણ પેલાએ કાંઈ જવાબ આપ્યો નહીં, તેથી પુરવાર થયું કે એ ધણી સાથે બહેરોબી છે.

આખરે ઇસારતથી ખુરસી ઉપર બેસાડયો, અને બાલ કાપવા માંડયા. આ વેળા દુકાનમાં હજામનાં બે ચાર ઘરાકો તથા દોસ્તો હતા તેઓએ પોતપોતામાં આ બીચારા બહેરા-મુગાની ખુબ મશકરી કરી, અને કેટલીક નજીસ અને ભાંડ વાતોથી મજાહ મેળવી. આ બહેરો-મુગો ઘેરમાં બાયડી સાથ કેમ વરતતો હશે વગેરે ઠોલ ટપ્પાથી સઘળાઓ ખુશ થયા. એટલાંમાં બાલ કપાઈ રહ્યા, અને મુગો-બહેરો ઉઠયો અને સઘળાઓની અજાયબી વચ્ચે હજામ તરફ ફરીને પુછયું, "ભાઈ, બાલ કપામણીના કેટલા પૈસા, અને મારી ખાતરદારી કીધી તેના કેટલા પૈસા?"

હજામ તો ધભરાઇને ત—ત—પ—પ કરવા લાગ્યો, "કાંઇ નહીં, સાહેબ, કાંઇ નહીં—જોઈએ તારે આપજો."

બહેરા-મુગાજીએ પૈસા આપવા વગર સલામ કરી રૂખશદ લીધી. તેના ગયા પછી હજામ બરબડવા લાગ્યો, "એની માનું પેટ બળે—હવે કોઇબી આવે તે ઢેડના ખાધાના કાન આગળ પીસ્ટોલ ફોડવા શીવાય કોઈ દહાડેબી માનું નહીં કે એ મુગો-બહેરો છે."

આ નીચલી વાત ખરેખરી બનેલી છે:—થોડાંક વરસની વાતપર અમે કોલાબે રહેતા હતા ત્યારે હું અને મારા બે પીત્રાઇ રાતના ચાંદરણામાં ફરવા નીકળ્યા. રસ્તામાં એક જુવાન ઈંગ્રેજ મળ્યો, જેણે 'ગુડ નાઈટ' કરી પુછવા માંડયું કે "દાંડી પર જવાનો રસ્તો કયો?" અમોએ ઇગ્રેજીમાં સમજાવ્યું એટલે તે વાતે ઉભો. તેણે કહ્યું કે હું ઇંગ્લાંડથી થોડાજ દહાડા થયા આવ્યો છું, અને આ દેશ મને ઘણો ગમે છે, ઈત્યાદી. તે ઘણો હસમુખો હોવાથી અમોએ તેની ઠેકડી કરવા માંડી, અને ગુજરાતી અવળી બોલીમાં તેને થોડીક ચોપરીબી કહાડી ખરી. ખાંડી દસેક ગાળો બીચારાએ ખાધી હશે. આખરે મોડું થવા આવ્યાથી અમે 'શેક હેન્ડ' કરી છુટા પડી જતા હતા, તેટલાં આ ઇગ્રેજ ઘણીજ શુદ્ધ ગુજરાતીમાં નીચે પ્રમાણે બોલ્યો: "દોસ્તો, ફરીથી કોઇ ઇગ્રેજ મળે તો તેને ગુજરાતી આવડે છે કે નહીં તે પહેલાં નક્કી કરીને પછી ગાળો દેજો—સાસમાહેબ મેસમેહરબાન!"

આ પ્રમાણે બોલી તે તો ચાલી ગયો. અમો કેટલા ચાટ પડી ગયા હોઈશું તે વીચારવું સહેલ છે.

આ ત્રીજો દાખલોબી ખરેખરો બનેલો છે:—અમે ત્રણ જણ રાતના વાંદરેથી કોટમાં આવવાના હતા. વાંદરાનાં

સ્ટેશન ઉપર અમદાવાદની મેલ ટ્રેન આવી લાગી, અને અમે ફર્સ્ટ ક્લાસમાં બેઠા, જેમાં એક જબરદસ્ત જાડો ઈંગ્રેજ અને એક બીજો ઇંગ્રેજ આડા પડીને સુતેલા હતા. અમોને દાખલ થતાં જોઈ તેઓ ઉઠીને બેઠા. થોડોક વાર જવા પછી આ જાડા ઇંગ્રેજ વીશે અમોએ પોતપોતામાં રમુજ કરવા માંડી, અને તે શું ખાતો હશે—એના ભારથી ઘોલીઆની પાટી તુટી નહીં જતી હશે—વગેરે ગુજરાતીમાં સવાલોથી અપસ અપસમાં રમુજ મેળવતા હતા. અલબતાં આવી વખતે જીભને કાંઇ તાળું હોતું નથી, તેમ ઘણીક વાતો એવી થઈ કે જે થવી ન જોઈતી હતી. જયારે ગ્રાંટ રોડ આવ્યું ત્યારે આ બેઉ સાહેબો અમને સલામ કરીને ઉતરયા, અને જતાં જતાં બેઉ જણે ગુજરાતીમાં કહ્યું, "હું વડોદરાનો રેસીડંટ કર્નલ આનડરસન છું," અને બીજો પણ ગુજરાતીમાં બોલ્યો, "ને હું સુરતનો કલેકટર રામસે છું. અમો બેઉને અલબત ગુજરાતી ઘણી સારી આવડેછ. અમારે લાયક કાંઇ કામ કાજ હોય તો સુખે ફરમાવજો!"

---

## ચોરની ગાંડ શઈનાં પાતરાં.

એક દહાડે કહાનજીકાકા સહવારના પહોરમાં સરેસ્તા પ્રમાણે નાહી ધોઈ ઓટલાપર બાજઠે પગપર પગ ચહડાવીને બેઠા, અને તે દહાડેનું "દુન્યા સમાચાર" વાંચવા માંડયું. પહેલાંજ પાનાંપરની એક જાહેરખબરપર તેવણુની નજર પડી તે નીચે મુજબ હતી:—

"એક થોડું ઘણું ઇંગ્રેજી જાણુતો, બાવીસથી પચીસ વરસનો, જરથોસ્તી જોઇએ છે. જે દારૂ પીતો ન હોય,

સહવારના બંદગી કરતો હોય, બુરી ચાલથી દુર હોય. પગાર રૂ. ૨૦થી ૩૦ સુધી, લાયકાત પ્રમાણે. જમવાનું અને રહેવાનું આપવામાં આવશે. એ વીશે આ પત્રની આફીસમાં અથવા મી० સુખલાજી ફકીરજીની પેહેડીપર કોટમાં પુછવું."

"અરે તારી!" કહાનજીકાકા આ જાહેરખબર અરધે કલાકે વાંચી રહી ચોંકીને બોલી ઉઠયા, "મને તો ફામજ નીં રીએલી. વારૂ, એ પોયરા," પોતાના ઘરના ઘાટીના પોસ્યાને બોલાવી કહ્યું, "જા તો આપરા નવલહાને બોલાવ તો."

આ નવલશાહ કહાનજીકાકાને માથે પડેલો તેવણુની બેનનો દીકરો હતો. તે ચોવીસ વરસની ઉમરનો, ઇગ્રેજી થોડું ઘણું શીખેલો, ઇસકો અને દમામદાર જવાન હતો. તેવણુના માબાપ હતાં, પણ તેઓ ગામ હતાં. અને કહાનજીકાકાને ઘરે મુંબઈમાં કાંઇ ચાકરી શોધવા નવલશાહ રહેતો હતો. તે દસ વરસનો હતો ત્યારથીજ કહાનજીકાકાને ઘરે આવ્યો હતો, અને ત્યાંથી દરરોજ નીશાળે જતો હતો. પણ સ્કુલ છોડયા પછીબી તેવણે કહાનજીકાકાને ઘરેજ ધામો રાખ્યો, અને તેનાં બહાનામાં ચાકરી શોધવાનું ઓઠું હતું.

કહાનજીકાકા કલપાતી હતા, અને પાંચ પૈસે સુખી હતા, અને તેવણુને દસ છોકરાં હતાં. જોકે નવલશાહ તેમને ભારી પડતો નહીં હતો, તોપણ હવે તેને જલદી ઠેકાણે પાડી નાંખવાનો તેવણે ઠેડાવ કીધો હતો.

નવલશાહ આવ્યા અને કહાનજીકાકા પાસે બેઠા.

"અરે બાપ નવલ," તેના મામાએ કહ્યું, "જોની આ

મારા ઓલાએ (મીત્રે) છપાયવું તે તેં વાંચયું કે? હું તને કાલે કેતાં ભુલી ગેલો કે મારી હાથેખી તેણે એપર વાત કીધેલી, ને જો તુને ગમતું હોય તો તે ચાકરી તને અપાવી લાખું."

"હા, મામાજી, એ તો ઠીક છે; પણ એટલા પગારમાં શું વળ્યું?" ભાણેજે જરા આનાકાની કીધી.

"લે વરી, પેલા કીએ તેમ તું હું કરે? 'ઠોઠ નીહાલ્યાને વટાણા બહુ' તેમ હીખેલો તો મારા જેવો, ને વરી એટલા પગારમાં લે હું વયલું? અરે ભાય, એટલોબી ગનીમત કર. હમે બાર વરહની ઉમ્મરમાં હવારના ચારચ્યાર વાગે ઉઠીને રન્ડો ફેરવતા ને હુંથારોનું કામ કાજ કરતા, ને તેવોનાં ઘરનું પાણી-છાની, કચરો-પુંજો, વાહન-કુહન, હઉ વરી તે હાથે. ને પગાર હું જો, મારી હહરીનો છ દોરીઆં મહીને દારે દીએ. બાપા, હવે વખત એવો આમવો કેવાયઓની, ને આ પગારમાં તો તારે મનહે હું વયલું?" કહાનજીકાકાએ ઝાટકની ઉતારી.

"ઠીક છે, મામાજી, ત્યારે તો એટલા પગારપરબી હાલ તરત તો સુકરાના," ભાણેજ નવલશાહે ઘચુપચુ મન સાથે કબુલ કીધું.

બપોરના બાર વાગે મોળું ધાન દાળ, સુકા બુમલાનો પાટયો, અને પાનીનું આંથણું ખાઇ, કપડાં ચપડાં પહેરી, કોટમાં જવા સારૂ સેકંડ કલાસની ટીકીટ કરાવી. ગ્રાંટ રોડપરથી નવલશાહ ટ્રેનમાં ચહડી બેઠા. તેવણની સાંમે એક આસરે ત્રીશ બરસનો ઇસકી, વાંકી ફુમટાંની ટોપીવાળો ધાંકડો મુસલમાન

બેઠો હતો. તેના ખોલામાં એક કાળાં કાગળમાં વીંટાળેલું કાંઇ પડીકું હતું, જે સુતરીથી મજબુત બાંધેલું હતું. આ પારસલ ઘણું કીમતી હોય તેમ તે મુસલમાન પોતાના હાથમાં મજબુત પકડી રાખી બેઠો હતો.

નવલશાહનું મન તો એવું ધચુપચુ થાય કે આ કાગળનું પડીકું મારા હાથમાં આવે તો તડાકો પડે. પણ ગોલામનો ખાધો પેલો મુસલમાન તેને છોડેજ નહીં. એમ કરતાં ચરની રોડ આવ્યું કે પેલા મુસલમાને પેલું પારસલ પોતાની પાસે બેઠકપર મુકી બહાર ડોકું કીધું. વળી ટ્રેન ઉપડી તે મરીન લાઇન ઉભી રહી. પેલા મુસલમાને બારણું ઉંઘાડયું, અને નવલશાહની ખુશાલી અને હરખ વચ્ચે પેલું પડીકું ભુલી જઈને ચાલવા માંડયું. જાણે તે બંડલથી ઉતરીને ચાલી જવાનું હોય તેમ નવલશાહએ તેને ચપ કરતું પકડી લીધું. તે દાબી જોયું તો તે કોઈ ઠેકાણેથી કઠણ ને કોઈ ઠેકાણેથી પોચું હતું. એ તો ઠીક; પણ હમણાજ તેને છોડીને જોવાનું ડહાપણ ન વીચારી ડાહ્યા નવલશાહે પોતાના ખોળામાં દાબી રાખ્યું.

ચર્ચ ગેટપર ઉતરી મીο સુખલાજી ફકીરજીની પહેડીપર નવલશાહ ચાલ્યાઃ

સુખલાજી હાજર હતા. તેવણે નવલશાહને ઠીક આવકાર દીધો, અને તેના મામાની ખબર અંતર પુછી, અને પછી આવવાનું કારણ પુછ્યું. નવલશાહે કારણ જણાવ્યું, અને સુખલાજીએ તરતજ નવલશાહને પોતાને ત્યાં રાખવાની ખુશી બતાવી.

“ પણ, બાઈ, તમોને ઇંગ્રેજી આવડે છેની ? ” સુખલાજીએ પોતાની ન્યુસમાં છપાવેલી સરતો યાદ કીધી.

"હાજી, સેવકે ઠીક અભ્યાસ કીધો છે."

"ત્યારે તો બહુ સારૂં; પણ દારૂ બારૂ તો——"

"ના રે, સાહેબ, અમે તો 'દારૂથી દુર' કલ્બના મેમ્બર તે દારૂની અરાસે નહીં જઇએ."

"ઘણું સારૂં, ભાઇ; પણ બંદગી કરોછ કે વાંધા?"

"બંદાને તો એવો શોખ કે પાંચે ગેહ સાથે ભણે, પણ ફરસુદ નથી મળતી તેથી સહવાર સાંજ ભણીને સંતોષ પામું છું."

"નાનપણમાં જુગાર બુગાર રમેલા કે?"

"એ શું બોલ્યા, સાહેબ? પાનાં અને પાસા કેવા થાય તેબી આપણે તો નહીં જાણ્યે"

"ઠીક છે; મને તમે બહુ પસંદ પડયા. તમે કાલથી ચાકરી-પર આવજો; તમારો ૩૦ રૂપીઆ પગાર માંડશું. આવજો હં. મામાને સલામ કેહેજો."

નવલશાહ સલામ કરી બહાર ગયા, પણ સુખલાજીએ તેવણને પાછા બોલાવ્યા કે "ભાઇ, આ તમારી બીંડરી ભુલી ચાલ્યા," એમ કહી નવલશાહને સુખલાજી પેલી બીંડરીની દોરી ધરી તેવણને આપવા ગયા કે કમબખત દોરી તુટી ગઇ, અને અંદરની વસ્તુઓ વેરાઇ પડી. તેમાં એક પાનાંનો કાર્ડ, બે પાસાની જોડ, એક બ્રાંડીની પેંટ, બે ત્રણ ચરૂત, અને એક ગાનારીની સબી કરીને હતું. નવલશાહ તો આ જોઇને ફગલાઇ ગયો, અને સુખલાજીનો મીજાજ ગયો.

પેલી બ્રાંડીની બાટલી ઉંચકી સુખલાજી બોલ્યા, "આ

તમારી 'દારૂથી દુર' કલ્બના ધારાની ચોપડી હશે, અને આએ," પેલા પાના ને પાસા બતાવી કહ્યું, "આએ તો જુગારીઓને શીખામણની વાયજી, કેમ?" પછી પેલી સળી બતાવી કહ્યું, "આએ ભણવાની જંદ અવસ્તાની—બચાજી! વાહ! નવલશાહ, તમે બહુ ઉડાવગીર મળ્યા. ચાલો, બહાર નીકલો, મારી દુકાનમાંથી—નહીં તો કાંઇ પીતી જશો. તમારા મામાપર હું લખી જણાવીશ કે ભાઇ, આવા ધર્મી સકર્મી અમને નહીં પરવડે." નવલશાહે સમજાવવા માંડયું પણ પેલા ધાંખરાએ માન્યું નહીં, અને બીચારો નવલશાહ પેલા મુસલમાનને હજારો ગાળો દેતો દુકાનેથી ઉઠી ચાલતો થયો.

---

એરાંમજી બીલીમોરીઆને ત્યાં તેવણનો ગામડયો સગો પેસુ, પહરોણો આવ્યો, ત્યારે એરાંમજીનો દીકરો રૂસતમ જે પેસુનીજ ઉમ્મરનો હતો તે, તેને મુંબઇની ઘણી એક જોવા લાયક ચીજો દેખાડી લાવ્યો.

આજે તેઓ "ગેયટી"માં પ્રોફેસર બ્રન્ડીબૉલનો વખણાયલો, હાથ ચાલાકીનો ખેલ જોવા જનાર હતા; જે માટેની જાહેર ખબર પેસુના જોવામાં આવી. ટીકીટોના ભાવ વાંચતાં પેહલો વર્ગ રૂ ૩, બીજો વર્ગ રૂ ૨, ત્રીજો વર્ગ રૂ ૧, "પ્રોગ્રામ ૦)—" વાંચીને પેસુ તો હરખાઇજ ગયો કે "આટલો સસ્તો ભાવ!" અને પોતાના દોસ્ત રૂસતમને સમજાવવા લાગ્યો કે "છતી આનાવાલી જગા છે ત્યારે રૂપીઓ સા માટે ખરચવો; જો દોસ્ત, મારૂં માને તો આજે આપણે પ્રોગ્રામમાજ જઇએ!"

## કુદરતનો ખેલ.

શું કુદરતની રમત છે કે નવશારીમાંનાં. દરેક દોખમાં બંધાવનારનાં નામો જોરકાંના આકારમાં છે જેમકે 'તાતા, 'ભાભા,' 'લાળા,' 'કાકા,' એઓનાં દોખમાં છે. એક દોખમું ચંગાશા મંગાશાનું છે તેમાં ચ અને મ નો ફરક છે.

---

## જુગારીનો ચતુર દસા.

જુગારીની ઉત્તરે રાંડવારો અને ચોરીનો સમુદ્ર. દક્ષીણે જુઠાઈ અને મારામારીનો અખાત. પુર્વે ઉડાઊપણાંનો પાહડ અને દારૂની નદી અને પશ્ચીમે પોલીસનો તાપુ પોશાગીરોનું બંદર અને પૈસાની ભરતી ઓત!!!

---

અંકલેશર ગામમાં એક મુસલમાન વણકરની સ્ત્રી અને ગાય બંને સાથે આજારી પડ્યાં. વૈદ પાસે દવા લખાવી લઇ તે વેચાતી લાવવા સારૂં પાસેના ગામમાં વણકર ગયો પણ એહુને સારૂં ઓસડ વેચાતું લેવા જેટલા પૈસા નહીં હતા. ગાંધીએ પુછયું "આટલા પૈસામાં તો એકની દવાઈ મળે, બેની નહીં મળે. તુને કોણુ સારૂં જોઇએછ, તારી બાયડી સારૂં કે ગાય સારૂં?

વણકરે ઉતર દીધે, "ભાઇ હમણાં તો ગાય સારૂં આપો."

"કાંય વારૂં—તે કેમ?"

"તો ભાઇ અમારા ગામમાં બાયડી તો ૨૬ રૂપીઆમાં મળે ને ગાયના સાહાઠ સીતેર આપવા પડે."

## ગરીબ બચારો !

એક પુરૂષે પોતાની મા અને બાપનુ ખુન કીધું જ્યારે તેને સેશનમાં ઉભો કીધો અને ફ્રાંસીની સજા મળી ત્યારે તેને કોરટ તરફથી પુછવામાં આવીચ્યું કે તારે કાંઇ કેહવું છે? તેના ઉત્તરમાં બંધવાએ બે હાથ જોડી અરજ કીધી " સાહેબ, હું માબાપ વગરનુ બચ્ચું છેઉં, તેની તો જરા દયા કરો "!

---

રૂસતમજી મીજાજના ઘણા પાજી હતા. તેવણ સહવારના હારીસમાં જવા સારૂં ડગલો પેહરવા ગયા તો બરાબર બેસે નહીં ત્યારે છીબાને કહયું કે " આજે ડગલાને શું ભુત ભરાયોછ?" છીબો તે વેળાએ કાંઇ બોલ્યો નહીં પણ રૂસતમજી બરાબર ડગળો પહેરી રહેવા પછી બોલ્યો, " હોવે છાહેબ, મનેબી લાગે કે હવે માંહે ભુત ભરાયલો તો ખરો."

---

મારી બાએડી હંમેશ ફ્રસ્યાદ કરે કે તમે તો હાથ-માંથી ચીથરૂં છોરતાજ નથી ત્યારે હમે શું બેસીને માખ મારચે. બળા લેતી ખોદાએ મને ચોપડી બનાવી હોત તો કેવું સારૂં કે જ્યારે હોતે ત્યારે તમારા હાથમાંજ રહેતે. મે ઉત્તર દીધો " હા મારી વહાલી હુંબી ખુશી થતે, જો ખોદાએ તને ચોપડી બનાવી હતે તો. પણ તે વારસીક પંચાગ હો. કે તે વરસ વરસ દહાડે બદલાઈ શકે."

## કાજીજીનો ઈનસાફ.

એકવાર એક વાણીયાએ પોતાંની પડોસમાં રેહેતા જાફરખાંન નામના મુસલમાન માટે ગામના કાજીસાહેબ પાસ જઈને ફરીયાદ કરી કે "અમારા આંગણાંમાં મારી અલીએ એક ખાટલી ઉપર થોડાક પાપડ સુકવા મેલ્યા હતા તે જાફરની ઘોડી ખાઈ ગઇ માટે મને નુકસાની અપાવવી." કાજીસાહેબ ઇનસાફનાં ખાં હતા તેવણે પોતાનું શેવરનું "જડજમેંન્ટ" આપ્યું. જાફરની ઘોડીનું માથું વાણીયાએ કાપી નાખવું, કેમકે ઘોડીએ પાપડ ખાધા ન હોત તો આ કજીઓ થાત નહીં. વળી બધા પાપડ ખાધા ત્યાં સુધી વાણીયે, ખુદાએ તેને હાથો આપેલા છતાં, હાંકી નહી સબબ વાણીયાનાં બંન્ને હાથો જાફરે કાપી નાખવા!

---

એક હલકો હજામ પારસી નામે રતનજી પોતાના કપડાં, દેખાવ, દાહાડી, ચશમો વગેરે સઘળાંની નકલ એક મોટા માન પામેલા ધહરસથ ઉપરથી કરતો હતો. આ બાએ એક વાર વાડીમાં વાત ચાલી તારે મોટા ધહરસથને તેમના મીત્રો કેહવા લાગ્યા "સાહેબ પેલો રતનજી આબેહુબ તમારા જેવો લાગેછ, ઘણા ઇંગ્રેજો ઠગાઇને તેના બરડા ઉપર હાથ મુકી કહેછે "અલ્લો મી૦ દીનશા કેમ છેઓ."

શેઠ દીનશાએ હસીને કહ્યું "હોશે—પણ અજબ જેવું છે કે કોઇ મારા બરડા ઉપર હાથ મુકીને એમ તો નહીં કેહતું કે "અલ્લો મી૦ રતનજી કેમ છેઓ?"

## સબ સુતા જબ અલ્લાહ જાગા.

મેહમના ઓરસમાં એક ઈરાનીએ એક મુસલમાનને ઠોંસો મારી નાખી દીધો. મુસલમાન ઉઠી ઉભો થયો કે ઇરાનીએ બીજી એક મુક્કી ઝાડી વળી તેને પાછો નાખી દીધો. આ ઉપરથી લોક ભેગું મલયું. તેઓએ આ પ્રમાણે કરવાનું કારણ ઇરાનીને પુછયું. ઇરાની બોલ્યો "એ મુસલમાને અમારી યઝદગરદ શેહરીયારને મારી કાહારી મુકી તેથી હું એને મારીછ."

સઘળાંઓએ સમજાવીઅું કે ભલા આદમી તે વાતને તો ૧૨૦૦ વરસ ઉપર થઇ ગયાં ને તું હમણાં તેનું વેર લેવા શાનો નીકળ્યોછ?

ઈરાની બોલ્યો, "તેની હું શું જાણું! મને તો કાલે રાતનાજ જાણી કે અમારા યઝદગરદ શેહરીયારને મુસલમાને મારી!"

---

નવરોજજીને પાણાથી જુગાર રમવાનો ઘણો શોખ હતો ને તેમાં પૈસા ટકા તથા વખતની ઘણી ખરાબી કરતો હતો. એક દહાડે દસ્તુરજી સાહેબ તેણે ઘણો ઠપકો આપવા લાગ્યા. "જો બાપુ જુગાર રમવો એ ઘણુ મોટુ પાપનુ કામ છે. પૈસા ટકા જાયછ તો જાયછ પણ સાથે વખતની કેટલી ખરાબી?"

નવરોજીએ કાન ચીમટી કહયું "ખરી વાત છે સાહેબ, પણ તેમાં અગત કરી ચીપતાં ને વેંહેંચતાં તો ઘણોજ વખત જાએછ."

## નાક કે ખુપરો.

સોલુ સીકંનદરને એક દહાડો દારૂપી રસતાપર રમખાંણ કરવા સારૂં માજીસત્રેટ આગળ ઉભો કરવામાં આવ્યો.

માજીસત્રેટના પુછવાથી સોલુએ પોતાના બચાવમાં કહયુ કે "સાહેબ, હું કંઇ ગરગરદાસ નથી પણ જ્યારે હું નાનો હતો ત્યારે મને એક હરખાયલાં કુતરાંએ કરડયો હતો તે દાહડાથી તે આજની ઘડી સુધી મને પાણી પીવાની મોટી સુગ લાગીછે.

---

દેશાઇજીએ એક ઢેરાને ધમકાવીને કહ્યું કે "બેટી બાપ, જ્યારે આવેછ ત્યારે સલામ કેમ નથી કરતો?" ઢેરાને શીખાંમણ લાગી તેથી બીજે દહાડે આવતાંજ વાંકો વળી હાથ ઉંચકયો પણ સલામ બોલ યાદ નહીં હતો તેથી બોલ્યો "દેછાઈ લે આ તારૂં કાલવારૂં." આ સાંભળી આસપાસન હસી પડ્યા.

---

કુંવરજી મીસતરી ને તેની બાયડી વીહીલર રોજ ખુબ લડે. એક દહાડે જમશેદદારૂ પંથકી આવીઆ અને ખુબ શીખામણ દેવા લાગ્યા "એમ તમુને કરવું ઘટે નહીં. તમે બે મળીને ખોદાની આંખમાં એકજ."

"એકજ!" કુમલાએ ડોળા ચઢાવી કહયું, "જરા રાતના એનાં પેટમાં છાંટો પાણી પડે ને પછી ઘેર આંગણે આવી સાંભરો તો તમે કેહશે એક નહીં પણ વીશ જણ લરતાં હશે."

ઉદવાડેથી એકવાર જમસુ હમારે ત્યાં આવ્યો. સહવારના નાસ્તા સારૂ જમસેદજી આગળ બે ઇડાં, માખણ, રોટલીઓ વગેરે મુક્યું અને પછી આગલેજ દહાડે ઉખેડેલું દસ રતલનું વેલાતી પણીર આગલ મુકી મારી બાયડીએ લાયકીથી કહયું "લે ચાલો હવે નાસ્તો કરો." પા કલાક થયો, અર્ધો કલાક થયો, કલાક થયો, પણ જમસેદજીબાના નાસ્તાનો છેડો આવેજ નહી. આખરે મને ચટપટ થઈ તેથી હાંક મારી પુછયું "ભાઈ જમસુ, શુ થયું હજી નાસ્તો પુરો થતોજ નહીં? જમસુએ જવાબ દીધો "ઇએ! મોટુ ઘટીના ચાક જેવુ પણીર કાંઈ પાંચ મીનીટમાં પુરૂ થતું હશે! પુરૂ થાય ત્યારે ઉઠું કેની."

---

એક ગ્રહસ્થે પોતાના દીકરાને ચાકરી રખાવા સારૂં પોતાના મીત્ર આગળ ઘણી તારીફ કીધી ને લખ્યું "એ ઘણો હુસ્યારછે, તમે વાપરી જુઓ ને પછી એનામાં કેટલું ભંડોળ છે તે જાણશો, એ માત્ર શરૂમાઉ છે ને પોતાનું બધું ભંડોળ જાણે રોમાલમાં લપેટી રાખવા માંગતો હોય તેમ રેછે."

મીત્રએ આ જમાને ફીલસુફને ચાકરી રાખવા થોડાક દહાડા પછી છોકરો બાપને ત્યાં એક સીલ કીધેલુ ચીઠી લઇ પાછો આવ્યો તેમાં ચાકરી રાખનારે નીચે પ્રમાણે શબ્દો લખ્યા હતા:—"પ્યારા ભાઈ મે રોમાલ ખુબ ખંખેરી જોયો, પણ તેમાં કાંઇ મળ્યું નથી. હાલ તો ઘરી કરી ઉચો મેલી છાંડજો, જરૂર પડવે મંગાવી લઇશું."

## ધરરરરરર ધુસ!!!

પેલા બાહાધુર શેકારી મરનાર મી૰ કોટવાલના મરણુની પછે એક દહાડો બે પારસી ગૃહસ્થો વચ્ચે નીચળી વાત થઈ:—

ભોત—આખરે બચારા કોટવાલનું મોહોત એજ રસતે આવ્યું. અપ્સોસ!! આવા બાહાદુર બચ્ચાઓ પારસીમાં થોડાજ હશે.

તોપખાં—અરે સાહેબ એ શું બોલોછ! એતો કુચ બીસાદમાં નથી. હું ને મારો ભાઇ જ્યારે ૧૮૭૫ ના સાલમાં બંગાલાંમાં હતા તેવારે હમોએ જેટલા વાઘનો ધાન કાહારયોછ તેનું જો તમે બ્યાન સાંભળો તો તમારી અક્લ હએરાન અને જાન પરીશાન થઇ જાએ.

ભોત—હં! હં!

તોપખાં—સાહેબ તમે માનશો! હમે તે વખત એક અઠવાડીઆંમાં સરાસરી ૧૫) વાઘનો ધાંન કાહરતા હતા.

ભોત—તે કેમ વારૂં?

તોપખાં—અરે જુઓની સાહેબ, તમુને શું કેહું. જેવો વાઘને આવતો જોઇએ કે હું બંદુક લઇને એક બાજું ઉભો રેહું ને સાંમી બાજું મારો ભાઇ. હું ગોળી મારૂં કે તરત તે વાઘના પેટમાંથી આબાદ પસાર થઇ જાએ ને મારો ભાઈ સાંબી બાજુ પોતાની બંદુકમાં ઝીલી લે. વળી મારો ભાઇ ગોળી ફેંકે કે હું ચપ કરતી ઝીલી લેઉં. એમ કરતાં કરતાં સાહેબ, તમે માનશો, હમે બાર મહીનામાં નજદીક

૧૫૦) વાઘને ઠાર કીધા, ને તોબી જ્યારે ઘેર પાછા જઇએ ત્યારે બંદુકની બેજ ગોળી સાથે લઇ જઇએ તે પાછી લાવીએ.

ભોત—આફરીન! સદ હઝાર આફરીન! ત્યારે હજુર પારસી બચ્ચો કંઈ ખાંડીયો જાએ નહીં.

---

જમસેદજી પસતાકીઆ મ્યુનીસીપાલ કોરપોરેશનના મેમબર હતા. તેવણુને કોઇએ હમબગ કીધા કે જે કોઈ કોરપોરેશનનો મેમબર હોય તેની પાસેથી વાંદરામાં ગાડીનો 'તોળ' માફ. પોતાના દરજ્જાનો લાભ લેવા થકી જમસેદજી બીજેજ દહાડે વાંદરે ઉતરી પડયા, અને 'તોળ'ની ચોકી આગળ આવી ખંખાર મારી ચાલવા માડયું. પણ તોળવાળાએ અટકાવી પૈસા માંગ્યા ત્યારે દમામમાં જવાબ આપ્યો "હું કોરપોરેશનનો મેમબર છું." તોળવાળાએ પુછયું, "તેમાં શું?"

"તે હમુને તોળ માફ કેની?"

તોળવાળાએ જોયું કે આ કોઇ હમબગ છે તેથી મોંહ ગંભીર રાખી જવાબ દીધો "હા સાહેબ ભુળ થઇ. તમુને માફ. પણ તમારી ગાડી ઘોડાને આપવો પડશે. તમે તમારે બેલાસક ચાલ્યા જાઓ."

જમસેદજી ફફરતા ચટકતા પાછા મુંબઇ આવ્યા અને ફરયાદ કરવા લાગ્યા કે વાંદરેની મ્યુનીસીપાળીટીના ચાકરો ઘણા બેવકુફ છે.

**વકીલ**—(પોતાના કુલને) પણ તમોએ તમારૂં બીલ તમારા ધરાકને દેખાડયું કેની?

**કુલ**—હા સાહેબ, હું બીલ લઈ ગયો હતો પણ તેણે ભોંયપર ફેંકી દીધું અને કહયું 'ઝાહાનુમમે શેહતાનકા પાસ જાઓ'.

**વકીલ**—પછી શું કીધું?

**કુલ**—તેથી સાહેબ હું આએ હાશીસમાં તમારી પાસે આયો.

---

એકવાર રાતના એક નામીચો નાટકી હાજર થનાર હોવાથી ખેલની રાત્રે નાટકશાળા આગળ પુષ્કળ ભચડા કચડી ચાલી. એવામાં એક મારવાડીનો છોકરો જે ગેઆલરીની આગળી હારમાં બેઠો હતો, તે ઉપરથી હેથે સ્ટાલ્સમાં પડી ઈજા પામ્યો. નાટકના સહાસીક માલેકોએ તુરત પાલખી મંગાવી છોકરાને ઇસપીતાળમાં મોકળાવ્યો, દવા દારૂ વગેરેનો ધણો ખર્ચ કર્યો, તોએ કમનશીબે છોકરો મરણ પામ્યો. તેની સધળી મરણની કીરીઆનો ખરચ માળેકોએ આપી તેના બાપને બોલાવી મરનારનાં કપડાં, પગમાનો તોરો તથા સામા રૂપીયા પાંનસો આપ્યા. મારવાડી આ સખાવતથી બહુ રાજી થયો, પણ ત્યાંથી જવાની આનાકાની કર્યા કરતો દેખાયો. માળેકોએ પુછયું "કેમ મારવાડી, તારૂં થયું કેની? બીજુ કંઇ કહેછ?" આખર કરે મારવાડીજ કેની તેથી ઉતર દીધો "કઈ નહીં શેઠજી, એટલુંજ કે મારા પોરયાએ ટીકટના ચાર આના આપ્યા હતા તે પાછા મલ્યા નથી.

## જીસ મુલસે આયા ઈસ મુલસે ગયા.

નારગોલમાં આદરજી નાંમે એક પારસી પીઠાંવાળો રેહેતો હતો. તેણે એવો ધારો રાખ્યો હતો કે પીઠાંમા પીવા આવનારા ગરીબ ઘરાકો પાસ જો પૈસા નહીં હોય તો તેને બદલે કોદરા, નાગલી વીગેરે અનાજ લઇ તે ઉપર દારૂ આપતો. એ પારસીએ ફીકલો નામનો એક દુબલો પીઠામાં ચાકરી રાખેલો હતો. હવે દુકાંનમાં પૈસાને બદલે અનાજની વકરી એટલી મોટી થતી હતી કે જેને માટે ખાસ કણુગાઓ બાંધવા પડતા હતા—એ અનાજમાં મુખ્ય કરીને કોદરા ઘણા હતા. દરરોજ જેટલા કોદરા આવતા તેટલા ફીકલા પાસ તે ભલો પારસી માલીયા ઉપર બાંધેલા કણુગામાં નખાવતો. હવે બન્યું એવું કે આ સામટો અનાજ જોઇને ફીકલાની નજર ફરી. તેણે રોજ તેમાંથી ચોરી કરવા માંડી, અને ખવાય તેટલો ખાઇને વધે તેનો પોતાના શેઠનાંજ પીઠામાં લાવી આપીને દારૂ પીવા લાગ્યો. એક દીવશે તેણે ખુબ દારૂ પીધો, અને એટલો મસ્ત બન્યો કે તેના બાહારમાં પીઠામાંજ પોતાના શેઠની હજુરમાં નાચવા લાગ્યો, ને બોલ્યો કેઃ—

તારાજ કોદરા ને તારો દારૂ ;
હું નાચું તો કેવો વારૂ ?

એ સાંભળી તેની ઠગાઇ ચેતી જઇ તે પારશીએ જવાબ આપ્યોઃ—

મણ મોવડાં ને પાંચ મણ પાણી ;
હું નાખું તે એવુંજ જાણી !

## હુશીયાર પોલીસ પ્રોજ!

એકવાર એક બંધવાને છાકટો થવાના વાંક માટે કોરટમાં ઉભો કરવામાં આવ્યો. જે પોલીસના સીપાઇના હસતકમાં બંધવો હતો તેની સાક્ષી લેતાં જડજે સવાલ કીધો કે, "જ્યારે બંધવાને તેં પકડયો ત્યારે તેણે શું કહયું હતું?"

સીપાઇ—તેણે કહયું કે તે પીધેલો હતો.

જડજ—હા, પણ બંધવો પોતે સી રીતે બોલ્યો? "તે" પીધેલો છે કરી તો તેણે નહીંજ કહયું હોએ!

સીપાઇ—હા રે સાહેબ, તેણે એમજ કહયું; તેણે પોતે કબુલ કીધું કે તે પીધેલો હતો.

જડજ—ઉંહુંહું, મારૂં કહેવું તું બરાબર સમજતો નથી; જે શબ્દો બંધવો બોલ્યો હોએ તેજ તું પણ બોલ. શું તેણે એમ નહીં કહયું હતું કે "હું છાકટો છઉં?"

સીપાઇ—નહીં નહીં સાહેબ એમ તે બોલ્યોજ નથી. તેની સું મકદુર કે મારાં મોઢાં ઉપર તમોને છાકટા કહે.

એક વકીલ—નહીં નહીં, નામદાર જડજનું કહેવું એમ છે કે બંધવો એમ બોલ્યો હતો કે "હું છાકટો છઉં?"

સીપાઈ—તે તો ખોદા માલુમ સાહેબ, જો તમોને છાકટા કહયા હોએ તો તે મેં સાંભળ્યું નથી.

બીજો વકીલ—કોર્ટ જે જાણુવા માગે છે તે એ છે કે, બંધવાએ બોલતી વેળાએ કયું સર્વનામ વાપરીઉં હતું; યાને

પેહેલા, બીજા, કે ત્રીજા પુરૂષમાં તે વાક્ય બોલ્યો હતો. ત્યારે હવે સું તેણે એમ નહીં કહયું હતું કે "હું છાકટો છું?"

સીપાઇ—ના સાહેબ તેણે તમોને પણ છાકટા નથી કહયા. સું તમો તે ગરીબ ઉપર એવો વાંક મુકવા માગો છો કે તેણે આખી કોરટનેજ છાકટી કહી?

---

એક ગામમાં એક વૈદ આવ્યો અને જાહેર કીધું કે આવતી કાળે સહવારના છ વાગતે, ચૌટામાં જે લોક હાજર થશે તેઓને વૈદરાજ દરેક માણુસ દીઠ ચૌદ ચૌદ આના બખક્ષીશ આપશે. આ ખબર સાંભળી ગામનું ઘણું લોક ચૌટામાં ભેગુ મળ્યું. વૈદરાજ આવ્યા અને સઘળાંની વચમાં ઉભા રહી એક પેટી ઉંઘાડી ને નીચે પ્રમાણે બોલ્યા:— "ભાઇઓ આ મુલક મારી જન્મ ભુમી છે. એ મુલકમાં ઉચું વૈદું શીખી હું ઘણા પૈસા કમાયો છું. તેમાં મુખ્ય કરી આ ગામ મને ઘણું વહાલુ છે માટે જે કોઇ મારા કહયા પ્રમાણે ચાલશે તેને દર માણુસ દીઠ ચૌદ આના બખક્ષીશ આપવાનો મારો વીચાર છે." આ સાંભળી ચૌટાનુ લોક હર્ખમાં આવી ગયું. પછી બાકસમાંથી થોડીક પડીકી કાઢી વૈદરાજ બોલ્યા "ભાઇઓ અને બાઇઓ, આ જોલાબની અકસીર પડીકીનુ અસલ દામ રૂપીયો એક છે, પણ આ મારાં માનીતાં ગામને ખાતર હું તમારી પાસે દર પડીકાં દીઠ બબે આનાજ લઈશ અને બાકીના ચૌદ આના હું દરેકને બક્ષીશ આપવા માગું છું."

## બાંનુંબાઈ (મીસ નાઈનટી ટુ).

અમારી પડોશમાં મીઠાંમાએની દીકરી બાંનું નામની હતી. જાતે ઘણી હસમુખી હતી. સરવે "બાનુ" "બાનુ" કરી બોલાવે. એક દીવસે બાંનુંને ગળાંમાં કાંટો ખુટો. ઘણુંબી કીધું પણ કાંટો બાહેર નીકળેબી નહી ને અંદર ગળાએબી નહીં. તેઓનાં ફેમીલી ડાકતર પેદરોએ ઘણુંબી કરીઉ પણ ફોકટ અને મોહોટા ડાકતરની સલાહ લેવાની જરૂર પડી. ડાકતર પેદરો પારસી કુટુંબોમાં ઘણો જાણીતો થઈ ગીઓ હતો અને ગુજરાતી બોલતો ને લખી વાંચીબી જાંણુતો હતો. આંક પણ શીખીઓ હતો. મોહોટો ડાકતર આવીઓ ને બાંનુંને તપાસીને કહયું કે કંઇ ઉલટીની દવા લખી આપું. પ્રીસક્રીપશન લખતાં દરદીનું નાંમ પુછવાથી ડાકતર પેદરોએ વીચારીઉ કે બાંનું તો ગુજરાતી છે. (એટલે એકાંણું, બાંનું, ત્રાંણું, એમ) કરી પોતે આંક શીખેલા યાદ કરી તેને અંગ્રેજીમાં ગોઠવી મોહોટા દાકતરને કહયું કે "મીસ નાંઈનટી ટુ"! ગરીબ બચારો પેદરો જેવો એમ બોલીઓ કે સરવે જે આસપાસ હતા તેઓને ખું કરી હસવું આવીઉ તેમાં "બાંનું" (મીસ નાઇનટી ટુ) થીબી ખુદરતી રીતે જોસમાં એવું હસી પડાયું કે તેના ગળામાંથી કાંટો બાહેર નીકળી પડીઓ.

---

"ભાઈ, તમને કેઇ કીસમનો દારૂ ઘણો પસંદ?"

"મુફ્તનો."

## પરખાયજ નહીં એવી શરત.

એક અક્કલના દુશમને પોતાનાં સદરામાં ઈંડાં લઈ બીજાને પુછયું કે "મારા ખોળામાં કેટલાં ઈંડાં છે? પારખે તો દસેદસ બધાં ઈંડાં તુંને આપી દેઊં!"

---

## દાહ્યો નિશાળીઓ.

મેહતાજી—પ્રાણીવર્ગમાં એવું કયું પ્રાંણી છે કે જેને દાંત હોતા નથી?

દાદા—સાહેબ, મારી બપાઇ.

---

બે ચાર હીંદુ, એક પારસી, એક મુસલમાન, એ પ્રમાણે ચાર પાંચ જુવાન મીત્રો, ગુરૂપદેવ તાડી પીવા ગયા. તકરારમાં તકરાર ચાલતાં ભાગવતગીતા વીષે વાત નીકળી.

એકે કહયું કે ભાગવતમાં બહું જાણુવા જેવું છે, ત્યારે બીજાએ મત આપ્યુ કે તેમાં જેટલું છે તે કરતાં લોકો ઘણું મોટું રૂપ આપેછે ઇત્યાદી. આખરે પારસી મીત્ર જેવણ ઘણા ચતુરમાં ખપતા હતા તેવણુનો અભીપ્રાય પુછયો ત્યારે તેવણે ડાહાયું મોંહ કરી ઉતર દીધો "ભાગવત! પરારને વરસે હું ત્યાં ગયો હતો—તો મનેતો ત્યાં કાંઇજ જોવા જેવું લાગ્યું નહીં."

મંડળીમાં હસાહસ ને એકબીજામાં આંખના એસારા.

## શરાબ—ખરાબ.

શરાબમાં બે જાતના ખરાબ ગુણ આવે છે—જો તમે તેમાં પાણી ભેળી પીઓ તો તે બગડી જાએ છે ને જો તેમાં પાણી નહીં ભેળો તો તે તમુને બગાડી નાખે છે.

---

જે પુરૂશને વાંચતાં નહીં આવડે ને પોતાની પાસે મોટી લાઇબરેરી રાખે તે ઘણી એક ખુંધા પુરૂશની મીસાલ છે. કેમજે તે પોતાની પીઠ ઉપર શું એબનો બોજ છે તે જોઇ શકતો નથી.

---

એક વાર સુરતમાં મામાપારખની પહેડી પર મુંબઇના ચાર પાંચ પહેડીના મહેતાઓ બેસીને ખુબ દશાંસ મારતા હતા. પોતાની પહેડીની તારીફ કરતાં એક મહેતો બોલ્યો "હું કહું! હમારે તાં છે તે કરીને વરહે દારે પાંત્રી ચાલી લાખનો નફો. ફકત ત્રણ હજાર રૂપીઆની તો લખવાની હાઇ—લખવાની હાઇ—થાય."

આ તોપ સાંભળી બીજા મહેતાએ નાળ્યું હાંક્યું "અરે ભાય તેમાં તે હું મોટી વાત. છેલ્લી દીવારી પછી હમારા છેઠે હોકમ કારેલો કે હવેથી નામું લખે તેમાં કાંના માતર લખવા નહીં, તો તેટલામાંજ વીહ હજાર રૂપીઆનીજ હાઇ બચી ગેઇ."

આ જબરદસ્ત ધડાકો સાંભળી બીજા બધા લખેશરીઓ "લે ચાલો ભાય જંબાનો વખત થઇ ગયો" કરીને ઉઠી ગયા.

## સુરતી લાલીયાની ગરબી.

રાગ દેડવી—તાલ કુબરી.

(બાપજી દેડિયાં કાંય હરજાયવાં—એ રાહ.)

માતજી જીવો તમે વિકટોયરા;
તમે નાંતના બંદો તોયરારે.—માતજી.

કઈ જૂગો થયા જે હિણાયા,
વળી નીચ જાત દેડા ગણાયા;
તે વ્હેમી ધડા તેં ફોયરારે.—માતજી.

હતાં કોઇ અમને નહીં અડતાં,
કદી ઓજો પડે તો લડતાં;
અડે અંગ લૂગડાં જળે બોયરાંરે.—માતજી.

હતા ટોપલાજ માંથે અમારા,
વળી કાખમાંજ રહેતા બુતારા;
હવે ઘણા જને તે છોયરારે.—માતજી.

અમે કકોખખો નહી જાંણતા,
કદી કાગદપર લીટી નહી તાંણતા;
હવે ગોટપીટ કરે મારા પોયરારે.—માતજી.

જ્હૂને કેછરીહિંગ પાઈને,
તમે તોડી વહેમની વાઇને;
નહી છાજા થતા તે ઘોયારારે.—માતજી

બહૂ મોહેરા છાબ અને મેમને,
નહીં ચાલે અમો વિણ તેમને;
છહૂ કાજે અમને છાથ જોયરારે.—માતજી.

ઘણું જીવો તમે મેંમ કેછરા,
બિજે જનમે અવતરી માત બેચરા;
જિવો તારાં છૈયાં ને છોયરારે.—માતજી.

પિટી કાલી અમ માંથેથી ટીળી,
રોજ આવે તમારી જુબીલી;
જશા ભગતે આ અંતરા જોયરારે.—માતજી.

દોહરો.

દેવ ગયા દૂવારિકા—પીર ગયા મક્કે;
ફીરંગીના રાજમાં—ઢેડ મારે ઢક્કે.

---

નાનાભાઈ મેસમેનને તાંહ તેર છોકરાંની વરૂધી હતી અને પગાર ફકત રૂ. ૧૭ નો! એક દાહાડે બરજોરજી શેઠના જેવણ પાસે મોટી દોલત હતી અને છોકરાં કાંઈ ન હતાં તેવણ નાનાભાઈને મલ્યા. નાનાભાઈ પોતના કમનશીબની ફરીયાદ કરવા લાગ્યા તેવણુને દીલાસો આપવા બરજોરજીએ કહયું "કાંઇ નહીં ભાઇ, ધીરજ રાખો, જે પેદાનો કરનાર ખાનારને મોકલેછ તેજ સાહેબ ખાવાનુંબી મોકલેછ."

નાનાભાઇએ નીસાસો નાખી કહયું "તે ખરૂંની ભાઈ, પણ હાલતો પેદાના કરનારે ખાવાવાળાં મારે તાંહ ધકેલી દીધાં અને ખોરાકી તમારે તાંહ મોકલી દીધી તેનું કેમ?"

## નવરોજી શે-એ-એ-એ-ઠ.

નવરોજી લાહેર સરવે રીતે ઠંડા પાણીના માટલાં જેવા અને કાંમ ધંધા વગરનાં અને દરેક ચીજનો બહુજ કંતાળો ખાવા વાળા હતા. આઠ દાહાડે હજામતબી કરાવે અને તેબી હજામને ગળે ઘાંટાં પડે ને તેવનના નાંમની બુમ મોહોલામાંથી પંદર વખત "નવરોજી શે-એ-એ-એ-ઠ" પડે ત્યારે ઠંડે કળેજે બારીએ આવી હજાંમને જવાબ દીએ અને દોહોડ કલાકે નીચે ઓટલાપર આવી હજાંમત કરાવે. પડોશમાં મેહેલુજી વકીલ બધી યુરોપીઅન ધપનો રેહેતો હતો તેને આવો ફેસતો જોઇ પેટમાં આડાંઉભાં ઘણા આવે તેથી નવરોજી લાહેરનો ઘાટ સારો ઘડી કાહાડીઓ. રવીવારે નવરોજીની હજાંમતની વારી હતી તેની એક દીવસ આગમજ મેહેલુજી વકીલે પાડોસનાં ધોબીઓનાં આઠ દસ પોરીઆઓને કંઇ લાલચ આપી શીખવી રાખીઆ. જેવો હજામે રવીવારે સહવારે "નવરોજી શે-એ-એ-એ-ઠ" કરી મોહોટેથી બુમ પાડી કે સરવે પોરીઆઓ તુરતજ "ઘોડે ચઢીઆ" કરી મોહોટે અવાજે બોલીઆ. આ સાદ સાંભળી આખો મોહોલો બારીએથી તમાશો જોવા તુટી પડીઓ. હજામબી મારો નાહાલો બાંગર તે નવરોજીની ખોડ ભાંજવા પાંચ છ વખત "નવરોજી શે-એ-એ-એ-ઠ," "નવરોજી શે-એ-એ-એ-ઠ," બુમ પાડીઆ કીધી અને તરતજ પેલા પોરીઆઓ "ઘોડે ચઢીઆ" "ઘોડે ચઢીઆ" કરી જવાબ આપે. નવરોજી લાહેરનો તો જબરો રકાશ થઈ ગયો પણ મેહેલુજી વકીલની આએ તાલથી નવરોજીએ પોતાની ખોડ છોડી.

## કાજીજી જોરૂ નહીં લાયા, બરા પાપ લાયા.

તમારો નમનતાઇ ભરેલો સેવક કુંવારી હાલતમાં ૩૫ વરસની ઉમર સુધી ખુશાલ હતો. પુઠે હાથ ને જુમેરાત! આપણે ગરીબ આદમીને વળી બાયડી શાંની જોઇએ. આપણે સાંભળેલું કે બાયડી આવે કે આએ લાવ ને પેલું લાવ એમ ખરચમાં માર્યા જઇએ. ના રે બા! ખાઇએ પીજીએ ને વળી ખુશાલ. વળી કુંવારા એટલે જરા પરણેલા કરતાં ભાવબી વધતો.

જે ઘરમાં હું રેહતો હતો તેને ભોંયતલીએ સુનાં નામની એક વીધવા બાઇ, આબરૂદાર પણ અઘોર વરસ ચાળીસેકની રેહતી હતી. આ બાઇને દર માસે ૧૫ રૂપીઆ હું આપતો તેમાં બે વાર મને ખાવાનું પોંહોચાડતી અને તે કેવું ખાવાનું! તેણીની પકાવવાની શકતીની હું તારીફ કરી શકતો નથી.

હું ખાતરીથી કહું છું કે તેણીને હાથનો ઇડાંનો પોળો કે લોહોરી પર તતરાવેલા લીલા બુમલા કે વઘારેલી ખીચડી અને ખાટો લેવટીનો પાટીઓ એક શાહ બબરચીને પણ શરમમાં નાંખે. તેણીને હાથે બનાવેલા પોપટજી, ચાપટ વગેરે સેંકડો મોંહ સવાદીઆંએ મારો ટેસ્ટ એટલો તો બગાડી નાંખ્યો હતો કે બીજાંને હાથનું પકાવેલું તો મારે ગળે ઉતરેજ નહી. ત્યારે હવે સુનાં ગરીબ, ઘેરના મોંબ જેવડી ઉંચી, પટેટા જેવાં નાંક વાળી, હોઠ પર જીણી મુંછવાળી, અને બકરા જેવા સાદવાળી હતી તેમાં મારા બાપનું શું ગયું. આપણને તો ફકડ ખાધાના ધણી.

કુંવારી હાલતે હું સુખી મારો ખોદા સુખી, મારો રમકડાં

જેવો નાહાનો ઓરડો મને વાહલો. કોઇ કોઇવાર એકાદ મીત્રને જમવા તેડું તો તે સુનાને હાથનું રાંધેલું જમીને મઘન થઇ ઘર જાય. ગમે ત્યારે બહાર જઇ ગમે ત્યારે પાછો આઉં કોઇ પુછનાર કે પરછનાર નહીં મળે. વીસ વરસની છોકરીઓ મને જોઈ મલકાય અને તેમની માતાઓ ઓવરાઇ ઓવરાઇ જાય ત્યારે વળી મને શું ઘેલું લાગેલું હોય કે આવી પચીસનો પ્યારો તે એકને પરણીને હાથ પગ ભાંજી બેસું. ના ભાઇ આપણુને તો બાયડી નહીં જોઇએ !

આટલા દહાડા તો હું કોઇ નોકર રાખતો નહીં હતો પણ કોણ જાણે શું કમબખ્તીએ મને ઘેરીઓ કે મારો ઓરડો સાફ સુફ રાખવા મેં એક પારસી ચાકર રાખ્યો. સુનાબાઇના હાથનાં પકવાનના તેવણુને તો એવા ચટ્ટા લાગ્યા કે જ્યારે જોઇએ ત્યારે તેવણ સુનાંની રાંધણીમાંજ બેઠેલા હોય. પહેલાં તો મેં કાંઈ દરકાર કરી નહીં પણ આખરે એક દહાડે સુનાંબાઇએ મને ભડકાવ્યો.

" જી, આવતે મહીનેથી મારેથી ભોણું આપવાને બનશે નહીંજી, તેથી તમે તમારૂં જોઇ લેજોજી."

હું ઈજીચેર ઉપર અરડાઇને બેઠેલો હતો ત્યાંથી મારી છલાંગને ઉઠયો અને પુછયું, " કાંય વારૂં, એમ કાંય ?"

સુનાંબાઈ જરા લજવાઇને બોલ્યાં "જી તમારા નોકર જમશેદજી સાથે દાંના પારી જવાની છું જી. હમે ગરીબ માણુસ એમનાં એમ કાંહાં સુધી ચલાવ્યે, પછી હમારાં મોત લાકડાંનું કોણ કરે ?"

મેં જવાબ દીધો " અરે પણ ભલાં માણુસ, એમ કાંઇ

તારેથી મને મુકીને જવાય; આપણુને એક બીજાંની ગમ પડી રહેલી. તું ને જમસો પરણો, હજાર વખત પરણો પણ પરણીને અહીયાંજ રેહો, તમે કેહો તો તમારો ને તેનો બેઉનો પગાર વધારી આપું."

સુનાં ડોકું હલાવીને બોલી "નહીંજી એમ તો નહી બને. મારી પાસે ને જમશેદજી પાસે થોડું નાંણું છે તે અમે સુરત જઈ હાટલ ઉંઘાડવાનાં છઇએ. મને અગાઉથીજ એવું ધકે હતું તે હવે પાર પડવાનો વખત આવ્યો. મને જવા તો ગમતું નથી પણ હવે તો છુટક નહી."

આટલું બોલી સુનાં તો ગઇ, આપણે તો ગભરાટમાં પડયા. એનું સત્યાનાંશ થાય! હું તો ભુખે મરી જવાનો. ઘણાબી ઉપાય વીચાર્યા પણ એકબી તાલ બંધ બેસે નહીં, મારા માંનીતા સહરા સહરા ઇડાંના પોરા વગર કેમ ચાલે! ઘણો વાર વીચાર કરી મેં સુનાંને પાછી બોલાવી.

"જો સુનાંબાઇ તમે આએ પ્રમાણે મને અધવચમાં મેળી ચાલી જાઓ તે કાંઇ વાજબી નહીં. તમારેથી જવાયજ નહીં, તમારે જોઇએ તો પંદરના તીસ લેઓ."

"નહીંજી, હું જમશેદજીને કબુલ થઈ એટલે મારેથી હવે ફરાય નહીં."

હું આંખ વીંચીને કાંસવા લાગ્યો.

"બીજું કાંઈ કેહવોછ જી."

"પણ હું ભુખે મરી જઈશ."

"અરે જી એ તો કેહવાની વાત, પેહલાં જરા મોંહોડે નહીં આવશે પછી તો મારા કરતાં કોઇ સરસ મળી આ-વશે." આંમ બોલી સુનાંબાઈ તો વળી પાછાં જતાં રહયાં.

મેં વીચાર કરી જમસાને બોલાવ્યો. જમસો નખ્ખોદ ગીઓ મોંહ મટકાવતો મટકાવતો આવ્યો. તેનો સદરોજ દૂરથી ઇડાંના સહરા સહરા પોળા જેવો વાસ મારતો હતો. મેં કહયું "બચ્ચા જમસા, તેં શું એ નખ્ખોદ ઘાલ્યું? મેં તુંને ચાકરીએ રાખ્યો તો તું મારૂંજ કાટલું કાહાડવા બેઠો કે?"

જમસાએ તરકડો થઇ જવાબ દીધો "તે હાહેબ, તમે કાંઇ ગોલામી ખત બત લખાવી લીધુંતું કે. તમોને હું છે? આજે રાખો ને કાલે નહીં. પછી અમે હમારા બુઢાપામાં કાંહ જઇએ?"

"પણ મને અરચણ ઘણીજ પડશે તેનો કાંઈ ઈલાજ!"

"તે તો હાબ તમે જાણો. તે હારૂં હું કાંઇ અમે અંહીં પરી રેહવાના હતા?"

"જો જમસા જરા વીચાર કર. તુંને તો બીજી ઘણીબી બઇરી મળશે. સુનાંમાં શું ગોળ ઘાલેલો છે? મોટો ગરીબ ઘેરનો મોભ ને વળી એબ લગામણું દીલ—તારા જેવાને શું સારી સોવામણી બઈરી મળવાની નથી?"

"તે હંધું ખરૂં હાબ. એમ તો મારા કાકાની છોકરી એક હત્તર વરહની છે—કેવી નરી જાણે મડમ પણ પાહે એક

પૈહો નહીં મળે. ને હુના ગમે એવી ઉંચી છે, વાંકી છે, ટીકી છે, પણ પાહે ઠીક ડલ્લો તો છે, તે પછવારેથી કામ લાગે કની?"

"પણ સુના પાસે એટલા બધા તે કેટલા પૈસા છે તે તો કેહ."

જમસાએ મને રકમ કહી અને ત્યાંથી ગયો. મેં મન સાથે વીચાર કીધો કે જમસાને તો એ રકમ આપીનેબી ખસાડી મુકું પણ સુના પછી છેરાઈને ફરી બેસે તો! સામા ગાંઠના ગોપીચંદ થાય. પણ સબર! જમસાને ખસેડી મુકી સુનાને કાંઈ રકમ આપી રાખું તો!

આવો ઠરાવ કરી બરાબર લાગ જોઇ નવરૂં હતું ત્યારે હું નીચે ઉતરયો અને સુનાની રાંધણીમાં પેઠો. તે સદરા ઉપરજ રોટલી કરતી હતી. મને રાંધણીમાં જોઈ તે અચરત થઇ. મેં કહયું "સુનાંબાઇ! સુનાંબાઇ! શું આજે તમારે હાથનો પાટીઓ! વાહ! કાલે શું ખાસ્સી કચુંબરનો ચટાકો બનાવ્યો હતો! જો સુનાંબાઈ તમે જશો તો હું ઝુરીને મરી જઈશ. કાંઈ તો વીચાર કરો."

સુનાંબાઇ આંખે રૂમાલ લગાડી બોલ્યાં, "જી હું શું કરૂં, નાચાર છેઉં."

"પણ તારે અંહીજ રેહવોની?"

"તારે તો જમશેદજી સાથ દગો કીધેલો કહેવાય."

"તારે મારી સાથ દગો કરો તે કાંઇ નહીં?"

"તમારી સાથ દગો સાનો. તમારી તો ખાધાની વાત ને આ તો દીલની વાત."

"પણ પેટને ખુશી કરો તો દીલબી ખુશી થાય. હું તો આજે તમારી પાસેથી કબુલાત લીધા વના જવાનો નથી."

"જી, તમે બોલોછ તેનો વીચાર કરતા નથી. મને એક ઠીક ઘેર કરવાનું મળે તો મને બીજું સારૂં નહીં મળે તાંહ સુધી તેને છોડી શું કામ દેઉં?"

મેં કહયું "પણ એ કરતાં સારૂં ઘેર મળે તો?"

"તો વરી શું—તે વખતની વાત તે વખતે."

હું થોભ્યો અને મારાં મન સાથ કચવાવા લાગ્યો. ઢેડાનાં ખાધાં લગણબી પંદર દહાડામાં થવાનાં. તેવામાં સુનાએ ચુહુલા ઉપરની તપીલીનું ધાંકણુ ઉંઘાડી કડછી કરી તો આહાહા! શુ શોહોડમ! કાંઇ નવીજ વાણી હતી અને તેની લેહજતથી મારાં નાકનાં ફીપડાં ફાંટી ગયાં, આહાહા! ખરૂં બેહસ્ત તે એજ! મારેથી વધારે રેહવાયું નહીં તેથી બોલી ઉઠયો "વારૂ સુનાબાઇ, જમસાને બદલે હું હોઉં તો મારૂં ઘેર કેમ?"

"વાહ! વરી એમાં પુછવાનું શું જી! તારે તો મારૂં નશીબજ જાગેતો."

"તો ઠીક, મારી સાથ પરણો અને અંહીજ રેહવો."

"ઓ મરૂંરે" એમ કહી સુનાબાઈએ ઉઠી ખડીએ હાથેજ મને ઓવરણાં લીધાં.

સહવારના જમસા સાથ સેવકને ખુબ બાઝી પણ તેને થોડું ઘણું આપી મેં પતાવી દીધો. તે તો ત્રીજે દીને પોતાના

કાકાની છોકરી સાથ પરણી બેઠો અને મેં સુનાબાઈ સાથ સારૂં સારૂં ખાવાને જીવે લગણ કીધાં!

લગણને બીજે દીને મારી બાયડી કહેવા લાગી " જી આજે ચાર પાંચ બબરચી તપાસી જોયા તેમાં એક સારો છે તેને મેં કાલે બોલાવીઓછ."

મેં કહયું "બબરચીનું શું કામ છે? તારી બરાબરનું રાંધવાવારૂં વળી કોણ મળવાનું હતું?"

મારાં ધણીયાણી ઠણકો કરી બોલ્યાં " તો લેરે! આવજો મોહોતું ધોઈને. હુ હવે ઘેરની શેઠાણી તે રાંધું કે! જોઇએ તો ચાકર રાખો, નહીંતો પાંઉ ને મહલાઇ લાવીને ખાજો. આપરે હવે રાંધણીમાં જવાના નથી!"

મેહરબાન વાંચનાર! જરા મારી દયા તો કર!

---

## મોરની ચાલે તીતર.

નામીચા ફ્રેંચ ઉસતાદ રાબેલેને માટે એક રમુજી વાત કેહવામાં આવે છે. જેવારે રેબેલે તદન કરકો બાશદ હતો ત્યારે તેની ખુશી પારીસ જવાની થઈ. પારીસ બસોએક મૈલ દુર હશે એટલામાં ખરચી ખુટી અને તદન અટકી બેઠો. તેણે શું કીધું કે બજારમાંથી થોડો લાલ ભુકો લાવી ચાર પાંચ નાહાના નાહાના પડીકાં બાંધ્યાં અને એક ઉપર લખ્યું "પાદશાહ સારૂં ઝેર" બીજા ઉપર લખ્યું "શાહાઝાદા સારૂં ઝેર" ત્રીજા ઉપર લખ્યું "વડા પ્રધાન સારૂં ઝેર" આ પ્રમાણે પડીકાં તૈયાર કરી પોતાના હોટલની ટેબલ ઉપર સઉ જોય તેમ

મુકી બહાર ગયો. આ પડીકાં ઉપરનું લખાણ જોવું હાટલના ધ-ણીના વાંચવામાં આવ્યું કે તેણે મોટાં ઇનામની લાલચે લાગલો એક સવાર કાહાડી પારીસ ખાતે સેકરેટરી આપ્ સટેટ ઉપર મોકલ્યો અને જણાવીઅુ કે એક જબરદસત ધુનાહ પકડાઇ આવ્યોછે માટે તાકીદેથી આ ઝેર દેનારને પકડવો. તુરત લશકરી ટુકડી આવી લાગી અને રેબેલેને પકડી ગાડીમા સવાર કરી ધામધુમથી પારીસ ખાતે લઇ આવ્યા. ત્યાં આવી પોંચતાંજ સઘલી કોરટે નામીચા મશકેરા રાબેલેને ઓળખ્યો અને ઝેર તપાશયું તો ઇટના ભુકા શીવાય બીજું કાંઇ મળે નહીં. સઘળાઓ રેબેલેની પારીસ પોંચવાની આ સીફ્ત વીશે વાખવાખી કરવા લાગું અને તેને રાજના ખરચે અમનચમનમાં રાખ્યો. અલબતે રાબેલેને બદલે બીજો કોઇ નબલો પોચો હતે તો મુશકા તાટ થઇ જતે.

---

## ભાગ લાગનો વહીવટ.

પેશતનજી પચુકરી અને સોરાબજી સાહુકારે પતીઆલાંમા ધંધો કરવાનુ શરૂ કીધું. સોરાબજી સાહુકાર પાસે ઝેહર ખાવાની અડધી નહીં. એક દાહાડે શોરાબજીને રસતામા એક ઓળખાણવાળો મલીઓ તેણે પુછયું "કેમ શેઠ! મેં સાંભરયું કે તમે વેપાર કરવો શરૂ કીધોછ?"

"હાજી"

"પણ તમારી પાસે થાપણ તો કંઇ નથી?"

"તો શું થયું—થાપણ નથી તો ધંધાની સીફ્ત તો છે!

થાપણવાળો ભાગીઓ એક મેં શોધી કાહાડયોછ: તેની થાપણ ને આપણી સીફ્ત!"

"હેં! કેટલાં વરસ સુધી ભાગ રાખશો?"

"ત્રણ વરસ."

"બસ, એટલાંજ?"

"અરે બાપુ એટલાં વરસમાં અમારી બાજી ઉલટી સુલટી થઇ જશે. થાપણ મારી થશે ને ધંધાની સીફ્ત એ શીખશે."

---

**શાવક્ષા**—(દર**બાન**ને) પેલાં માણુસને અંદર કેમ આવવા દીધો? બસ હવે મારી ખાતરી થાયછ કે જે લોકોના નામની પછવાડે **બાન** બોલ લાગેલો હોય તે લોકો ઘણાજ બેઅકલી હોયછ.

**શીરીન**—એમ તમારી ખાતરી કેમ થઈ વારૂં!

**શાવક્ષા**—તો જોની દર**બાન**, ગધે**બાન**, દીદ**બાન**, એ બધા ખરે ખરા બેઅકલી જેવાજ હોયછ કેની?

**શીરીન**—હા, હા, ઓંજીઉં એમ કંઈ છે ખરૂં! તમેબી મરૂં ખુબ અક્કલ દોડાવી હોં!

**દરબાન**—(હલુ રહીને નમાને આવાજે) અલબત! અલબત! આપ સાહેબે અક્કલ ખુબ દોડાવીછ ખરી મહારા **મેહેરબાન**!

આટલું સાંભલતાં વાર શીરીનબાઇ તો ચાલતીજ પકડી ગીયાં પણ શાવક્ષા શેઠ તો બોચી ખંજવાલતા ઉભાજ થઇ રહ્યા.

એક દહાડે પેસુ નામના એક નાટક કમપનીના ખેલાડીને બે મુસલમાનોએ સમાલકોઝ કોર્ટના બેલીફની સાથે ૨૦ રૂપીયાના કરજને માટે પકડયો. એવું બન્યું કે એટલામાં આછલીપીઠના દસ્તુર જામાસ્પજીની ગાડી ત્યાંથી પસાર થઇ જતી હતી. આ જોઇ પેસુએ પોતાના માગનારાઓને કહયું "ભાઇઓ, આ લેઓ, મારા કાકા જામાશજી દસતુર ચાલ્યા, એવણુને એક બોલ કહેવશતો મારૂ કરજ બધા ખરચ સુધાં ચુકવી આપશે અને તમારો ને મારો છુટકો થશે." માગનારાઓએ રજા આપવાથી પેસુએ દસ્તુરજીની ગાડી એસારત કરી ઉભી રખાવી અને બારીમાં ડોકુ ઘાલી દસ્તુરજીને કહયું "સાહેબ, મારો એક અજીમ ગુનાહ થયોછે તે બચાવી લેઓ. હું ઘણો શકતીમાં આવી ગયો તેથી આ બલા મુસલમાનોને મેં કબુલાત આપી કે હું મુસલમાન થઈ જવશ, પણ તેટલાં મારો માંનીતો ધર્મ યાદ આવી જવાથી હું હવે ઘણો પસતાંઉછું વાસ્તે કાંઈબી કરી મને છોડાવો સાહેબ." દસ્તુરજીએ ભોલાઇમાં જવાબ દીધો "કાંઈ નહી દીકરા ફીકર ના કર, હું એ લોકને સમજાવી લેઈશ." પછી માગનારાઓને હાંક મારી કહયું "ભાઈઓ તમે એને હમણાં તો જવા દેઓ અને સાંજનાં મારી પાસે આવજો હું તમુને સમજાવશ." બેલીફ જે પારસી હતો તેને દસ્તુરજીસાહેબને ઓળખવાથી, સઘળાઓએ નમીને સલામ કીધી અને પેસુને છોડી દીધો. સાંજનાં માગનારાઓ અને બેલીફ દસ્તુરજીને ત્યાં જઇ ઉભા. દસ્તુરજીએ પુછયું "ભાઇઓ એક માણુસની મરજી ઉપરાંત તેનો મજહબ છોડાવવો એ કાંઇ તમને લાજમ છે?" બેલીફે અચરત થઈ પુછ્યું

"મજહબ! સાહેબ? મજહબ સાનો—તમારા ભત્રીજા સામે ૨૦ રૂ. ની આ લોકની ડકરી છે, તેનો હવાલો તમે સાહેબે લીધો તેથી તેને છોડી દીધો વાસ્તે હવે અમે તો તમુને ઓલખ્યે." દસ્તુરજીએ જોયું કે આતો બન્યા ને ગડબડ કરશું તો પાસાબાગ, જેના તેવણ મેમબર હતા ત્યાં ઉલટા પોરયાઓ ફજેતો કરશે માટે મુગા મુગા ઉઠી અવાખશે પશેમાન ફરી કબટમાંથી ૨૦) રૂ. કાઢી આપ્યા.

---

ડાહ્યા માણસો કેહે છે, તે ખરી વાત છે, કે "સોનાની પરિક્ષા આતશથી, બાયડીની પરિક્ષા સોનાથી, અને પુરૂષની પરિક્ષા બાયડીથી થાય છે."

---

હાલ એક જણે એવી ગણતરી કાઢી છે કે વેલાત ખાતે ગએ વરશ ૫૪૦ બાનુઓ બેશુધ થઈ ગઇ તેમાંથી હરઘી હરધ ગ્રહસ્થોના હાથમાં પડી ગઇ. માત્ર બે જણીઓ બચારી કમનસીબે ભોંય ઉપર તુટી પડી. (કેવુ અજાયબ જેવું!)

---

## ઘરડા—જુવાન.

એક ફીલસુફ કહે છે કે દરેક જણે ઘડપણમાં જુવાન થવું જોઇએ, અને જુવાનીમાં ઘરડા થવું જોઈએ. એટલે કે એક ઘરડા માણસે ખુશ મીઝાજ અને રંગીલા રેહેવું જોઇએ, અને જુવાન માણસે ડાહયા અને સમજુ થવું જોઇએ.

## આડાની સુંઠ.

એક ઘણાજ લાડકા ધણીએ પોતાની મોહોરદાર પર નીચે પ્રમાણે તાર મોકલ્યોઃ—

"આજે બપોરે શું રાંધ્યુંછે ને બુચો કેમછે?"

જવાબ આવ્યો કે "ધાનશાક ને ગોવરૂં."

---

એક હસમુખો લખનાર કહે છે કે મેં એવાં નાઝુક બઇરાંઓ જોયાં છે કે જેવો ઘોડા ઉપર સ્વારી કરવાને બીહે છે કે રખે ઘોડો લઇને નાસી જાય; મછવામાં બેસવાને ડરે છે કે રખે મછવો ઉંધો વળી જાય; રસતામાં ફરવાને બીહે છે કે રખે હાર લાગીને સરદી લાગે પણ મેં એકબી બાંનુને એવી જોઇ નથી કે જેણી પરણવાને માટે ડરતી હોય.

---

## એક નવીજ શોધ.

**ફરામજી ફોટોગ્રાફર**—હમણા હમણા તો એવું થવા લાગ્યુંછ કે ફોટોગ્રાફ રાતને વખતે પણ લઇ શકાય છે.

**નવલું**—હં એ તે વરી કયારથી?

**ફરામજી**—એમાં કંઇ અજાએબ થવા જેવું નથી.

**નવલું**—બા હુંતો બહુ અચરત થાઉંછ—એવી શોધ તો આજેજ સાંભરૂંછ.

**ફરામજી**—અરે એમાં શોધ તે શાની બરીછ—મારે ત્યાં ગઇ રાતના ચોર આવ્યા તે બધા ફોટોગ્રાફ રાતના લઈ ગયા!!!

## બાર વાગી ગયા!

શોહરાબદારૂ કકલીયો હીજાદારૂના લગનમાંથી રાતે બારો-બાર થઇને ઘેર આયો. ઘોલીયાપર જરા રતી આરામ લીધો નહીં એટલામાં ઘડીઆલમાં બાર વાગા. આ જોઈ શોહરા-બદારૂ જેવણુ હજુર "થેં" થયલા હતા તેવણુ મોટી ગભી-રતાથી બોલ્યા,

"પીલાઈ, આપરૂં ઘ-ઘ-ઘડીઆલ તો છેકજ ગીયુંઝો."

"કાંય શું છે. કાણુ કેહેશ કે ઘડીઆલ છેકજ ગીયુંચ." શોહરાબદારૂની બઇરીએ જવાબ દીધો.

"પણુ ઝોની તુજ. બ-બાર વખત એ-એક-ક-ક વાગો."

---

ઉપલાજ શોહરાબદારૂ કકલીયા પેસતનજી પાલીયાને ત્યાં અસતમ ભણુવા ગીયા. અસતમના ભોણુાની સુગંધથી આપણુા શોહ-રાબદારૂંનું હોજરૂં મોંહના આગળ આવી ગરબડ કરતું હતું. કોઇ રાંધણીમાં હાજર ન હોવાથી એક કતલેસનો કટકો મોંહમાં મુકયો. પેસતનજી પાલીયા જેવણુ આ સઘળું જોતા હતા તેવણુ આગલ આવી બોલ્યા "હત! મેં નહીં ધાર્યું હતું કે તમે એમ કરશો, પણુ——"

"હટ! સાહેબ મેં નહીં ધાર્યું હતું કે તમે એમ ભરાઈને જોશો" શોહરાબદારૂએ હાજર જવાબ વાપરી કહ્યું.

## હુન્નરનાં ગામ વસતાં.

હસવાનો એક ફાયદો નીચલી વાત ઉપરથી માલમ પડશે.

એક વેળા એક વાહાણ તોફાનના સપાટામાં આવી ગયું અને ખલાસીઓ નાચાર થઈ બંદગીમાં મશગુલ હતા તેવામાં એક નાનો છોકરો ખડખડ કરતો હસી પડયો. બીજાઓએ તેને આવા કવખતે હસવા સારૂં ઠપકો દીધો અને તેનું કારણ પુછયું.

ચેકુસે જવાબ દીધો "હું એમ હસતો હતો કે જ્યારે આપરો સુકાણી દરીઆમાં પડશે ત્યારે એના રાતાં સુરન જેવા નાકનો કેવો સુરૂરૂરૂ કરતો અવાજ થશે."

આ હસવા સરખા બોલોથી સઘળાંઓથી હસવાનું થોબાયું નહીં અને આથી કરી તેઓના દીલમાં એવું નવું શુર આવ્યું કે આખરે તેઓ ઘણી મેહેનત કરી વાહાણને કીનારાપર સહી સલામત લાવ્યા.

---

શાપુરજી સુરતી પોતાના દોસ્ત નવરોજી નકટા જેવણ માટે રેહેતા હતા તેવણ પર દર કાગલે લખે કે 'ગરીબ લાયક કામકાજ લખજો.' આથી કંટાલી જઈ નવરોજી નકટાએ પોતાને માટે બે બુટની જોર મંગાવી. એક મહીનો ગયો, બે મહીના પસાર થયા પણ સુરતીભાઈએ તો બુટ વીશે અખાડા કીધ ૭ મહીના પછી તેવણે પોતાના આ દોસ્તને

ઘેર જવાનું મન કીધું અને એવી તકને લીધે એક કાગલ નીચે મુજબ લખ્યું :—

"પ્યારા ભાઈ નવરોજી નકટા,

તમોએ બુટ મંગાવવા વીશે કાગલ લખ્યુંતું તે મને નહીં પુગવાથી મારેથી મોકલાયાં નહીં. નહીંતો જરૂર આટલું તમારૂં કામ પાર પાડી આપતે.

હું છું તમારો શેવક,
શાપુરજી સુરતી."

---

એદલજી બીડીકરણના બાપ, બપાવા ને બપાવાના બાપ દેશાવરમાં મરણ પામ્યા હતા તેથી તેવણે ઠરાવ કીધો કે મારે દેશાવર જવુંજ નહીં. આ ઠરાવ સાંભળી એક હસમુખા મીત્રે પુછ્યું "તમારા બાપદાદા દેશાવરમાં મરી ગયા તો ખરા, પણ તે વખત તે લોકના દીલમાં કપડાં હતાં કે?"

"હાસતો વળી—કપડાં નહીં હોય?"

"ને તે લોક ઘેરમાં ગુજરી ગયા કે રસતામાં?"

"ઘેરમાં—અલબત."

"તારે મારી તમુને સલાહ છે કે તમે હવે પછી ઘેરમાં રેહવુંબી નહીં ને જીવો જાગો તાંહ સુધી કપડાંબી પેહરવાં નહીં."

---

નુરદીન ને ઇશમાલજી બંધે દોસ્તો વેપાર કરવા બીજે દેશ ગયા. ત્યાંથી પાછા ફરતાં બંધે પાસે વાસણો હતાં, પણ ખાવાનું કાંઇ ન હતું, માટે વિચારમાં પડયા કે રાત તો બગડામાં કાહાડવી પડશે, માટે કેમ કરવું. ખુદાના હુકમથી

એક મરઘી ચરતી નજર આવી તે તેઓએ તપડાવી અને વિચાર કીધો કે રાત પડે કે ભુંજીને ખાઇ જવી. હવે નુરૂદીન અને ઈશમાલજી વચ્ચે વાંધો પડયો. એક કેહે કે હું વધારે ખાંઉં અને બીજો કેહેજે હું. આખરે એક મતથી બંધેએ ઠરાવ કર્યો, કે આપણે બંધેએ હાલ તો સુઈ જવું અને ઉંઘમાં જેને ઘણો સરસ ખુઆબ આવે તે વધારે ભાગ ખાય. હા કહી બંધે સુતા ખરા પણ નુરૂદીન પોહોંચેલો હતો તેણે હલુસે ઉઠીને મરઘી ભુંજી કાહાડી અને બીજીગમ સંતાડી આવ્યો. થોડીવારે ઓલ્યા ઇશમાલજી ઉઠયા અને કેહેવા લાગ્યા, "ઓલા નુરૂ, હુંએ તો બઉ અચ્છો ખુઆબ દિઠો, માટે મુરઘી તો મને ઘટે."

**નુરૂદીન**—હેં! ભલા તે શું તે મુને કહે તો ખરો.

**ઈશમાલજી**—તો સાંભળ. ખુઆબમાં હુંએ એક ફીરસ્તાને હોડીમાં ફરતો દિઠો. તે મુને સાથે બેસાડી દરીઆમાં ફેરવવા લઇ ગયો. વાહા! દોસ્ત, ત્યાંનાં દેખાવનું શું બ્યાન કરૂં! સેવક તો ખુશ ખુશ થાઇ ગયો, પછી હુંએ ખુદાજી પાસે મુને લઇ જાવાને ફિરસ્તાને મીન્ત કીધી તો તેણે મુને સાથે લઈને ટાં જાવા હોડી હંકારવા માડી, પછી——

**નુરૂદીન**—હા દોસ્ત, સચી વાત છે, હુંએ પણ તમુને નિચ્ચુસે ટાં ફિરસ્તા સાથે જાતા જોયા અને બંદાએ ધાર્યું કે ઇશમાલજી બચ્ચો કાંઇ બેહેશત છોડીને પાછો ફીરે નહીં, માટે એકલાએજ મુરઘી ભુંજી ખાધી.

**ઈશમાલજી**—(જેવણુના પેટમાં ભુખે કકરા ઉઠતા હતા તેવણુ નાશીપાસી સાથે) અરરર! આ શું થી ગયું!

## ઘરડી ઘોડી ને લાલ લગામ

યાને

## "સાહાઠ વરસનો માટી તેને દસ વરસની કન્યા, લાલ કેમ કીજીએ."

ભાટીયા વાણીયાઓમાં સાહાઠ વરસના ડોસાઓ નવ વરસની ધણીયાણી ખોળે બેસાડી લાવે છે ત્યારે તેઓને જંગલી, ક્રુર વગેરે વીષેશણો લગાડવાનો આપણામાં તેમાં મુખ્ય કરી ઈંગ્રેજોમાં રવૈયો પડેલો છે. ઈંગ્રેજ ભાઇઓ ગમે એટલી નાકે જીભ લગાડે તોયે આ બાબદમાં કોઇ કોઇવાર તેઓમાં થતાં કજોડાં લગણ હીંદુ ભાઇઓનેબી વીસરાવે છે. હીંદુ મરદ તો સાહાઠ વરસનો થઇ બાર વરસની કન્યા લાવીનેજ મુગો બેસે છે, પણ યુરોપમાં તો હેંસી વરસની કાજગરી બાનુ અઢાર વરસના છોકરાઓ પરણી લાવે છે તેનું કેમ?

નીચલી કેટલીક નોધો ઉપરથી અમારા વાંચનારાઓને રમુજ સાથે કેટલીક જાણવાજોગ વીગતો મળશે:—

**લગણ**—"બાઠ ખાતે કેપટન હેમીલટન, ઉમર વરસ ૩૦ તે એક આબરૂદાર અને પૈસાવાળી બાઇ મીસીસ મનસન સાથે, ઉમર વરસ ૮૫."

**લગણ**—"ફેબ્રુઅેરી ૧૭૬૯—કુકસબર્ગ ખાતે રાબર્ટ જડજ એસકવાયર, ઉમર વરસ ૯૫ તે મીસ એની ન્યુજંટ સાથે ઉમર વરસ ૧૫." આ લગણની નોધમાં પરણનાર 'છોકરો'

(૯૫ વરસનો) જાહેર કરે છે કે રાજા વીલ્યમની લડાઇઓમાં તેને નાક ઉપર ગોળી લાગી હતી.

નીચે પ્રમાણેનાં લગણની જાહેરખબર તે વેળાનાં એક વર્તમાન પત્રમાં છપાયલી ઉતારી લઇએ છઇએ :—

લગણ—"ડીસેમબર ૧૭૫૫—યાર્ક ખાતે મી૦ થામસ, તે યાર્કશાયર રીજમીટનો ગ્રાંનેડીયર, ઉંચાઈ છ ફીટ બે ઇંચ—તે ટૅનીકની રેહવાસી મીસ હેના સાથે, ઉંચાઈ ત્રણ ફીટ બે ઈંચ, તથા સાથે પાંચ હજાર પોંડનો ફાલો."

એજ પત્રના અંદર એક બીજાં લગણની નોંધ આવેલી છે જેમાં વરરાજાની ઉમર ૮૦ અને કન્યાની ઉમર ૮૫ની જણાવેલી છે અને તેમાં વળી પરણનાર જોડું જાહેર કરે છે કે "અમારા વચે 'કોર્ટશીપ' યાને લગણની આગમજના સંપેસા આજ ૬૦ વરસ થયાં ચાલુ થયા હતા."

ડયુક આવ રીચમંડ અને અરલ કેડોગન નામના બે નાંમીચા ઇંગ્રેજી ઉમરાવ અઠંગ જુગારી હતા. એવું બનયું કે જુગારમાં ડયુક આવ રીચમંડ પોતાનું સર્વસ્વ હારી ગયો અને સેવટે લાર્ડ કેડોગનનો મોટો કરજદાર થઇ પડયો. લાર્ડ કેડોગને આ દેવું ફીટાડવા માટે સુચના કીધી કે તેની છોકરી લેડી સાહારા જે માત્ર ૧૩ વરસની હતી તેનાં લગણ જો ડયુક આવ રીચમંડના ૧૮ વરસના છોકરા સાથ કરવામાં આવે તો સઘળું દેવું માંફ કરવામાં આવે. બેઉ જુગારીઓએ જુગારખાનાંમાંજ શેકહેંડ કરી સાટું નકી કર્યું અને તેજ ઘડી પોત પોતાને ઘરથી બેઉ

છોકરાંઓને બોલાવી પાદરીને તૈયાર રાખી, ત્યાંનાં ત્યાંજ લગણ ઠોકી દીધાં. ક્રીયા ખલાસ થવા પછી છોકરી પોતાને ઘર ગઇ અને વરરાજાને એક કલાકમાં ઉપડી જતી આગબોટમાં ચહડાવી યુરોપનાં બીજાં દેશ ખાતે અભ્યાસ કરવા મોકલાવી દીધો. નાના રીચમંડે જતાં જતાં સોગંદ ખાધા કે "આવી રીતે જુલમથી ઠોકી દીધેલી અને વળી સાથે 'અગલી હેલ' જેવી બાયડીનું કબી મોંહોડું જોઉં નહીં."

ત્રણ વરસ પછી લાર્ડ રીચમંડ (નાનો) અભ્યાસ પુરો કરી લંડન આવ્યો અને પહેલીજ રાત્રે એક નાંમીચો નાટક થનાર હતો તે જોવા ગયો. નાટકશાળા ચીકાર ભરાયલી હતી પણ સઘળાંઓની નજર બાકસમાં બેઠેલી એક અતી રૂપાળી જુવાન સ્ત્રીના ઉપર હતી. નાનો લાર્ડ રીચમંડબી આ રૂપસુંદરીને જોઇ એટલો તો મોહીત થઇ પડયો કે પોતાનો 'આપેરા ગલાસ' આખો વખત તેણીની ગમ ફેરવેલો રાખ્યો. આખરે તેણે એક પડોસીને પુછયું કે "આ ચમકતો હીરો વળી કોણ? આવી ખુબસુરતી મેં આખાં યુરોપમાં જોઇ નથી."

પડોસીએ જવાબ દીધો "સાહેબ, શું તમે એ બાનુને ઓળખતા નથી? આખાં લંડનની ઉમરાવ મંડળીમાં એ બાનુ સર્વેથી ખુબસુરત ગણાય છે અને કોઇબી ખાનાની મીજલસ એવી ન હશે કે જેમાં એ બાનુની સલામતી લેવાતી ન હોય."

"તે ખરૂં, પણ એનું નામ?"

"સાહેબ, એ તો નામદાર ડયુક આવ રીચમંડની વહુ થાય છે. એવણનો ભતાર અભ્યાસ કરવા માટે ઇટલી ગયેલો છે."

જુવાન રીચમંડ બીજું વધારે સાંભળવા ઉભો રહયોજ નહીં. જેવો નાટક ખલાસ થયો કે લાગલો સાસરે દોડયો અને પોતાની ધણીયાણીને બગલમાં લઇ ધણી થઇ બેઠો. "કુવામાં પડી કુતરી ને સમ ગયા ઉતરી"—સોગંદ બોગંદ સઘળું હવામાં ઉડી ગયું

નાંમીચો ડાકટર જાનસન ડાહયો દોહરો થઈને ૨૧ વરસની ઉમરે ૪૮ વરસની બાયડી પરણી લાવ્યો અને તેબી વળી વીધવા! એમ ડાહયાએબી અક્કલ વેચીને ચણા ખાધા!

હમણા થોડુંક ઉપર એક જોડું સંધાયું તેબી જાણુવા જોગ છે. કારલાઇલનો વડો બીશપ ડીયન કલોસ ૮૪ વરસની ઉમરે ખાંડીબંધ દીકરા દીકરી તથા તેમનાં દીકરા દીકરી છતાં, બપાવો મમાવો થઇને ૭૪ વરસની બીજી બાયડી કરી લાવ્યો! આ બાયડી વીધવા હતી પણ ખરેખર નસીબદાર હોવી જોઇએ કેમજે જ્યારે તે પહેલીવાર પરણી ત્યારે તેણીની ઉમર ૫૦ વરસની હતી!

સ્વેઝની નેહર ખોદનારો નામાંકીત ઇજનેર મો૦ લેસેપસ જ્યારે ફરીથી પરણ્યો ત્યારે તેની બાયડીની ઉમર ૧૯ વરસની હતી અને પોતે સ્વેઝની નેહર ઉંઘાડવાનો ક્રીયા થઇ ત્યારે ૬૦ વરસના હતા, તોબી આ જોડાંને પેટે આઠ છોકરાં થયાં છે.

## બચાંઓ તો રડે ને રડે.

એક વખતે અકબર બાદશાહનો છોકરો રોતો હતો તેથી રાજાએ પુછયું—"કયું રોતા હએ?"

મશકરો—"બચ્ચે લોક તો રોવે, ઉનકું દુસરા ધંધાં હૈ?"

અકબર—જો મંગેસો દેના ફીર કાએકું રોવે?

મશકરો—જહાંપના તોબી બચ્ચે તો રોવે.

અકબર—તેરી એ જુઠી બાત છોડ દે.

મશકરો—લેઓ તબી તુમ મેરે બાપ ઔર મૈ તુમારા બેટા. અબી મેં રોતા તુમ છાના રખો દેખુ. એમ કહી ઉંઉંઉંઉં કરવા લાગો.

અકબર—કયા ચઇતારે?

મશકરો—ઉંઉંઉં—દુધ ચઈતા—ઉંઉં.

દુધ પણ આવ્યું તોપણ મશકરો તો રોયાજ કરે.

અકબર—અબી કાએકું રોતા?

મશકરો—ઉંઉં—થોરા પાણી ચઈએ.

પાણી પણ લાવી આપ્યું પણ મશકરો તો રોવાનુંજ બંધ કરે નહીં.

અકબર—દુધ દીયા—પાંણી દીયા ફીરસેગે રોના કાયકા?

મશકરો—ઉંઉંઉં—યે દુધને પાણી ભેલી કરો—ઉંઉં.

તરતજ અકબરે દુધ ને પાણી ભેળું કરી આપ્યું પણ ભઇસાબનું રોવુંજ ખુટે નહીં.

અકબર—અબી કયા ચઇએ—કાએકું રોતા?

મશકરો—ઉંઉંઉં—અબી ઇસકું ફેર જુદા કરો.

## સઉ રીત તે વહુ રીત.

એક વખતે ખેમચંદશાહે મેધા મોચીને પોતાના બુટ સમારવા આપ્યાં. બીજે દીને બુટ પાછા લેવા શેઠ સાહેબ દુકાને પધાર્યા ને જોએછતો દુકાનજ બંધ એટલે "મેધા, મેધા" કરીને બુમ પાડી. મેધો ઉપર રહેતો હતો તેણે બારીમાથી ડોકાઈને જવાબ દીધો.

ખેમચંદશાહ—બુટ લાવ મારે કામે જવુંછ. મોચીએ તરતજ બારીમાંથી એક બુટ ફેંકયું. થોડીવાર થઈ પણ બીજું બુટ આવ્યું નહીં એટલે વળી શેઠે બુમ પાડી તેથી મેધાએ જવાબ દીધો—"શેઠ, એતો તમને એટલુંજ મલશે, મેં આજદીને દીવાળું કાઢયું છે તેથી મારા લેણદારોને હું રૂપીઆનો અડધોજ આપીને પતાવુંછું!!!

---

## મેરી જૂતી મેરા મું.

આતવારને દીને વેરા અમીજી અપટ ગરાંટરોડના સ્ટેશન તરફ જતા હતા. રસ્તામાં ચાલતાં ચાલતાં પોતાના ગજવા તરફ કંઇ ખખરાટ માલમ પડયો ને જુએછ તો ખીસા કાતરૂ લાગુ પડેલો. તરતજ અપટ ભાઇએ તો તેને ગળચીમાંથી ધર્યો. આથી પેલા ચોરે કહ્યું—જો મને મુકી દીએ તો તને રૂ. ૧૦ આપું. અપટને તો એ વાત ગોળથી દસ ઘણી ગળી લાગી એટલે પૈસા લેવાને પાધરો હાથ લંબાવ્યો. ચોરે મુંગે મોહોડે રૂ૧૦ની નોટ કાઢી આપી ને ચાલવા માંડયું. આપણા

આપટને વાંદરે જવુંતું તેથી સ્ટેશનપર ગયા ને ટીકીટ કઢાવવા ઉભા. પૈસા કાઢવાને પાકીટ કાઢે તો પાકીટજ ગેપ જેમાં રૂ. ૧૮ હતા, તેથી તેને ઉપર લખી કહેવત યાદ આવી.

---

## ખરી નાશીપાશી.

છીંકવા આવે તેવું મોહોડું કરવું અને પછી છીંક નહીં આવે તે.

---

નવલસા ગોરી એકસો વરસની ઉમરના થયા ત્યારે પેહલવેહલી વાર દવા પીધી. કેવી મોટી ભુલ! દવા પીધીને પીધી ને બીજાં દસ વરસમાં મરણ પામ્યા!

---

એક ગરીબ માણસ જેની પાસે અગાઉ કપડાંના એક વાગાના વાખા હતા તે હમણાં તવંગર થઈ ગયો છે. તે કેમ?

તો હમણા તેના બાર વાગા છે.

---

ફ્રામજી માજીસ્ત્રેટ અડધા ઉંઘમાં હતા તેવામાં બાયડીએ પુછયું કે "પ્રશામરોજ મને મારી સાલઘરેહનું શું આપશો?" ફ્રામજીએ પોતાનાં ધ્યાનમાં ને ધ્યાનમાં અથવા ગમે તો કહો કે બે ધ્યાનમાં જવાબ દીધો કે "દસ રૂપીઆનો દંડ, નહીં તો પંદર દાહાડાની જેલ!"

## શેઠ હું નોટીસ આપેચ!

બાપુજી બળદીયાને પોતાની બૈરી સાથ ઉઠતાં ને બેસતાં પેહેરામણી ઓધામણી ચાલ્યા કરતી હતી, તેનો તે એક દહાડો બળાપો કરતો બેઠો હતો, તેટલાં તેનો નોકર ખસરૂ ઈરાની આવી કેહેવા લાગો કે શેઠ બાઇ ગરી ગરી ગાર આપેચ ને ગણા કંટાલો આપેચ તે હું બાઇને છોડી જવાની નોટીસ આપેચ! એવાં બાઈ આપુને નહીં પરવરે! બાપુજીએ બળાપો કહાડીયો કે આ ઈરાની બચ્ચો મારા કરતાં વધારે ભાગ્યશાલી કે એ બાઈને છોડી જવાની નોટીસ આપી શકેચ પણ મુજ કંબખતથી તેમ બની શકતું નથી!

---

પેશતનજી પતપતરા ટરામમાં બેસી બે વાર પોતાના પડોસીને વાત કરાવવા થકી બોલ્યા "ગરમી તો કહેછ કે મારૂં નામ" જવાબ કંઈ મળ્યો નહીં. વળી બોલ્યા "આટલો બધો વરસાદ આવ્યો તોબી આટલી ગરમી?" વળી જવાબ મળ્યો નહીં. ત્રીજીવાર કોશેસ કીધી "શું ધારોછ સાહેબ, ટરામના એક બાંકપર પાંચને બદલે ચાર ઉતારૂ બેસાડવાની અરજીની કાંઇ અસર થશે?" પડોસી જેવણ એક ઇતર વકીલ હતા તેવણ કંટાળો ખાઈને બોલ્યા "હું વકીલ છું અને વગર ફી લેવે મત આપવાનો હમારો ધારો નથી." પેશતનજી ફરીને બોલ્યા "તમો વકીલ હશો પણ મારૂં મત છે કે તમે ગરહસથ નથી અને એ મતનું એક ફદીઉંબી તમારી પાસેથી લેઉં તો હરામ છે!"

# ઉખાણાં.

## ગરબી.

(જોયું જોયું રે કોલાપુર શ્હેર વડોદરૂં બહુ સારૂં.
(સખિ જો પેલી શુભનાર પ્રભુ ભજવા ચાલી. } એ રાહ.

### સવાલ.

આ ઉખાણાંનો જવાબ—સજની બોલોની;
દેખી જ્ઞાનની કિતાબ—ભેદો ખોલોની.—આ.

### જવાબ.

આ ઉખાણાંનો જવાબ—સાંભળ રે સજની;
દેખી જ્ઞાનની કિતાબ—વ્હેલ્લી હઠ તજની.—આ.

### સવાલ.

પ્રાંણિ કહ્યું જે સવારનાંતો ચાર પગે બસ ચાલેરે;
મધ્ય દિવસ તો બેજ અને સાંજે ત્રણ પગથી હાલે.—આ.

### જવાબ.

માણુસ સરવે બચપણમાં બે પગ બે હાથે ચાલેરે;
તરૂણ વયે બે પગે વૃદ્ધ થઇ લેઈ લાકડી હાલે.—આ.

### સવાલ.

ખેતરમાં મળતાંજ વાર મેં દીધાં આંસૂ છોડીરે;
શોધ્યો બેશી નહી મળ્યો તો લેઇ સાથ ઘર દોડી.—આ.

### જવાબ.

પગમાં કાંટો ભાગે ત્યારે સહુને રડવું આવેરે;
ખેતરમાં નહિ નિકળે તો ઘર જઇ હથિયારે ફાવે.— આ.

સવાલ.

દસ પુરૂષ પૂર શું છે લાંબૂં જોર દસોનું ફાવેરે ;
દસ પુરૂષો તોડી ન શકે તે બાળક ઉચકી લાવે.—આ.

જવાબ.

નાજુક શાખા સાથ મળી મજબૂત દોરડું થાશેરે ;
હાથીને તે જેર કરે પણ બાળક તે લઇ નાશે.—આ.

સવાલ.

સહુની સાચ સખીછું જો મુજને સંભાળી રાખોરે ;
મારા સમ ન કોની થઈશ જો પિઠ મુજ ઘસડી નાખો.—આ.

જવાબ.

પીઠ આરસીની ઘસાય તો તેજ તેહનું ખોશેરે ;
રોજ સમાળી રાખો તો સહુ મુખ પોતાનાં જોશો.—આ.

---

**ડાકટર**—રતનજી આજે તમારી તબીયત ઘણી ઠીક દેખાયછ. આજની મારી દવાથી તમુને ખચીત ફાયદો થશે એવી મારી ખાત્રી હતી. આજે બાર આની ફેર છે. કાલેબી એજ દવા પીજો કે સોલેસોલ આના સફા થઇ જશે.

**રતનજી**—તે ખરૂં ડાકટર—પણ જણાવવાને દીલગીર છું કે આજની તમારી દવા તો મેં જોઇજ નથી. રસતામાં લાવતાં રામાને હાથે સીસી પડીને ભાગી ગઈ

ડાકટરને બીજા ઘરાકને તાંહનું તેડું યાદ આવીઉં તેથી ઉઠીને ચાલતા થયા.

## ભાઈઓ સંભાળજો!

એક દિવસે એક બાનુએ એક દાનાવને પુછયું, કે "સાહેબ, એક ઘડિયાલ અને સ્ત્રી વચ્ચે શો ફરક છે?" તે દાનાવે જવાબ દીધો, કે "ફરક માત્ર એટલોજ, કે ઘડિયાલને જોવાથી વખ્તનું ભાન રેહે છે, અને સ્ત્રીને જોવાથી વખ્તનું ભાન ખોઇયે છૈયે."

---

## એક બાનુ, એક ગરહસથ ને એક ચેકુસ.

(ઠેકાણું નાટકશાળા.)

**ગરહસથ**—પરદો પડયોછ તેટલાં જરા બહાર હવામાં જઇશું?

**બાનુ**—નહીંજી.

**ગરહસથ**—એક કપ ગરમ ગરમ કાફીનું લેશો?

**બાનુ**—નહીંજી.

**ગરહસથ**—સોદા યા લેમનેડ?

**બાનુ**—નહીંજી.

**ગરહસથ**—ગરમી બહુ પડેચ એક પંખો મંગાઉં?

**બાનુ**—નહીંજી.

**ગરહસથ**—વારૂં એક ગલાસ આઇસકરીમ?

**બાનુ**—નહીંજી.

**ગરહસથ**—તમારૂં નામ શું?

[પેલાં બાનુ જવાબ દીએ તેની અગાઉ અધીરો પડી ચેકુસ બોલી ઉઠયો કે વરી નામ શું? નામ **નહીંજીબાઈ.**

## હીસાબી.

નવરોજી ચકાએ પેહેલ વેહલો ચાકર રાખ્યો. તે એક ચબરાક સુરતીનો પોરયો હતો તેની સાથે સહવારના ૬ વાગે ચાકરીપર આવી સાંહજનાં ૭ વાગા વેર નોકરી કરવાની બોલી હતી. પેમલો વાલકેશ્વર પોતાના બાપ સાથે એક અંગ્રેજ ગ્રહસ્થના કમપાઉન્ડમાં રેહેતો હતો તેને સવારના ૬ વાગામાં કોટમાં હાજરી આપવાનું ભારી પરયું તેથી ત્રીજે દહાડે આવીને શેઠને અરજ કીધી કે "છાભ હું છ વાગે આવીને છાત વાગે જાઉં તેનાં કરતાં છાત વાગે આવું ને છએ પાછો ઘેર જાવું તો તમુને કંઈ અડચણ છે, છાભને તો બધું એકનું એકજ કેની?"

---

નવલુ મધરડો ઘણોજ 'અગલી હેલ' હોવા છતાં એક દિને લીલો દગલો ને પીલી ઈઝાર પેહેરીને બહાર આવ્યો, અને પોતાના ચાકરને પુછ્યું, "એઇ પેશુ, જો હું કેવો લાગું છું?"

પેશુ—નરા જાણે વાઘ.

**નવલુ**—વાઘ! તું શું જાણે કે વાઘ કેવો હોય છે! કોઇ દહાડે જોયોછબી કે?

પેશુ—હારે સાહેબ, પાસેનાજ તબેલામાં એક બાંધેલો છેને.

**નવલુ**—અરે બેવકુફ, તે તો ગધેડો છે.

પેશુ—હેં કે સાહેબ, તારે તો મારી કેહવાની મતલબ કે તમે તેના જેવા લાગો છો.

નવલુનું કોહું ભોપ!

## ચંચળ નીશાળયો.

**માસતર**—છોકરાઓ ચીન કાંહ છે?

**છોકરો**—કોણ જાણે સાહેબ.

**માસતર**—જો ફરીથી વીચાર કર—હું જે ચાહે પીઉંછ તે કાંહથી આવેછ?

**છોકરો**—તે તો સાહેબ મારા કાકાએ તમુને ગેઇ દીવારીપર બાકસ મોકલ્યોતો.

---

## ખરીદી.

એક એસકા દેખાવનો ફરંગી એકવાર ટાંકબંદર ઉપર લાકડાંની વખારમાં આવ્યો, તે તરફના ત્રણ ચાર વેપારીઓએ તેને આમથી તેમ ધરીને પુછવા માંડયું કે "શીનોર શું જોઇએ છે?" શીનોરે જવાબ દીધો "લકરી બેચાતા લેનેકા હયે." એક વેપારી આમથી તાંણે અને બીજો બીજી મેરથી તાંણે. શીનોર બોલ્યા કે "જીદોર સોસ્તા મીલેગા ઉદરશી લેગા." આખરે મંચેરજીની વખારવાળા તેને તાંણી ગયા. આ લાકડું જોયું, પેલું જોયું પણ શીનોર સાહેબને કાંઇ પસંદ આવ્યું નહીં. આખરે વખારના કારભારીએ પુછયું કે "શીનોર સાહબ કોણુસી જાતકા લકરા ચઈએ, સાગ ચઇએ, સીસમ ચઇએ? ઓર કીતના ટનકા આર્ડર હયે?"

શીનોરે જવાબ દીધો "હએ અમારી શીડોલકા બાકસ બનાનેકા સારૂં દેવદારકા દો ટુકરા મંગતા!"

## વાંદરો કોણ?

માણક અને જાંહગીર, બે નાહના નાહના ભાઇઓ પોતાની વાડીમાં રમતા હતા, તેટલાં એક વાંદરો ત્યાં આવી લાગ્યો. વાંદરાને જોતાંજ માણક લાગલો જાંહગીર આગળ દોડી જઇ પુછવા લાગ્યો:—

"અંહ જાંહગીર, જો વાંદરો આપણુને કરડે તો જેહર ચડે ખરૂં કે, ને માણસ મરી જાએકે?"

જાંહગીર—નહીં, વાંદરો કરડે તો જેહરબી નહીં ચહડે ને માણસબી મરી નહીં જાએ.

માણક—પણ તું કેમ જાણેછ કે નહીં જેહર ચહડે?

જાંહગીર—કેમ! વળી જો ચોથે દાહડે આપરે મારામારી કીધી ત્યારે તેં મને હાથપર કરડયું હતું તેનું મને હજીસુધી જેહર તો નથી ચહડયું અને હું મરી તો નથી ગયો?

---

## ત્રણ કારણો.

**મેહરી**—ઓ અદી ત્રણ કારણો સારૂં હું તારી સાથ પરણનાર નથી.

**અદી**—પણ તે ત્રણ કારણો શું? મને કેહ તો ખરી કે મારેથી બને તો તેઓનો ઉપાય કરૂં.

**મેહરી**—પેહલું તો એ કે મારો તારી ઉપર ચાહા નથી, બીજું તો એ કે મારે તુંને ચાહવું નથી, અને ત્રીજું તો એ કે ચાહાવા માંગું તોબી તેમ કરવાની મારી શકતી નથી.

## થુકાથુક.

પરેલમાં ચીચોરાબાગ નામે એક કલબછે ત્યાં કેટલાક પારસી મીત્રો મુંબઇમાં બીજું આતસબેહરાંમ બાંધવાની વાત ઉપર તકરાર કરતાં કરતાં બોહોની ઉપર આવી ગયા. નોશારીની પક્ષવાળા જમસેદારૂ અકળાઇને બોલ્યા કે મુંબઇ-વાળા જુઠા છે ને મને એવો કાર લાગે છે કે જાણે તેઓની ઉપર થુકું.

એણીમેર મુંબઈની તરફેનમાં દીનશાજી દમીયલ ઉઠયા અને જાહેર કીધું કે નોશારીવાળા જુઠા છે અને તેઓ ઉપર થુકું.

આ વેળાએ ગપસપના અધીપતી હાજર હતા તેઓએ ચાકરને હાંક મારયો "સોલા, સોલા."

શોલો આવીને હાજર થયો. અધીપતીએ કહયું "ભાઈ એક બે તસ હોય તો લઈ આવતો."

---

## ધણી ધણીયાંનીનું સુખ.

"વાહાલા જીમી હું જાણુંછ કે મારો સ્વભાવ અભાગ્યો તો છેજ. કોઇ કોઇ વખત હું ધણીજ ચકાસી જાંઉછ પણ તેમ જરા તારોબી સ્વભાવ એવો છે ખરો હો."

"હા તે તો ખરૂં" ધણીએ ખોલ્લાં દીલથી કબુલ કીધું "જરા આપણેબી મીજાજના ખાધેલા તો છૈયેજ તો."

"પણ મારા જેટલા નહીં" આમ ધણીઆંણીએ ટાપસી પુરી "હું જાંણુંછ કે આપણે એક બીજાની નબલાઈ

ઉપર અખાડા કરવા જોઈએ" આંમ બોલી ધણીયાંણીધણીનાં બાલ પસવારવા લાગી.

ધણીબી તેણીને પસ્વારીને બોલ્યો "આજે તારી તબીયત ઠીક નહીં લાગતી."

"નહીં" તેણીએ જવાબ દીધો "મારે પગે આંટણ પડેલી છે અને ઘણોજ દુખેછ."

ધણી સાદાઈથી બોલ્યો "તે પગ નંબર પાંચના ને બુચી જેટલાં બુટ પેહડીને લેડી થવા જાય તે એમજ તો."

ધણીયાંણી—"તમાંરી બેહનોના પગ તો નંબર સાતના છે. અહીયાં કાંહાં પગ સાંમુ જોવા આયા."

એક બીજાંની નબલાઈ ઉપર અખાડા કરવાનો ફારસ દોહોડ મીનોટમાં અહીં ખલાસ થયો.

## વરને સગન.

શોલુ ચાંનને પરણીઆને બે માસ થયા નહીં તેટલાં તેવણની હારીસમાંથી શીનોરનો હોકમ થયો કે કરાંચી જવું. તેનાં ધણીઆંણી રીલ્લાએ છુટાં પડતી વખતે તોફાન ઘણું કીધું. શોલુએ પટાવી, પછી સ્ટીમરપર મુકવા આવ્યાં. છેલ્લી ઘડીએ રીલ્લાએ વરને સગન માગીયાં "શોલી પુગે કે તરત તાર કરવાને ભુલતો ના. જોઓ હું કાગરે દોળે વાર જોવશ જો. દરીઆમાં તોફાન ઘણું છે તે માહારો જીવ હુકે સુકે જાએછ; પણ તે દારે મેં કહયું તેમ વીમાની આબીસમાં તારો વીમો ઉતરાવીઓછ તેથી માહારા જીવને જરાક ધીરજ છે."

## બોલ બંધવા અપરાધી કે નીરપરાધી.

ચોકસ અપરાધ સર એક માણસને તપાસ માટે શીશનમાં ઉભો કરવામાં આવ્યો હતો. જડજે બંધવાને પુછીઉં કે બોલ બંધવા તું અપરાધી છે કે નીરપરાધી? તું શું કેહેછ, આએ અપરાધ તેં કીધોછ કે નહીં? બંધવાએ જવાબ દીધો કે નામદાર જડજ સાહેબ, કોઇબી સાહેદી ગુવાહી હજી રજુ થઈ નથી તેટલામાંજ હું કેમ જાણું કે મેં એ અપરાધ કીધોછ કે નહીં?

---

## ફાંસી જતી વખતે પણ નજર લાગવાની ધાસ્તી!

કંગાલ મીયાં કાલેખાન નામના એક શખસને મોટા ગુનાહ માટે ફાંસીની સજા થઇ હતી. ફાંસી દેવાની થોડોક વખત અગાઉ બંદીખાનાના સરેસતા મુજબ કંગાલ મીયાંને પુછવામાં આયું કે તેને કશી વાતની ઈચ્છા હોય અથવા તેને કંઇ જોઇતું કરતું હોય તો સુખે માગવું. બંધવાએ થોડીક મીઠાઇ વગેરે માંગી, જે તેને તુરત લાવી આપવામાં આવી, ને બંધવો નચીંતાઇથી તે ખાવા બેઠો. ખાધા પેહેલાં મીઠાઈનો થોડોક ભાગ અતરંગ કહાડી તે કોઇ ગરીબ ફકીરડાં વગેરેને આપવા જણાવીયો. તેમ કરવાનું તેને જ્યારે કારણ પુછ્વામાં આવ્યું ત્યારે તેણે જવાબ દીધો કે એ તો નજર ઉતારેલી છે. હું ખાંઉં તે આસે પાસે ઉભેલાં જોયા કરે તો તેથી નજર લાગે ને ખાધાનું પચે નહી ને અજીરણ થાય તો તબીયત બગડે—માટે તબીઅત સંભાળવાને ખાતર એ નજર કહાડેલી છે!

## પાનાચંદ મારવાડીની જાહેરખબર.

પાનાચંદ મારવાડી કાંદાવાડી મધે દુકાન રાખી લોકોને વ્યાજે નાણાં ધીરતો હતો. પોતાની દુકાનની આજુબાજુએ આવેલી ચાહેવાલાની, ગાંધીની, ઘડયાલીની તથા બીજી દુકાનોની બાહેર ભપકાદાર 'પાટયાં' (Sign-board) લગાડેલાં જોઈ એક દીવસે પાનાચંદ પોતાનાં મનશે બોલ્યો—"કોએ લેવો હએ, ને કોએ દેવો હએ, કતા કરી ને કમા, મું પણ એક પોટયું (પાટયું) કોલે લગાડીશ." એવું વીચારી બીજે દીવસે પાનાચંદે નીચે પ્રમાણેનું એક પાટયું દુકાન બાહેર લટકાવ્યું :—

| |
|---|
| પોનાસંદ મારવાડી. |
| આપું બમણા |
| લખું શોગણાં (ચોગણા) |
| તકે લઉં તકો વીયાજ |
| જો ન આપે તો ઘસડું ઈસમાલકાજ |
| તેમાં મુને શેની લાજ. |

---

## હાઝર જવાબ.

એક છોકરો નિશાળેથી દોડતો ઘરે જતો હતો, તેટલાં ઠોકડ લાગીને રસ્તામાં પડી ગયો, ને ઘૂંટણ સેકાયું, તેથી રડવા લાગ્યો. આ જોઇ એક રાહદારી તેને પટાવવા લાગ્યો, "ચાલ બાપુ, રો ના, કાલે સારૂં થઈ જશે." છોકરો, "ઠીક, કાલે સારૂં થશે, ત્યારે નહીં રડીશ, હાલ વાગ્યું છે તેટલાં તો રડું."

## ઘરકું ઘુવડ.

એદુ ઓગરો એક દહાડે સહવારના કાલબાદેવીથી ઘેર જતો હતો તેટલાં રસતામાં ફોટોગરાફરની દુકાન જોઈ મન સાથે વીચાર કીધો કે એકાદ બે ફોટોગરાફ લેવડાવી નજીને હસાઉં. ફોટોગરાફરે તુરત એદુને ખુરશી ઉપર બેસાડયો અને સબી ઉતારી એક છાપીને પોતાના ઘરાકને આપી. ઘર જઇ એદુએ સબી પોતાની નજીના હાથમાં મુકી હસવા સારૂં બોલ્યો "લે ડીયર, સાઉન્ડી કુંબને તાંહ જે બરમાહનાં બાલવાળાં માણસો આવ્યાં છે તેની સબી." નજીએ સબી ઘણાં ધીઆનથી જોઈ પછી બોલી "નહીં હોય, મને તો કોઇએ કહયું કે તે બરમીસ બાલવાળાં લોક તો છેક ખરાબ દેખાવના નથી, ને આએ સબીમાં તો કોઈ મુવો છેકજ એબલગામણો છે."

---

## તેરા જુતી તેરા શીર.

સુરત શેહરની પાસે ભાઠાં ગામમાં ધનજા પટેલનું ચલણ ભારી હતું. પોલીસ પટેલ એટલે ગામના સઘળા ભાઠેલાઓ ઈનશાફને માટે તેમની પાસે જાય. પટેલ એક સાંજરે ઘર આંગણે બેસી કેટલાક મીત્રો સાથે વાતો કરે છે એવામાં રતનો નામે પડોસનો દુબરો આવ્યો અને મોટે સાદે પોક મુંકી રડવા માંડયો. પટેલે પુછયું "કેમરે છોયરા હું થયલું, રરે હાંનો?"

રતનાએ ઉત્તર દીધો "આજે બે પોહોરે તારો બેલ ને મારો બેલ લડી પડેલા તેમાં મારા બેલનું હીંગરૂં તારા બેલનાં

પેટમાં લાયચું તે હારૂં કેહવા આવેલો કે તારો બેલ કાંઈ જીવે નહીં.”

આ સાંભળી પટેલ તો ઝપકી ઉઠયા અને કહયું “તે હંધું હાચું—પણ બેલના રૂપીઆ પચાહ તને ભરવા પડવાનાં.”

રતનાએ બહુ કાકલુદી કરી અને સમજાવવા લાગ્યો કે બે જાનવર લડે તેમાં એકની ઘાત થાય તો તેનો જોખમ કોઈને માંથે નહીં પણ ધનજા પટેલે ચુકાદો કર્યો કે કાયદા પ્રમાણે મરી ગયલા બેલના ધણીને નુંકશાંની આપવીજ જોઇએ. આ ચુકાદો બીજા સઘળા હાજર રહેલા ધણીઓએ સ્વીકાર્યો.

સઘળા મુંગા રહયા પછી રતનો બોલ્યો “બાપજી વાત કેહતાં મારી જરા ભુલ થયલી. એ તો તારા બેલે મારા બેલને હીંગરૂં મારેલું ને મારો બેલ મરી ગયલો.”

પટેલ સાહેબ પોતાનાંજ પ્રાંદામાં પોતેજ ફસ્યા તેથી ફેરવી તોલી બોલ્યા કે “હોય, કાયદો હમજાવતાં મારીબી ભુલ થયલી ઓહે. ફરીથી કાયદા હાહતરમાં જોઉ પછી વાત, હવરે તો જા.”

---

## જો ફુજેતો!

**બાપા**—અલ્યા પ્રાણજીવણ, જો આજે સાંઝરે તારા સસરા આપણે ત્યાં જમવા આવનાર છે, માટે છાનોમાનો પાસેની ઓરડીમાં બેસી રહીશ તો તેના ગયા કેડે એક ધબુ આપીશ.

**પ્રાણજીવણ**—કાંય બેસી રહું બાપા?

**બાપા**—તો જોની, તારા સસરા આગળ કોઇ ચંડાળે

કહ્યું છે કે તું ગાંડો છે, તેથી તે તેની છોકરી સાથનું તારૂં વેશવાળ તોડી નાખવા માંગે છે.

**પ્રાણજીવણ**—હેં ! એમ છે કે. ત્યારે તો જરૂર મુગો બેસી રહીશ.

(બાપા ને સસરો સાથે જમવા બેઠા છે, તેટલાં પાસેના ઓરડામાંથી)

**પ્રાણજીવણ**—બાપા, બાપા.

**બાપા**—કેમ પ્રાણીયા શું કેહે છે ?

**પ્રાણજીવણ**—મને બહુ પિસાબ લાગી છે, અને ઉઠું તો તમો ધમુ નહીં આળો, માટે સસરાને કહો, કે પાણીનો લોટો અહીં લાવે, કે હીયાંથી ખસવું ન પડે !

(સસરો બાપાનું કોઠું જુએ છે.)

---

## આપઘાતનાં નવાઈ જેવાં કારણો.

આપણા દેશમાં મુર્ખ સ્ત્રી પુરૂશો તરેહવાર કારણોને લીધે આપઘાત કરતાં જણાયાં છે. તેમાં સાસુ વહુની પંચાત, આયડીની અદેખાઈ, પૈસાની તાણા તાણ, જુગાર, વગેરે કારણો સાધારણ છે. પણ ઇંગલાંડમાં કેટલાક આપઘાત નોંધાયા છે તેનાં કારણ ઘણાં નવાઇ જેવાં જણાયાં છે.

૧૫૦૦ના સાલમાં વીલીઅમ ડારીંગટન નામના એક પુરૂશે લંડનમાં એક દેવલની ટોંચ ઉપરથી કુદાવી જીવ આપ્યો અને પોતાની પાછળ એક ચીઠી મેલી ગયો હતો કે

"મારે આજે રાતના આપેરામાં જરૂર જવું હતું પણ પાસે પૈસા ન હોવાથી મેં નીરાશ થઈ મારો જીવ આપ્યોછે."

ઇંગલાંડની એક બોરડીંગ સકુલમાં એક જુવાન સ્ત્રીએ આપઘાત કીધો કેમજે તેણીને એક જુની ચોપડીમાંથી અભ્યાસ કરવાનું શીક્ષકે ફરમાવ્યું હતું.

ગ્રીનીચમાં એક પેનશનરને ખરાબ ચાલ માટે દંડ કરવામાં આવ્યો તેથી ખીજાઈને તેણે પોતાના ચશમાના છેડા સુયા જેવા બારીક કરી પોતાનાં રૂદયમાં ખોસી આપઘાત કરયો.

૧૮૬૨માં એક ફ્રેંચ પત્રમાં નીચલો હેવાલ આવ્યો હતો— એક પુરૂશની બાયડી તેને મેલીને જતી રહી તેથી ખીજાઈને તેણે પોતાના નોકરને બોલાવ્યો અને તેને ફરમાવ્યું કે "હું હમણા મરી જાઉં છું—મારા મુવા પછી મારાં શરીરને ઉકાળવુ અને અંગમાંથી ચરબી નીકળે તેની એક બતી બનાવી મારી સ્ત્રીને પોંચાડવી તથા સાથે આ ચીઠી તેણીને આપવી." આ ચીઠીમાં નીચે પ્રમાણે લખેલું હતું:—પ્યારી થરીસા —હું તારે માટે લાંબી મુદત સુધી બળ્યો છું અને હું તને હાલ પુરવાર કરવા માગું છું કે આ મારૂં બળતું ખરૂં છે."

---

## નવા ડાકટરો.

હમણાં ડાકટરો ખાંડીબંધ નકામા બેસી માખ મારે છે. આ પરવાડતા સટમાંના એકે છપાવ્યું છે કે, "મારી ફી રૂપીઆ ૨ છે; ને હું એવી સરત કરૂં છું કે મારી દવા કરતાં જે કોઈ મરી જાય તેની મઇયતનો અડધો ખરચ હું આપીશ."

## ઉજમારો ધણી.

એક પુરૂશની બાયડી અચબુચ રાતના બાર વાગતે આજારી પડી. ધણીએ ઉઠીને ચાકરોને ઉઠાડયા અને ધામધુમ કરી મુકી. તેવણે ગાડી જોડાવીને ડાકટરને બોલાવવા સારૂ માલીને તૈયાર કીધો. ડાકટરને ચીઠીમાં લખ્યું કે જલદીથી આવજો, ઈત્યાદી. હજુ તો ગાડી જોડાયછ—ચીઠી લખાયછ—એવામાં ધણીયાણી પાછાં સાજાં થયાં એટલે ઉજમારા ધણીએ ચીઠીની નીચે વધારયું, "તાજે કલમ—ડાકટર સાહેબને માલમ થાય જે આ ચીઠી લખવા પછી મારી ધણીયાણી સારી કાની છે માટે આવવાની તસદી લેતા ના." આ પ્રમાણે લખી ગાડીને ડાકટરને ઘર રવાના કીધી. રાતના સાડા બાર વાગતે ગાડી આવ્યાથી ડાકટર ઉંઘમાંથી ઉઠયા અને બારીએથી ડોકાવીને પુછયું કે કયાંથી લાવ્યો?

માલીએ ઉત્તર દીધો કે "શેઠચી બાઈચા જીવાલા બરા નાય હચે. ત્યા સાટી ગાડી પાઠવલી અને ચીઠ્ઠી દીલી હચે."

ડાકટરે જોયું કે એમબી ને એમબી માપર હેથે કોણ ધકેલા ખાય તેથી કપડાં પેહરીનેજ નીચે ઉતરયા. પછી ચીઠીની તાજે કલમ વાંચી તો આ પ્રમાણે નીકળ્યું. તેથી ઘણાજ ફફડીને પાછા જઈ સુઈ ગયા.

બીજા મહીનાનાં બીલમાં તે રાતની ફી રૂ. ૧૦ નાખી. તે આપવા શેઠે વાંધો કાહાડયો તેથી ડાકટરે સ્માલ કાઝ કોરટમાં ફરીઆદી માંડી છે. જોઇએ હવે એનું શું સેવટ આવે છે.

## મળે તો વારમાં, નહીં તો ઘર બેઠાં.

ઇચ્ચમજીએ ઇંગ્રેજ બજારમાં જઇ પોતા સારૂ બનાતનો નવો ડગલો વેતરાવ્યો અને નમુના સારૂ પોતાનો જુનો ડગલો આપી આવ્યા. જ્યારે ડગલો તૈયાર કરી દરજી ઘર લાવ્યો ત્યારે ઘડીયાલ સારૂ નાહનું ગજવું ન મળે. ઇચ્ચમજીએ ઘણા ગુસ્સે થઈ આનું કારણ પુછયું, "કેમ ઘડીયાલનું ગજવું નહીં મુકયું. જોની આ જુના ડગલામાં છે કેની?"

દરજીએ જવાબ દીધો, "સાહેબ, તમારૂં ઘડીયાલ મારવાડીને તાંહ ઘરેણે મુકવાની ચીઠી તમારા જુના ડગલાનાં ગજવાંમાંથી મળી તેથી મેં ધારયું કે તમને હવે ઘડીયાલનાં ગજવાંની જરૂર ન હશે."

---

## એક કામ દો કાજ.

એક રાતરે એક ખાતરપાડુ ચુપ ચુપ એક દુકાનમાં તીજોરી ફાડવાની ખુબ તજવીજમાં મથ્યો હતો. ઘણો થાકીને જરા દમ લેવા ઉભો છે તેવામાં જોય શું કે દુકાનનો ધણી અદબ વાળી પછવાડે ઉભો રહી આ સઘળો તમાસો હસ્તે ચેહેરે જોય છે! ચોરે નાહસવાની તજવીજ કીધી પણ દુકાનદારે તેને અટકાવ્યો, "ભલા માણસ, બીહ ના; તું તારૂં કામ આગળ ચલાવ, મારે જોવું છે,"

ચોરે અજબ થઇ પુછયું "પણ કેમ વારૂં?"

"એ તીજોરીની કુંચી ખોવાઇ ગઈ છે અને ઘણા જણા મંડયા તોયે ઉંઘડતી નથી તેથી મને ઘણી અડચણ થઈ પડી છે, માટે જો તું ઉંઘાડવા પામે તો વગર પૈસે મારૂં કામ થાય."

## પારસી લેડીઓની કલબ.

"શું તમે પુરૂષો કલ્બો કાહાડો અને મહીનાના પંદર દાહાડા મોજમજાહ કરો ત્યારે હમે કાંઇ રેલમાંથી તણાઇ બણાઇ આવ્યાંછ કે અમે અમારી સ્ત્રીઓની કલ્બ નહીં કાહાડીએ?" આવો વીચાર એક શોકીન બાઇના ભેજાંમાં ઉતપન થયો કે લાગલાં તેવણ ગાડી જોડાવીને પોતાની ખાસ સહીઓ, જાઈજી અને જરબાઇ, હીરાંબાઇ અને હમલીબાઇ, સુનાબાઈ અને શીરીનબાઇ વગેરેને ઘર દોડી ગયાં અને તેમનું મત પુછયું.

આલીબાઇએ તો ના પાડી કે "મારાં તો છોકરાંઓની પંચાત ઘણી તેથી મારેથી તો નહીં બને. નાહાની ધાવતીને કોણની ઉપર નાખી આંઉ?" કલબનો પેહેલો વીચાર ઉભો કરનારાં બાઇ જેવણનું નાંમ પીરોજબાઈ હતું તેવણે ઘણી ઓંહોસ કીધી અને આલીબાઇને ઘણાં સમજાવ્યાં "એમાં શું—આઠ દાહાડે એક વખત બે કલાક આવવાનું, વખત જશે તે માલમબી નહીં પડશે તેટલાં તમારા વર ઘેરમાં રેહશે એમાં શું" (અતરે આલીબાઈનાં વર જેવણ હાજર હતા તેવણ ઓચી ખજવારવા લાગ્યા) ઘણીબી સમજાવટ છતાં આલીબાઈ એકથી બે થયાં નહીં એટલે પીરોજબાઈ થાકીને ત્યાંથી ઉઠયાં અને પોતાની સહી ઉપર નાંખુશ થઇ ટીકા કીધી કે "તમે તો હંમેશનાંજ એવાં રડતાં બરતાં હોરાજી, છોકરાં તો જીવે લાગેલાં છે, પછી શું ઘરડાં થશો ત્યારે મોજ મજાહ કરશો કે!" આનો આલીબાઇએ જવાબ દીધો "એ હવે મોજમજાહ કીધી—ભસ્તાંમાંજ તો."

અહીંથી ઉઠેલાં પીરોજબાઈ, સુનાંબાઈને ત્યાં ચાલ્યાં.

કલબ સ્થાપવા વીશેનો સઘલો ખોલાસો તેવણ આગલ પેહલાંનીજ માફક કીધો. સુનાંબાઇએ તો ઘસીને નાં પાડી, તેવણનો વાંધો આલીબાઇ કરતાં જુદીજ જાતનો હતો. કલબમાં કોણ કોણ છે તેની ખબર કાહાડતાં માલમ પડયું કે કાવસજી પટેલનાં તલાવપર રેહનાંર આઇમાંય દવીએરવાળાં બી મેમબર થનાંર હતાં તેનાં નામની સુનાબાઇને સુગ હતી માટે જો તે આવે તો હું નહીં એવો સુનાબાઈનો વાંધો હતો.

ત્રીજે ઠેકાંણે શીરીન એસકી તો એક પગે તૈયાર હતી પણ આ વાત સાંભળતાંજ તેણીનો વર જમસુ ચીસ્ટો છેડાઈ પડયો કે, વાહા! રાંડો બાપ લાખ ચાલીસની છોકરીઓ— તે મહીને દહાડે રૂપીઆ પાંચનું ફંડ અને દર અથવાડીએ રૂપીઆ બેની ફી લાવે કોણનાં બાપનાં.

વળી ત્યાંથી ધનબાઇને ત્યાં જતાં બીજું ચોઘડીઉં નડયું. ધનબાઈ તથા તેણીનો વર દાદી દમીએલ બેઉ રાજી હતાં. પીરોજબાઇએ ખુશી થઈ પોતાની યાદીમાં ધનબાઇનું નામ ટપકાવી લીધું. પણ તેવણના ગયા પછી ધણી ધણીઆની વચ્ચે કલબ વીશે વાત ચાલી ત્યારે ધણીઆની બોલ્યાં "તમે મોટા વડા થઈ મોટે મોંહોડે હા તો કહીછ પણ બે ચાર સારા જેવા પોલકા ને લાઇટ કલરોની એકુ બે સારી, એક હીરાનો બુટો, નવી ફાશીનનાં બુતની એક જોરી તથા બલુ રંગનાં સીલ્કનાં સ્ટાકીંગસ અપાવશો તો આપણે જઈશું."

દાદીબા જેવણને સેકરેટરી આફીસમાં રૂપીઆ ૫૫) નો પગાર મળતો હતો તેવણનો દમ તો આ સાંભળીને બંધાઇજ ગયો.

તેવણે ધણીઆનીને ઘણું સમજાવ્યું કે “ એસકી કપડાંની શી જરૂર છે. એ ઘડી આપણા દોસ્તોને મલયે, વાત ચીત કરયે તો ઓળખાણ વધે, કપડાં સાથ શું કાંઇ આપણે પરણેલા છૈયે.”

આવી નાદાન તકરાર ધનબાઇને કાંઈ ઘણીજ હસવા સરખી લાગી. તેવણ છછણી પડયાં “ તો લેરે, બધાં તરીમતરાક થઇને આવે ને હું વપરાયલી સારી પેહરીને જાંઉં કે? એકની એક પેહરીને જાંઉં તો કોઇ મશકેરી કરે કે, ‘ હીરાં મરીયમની એક સારી, હીરાં પેહરે તો મરીયમ ઉંધારી.’ બરયું એમ જયા વગર જીવ રહેછ કે ?”

આ પ્રમાણે તેઓએ રાત પડી વેંહેચી લીધું અને ધનબાઇની કલબમાં સામેલ થવાની વાત ઠેં પડી ગઇ.

એક ઠેકાંણે ડોસીબાઇ તથા દીનબાઈ દેરાંની જેઠાંણી બેહુએ નાંમ નોધાવ્યાં. દીનબાઇએ સરત કીધી કે મહીનાંમાં એકવાર માટીડાઓનેબી દાખલ કરવા. આ ઉપરથી ડોસીબાઈ ઝબકીને બોલ્યાં “ ત્યારે તો બા મારૂં નાંમ કાહાડી નાંખજો મને બઈરાંઓની કલબ વીશે પેહેલાંથીજ વેહમ છે કે ચાલશે નહી પણ જો માટીડાઓને દાખલ કીધા તો કાલનો દુકાલ આજે પડશે, જો કલબ બે મહીનાં ચાલવાની હશે તો આઠ દાહાડામાં સુઇ જશે, વાસ્તે જો માટીડાઓને દાખલ કરવાના હોવ તો આપુંને માંફ.”

ઘણી તકરાર થવા પછે ઠરાવ્યું કે હાલ તુરત તો મરદોને દાખલ કરવાનો વીચાર પડતો નાંખવો અને બબરચી

"ટેબલ સરવંટ" વગેરે સઘલાં બઈરાંઓજ રાખવાં. વળી સઘળાંઓએ એકમતે ઠરાવ્યું કે આપણે સહી સહીઓમાં શું બોલાય ને શું નહી, વાસતે આપણે કુંવારી છોકરીઓને દાખલ કરવી નહી. આ વાત ચાલતી હતી તેવારે દીનબાઈની બેહનની કુંવારી દીકરી સઘળું ઘણાં હરખથી અને ઈંતેજારીથી સાંભળતી હતી તે ફ્ફડીને બોલી ઉઠી "તે નહી દાખલ કરશો તો અહી કીયું ખાસડું બેસી રહયુંછ, બાકી એમતો તમારી કલબ ચાલવાની છે. એક મહીનામાં કોણ જાણે કેમ કેમ તોટા પીસાશે તે હમેજ જોઇશું."

* * * *

પણ પીરોજબાઇ પોતાની મહેનતમાં કંઈ ઘણાં નીશફળ થયાં નહી હતાં. શીરીનબાઈ સટાક, પુટળીબાઇ પનોતાં, ભાખાઈજી ભોળાં, હીરાંબાઈ ધીળાં વગેરે ઘરબારનાં સુખીઆરાંઓ ૧૫ જણ કલબમાં સામેલ થયાં. હીરાંબાઈ ધીલાં જેવણ બધાં કરતાં ઉમરનાં લગાર વધારે હતાં તેવણને એક મતે સરનશીન ઠરાવ્યાં, અને અલબત પીરોજબાઈ પોંહોચેલાં જેવણે આ કલબ ઉભી કરવામાં મુખ્ય ભાગ લીધો હતો તેવણ ઑનરેરી સેક્રેટરી થયાં. આ પ્રમાણે શુભ મંડાણ થયું તો ખરૂં. એક મુસલમાંનીને રાંધનારી તરીકે રાખી અને બે ફરંગન ગોરીઓને ટેબલ ઉપર હાજર રેહવા માંટે દરેકને રૂપીઆ ચારને પગારે ઠરાવી. સરવે બાઇ મેમબરો ઈનતેજારીથી પેહલા દાહાડાનાં મેલાવડાની રાહ જોવા લાગ્યાં. પીરોજબાઈનાં ધણીની શાલગરેહનો દીવસ ભરેસપતવારે હતો તે દીવસે પેહલું ખાંણું થનાર હતું. સાંજનાં સાત વાગાનો વખત

ઠેરાવ્યો હતો અને પીરોજબાઇએ આગલથી ફ્લાવરપાટ, તોરણો વગેરે મોકલી તૈયારી કરી રાખી હતી.

મરદ વાંચનાર! ત્યારે શું તારા મનમાં એમ ખાંડ ખાતો હતો કે બઇરાંઓ ચાહે તે કરી ન શકે? જા જા સુજમાં રેહશે. જો આખરે પારસી લેડીઝ કલબ નીકલી કે નહીં?

*   *   *   *

ભરેસપતવારને દાહાડે સાત વાગાનો વખત ઠરાવેલો હતો તોબી બે ચાર બાઈઓ સાડાપાંચ વાગેથી આવી હતીઓ. શું બંદોબસ્ત કીધોછે તે જાણવાની ઇંતેજારીમાં તેઓએ કલબનાં ખુંણેખુણાં તપાસી જોયાં, રાંધણીમાં જઈ તપીલીઓ ઉઘાડી શું રાંધ્યું તેબી તપાસ્યું. સાતને ટકોરે સઘલી મેમબરો આવી લાગી. પછી ત્યાં મલવા ભેટવાનું પુછવું શું. સઘળી સહીઓ હરખભેર એક બીજાને ભેટીઓ અને સઘળું કાંમ પાંણીનાં રેલાની પેઠે ચાલ્યું. સઘલીઓ ખુબ ભપકાદાર કપડાં તથા જણુસ પેહેડીને આવી હતીઓ પણ એક બાઈ વધારે ઉલટમાં આવી જઈ જીંકની કોરની કસબી સાડી પેહડી આવી હતી. તેનાં ઉપર તે ન જોય તેમ અપસ અપસમાં અણકા ચાલતા હતા. ખાંણા વગેરેનો સઘળો હોકમ સેકરેટરી દાખલ પીરોજબાઈનો ચાલતો હતો. પંદર બાઇઓ વચે ચાર ગલાસ શેરીવાઇન, તેતરીસ બાટલી રાસપબેરી, એકતાલીસ રકાબી આઈસક્રીમ અને એક દોરીઓ ભરીને અચારનું સતીઆનાંશ વલવા પછી ખાંણું ખલાસ થયું અને સઘલાં મલી ભેટીને છુટાં પડયાં.

ઘર જતાં ત્રણ બાઇઓ સાથે ગઇ. એકે વાત છેડી કે

" મરેરે આજે તો પીલાઇનાં વરનું વરસ દેખું. આએતો ખાસું, પારકે પૈસે દીવાલી, ફરી આપણે ભરીને ફુલ તોરણ સાથે વરનું વરસ ઉગાડયું." આ ઉપરથી બીજીએ તાપસી પુરી કે "હા ખરેખર, ને વલી માણસો પર હોકમ કેવા ચલાવેછ જાંણે પોતાને બાપને ઘેરનાં." આ ટીકાઓ સાંભલી વળી ત્રીજીએ તેમાં વધારો કરયો કે " કંઇ નહીં તો અરધો મોલ્ડ ભરી આઈસક્રીમ વધ્યું હશે તે બધું ખાસું ઘેર જઇને જમશે. એ સરસ."

આવી રીતે પારસી લેડીઝ કલબનો પેહલી રાતનો અખતરો ખલ્લાસ થયો. અલબતે સેહજ ચોરીમાં ચચરીરૂં હતું. અદેખાઇ અને અણકાનો આતસ ધુંધવા માંડયો હતો, પણ તેને ફુંકીને બળતું થવાને હજી ઘણી વાર હતી.

*　　*　　*　　*

બીજે ભરેસપતવારે પાછી બાઇઓ ભેગી મળી. પણ આ વાર આઠ મેમબરો ગેરહાજર હતી. ત્રણને ચોકસ હરકત હોવાને લીધે આવવાને બન્યું ન હતું અને બાકીની પાંચમા કોઇનુ છોકરૂં શીક હતું તો કોઇ પોતે નાખુશ હતું, ઇત્યાદી. જેઓ આવ્યાં હતાં તેઓમાં જીલુબાઈ સાથે પોતાના છોકરાને બધું ભરેલું જભલું પેહરાવી લઇ આવ્યાં. આથી સઘળાંઓનુ પાકી તો આવ્યું પણ કોઇ બોલવાની હીમ્મત કરે નહી. વળી અધુરાંમા પુરૂં જીલુબાઇ સર્વે આગળ છોકરાની હુશીયારીની વખાણ કરે " એ તો એવો હુશીયાર છે, એવો હુશીયાર છે કે મડમો તો એને ખોળા પરથી ઉતારતાં ઉતારતી નથી. આવ નસલાં જો માસી

આગળ જા" આમ બોલી બોલીને જીલુબાઇ છોકરાને સઘળાં આગળ ધકેલે પણ કોઈ કોઠું આપે નહીં. એકાદ બે જણીઓને ભારી પડ્યું તેથી કાંસી કરાંઝીને 'આવ બુચા આવ, કેમ છે' કરી કહયું તો બુચાજી તો લાગલા જઇને તેમનાં ખોળા ઉપર ચહડી બેઠા.

સઘળી બેહનપણીઓ આજે તો જુદું જુદું ટોલું થઇને બેઠી. આગળની માફક એક બીજામાં ભેલાય નહીં અને જેમ તેમ નવ વાગ્યા એટલે ખાઈને ઘર શીધારયાં.

બે સખીઓ ગાડીમાં સાથે ગઇ. તેઓ એક બીજા સાથ વાત કરવા લાગ્યાં "એ આજે હીરાંને શું ભરકણ ભરાયું. મોટે ઘેરનાં અભાઈજી થઈને પીરોજા આગળજ ભરાઈને બેઠાંતાં. રાંડ અંધીઆડી—કોણ જાણે ચીતીઆં કરતી કરતી કાંહ વાજ વળતે. તે વળી આજે ભલે કાજ કે ઈજનેર વર મલીઆ કે બુટ ને ઇસટાકીનનાં ચીઠડાં પેહરી નીકળયાંછ."

વળી બીજી સહીએ તાપસી પુરી "અરે હરવાયાં રે બઇરાંઓ કલબનાં ચલાવતાં. મુઇ બીજી કાંઇ વાત મળે નહીં ને આખો વખત 'બલુ રંગની સારી ને બરજોરજીને ઘેરની કોર, ને માધવદાસને તાંહનુ હોજરૂં!' બળ્યો મારો તો જીવ કચવઇ આયો."

ગમે તેમ કરતાં બીજો મેળાવડો તો ખલાસ થયો. ત્રીજે બ્રેસપતવારે પાછી વારી આવી ત્યારે ચોખ્ખાં ચાર જણાં હાજર હતાં. તેઓ એક બીજા સાથે ઘણીબી વાત કરવાનું

કરે પણ વાત આવી આવીને સારીના રંગ અને કોર ઉપર અટકે. આ ઉપરથી શીરીન મડમે ટીકા કીધા કે "પણ તમારી પાસે કાંઈ બીજી વાત છે કે નહીં—સારી ને કોર, સારી ને કોર સાંભળતાં સાંભળતાં ફીકબી આવી ગઈ. કાંઇ રાજદુવારી, કાંઇ મુનીસીપાલીટીની, કાંઇ એવી વાત કરયે કે એ ઘડી જીવ વેરાય."

આ સાંભળી હીરાંબાઇ છેડાઇ પડ્યાં તેવણ બોલ્યાં "લે વળી! આપરે વળી હોશીયારના પુછડાં તેવાંજ પડયા કેની રાજદુવારની વાત કરીએ—બાફી આપરા વાત કીધા વગર રાણી રાજ કરવા બેશી રહયાંછ. એવી ખોટી ફીશીયારી મને નહી ગમે. વળી બૈરાં વાત શાની કરે—ખાધા પીધાની, પહેરવાની ઓઢવાની. તમુને મુનસીપાલ ગુનસીપાલ જોઇતાં હોય તો માટીડાઓની કલબમાં જતાં કાંય નહીં?"

આ ઉપરથી વાત તો વધી ગઈ અને શીરીન મડમ રૂસાઇને ગાડી જોડાવી જતાં રહયાં. સઘળાંઓ મુગે મોડે જમીને ઉઠી ગયાં અને આ મીટીંગબી ખલાસ થઈ.

ચોથે ભેસપતવારે પીરોજબાઈ સેકરેટરી શીવાય બીજું કોઇ આવ્યું નહી. તેવણ રાહ જોઈ જોઇ ને નીરાસ થઇ ઘર ગયાં. બીજે દીને પોતાની કેટલીક સહીઓને પટાવા ગયાં કે આમ કલબ તોડી પાડવી નહી. માટીડાઓ જાણશે તો આપણી હસી કરશે કે ચાર ડાહાડમાજ દીવાળું કાહાડયું.

પણ કોઇ સમજે નહીં. એક કેહજે શીરીન આવે તો હું નહીં આંઉ અને બીજી કેહજે રાંડો મીજાસ કરી મરેછ

ત્યાંહ કોણ પગ મુકવા બેશી રહયુંછ. ત્રીજું કેહે, પેલી પીરોજ પારકે પૈસે તેહવાર કરેછે; એતો પોતાની મતલબ સારૂ કલબ કાહાડી. ચોથુ કેહ આપરે બૈરાંઓથી કાંઈ એ થાય; માટીડાઓને સાથે લેઓ તો હું આંઉ. ત્યારે ડોસીબાઈએ ઉતર દીધો કે માટીડાનુ નામ દીધું તો માંરૂ નામ કાહાડી નાખજો.

સારાંસ જે મકાનમાં આ કલબ કાહાડવામાં આવી હતી ત્યાં બાહાર નીચલો દેખાવ થોડા દાહાડા થયા જોવામા આવે છે:—

| ભાડે આપવાનું છે. |
|---|

---

## બસ હવે નહીં જીવું.

"જો શીરીન, તમે મારી સાથ પરણવા ના પાડી છે તો હું હવે વધારે જીવવા ઈચ્છતો નથી. હું—બસ—હવે જઇને મારો જીવ આપી દેઉં છું." આમ એક નબળાં મગજનો જવાન દાદી પોતાની સ્ત્રી સાથીને કેહે છે.

**શીરીન**—તે તો તમારી ખુશી, પણ કેમ જીવ આપશો. જેહરથી કે બીજા કસાથી?

**દાદી**—અલબત જેહરથી.

**શીરીન**—વારૂ, તારે મારૂં એક કામ કરશો? જુમા

મસીદ આગળ મારા ભાઈ દોલીએ હમણાંજ દવા વેચવાનું દવાખાનું કાહારીઉંછ તાંહથી જેહર લેશો કે તેની બચારાની વકરી થાય ને વળી મારી ઉપરબી તમારો ઉપકાર થશે.

અલબતાં દાદી હજી જીવે છે.

---

## સેહજમાં સપડાઈ ગયો.

સોલુ સીકંદર એક ઘડીયાલ ચોરવાના વાંક માટે સેશનમાં સપડાઇ જવાથી બે વરસ હવા ખાઇ આવ્યો. પાછું ફરવા પછી રસ્તામાં એક દાહાડે તે અને તેનો પુરાણો દોસ્ત પેસુ સુકો મલ્યા.

પેસુએ પુછયું, "કેમ સોલી એમ તે શું કીધું જે સપડાઇ ગયો."

સોલુએ ઉત્તર દીધો "અરે યાર ખાલીપીલી ઘડીયાલ ચોરવાનો વાંક મેલ્યો. હું લડયો તો ખુબ, બબે બારીસ્ટર કીધા અને સોલ સાક્ષીઓથી પુરવાર કીધું કે જે દાહાડે ચોરી થઇ તે દાહાડે હું તો થાંણે હતો. મારા બારીસ્ટરોએ ઘણાં સખત ભાષાણ કીધાં પણ જુરી અન્નારી તે મને નફામો સસરાવી દીધો.

આ સાંભળી પેસુ સુકાએ મત આપ્યું, કે "એમ કેમ બને. ત્યારે તો તુંને છોડી દેવોજ જોઇએ."

સીકંદરે ઉત્તર દીધો "અરે યાર બધું બરાબર ઉતર્યું પણ એક નાહાની મઈ જેવી કસુરે કામ બગાડયું."

"હં તે શું?"

"ઢેડાનું ખાધું ઘડીઆલ મારાં ગજવામાંથી પકડાયુંની."

## વીસરભો.

આ તે કઈ જાતની વીસરભો હશે! જાંહગીરજીનું ધક ધ્યાંન વાંચવામાં ચરી રહેલું છે એવામાં નોકર આવીને કહે છે: "સાહેબ, તાર આયોછ."

જાંહગીરજી પોતાનાં વાંચવાનાં ધકમાંજ—"એવણને હેથે બેસાડ ને કેહ કે હમણા કામ છે!"

---

## જુદી જુદી છીંકો.

હું ધારૂં છું કે પૃથ્વીમાં જેટલી જાતના ચેહરા હશે તેટલી જાતની જુદી જુદી છીંકવાની રીતબી હશે. કોઈ બે ધણીઓ એક સરખી રીતે છીંકતા નથી. જેમ સાદ, વાત, ચાલવાના લેહકા અથવા હસવામાં ફેર છે એટલોજ છીંકવામાં પણ છે.

જેમકે જમાનાની સુધરેલી બાઇ પોતાના રમકડાં જેવા પગોથી ચાલીને જતી હોય ને તેવામાં છીંક આવી ગઇ તો સુફેદ બરફ જેવો રૂમાલ કાઢી મોહોડું ધાંકી દઇ જીણી મઇ જેટલી 'છી–છી–છી–' કરીને તેનો ઉતાર કરશે.

પણ તેથી ઉલટું ડોંગી ધના ઘેખરીને છીંક આવી તો ડોકું ઉંચુ કરી પછી પાછું નીચું કરી હાઆ—છી હાઆ—છી જેવા આવાજથી પોતાનું નાક ખાલી કરશે અને પોતાની સાડીના છેડાથી નાક નુછતી નુછતી ચાલવા માંડશે.

બીલીમોરીઆના ધનજીભાઈ ધસારીઆ વળી જુદીજ રીતે છીંકે છે. નાકમાં વારૂં આવીઉં એટલે એરંડીયાં જેવું મોંહ કરી રૂમાલ સારૂં વેહલા વેહલા પોતાનું ગજવું ચાંપી જોય છે. પછી આસમાન તરફ ડોકું ઉંચું કરી એક હાઆઆત—

છીઅઅ! આહાહાહ! કરી ડોકું એવા તો જોરથી નીચે ધુનાવશે કે જાણે હમણા લચકાઇ જાય.

સરવેથી રમુજી છીંકવાનું મોટા પેટ વાળા ડોંગા પણ ઠીંગણા માણસનું છે. છીંકવા અગાઉ તેનું પેટ ખડીયાની જેલીની પેઠે હાલે છે અને પછી નાકનાં ફીફરાં ચહડાવી હોઠ પોહાલા કરી આહાહાહા—છી—આહાહાહાહા છીઇઇઇઇ—આહાહાહાહા છીઇઇઇઇઇ! કરી પોતાની આસપાસનાઓને ગજાવે છે. અલબત આ વેળા તેની આંખ્યોમાં પાણી આવી જાય છે.

---

## ગરીબ બચારો ચોર!

સોરાબજી સીકંદર કોટેકોટનું એક ઘેર ફાડતાં પકડાયા. માજીસ્ત્રેટ આગળ પોતાનો અપરાધ કબુલ કરતી વખતે સોરાબજી બોલ્યા "સાહેબ મને શીક્ષા કરતાં જરા રેહમ નજર રાખજો."

માજીસ્ત્રેટે પુછ્યું "કેમ?"

"તો સાહેબ, મારા કીમતી બખતના ત્રણ કલાક એ કામમાં મેં ગુમાવીઆ અને કાંઇજ મલ્યું નહીં."

માજીસ્ત્રેટે હસીને જવાબ દીધો "ખરી વાત છે, સોરાબજી, તમારૂં આ સંકટ મારેથી ખમાઇ શકાતું નથી. તમારી ઉપર કેટલો જુલમ! પણ ફકર નહીં હું તેનો બદલો વાળી આપીશ. હું ફરમાઉં છું કે તમને પાંચ વરસ સુધી વગર ભાડે, ખાધા પીધાનું મફત આપી, ચોકી પેહરાનાં માન સાથ રાખવામાં આવશે."

## સખખે જીવ જાય છે!

શાપુરજી શેઠે 'જામેજમશેદ'માં જાહેર ખબર આપી કે, "શેઠની આગળનો આગળ રેહ એવો એક ચાકર જોઈએ છે." બીજે દહાડે એક ટરીમ ટરાક પારસી ચાકરીનો ઉમેદવાર આવી શેઠની હજુરમાં ઉભો.

શેઠે પુછયું, "પણ બા, તમુને એ ચાકરી પરવડશે?"

ઉમેદવારે જવાબ દીધો, "હારે સાહેબ, મે સાંભરયું કે તમુનેં દમનો આજાર છે તેથી હંમેશા ગરમીમાં માહાબલેશ્વર રેહોછ. તે મનેબી એજ બીમારી છે ને ડાકટર મનેબી માહાભલેશ્વર હવા ખાવા જવાની તાકીદ કરેછ તેથી આપરે સાથેના સાથેજ જઇશું તો બેઉને ફાયદો છે."

---

## ખરી કરકસર તે એ.

જાંહાગીરજીને પેટ આવે છે અને તેથી તેમની સ્ત્રી માણેક-બાઇ ઘણાં ચીંતામાં છે એવામાં ડાકટર આવ્યા. માણેકબાઈ વેહલાં વેહલાં સુવાના ઓરડામાં દોડી ગયાં અને બોલ્યાં, જાંગુ—જાંગુ, ડાકટર આયાછ. લેની, કાંઈ દવા માગી લેની.

જાંહાગીર—અં! ઘેરમાં આજે છ મહીનાની તરેહવાર દવાની સીસીઓ એકઠી થઇછ તે હજુ તો અરધી પીવાઇ નથી ને વળી બીજી! શું કાંઈ પૈસા મફત બફત આયાછ? એ બધી અવાર નવાર છોકરાંઓને પાઈ દેઓ, પછી વાત.

## ગરજ મોરી બાપડી.

દોલુ દીવાલીયાના વાંચવામાં આવ્યું કે ઉત્તર ધ્રુવ તરફ એકસોને એંતાલીસ દીવસની લાંબી રાત હોય છે. "આહા!" તે ઉલટમાં આવી જઇ પોકારી ઉઠયો, "શું સરસ તે જગા હોવી જોઇયે! હું ચાહું છું કે આપણે ત્યાં વસ્તા હતે."

"તેનું કારણ શું?" તેના એક દોસ્તે પુછયું.

દોલુએ જવાબ દીધો, "ભલાં માણસ, એટલુંબી સમજતો નહીં? જો ત્યાં એક માગનારને પરમદહાડનો વાયદો કરીયે તો તે પરમદહાડ પડતાં કેટલી મુદત લાગે!

---

દાદાભાઈ ડુમસીઆ પોતાની જીંદગીનો વીમો ઉતરાવવા નીકળ્યા. કંપની તરફથી સવાલોનું ફોર્મ આવ્યું તેમાં બીજા સવાલો જોડે એક એ પણ હતો કે "વીમો ઉતરાવનારનાં માબાપ જો હયાત હોય તો તેમની ઉમ્મર શું?" દાદાભાઇએ ફોર્મ ભરી મોકલ્યું તેમાં બાપની ઉમ્મર ૧૧૨ વરસની તથા માએની ઉમ્મર ૧૦૨ વરસની લખી. કંપનીનો એજંટ તો તે જોઇને એવું સરસ ઘરાક મળવા માટે હરખાઇજ ગયો, અને દાદાભાઇને મલ્યો ત્યારે તેવણનાં માબાપની લાંબી ઉમ્મર માટે અચરતી દેખાડીને વાતો કરવા લાગ્યો. "શું ભાઇ?" દાદાભાઈ તો ચકીતજ થઈ ગયા, "તે લોકને ગુજરી જવાને તો આજે કાંઇ મુદત થઇ ગઇ છે, પણ તેઓ જો હાલ હયાત હોય તો એટલી ઉમ્મર હોય."

## ચીબી ચાબી ધનકુબાઈ.

બે ચીબી બાઇઓ એક દીવસે એક નાના સરખા પાણીના ઝરા આગળ ઉભાં અને તે કેમ ઓળંગી જવો તેના વીચારમાં પડીને પાસે ઉભેલા એક છોકરાની મદદ માગવા લાગ્યાં. છોકરો તેઓને માંથેનો મળ્યો. તેણે એકાએક 'સાંપ—સાંપ' કરી એક એવી તો ચીચયારી પાડી કે તુરતજ પેલી બંધે બાનુઓ સેહેલથી એક છલાંગ મારી પેલો ઝરો કુદાવી ગઇ.

---

## મતલબ અંધાપો.

**હીલ્લુબાઈ** ઇત્તર (નખરાંથી)—હોરમજશા, તમો શું ધારોછ? મારી ઉમ્મર હાલ શું હોશે વારૂ?

**હોરમજશા** (બીહતાં બીહતાં)—કેમ કહી શકું, અલબત— અલબત—અ—

**હીલ્લુબાઈ**—હા, બોલો, બોલો; શું વરસ વીશેક સમજોછ કે? અરે ભલાં માણસ, મેં તો પચીસ દીવાલી જોયલી છે, પચીસ.

**હોરમજશા**—ત્યારે તો હીલ્લુબાઇ હવે તમે ચશ્મો લેઓ તો ઠીક.

**હીલ્લુબાઈ**—મરે રે, પચીસમે વરસે ચશ્મો! તમે શુ કોતક પાડોછ, હોરમજશા!

**હોરમજશા**—તો જુઓની, તમે ફકત પચીસજ દીવાલી જોઈ શકયાં; અને બીજી પંદર દીવાલી જે તમારી સાંમેથી પસાર થઇ ગઇ તે તમોને દેખાઇ નહીં.

## ઉંચા કાનની મોહોકાન.

સભાપતીનાં સુનાબાઇ લગાર કાને બેહરાં હતાં, પણ લોકોમાં તે જણાવવા તેવણ શરમાતાં હતાં. એક દહાડે બેંડ સ્ટાંડ ઉપર તેવણની સહી માણેકબાઇના વર રતનશા વકીલ મળ્યા, જેવણ સુનાબાઈની ખબર અંતર પુછતા તેવણની આગળ આવ્યા. સુનાબાઈએ પણ તેવણનાં ઘેરની ખેર આફીયત પુછી, જેના જવાબમાં રતનશાએ કહયું કે, "છોકરાંઓ સરવે સારીપેઠે છે પણ માણેક બીચારી તાપથી ને હાંફણથી ઘણી હેરાન હતી જેથી થોડા દીવસ હવા ફેર કરવા માટે વાંદરે મોકલી છે." ઉપલું વાકય જે કમભાયગે સુનાબાઇને બીલકુલ નહીં સંભળાયું હતું તેથી તેવણે પાછું પુછયું "તે તો ખરૂં, પણ માણેકબાઇ કેમ છે? ભલાં માણસ કાંઇ ઘણા દીવસ થયા દેખાતાંજ નથી ?"

---

**સોહોરાબ** (ઈરાની)—બૉઈ—બૉઈ, આજે સું છે? આજે ખાવાના બહુ મજાની છે.

**જાઈજીબાઈ**—તુંને ખબર નથી કે આજે આપરાં સીરીન-બઈનું પચમાસીઉં છે?

**સોહોરાબ** (ઈરાની)—હા, હા, મેં સમજીઆ, જયારે સીરીન-બાઈનાં **પંચમાસીઆં**ના આવા મજાના ખાવાના છે ત્યારે **છમસી**આપર વધારે મજાના ખાવાના મલસેની ?

**જાઈજીબાઈ**—મુવા, ભુસું રે તુંને, મારી સીરીનનાં નામ ઉપરથી ઓવારૂં તુંને, આવેની છમસી તારાં હોય તેની—આમ બોલી જાઈજીબાઈએ કરરર દેઈને કટકા મોરીઆ.

## ગામડેની ગુલીની બાવાજીને નરમ ઘી જેવી અરજ.

ગરબી.

(કઠણ થયા માધવ મથુરા જઈ કાગળ ન લખીયો કડકોરે.)
(કળજુગ તારી રચના ન્યારી ભેદ ભરી છે ભારીરે.) } એ રાહ.

મરૂંરે મારા બાવાજી, આટલું લખી ઝટ લેજોરે ;
આય બિસાદ વગરનું મુજને લગન ઉપર બસ દેજોરે.—૧.

મંભઇમાં મેં લગન દિઠાં જે તેવાં મારાં કરજોરે ;
એતે જિવતર એજ લગન ને એવા બાવા ઠરજોરે.—૨.

હોંજ્યાં નામો ગઈ હું વિસરી, નથી યાદ કઇ રે'તાંરે ;
જેવાં તેવાં યાદ મને છે, સહુને પૂછી લેતાંરે.—૩.

કાનોમાં બે **કરમ** (કરણ) હિરાના વીટી **બિલિયાવારીરે** ;
(બિલ્યાનની)
**ચમકૂલો** મોતીનાં **ભરૂચ** એરિંગ મોટું ભારીરે.—૪.
(રાયફુલ) (બ્રોચ)

સુન્નાનાતો **બરસમેંટ** જારીના ચિનાઇ વારારે ; (બ્રેસ્લેટ)
હીરાની ઓલી **હાંસરી** નેં બાવનસેરી મારારે.—૫. (નેક્લેસ)

જેપાની ગોદરિયું ને ખસખસની ગોલી સારીરે ;
(હોજરિયું) (જેસકસ)
કસબ **વાંદરાનો** ભરાવજો કોર જીકની જારીરે.—૬. (બાદલાનો)

**આઈ કરિમ** ને ચટની કુટની લેજો રંગો એવારે ; (આઈસક્રીમ)
ફ્રાસિનના પોલકા રેસમી આંખે ઊડે તેવારે.—૭.

ઉંચી એરીનાં તો **ભૂત સનેપાટો** બક્કલનીરે; (બૂટ) (સ્લીપર્સ)
રેસમનાં **ઈસતામ્રાં ચામ્રાં** સપાટ દસ મખમલનીરે.—૮.
(સ્ટાકિંગ્સ) (ગારટર)

પદમાં હોંજ્યા **ઓલા બાંક્રા** વાંકાટીકા હાથેરે; (સોફા)
**સીધ્ધી મલમલ**ની ટેબલ ને બે **સિપાઈ** તે સાથેરે.—૯.
(સંગેમરમરની) (ટિપાઇ)

**હીજીચક ને ગાંડીની** ખુરસીઓ વીસજ દેજોરે;
(ઇજીચેર) (ગાદીની)
**પેંડાફૂલ** બસ એક **ફ્રરસપાનિસ**ની કબટો લેજોરે.—૧૦.
(પિયાનો) (ફ્રેંચપાલીસ)

ચાર **ખાંધિયા** આખાનો ઉંચોજ ઢોલિયો મોટોરે;
(અખંડપાયાનો)
પાન સુપારી અને પરો તો ચાંદીનો નહિ ખોટોરે.—૧૧.

સુન્નાંનાતો વાંસ માછલી **ખાંડીનાંજ** તપીલાંરે;
(ખાંડી ચોખા માય તેવાં)
ઓલા **હીશના દીવા** જે રંગે રાતા લીલારે.—૧૨.
(લુલકસાથનાં જૂમ્મરો)

સાસરિયે સહુને પ્હેરાવી લેજો મન સહુ જીતીરે;
મારા વરને હીરાનું ઘડીયાળ સાંકરી વીટીરે.—૧૩.

સસરાજીને કસબી ઓલી લાલ **ધાભરી** ઉનનીરે; (શાલ)
ઘણી ચોકસી કરી ખરિદજો રખે હોય તે જુન્નીરે.—૧૪.

દેજો મારા વરને રોકડ **સા'ઠ મો'તના** કટકારે; (ગવર્નમેંટ લોન)
ત્યારે હું સાસરે સિધારશ કરીશ લટકા મટકારે.—૧૫.

વિણ બિસાદની આય માંગણી બાવા કબૂલ કરજોરે;
ક્હે ફિરોજ સાસરે વળાવી જમાઇનું ઘર ભરજોરે.—૧૬.

## ઓલડ ફાશીનના મી૦ રામચંદરજી.

અગાઉ કંપની સરકારના અમલમાં સરકારી ઓધાઓપર તેમજ વેપારીઓતરીકે જે ભોલા ને બીબીજાયા ટોપીવાળાઓ અતરે આવતા હતા, ને જે કીસમનાં ટોપીવાળાઓનાં ભોલાં અને હસમુખાં મુખડાં આજે મુંબઈનાં માઠાં ભાયગે ઝાઝાં જોવામાં આવતાં નથી, તેવી કીશમના એક મી૦ ડંડાંસે આસરે ચાલીસેક વરસની વાતપર અતરે એક હાઉસ ઉંઘાડયું હતું. જેની દલાલીનું કામ અતરેવાળા એક જાણીતા પારસી શેઠ ચલાવતા હતા. એ હાઉસમાં મી૦ રામચંદરજી નામે હેડ કલાર્ક હતા. અસલી વખતને અનુસરતી કેળવણી સાથે ભાગું તુટું કામ ચલાઉ ઈંગ્રેજી ભાષાનું જ્ઞાન ધરાવનાર દોઢ ચતુર આ આપણા શેંડીયાજીરાવ હતા! જાતમાં જોર જોવો તો ભુંજયો પાપટ ભાંગી શકાય નહીં એવું, પણ તોર ને રોબ તો માહા પંડીતને એક કોરે બેસાડે એવાં! વાંસ ફોડાઓમાં મી૦ રામચંદરજી કંઇ થોડો ઘણો વગસગ ધરાવવા ઉપરાંત ચીલઝપટના ડાવ ખેલવામાં હોશીયાર હોવાથી તથા એ જીભના ધણી હોવાથી તેવણ ધરીયા ધરાતા કે સરીયા સરાતાતા નહીં. રામચંદરજીની મોટામાં મોટી મગરૂરી "અમચી દોન બાયકા હય, દોન!" આ શબ્દોમાં હતી, ને જ્યારેબી રંગપર ઉતરતા કે કોઇ સાથ તાણપર ચઢતા ત્યારે પોતાની આ વાતની મોટાઇની ઉકમાઈ લેતા! ને તે વખતના ચાલુ દોર મુજબ એ—આ ચોકસ બદી—ઉકમાઈની વાત ગણાતી'તીબી ખરી, એટલે આપણા આ મી૦ રામચંદરજીની તે ખામી

પસાર થવા જેવી હતી! અગાઉ વરસ બે વરસ કોઇ બીજી આફીસમાં ઈંડેંટ કલાર્કનું કામ કરી આવેલા, તે જોકે બીજી બધી બાબદોમાં પથ્થરના ભાઇ ભમરડા હતા, તે છેક એટલેવેર કે આખો એક ઈંગરેજી વાક્ય તો તેઓ બોલી કે લખી શકતા'તા નહીં, તોપણ ઈંડેંટ કામના માહાવરાને જોરે કંઈક દમ ધરાવતા હતા. બહારનાં ને આસેપાસેનાં લોકોમાં રામચંદરજીનો તોર ને દમામ નાકપર માખ બેસવા ન દે એવાં હતાં, પણ સીનોર આગળ તો દરેક બોલે "યસ માઈ લાર્ડ" થીજ કામ લેતા હતા. સીનોર મી૦ ડંડાસ નવાસવા આવેલા, જાતે અમીરી ખવાસના ને આપણા રામચંદરજી ઝડપસડપ સાથે ઘણા નમાના, મીઠા બોલા, જોડા કહાડયા વગર સીનોરના ઓરડામાં જાય નહીં એવા અંદાજા મલાજાવાળા ને ઇંડેંટનાં કાંમમાં ઉપ્યોગી એટલે બીજા કલાર્કો કરતાં રામચંદરજીપર સીનોર વધુ મેહરબાની દેખાડતા. સીનોરે રામચંરજીનું બધું પાણી તો જોઈ લીધેલું, પણ પોતાનાં કામમાં હારે પડેલા જણાયલા એટલે બીજી કશી વાતની તેને વીશે ઝાઝી કાલજી રાખેલી નહીં.

એક દહાડે રામચંદરજી ઇંડેંટનાં કોઇ કાગળ્યાં પર સીનોરની સહી લેવા તેવણના ઓરડામાં ગયા. સીનોરના ઘણાજ વાહાલા દેખાવા તેવણને પેન ઉંચકવા જેટલીબી તસદી નહીં આપવાની મતલબે તેવણે પોતેજ ઝડપમાં પેન લઇ લાગલી સાહીના ખડીયામાં બોલી. તે સીનોરના હાથમાં આપવા જવાની ધાંધલ કરતાં ખડીયાને આંચકો લાગવાથી તે ગબડી પડયો ને સીનોરે તરતનાંજ લખી તૈયાર કરેલાં કાગળપર

ધોળાઈ. સીનોરનાં ખમીશની બાંહે ને તેવણનાં આંગળાં ખરડી નાખ્યાં—રામચંદરજી ચાટ તો બન્યા! પણ મન ઠાવકું રાખી ઉલ ગબડીનો દાવ રમી, હંમેશ જેમ ભોલા મી૦ ડંડાસપર ફાવી જતા'તા તેવા ઢોંગ કીધા ને તુરત ખુશ ચેહેરે મોટે સાદે બોલી ઉઠયા કે "Good omen! good omen! my lord! very good luck to-day! યાને સારા સગન, સગન મારા લાડ, આજે ફતેહ છે."

સીનોરનો પેલો લખાયલો કાગળ રદ થયલો, ખમીસ ખરાબ થયલું, આંગળાં ખરડાયલાં તેથી તેનું પાકીને પલેથર થયલું, તેમાં વળી રામચંદરજીના આ બોલોથી ઉસકેરાઇ જઈ, પાસેજ ટેબલ પર સાહીની બાટલી પડેલી હતી તે લઇ રામચંદરજીને માથાંથી તે વડે નહવારી બોલ્યો કે "If this is good omen—this is *very good* omen! એટલે જે આ જો સારા સગન હોયતો આ તેથીબી સારા છે" એમ કહી પોતાનાં ખરડેલાં આંગળાં રામચંદરજીને મોંહડે ઘસડવા જતા'તા તેની બાંધછોડમાં તેવણની પાગરીના આંટાબી ગળામાં આવી ગયા, ને તેવે હાલે તેવણ સીનોરના ઓરડામાંથી બહાર આવ્યા. આફીસના બીજા કલારકોં ને સીપાઈઓમાં તો તેવણનો તરાસ ઘણો તેથી બધા જણ આ સોંગ જોઇ દગાઈ ગયા; પણ. સોલુ નામનો એક પારસી અકાઉન્ટંટ હતો તેનીથી રહેવાયું નહીં! તમારૂં ભલું થાયરે પારસીઓ! પારસી પુત કેથે પાધરો રેહેજ નહીં! તો પછી અહીં કાંહાંથી રેહે? તરત પોતાની ટેબલ પરથા ઉઠી,

બીજા કલાર્કોને, અસારતમાં, રામચંદરજીના ફેસ્તાની નીશાન કરી, પુછવા લાગો, કે "કાય ઝાલા, રામચંદર શેઠ, એ કાય ઝાલા?" સોલુનું ભલું થાય તે એટલું પુછીનેબી મુગો મરી રહયો હોતે તો તે પરવરતે! પણ એટલું પુછતાંજ કલેજું ધરી ધરીને પોતાના નામરાસીયા સોલુની પેઠે એકદમ હસવા પડયો, ને તેનો વા બીજા કલાર્કો ભેગો સીપાઇઓને વાગો; ને પછી ખી–ખી–ખા–ખાથી તે ઓરડો બધો ધોધાજ થઈ પડયો!

રામચંદરજીને તો ભોંય ભારી પડી! ઉભાં જાય ને આડાં આવે! મનમાં ચીઢ તો એવી ચઢી કે જો બને તો કાલનું કાલ સોલુનું કાટલું કહડાવે. પણ બુટી પોંહોંચેલ તે તરત વખત સંભાળી લીધો ને તાલ લગાડી ગાબડું મારયું કે "Mail "news good આલી (મેલમાં સમાચાર સારા આવ્યા) "તે શીનોર આજ ફાર ખુશ હય. તે મજસી જરા હસલા! "જવાં તવાં તે ખુશ અસતો મણજે મજસી અસાજ હસતો." એટલું ટુંકમાંજ પતાવી સેતાન ડાભો કરી હાથ મોંહોડું ધોવા નીચે ઉતરી પડયા.

## દેખાવ બોજો.

મી॰ ડંડાંસના એક વેપારી મીત્રને બેટરી મારફતે સુના રૂપાનો ઢોળ ચઢાવવાનો ઘણો શોખ હતો; તે પોતાની ફુરસદે અવારનવાર પોતાના ને કોઇ કોઇ દોસ્તને ત્યાંના ચમચા કાંટા 'ઈલેકટરો પલેટ' કરતો હતો; તેને એક દહાડે થોડાક પારાની જરૂર પડવાથી તેણે મી॰ ડંડાસને બજારમાંથી તે મંગાવી મોકળવાની એક ચીઠી લખી. મી॰ ડંડાસે આપણા આ બાહોશ રામચંદરજીને તેડી કહયું કે "Get me some

good quicksilver from the market" એટલે બજારમાંથી થોડો સોજ્જો પારો મંગાવો. રામચંદરજી રાબેતા મુજબ ભરાંયા ભારમાં "વેરી વેલ માઈ લાડ" બોલીને બહાર આવ્યા. ઘણોવાર વેર વીચાર કીધો કે વળી એ 'quicksilver' શું ચીજ હોશે! રામચંદરજીમાં મોટી ખુબી એ હતી કે મરતાં પોતાની નબળાઇ કોઇને જાણુવા દેવી નહીં. દમપર સુમારથીજ કામ કહાડી લેવું, પણ હવે દીરગ રહ્યો નહીં; વખતે સીનોર પાછો હાંક મારશે તો જવાબ દેવો ભારી પડશે, એમ સીકંજામાં આવી ગયાથી લાચારે સોલુને તેડી જાણે બે દરકારીથી કંઇ પુછતા હોય તેમ તેને પુછયું કે "તુમી લોક 'quick silver'લા કાય સાંગતા?" "હમી લોક ત્યાલા પારા સાંગતો" એવો જવાબ સોલુથી મળતાં તુરતજ રામચંદરજી બોલી ઉઠયા કે "હોઇ માલા ઠાઉક હોતાજ, પરંતુ ઉગાચ વીચારલા." એમ બોલતાં તુરત ઉઠી પાનની પટી ચઢાવી બગલમાં છતરી મારી નીકળી પડયા. નીકળી તો પડયા, પણ પારો કાંહાં મલે છે તેની રામચંદરજીને તો ખબરજ નહીં, ને તેટલાં રસ્તામાં ભોગ-જોગે એક ઘાટી મલ્યો. તેને પુછતાં તેણે એક ચોકસ ગવલીનાં ઘેરની ઈંધાણી આપી કહ્યું કે એને તાંથી વખતે સોજ્જો પાડો મળશે. આ ઘાટી પોતે પણ એક ગવલી હતો ને રામચંદરજીએ પુછેલો '**પારો**' એ બીચારો '**પાડો**' સમજ્યો તેથી ગેલા ગવલીને ઘેરની નીશાન આપી. રામચંદરજી ખુશ થયા કે સગણ તો બધા સારા છે—તુરતા-તુરત ઉપરાસાપરી ખબર મળી જાએચ—પુછપરછ કરતાં

કેટલેક વારે ગવલીનું ઘેર પાયું તાંહાં હોંફ ભર જઇ લાગ્યા. તેણે તે પાડો તેજ દીવસે કોઇ બીજા ધણીને વેચેલો તેની ઇધાણી લઈ રામચંદરજી તેને ઘેર ગયા. એમ રખડ રઝલમાં છેક સાંજનાં પાંચ વાગે બે સોજા પાડા તેવણ મેળવી શકયા, ને ખુશ થતા થતા આપીસ ભણી આવી લાગ્યા. રામચંદરજીએ બધી જે અકલ વેરી નાખેલી તેમાં એક વાતની તો ખરેખર સાઉચેતી લીધીતીજ કે પાડાવાલા સાથે બોલી કીધેલી કે જો સીનોરને પસંદ પડશે તો બેઉ રાખશે ને નહીં ગમશે તો નહીં રાખશે અથવા વખતે એક રાખવા માંગે તો એકબી આપવો પડશે.

આણી તરફ જેમ છેક સાંજનો વખત થતો ગયો તેમ સીનોરે બે ત્રણ વખત રામચંદરજી વીશે પુછપરછ કીધી પણ તેવણનું ઠેકાણું મળે નહીં તેથી સીનોર તો બંગલે ગયા. કોલાબા તરફ ગ્રાંટ બીલડીંગવાલી જગાપરના એક નાના બંગલામાં સીનોર રેહેતા'તા. એક તરફથી સીનોરનું બંગલે જવું ને બીજી તરપથી દોડ ઝડપ કરતા રામચંદરજી આપીસ તરફ આવી લાગ્યા. ભલા આદમી સોલુ બારીએ ઉભેલો હતો, તેણે પેલા પાડા જોતાંજ રામચંદરજીનો હુરીયો કરી મુકીયો; પણ તેને તેની ભુલ દેખાડવાને બદલે સીનોરને બંગલેજ તે પાડા લઇ જાય એવો ઘાટ રચ્યો. રામચંદરજી જાણે શું એક મોટો વાઘ મારી આવ્યા હોય તેમ દોડ ઝડપ કરતા સીનોરના ઓરડા તરફ ધસ્યા, તેટલાં સોલુએ કહયું કે સીનોર તો તમારી વાટ જોઇ જોઇને બંગલે ગીયાછ ને તાકીદ કરી ગીયાછ કે જેવા તમે આવો તેવાજ બંગલે મોકલી

દેવા. વાસ્તે જલદી જાઓ. નહીં તો સીનોર ફરવા બરવા નીકળી પડશે તો રાત સુધી ખોટી થવું પડશે!

રામચંદરજી બધા પસીને ગરકાવ થયલા—મોંહોડાં માથાંપર ને પગપર મણ મણ ધુલ ચઢેલી—થાકીને બધા લુસ થયલા—હવે જો થાક ખાવા બેસેછ તો સીનોર ફરવા નીકળી પડેછ ને મોડી રાત વેર પાડાવાળો કંઈ થોભે નહીં—જો કોઈ બીજા કલાર્ક કે આફીસના સીપાઈ સાથે તે પાડા સાહેબને બંગલે મોકલી આપે તો તેવણુની બેહદ ઝાકરી પછારીનો તેવણુને જે સરોપાવ મળવાની તેવણે જે ઉમેદ બાંધેલી તે ફોકટ જાયછ—ને સાહેબ તથા મડમને મોંહોડેના શાબાશીના બે સુખન સાંભળવાનો જે અભખરો તે પાર પડતો નથી. તેથી અંતે બનતા જે બને તે ખરી કરીને એક દમ જોસભર તેઓએ પેલા પાડાવાળા સાથે કોલાબા તરફ હેરીઉં લીધું! આણીતરફ સોલુ ને બીજા કલાર્કો હસવાના ભાવે ભાવ પાડવા લાગ્યા ને રામચંદરજીના સીનોરને બંગલે કેવા હાલ થવાના તેનો ખ્યાલ પોતપોતામાં ચીતારી તેપર તરેહવાર કીસમની રમુજ કરવા લાગ્યા! બચ્ચા સોલુ, તું છેક અતેરૂં કરી રહયોછ! પણ યાદ રાખજે કે રાણીસાહેબના—અરે—રામચંદરજીના હાથમાં ડાવ આવ્યો તો તું મુંવોજ છુટવાનો!

સીનોર બંગલે જઈ કપડાં બપડાં બદલી તૈયાર થાય છે—મડમ તૈયાર થઇ ઉભેલાં છે—ગાડી દરવાજા આગળ આવી સાહેબને સારૂ ખોટી છે—તેવામાં હાંફતા હુંફતા રામચંદરજી આવી લાગ્યા. અંદર જઇ સીનોરને ખબર આપી કે "Sir, I have brought two very good 'quick-

silvers' for your honor, quicksilvers very scarce in market—whole day take trouble then got only two—one hundred and twenty-five rupees each!" (સાહેબ, તમારે માટે બે ઘણાજ સારા કવીક સીલવર લાવ્યોછ. કવીક સીલવર બજારમાં ઘણા મોંઘા છે. આખ્ખો દહાડો રઝળ્યો ત્યારે બે મળ્યા. દરેકના રૂપીઆ ૧૨૫.) રામચંદરજી શું બકે છે તેની સીનોરને કંઇ સમજ પડે નહીં, ને તેના હાંફલા ફાંફલા દેખાવથી સીનોર અજબ થયા કરે ને ફરી ફરીને તેને પુછે, પણ રામચંદરજી તો પોતાનું ને પોતાનુંજ ભોંસે. એમ થોડોક વાર થતાં સીનોરબી કપડાં પેહરી તૈયાર થયા ને બહાર જઇને શું દેખાડેછ તે જોવા નીકળ્યા. પેલા બે પાડા દેખાડી રામચંદરજી જરા ઉકમાઇ લઇ બોલીયા કે "are not this very excellent quicksilvers, my Lord?" સીનોર, મડમ ને આસેપાસેનાં બધાંને ખુબ હસવું આવ્યું—પણ એમાં ભેદ શું છે તેની કોઇને સમજ પડી નહીં, પણ ફરવા જવાનું અધારૂં થતું હતું તે "go you fool, go away!" એટલા બોલોનો રામચંદરજીને સરોપાવ આપી સીનોર મડમ ફરવા નીકળી પડયાં!

હવે રામચંદરજીની નાસીપાસીનો પાર શું પુછશો? તેવણે સીનોરથી શાબાશીની આશા રાખેલી—આખા દહાડાની રખડપટીનો બદલો મેળવવાની ઉમેદ રાખેલી—તે બધી ભ્રષ્ટ થઈ! રામચંદરજી મનમાં તો બહુ મુંઝાયા, પણ કોઇની આગળ પોતાની નબળાઈ જાહેર થવા દેવી નહીં તે ખવાસે, પેલા

પાડાવાળાને તો એમ કહીને ખેરવીયો કે "સાબકુ પાડા પસંદ નહીં પરતા તે પીછા લેકર જાઓ." પાડાવાળો ફફડતો ચટકતો રામચંદરજીને લાખ લાખ સેસ ભરતો ચાલતો થયો ને રામચંદરજીબી થાકી લુસ થયલા રખડતા રઝલતા છેક રાતના ૮ વાગે પોતાને ફણુસવાડીને ઘેર જઇ ઠેકાણે પડયા. હવે સવારે આફીસમાં સોલુએ રામચંદરજીનાં કેમ ગેરવ્યાં હોશે!—સીનોરે આફીસમાં આવી બધો ખુલાસો જાણી રામચંદરજીની કેવી ધુલ ઝાટકી હોશે!—બધાંનાં દેખતાં રામચંદરજીનો અસલી તોર ને રોબ કેમ હાડમાં ઉતરીયો હોશે!—તે વગેરેની બાબદોનું મનગમતું ચીત્ર દરેક શોકીન (બરીએલ નહીં) વાંચનારને પોતાનાં મન સાથે કલ્પી તેમાંથી જેટલો રસ મેળવાય તેટલો મેળવવાની પુરતી છુટ છે.

---

## વળી ગણવાની કડાકુટ કોણ કરે!

માસ્ટરે એક દહાડે વર્ગમાં પુછયું, "પીરોજશા! જાણે સમજ કે હું એક ડગલો વેતરાવુંછ તેમાં ૩ વાર ને ૪॥ ઇંચ કપડું જોઇએછ. હવે તે કપડાંનો ભાવ રૂ. ૧ ને આના ૫) છે તો બધા મળીને કેટલા પૈસા આપવા પડે?"

આ અઘડો હીસાબ થઇ શકે એવો ન હોવાથી પીરોજશાએ મીનીટેક થોભી જવાબ દીધો, "સાહેબ, તમે લાંબા છેઓ એટલે ચાર વારથી ઓછામાં તમારો ડગલો થાય નહીં ને તમે મોટા માસ્ટર છેઓ એટલે વાર એકના રૂ. ૨ થી ઓછા તમે આપો નહીં. તેથી ચાર દુ આઠ—રૂપીઆ આઠ જવાબ, સાહેબ."

## માથાંની આગરી.

પીરોજશા પોપટનાં માથાંપર એક ધુમડું થવાથી તેવણુની સ્ત્રી સુનાઇએ નસલીની જીવીના મલમની પટી કરી તે ઉપર મુકી. થોડોક વખત પછી તે પટી પોતાની જગા ઉપરથી ખસી ગઇ. જે જોઇ પીરોજશાનો નાનો બેટો અજબ થઇ બોલી ઉઠયો, "મમા—મમા, જુઓ—પપાના માથાંની આગરી ખસી ગેઇ!"

---

## ચોખ્ખો હિસાબ.

એક નફ્કરો ઉલ્લુ પરણુવાની ઘણીજ ઉતાવળમાં પડયો, અને કાજીજીપાસે દોડયો, ને કહ્યું, "કાજીજી સાહેબ, મારી શેઆદી કરી આપવાની આપણી હકસાઇ શું થશે?"

કાજીજીએ જોયું, કે કોઇ જબરો રંગીલો છે, માટે એકદમ રૂપીઆ ૨૦ માંગ્યા.

**ઉલ્લુ**—અરે સાહેબ, જરા મારી હાલત ઉપર તો નિગાહ કરો.

**કાજીજી**—તો ઠીક, જા રૂપીઆ ૧૫ લઇશ.

**ઉલ્લુ**—બડી મેહેરબાની થઈ સાહેબ, પણ જુઓ જે બાનુ સાથે હું પરણુનાર છું, તે કાલને કાલજ શેઆદી કરવા માંગે છે, ને મારી પાસે તો ફ્કત રૂપીઆ પાંચ છે. તે લ્યો ને પાંચ રૂપીઆમાં જેટલી શેઆદી થાય એટલી કરી આપજો, પછી હું મારી જોગવાઈએ જેમ જેમ રૂપીઆ ભરતો જાઉં તેમ તેમ શેઆદીની ક્રિયા પુરી કરી આપજો.

ખરો દીઆનતદાર!

## કોલાખું ગેપ.

પાહાલુ સુથાર બુધા હીજા કાકાનો મોટો દોસ્ત હતો. હીજા કાકાને ખબર હતી કે પાહાલુની બૈરી જણવાની છે તેથી એક દહાડો ગોદીમાં પાહાલુને પુછ્યું, "કેમ પાહાલી ઘરમાં જણી કે?" પાહાલુએ જવાબ આપ્યો, "હોવે." "શું આએવું, છોકરો કે છોકરી?" "ઓ! હું તો પુછતાં વીહરી ગએલો કે શું આએવું, મને તો ખબરબી ની મલે કે હું બાપ થીએલો કે મા."

---

## આમ થાય તો કેવું સારૂં!

અમેરીકાના એક રાજ્યના પ્રેસીડંટનું બાવલું ઉભું કરવાનો રવૈયો છે. પણ ઘડી ઘડી પ્રેસીડંટ બદલાય તેનાં નવાં બાવલાં બનાવવાનાં તો ભારે પડે તેથી ત્યાં એવી સીફ્રત શોધી કાઢી છે કે બાવલાંનું ડોકું સક્રુથી છુટું પડી શકે અને નવું ડોકું બીજા ઘણીનુ બનાવી ઉપર મુકાઈ શકાય.

આ ખબરથી અમારા ધીઆનમાં એક બીજી વાત આવી છે કે અગર જીવતાં માણસોનાં પણ આમ ડોકાં સક્રુની માફ્રક ઉખેરાઈ અદલબદલ થતાં હોય તો કેવું સારૂં? છ માણસોમાંથી છસો તરેહવાર અવતાર બદલાઇ શકાય. દાખલા તરીકે મેહરબાઈનું ડોકું ઉખેડી તે પર નારણનું લગાડી દઈએ અથવા સત્ય મીત્રના અધીપતીનું ડોકું ફેરવી કાઢી રાસ્ત ગોફ્તારના અધીપતીનાં શરીર ઉપર જડી દઈએ. તેમ નહીં તો રૂખમાબાઇનું ડોકું કાહાડી દાદાજીનાં શરીર ઉપર

અને દાદાજીનું ડોકું રૂખમાબાઇ ઉપર લગાડી દીધામાં આવે તો સઘળા તંટા ફેસાદનું સેવટ આવી જાય. આમ જો બની શકતું હોય તો ડોકાં વેચવાનો ધંધો પણ ચાલે. એમ સમજો ખશરૂજી ઘણા એવાજ છે પણ પૈસાદાર છે અને તેવણુને 'હેંડસમ' બાયડી સાથ પરણવું છે તો પાંચસો કે હજાર રૂપીઆ ખરચીને પડોસના કાવસજીનું ડોકું ખરીદી લાવી પોતાનાં અંગ ઉપર લગાડી દે કે પીડા પતી!

---

## મામા મામીનો મેળો.

અરે ભાઇ, આટલી મારી કોઈ સગાઈ સમજાવશો?

મારી માય તે મારી મામીની મામી થાય.

મારી બેન તે મારી બઈરીની મામી થાય.

મારી માયની મમાઈ તે મારી ફુઈની સાસુ થાય.

મારી બેનની નરંદ તે મારી માયની ભાભી થાય.

મારા બનેવીનો બનેવી તે મારો મામો થાય.

મારી બેનની સાસુ તેજ મારા મામાની સાસુ થાય.

મારા બાપના સાળાનો સાળો તેનો હું સાળો થાઉં.

મારો બાપ મારા બનેવીના બનેવીનો બનેવી થાય.

અને છેલ્લે મારા મમાવાના વેવાઇનો વેવાઈ તે મારા સસરાનો વેવાઇ થાય.

હવે એ સગાઈ સમજાવો.

## બીરબલની ગત.

એક વખત દીલ્લીના બાદશાહે પોતાના વજીરને કહ્યું, "અએ વજીર, મારેથી ઉતરતી પંકતીના રાજા પાસે બીરબલ જેવો વજીર છે તેથી મને તે રાજાની અદેખાઇ લાગે છે; વાસ્તે તું કંઇ એવો ઉપાય કર કે જેથી તે બીરબલનો જાન જાય." વજીરે વીચાર કરી બીજે દીવસે બાદશાહને પોતાનો ઉપાય દેખાડયો કે "બાદશાહ સલામત, તમે તે રાજા ઉપર એક કાગળ લખી મોકલો કે તારો બીરબલ સઉથી અક્કલમંદ વજીરમાં ગણાય છે તો તેને કહે કે એક ઘડો ભરીને અક્કલ મારે વાસ્તે મોકલે, નહીં તો તારી તેમજ તારા બીરબલની બન્નેની ખરાબી થશે." બાદશાહને આ ઉપાય પસંદ પડયો ને તે મુજબ તે રાજા પર કાગળ લખ્યો. પેલા રાજાએ કાગળ વાંચી પોતાના બીરબલને વાંચવા આપ્યો ને પોતે ઘણો ગમગીન થયો; ત્યારે બીરબલે તેને દીલાસો આપી જણાવ્યું કે એમાં દલગીર થવાનું કંઇ નથી; બાદશાહ ઘડો ભરીને અક્કલ માગે છે તો તેને તમો લખી જણાવો કે "અક્કલ તૈયાર થતાં ચાર મહીના લાગશે ત્યાર પછી હમે જરૂર મોકલશું." હવે બીરબલ પેલી અક્કલ તૈયાર કરવામાં ગુંથાયો, તે વખત ચોમાસું બેઠેલું હતું. તેણે એક માટીનો નાનાં મોંહોડાંનો ઘડો મંગાવ્યો ને પોતાનાં ખેતરમાં એક કોરાંનો વેલો હતો તે ઉપર એક ઘણુંજ નાનું કુમલું કોરૂં એક નાના દડા જેટલું થયલું હતું તે પેલા ઘડામાં ઉતારીને ત્યાંજ તે ઘડો ગોઠવી રાખ્યો. બે મહીનામાં તો પેલું કોરૂં

અંદરને અંદર એટલું મોટું થયું કે તે ઘડામાં બરાબર આવી રહ્યું, ત્યારે તેને ડાંખલી કાપીને વેલાથી છુટું કીધુ ને ઘરમાં લાવી તેને બે મહીના સુકાવા દીધું. પછી રાજા આગળ લઇ જઇ કહ્યું "લેઓ મેહેરબાન, આ ઘડો ભરીને અક્કલ તમારા બાદશાહપર મોકલી આપો ને કહેવાડજો કે અક્કલ હોય તો મેહેરબાની કરી અંદરથી 'અક્કલ' આખીને આખી કાઢી લેજો ને ઘડો આખોને આખો પાછો મોકલજો." રાજા ઘણો ખુશ થઇ ગયો ને તેના કહેવા મુજબ કાગળ લખી પેલો ઘડો બાદશાહપર રવાના કીધો. બાદશાહ કાગલ વાંચીને તથા અક્કલવાળો ઘડો જોઇ બીરબલપર આફરીન કરવા લાગ્યો પણ અફસોસ, કે આ નવી હુશીઆરીથી ઓર વધારે તે બીરબલપર અદેખાઇની નજરે જોવા લાગ્યો. કારણ કે પેલાં કાગળમાં લખવા મુજબ ઘડામાંથી પેલી (કોરૂં) અક્કલ આખીને આખી ને વળી ઘડો ભાંગ્યા વગર કાઢી શકે તેવું કોઇપણ હુશીઆર આદમી હતું નહીં તેથી પોતાને વધારે નામોશી જેવું લાગ્યું.

આખરે વજીરના કહેવાથી બીરબલને પોતાનાં શેહેરમાં બોલાવીને કોઇ તદબીરથી તેને ફસાવી મારવાના ઇરાદાથી બીરબલને બોલાવવાનું કાગળ મોકલ્યું. તે પ્રમાણે બીરબલ આવી લાગ્યો, બે દીવસ સુધી તો બાદશાહે તેની સારી માવજત કીધી પણ ત્રીજે દીવસે બાદશાહે તથા વજીરે એવી મસલત કીધી કે આજે બીરબલને કાંઇ બહાને પાસેનાં ગામમાં મોકલવો અને એવી રચના રચવી કે જ્યાંથી

તે આવતી કાલે સાંજે હંઇયાં પાછો આવે. વળી તે જ્યારે જાય ત્યારે એની ગેરહાજરીમાં આપણા શેહેરમાં ઢંઢેરો ફેરવવો કે "આવતી કાલે સાંજે શેહેરનાં તમામ ગરીબ કે પૈસાવાળા, મોટાથી નાના સુધી, સર્વે માણસોએ બાદશાહના તલાવ આગળ હાજર થવું ને દરેક જણે તે તલાવમાં નાહવા પછી, ત્યાં બાદશાહ આવી બેસશે તેવણ આગળ એક ઇંડું મુકી જવું. કોઇપણ સખસ આ ફરમાન તોડશે તેને ફાંસી દેવામાં આવશે." આ મુજબ બીરબલને કંઇ બાહાનાથી પાસેનાં ગામમાં રવાના કીધો ને તેની ગેરહાજરીમાં ઉપલો ઢંઢેરો ફેરવ્યો. બીજે દીવસે સાંજે દરેક માણુસ પોતાનાં ઘરબાર બંધ કરી એકકું ઇંડું લઇ તલાવે ગયાં; તે દરમેઆન બીરબલ પણ ગામથી આવી લાગ્યો ને જોયછ શું કે શેહેરમાં એક પણ આદમી મળે નહીં. પુછે પણ કોણને, ચાલતો ચાલતો તે પેલા તલાવ આગળ જઇ લાગ્યો તો તેને માલમ પડયું કે સર્વે માણસ ત્યાં એકઠાં થયલાં છે અને દરેક જણ તેમાં નાહીને બાદશાહ આગળ જઇ નમન કરીને એક ઇંડું મુકી આવે છે. આ બાબદનો ખુલાસો તેણે એક સખસ પાસેથી મેલવ્યો કે આ રીતનો બાદશાહી ઢંઢેરો ફરયો છે ને તે મુજબ નહીં ચાલે તેને ફાંસીની સજા છે. ગરીબ બીચારા બીરબલને તો કંઇ માલમ હતું નહીં ને તેની પાસે તો ઇંડું પણ હતું નહીં તોપણ ધીરજ રાખી હાથ જોડી દુર ઉભો રહી તમાશો જોયા કીધો; એક પછી એક એમ કરતાં આસ્તે આસ્તે સર્વે લોક પોતાની ફરજ અદા કરી

પોતાને ઘેર ગયું. આખરે છેલ્લે બીરબલ રહી ગયો. બાદશાહ તથા વજીર મનમાં મલકાવા લાગ્યા કે હવે બીરબલનું મોત નજદીક આવેલું છે પણ તેઓની અજાયબી વચ્ચે બીરબલ તલાવમાં નાહવા ઉતરયો અને નાહી રહીને બહાર આવી બાદશાહ આગળ આવી નમન કીધું પછી જે પ્રમાણે એક મરઘો વાસવા પહેલાં પોતાનો પાંખ ફફડાવે છે તે મુજબ બીરબલે પોતાના બન્ને હાથ હીલવ્યા પછી ડોકી ઉંચી કરી 'કુકરે કુક' કરી મોટે સાદે મરઘાની માફક બોલ્યો. બાદશાહે હસીને આમ કરવાનું કારણ પુછ્યું. બીરબલે જવાબ દીધો, "બાદશાહ સલામત, જેઓ આ બધાં ઇંડાં મુકી ગયાં તે બધી મરઘીઓ હતી અને તેઓમાં હું એકજ મરઘો છું." બાદશાહ બીરબલની અક્કલ પર આ વખત કુરબાન થઈ ગયો ને એટલો તો તેની ઉપર ફીદા થઈ ગયો કે બીરબલને પોતાના વજીરની ઉપર વડા વજીર તરીકે રાખવાને પેલા બીરબલ વાળા રાજા પાસે માગી લીધું ને બીરબલને સારી રીતે નવાજેઓ.

---

## દોહરાનો અર્થ.

એક શખ્શનો સ્વભાવ બહુ પાજી હતો. સેજ વાતમાં ઘરમાં સ્ત્રી સાથ ચીથડાં ફાડે. આ શખ્શે એક બકળીઉં ખરીદ કરી રાખ્યું હતું કે ઈદને દીવસે હલાલ કરવામાં આવે. ઇદની સહવારમાં તે પોતાની સ્ત્રીને ફરમાવી ગયો કે બકલીઆંને હલાલ કરાવી રાંધવું. ધણીના બહાર જવા

પછી સ્ત્રી હલવાન શોધવા ગઈ તો મળે નહીં. તે બહુ અકળાવા લાગી કે જો રાતના રાંધેલું ગોરાત ન જોશે તો મીયાં કોણ જાણે કેમ તુફાન કરશે. કાંઇ ઉપાય સુજયો નહીં એટલે રસતામાં એક કુતરૂં ફરતું હતું તે પકડી લાવી હલાલ કરી ગુપચુપ રાંધયું. હવે આ સઘળો તમાસો તેના છોકરાએ જોયો હતો. છોકરો બહુ શેઆણો એટલે મુઝાયો અને આમાંથી કેમ છુટવું તેનો વીચાર કરવા લાગ્યો. રાતના મીયાં જમવા બેઠા એટલે બીબીએ પકાવેલું કુતરૂં લાવી પીરસયું. જેવો મીયાં હાથ ઘાલવા જાય છે એટલે છોકરાએ હાથ પકડી લીધા. બાપે કારણ પુછતાં છોકરો આ નીચલા દોહરા બોલ્યો :—

દોહરા.

કહું તો કહા ન જાય,<br>
ન બોલું તો બાપ કુત્તા ખાય,<br>
બોલું તો મા મારી જાય.

---

એક ન્યુસપેપરના અધીપતીએ પોતાના ન્યુસની એક કોલમમાં એવી જાહેર ખબર છાપી કે, “ આ પત્રનો દીન પર દીન એટલો તો બોહોલો ફેલાવો થાય છે કે તેનો માલેક ગ્રાહકોની સંખ્યામાં ‘ લખ્ખો ’ નામ દેખાડવાને શકતીવાન છે.”

ખબર કાઢતાં માલમ પડયું કે ગ્રાહકોની સંખ્યા કાંઇ લખ્ખોની ન હતી પણ ગ્રાહકોમાં એક ‘ લખ્ખો દુધવાલો ’ કરીને નામ હતું.

## ખરી વાત છે!

એક રાજા હતો. તેણે એવું સાંભળ્યું કે ગામના લોકોમાં એવો વેહેમ છે કે "સવારના પોહોરમાં કોઈ હજામનું મોહોડું જોવું સારૂં નથી." તે ઉપરથી રાજાએ હોકમ આપ્યો કે સવારના પોહોરમાં મારા હજામને ચાદર ઓઢાડી મારી આગળ લાવવો કે મારા શીવાએ બીજો કોઈ તેનું મોહોડું જોય નહીં. તે મુજબ તે હજામને ચાદર ઓઢાડી રાજા આગળ લાવ્યા ને હજામે ચાદર ઉંઘાડી પોતાનું મોહોડું રાજાને દેખાડી ત્યાંથી ચાલી ગયો. થોડો વખત પછી રાજાને વાસ્તે નાસ્તો તૈયાર થયો હતો તે ખાવા બેઠો તેવામાં તે નાસ્તાની રકાબીમાં ઉપરથી એક ઘલોડી પડી. રાજાનો જીવ કચવાયો ને ભુખું ઉઠવું પડયું. હવે તેની ખાતરી થઈ કે ખરેખર હજામનું મોહોડું જોવું સારૂં નથી. આજે મેં જોયું તેથી ભુખું રહેવું પડયું. તે ઉપરથી રાજાએ તરત હોકમ કીધો કે પેલા હજામને ફાંસી દેવો ને બીજા ગામના હજામોને ગામ બહાર કાહાડવા. જ્યારે પેલા હજામને ફાંસીનાં લાકડાં આગળ લઈ આવ્યા ત્યારે તેણે બીજાઓને અરજ કીધી કે "મારે બાદશાહને કંઈ કહેવાનું છે માટે મને પેહેલે બાદશાહ આગળ લઇ જાઓ." તે મુજબ તેને બાદશાહ આગળ લઈ ગયા ને સર્વેને તે ઓરડામાંથી બહાર જવા ફરમાવ્યું. પછી હજામે આસ્તેથી બાદશાહને કહ્યું, "બાદશાહ સલામત, આજે તમે મારૂં મોહોડું જોયું તેથી તમોને ભુખું રહેવું પડયું, પણ મેં તમારૂં મોહોડું જોયું તેથી તો મને ફાંસીએ જવું પડે છે, વાસ્તે એ વાત શેહેરના લોકોના સાંભળવામાં આવશે તો કોઇ તમારૂં મોહોડું

જોશે નહીં." રાજાને આ તકરાર વાજબી લાગ્યાથી તેને તથા બીજાં હજામોને માફી બખશી તથા કોઈ બીજા આગળ એ વાત નહીં કહેવાને હજામને મોટું ઇનામ આપ્યું.

---

## માથેનો.

મહાન પુરૂષોની સહી એકઠી કરવાનો એક જણને ઘણોજ શોખ હતો. તેણે જાત જાતની સહીઓ ભેગી કરી હતી પણ એક નામાંકીત કવીની સહી હાથ આવે નહીં. ઘણી મારફતથી તજવીજ કરી પણ ફોકટ. આખરે તેણે વીચાર કરયો કે કવીને એક ચીઠી લખી કાંઇ સવાલ પુછું ને તેના ઉત્તરમાં કાગળ આવશે તેમાંથી સહી કાપી લઈશ. આમ ધારી કવીને કાગળ ઘણોજ માનપુર્વક લખ્યો કે "અમો કેટલાક મીત્રો વચ્ચે વાંધો પડયો છે કે કઇ ડીક્ષનરી સરસ, વેબસ્ટરની કે આગીલવીની. માટે તમો સાહેબનું મત માગવાની હીંમત કીધી છે, એટલે ગરીબ સેવકને ઉત્તર વાળવાની કૃપા કરજોજી."

આ પ્રમાણે લખી ઉપલો ઘણી ઈંતેજારીથી ઉત્તરની રાહ જોતો બેઠો. બીજે દીને ટપાળનો સીપાઈ કાગળ લાવ્યો ખરો. આખરે કવીરાજ સપડાયા આમ ધારી પેલાએ ઝડપમાં કાગળ ઉખેડયું તો તેમાં ફકત એક કોરૂં નોટપેપર બીડેલું હતું. જે ઉપર લખનારની પોતાનીજ ચીઠીમાંથી 'ઓગીલવી' શબ્દ કાપી કાહાડી સફાઈથી ચળગાડયો હતો!

## બદ મનશાની—હઝાર હયાનત !

ત્રણ મુસાફરોને રસ્તામાં એક ખુબસુરત ઓરત મળી. તેણી સાથ વાતચીત કરતાં એવું માલમ પડયું કે તેણી કુંવારી હતી અને પરણવાને ખાહેશમંદ હતી. હવે આ ત્રણ જણમાંથી કોણે પરણવું એ બાબે વાંધો પડવાથી ત્રણે જણા પેલી ઓરતને લઈને બાદશાહ પાસે ચુકાદો લેવા ગયા. બનાવ એવો બન્યો કે પેલી ઓરતની ખુબસુરતીએ બાદશાહ ઉપર અસર કીધી તેથી બાદશાહાની દેઆનત બગડી અને તેણીને પોતે મેળવવાની ગત શોધીને કહયું, "તમે ત્રણે શખસો કંઈ જુઠું બોલો તેમાંથી જેનું સઉથી સરસ જુઠું હશે તેને એ ઓરત મળશે. આ ઉપરથી પેહેલા શખસે તોપ મારી કે "બાદશાહ સલામત, મારા બાપની જેઆરે શાદી થઈ ત્યારે બાર કોસનો માંડવો બંધાવયો હતો અને તેમાં આખી દુનીઆંના માણસોને એક દીવસમાં ખવાડેઆં હતાં." બાદશાહે કહયું "આ વાત તમારી કંઇ જુઠી નથી પણ ખરી છે, વાસ્તે તમોને નહીં મલશે." બીજા શખશે પછી પોતાની વાત શરૂ કીધી, "સાહેબ મારા બાપના બપાવાના બપાવા વીસ હજાર વરસની ઉંમરના હતા તેવનની દાહડી એટલી તો મોટી હતી કે તેમાંથી થોડી તેવણ બીછાના તરીકે પાંથરતા, થોડીનો તકીઓ કરતા, થોડી ઓઢવામાં વાપરતા ને બાકી રહેતી તે વતી માંખ ઉડારતા હતા." આ ભાઇ તો મુછ પર તાવ દેઈને ઉભા કે પેલું ખુબસુરત બગલું ઓય હાથમાં આવશે પણ તેની પણ ભારે અજાયબી વચે બાદશાહ સાહેબે તો પોતાનો દસશેરો હીલવી કહયું "નહીં એ તમારી

વાત જુઠી નથી પણ ખરેખરી છે વાસ્તે તમે પણ ફરતા આવો.” હવે ત્રીજો શખસ જરા પોંહોચેલી બુટ્ટી હતી તે ચેતી ગયો કે આ તો ત્રણ બીલાડાઓની લડાઇમાં વાંદર રાજા આ સફેદ રોટલી હજમ કરી જવાની ગત રમે છે તેથી એનો ઘાટ આપણે ઘડવો જોઈએ. એમ ધારી તેણે નીચે પ્રમાણે વાત કહી કે “બાદશાહ સલામત, જ્યારે તમો સાહેબના બેહેસ્તી બાવા રાજ કરતા હતા ત્યારે મારા બાવા પણ જીવતા હતા. જેમ તમારા બાવા પાસે અગણીત લશકર હતું તે મુજબ મારા બાપ પાસે બેસુમાર ખેતરો હતાં. એક વરસ વરસાદ નહીં પડવાથી દુકાલ પડેઓ તેથી રાજાનું લશકર તથા ગામનું લોક ભુખે મરી જવા લાગું. એક દહાડે મારા બાપની નજર આસમાન તરફ ગઈ તો તેવનને પાણીથી ભરેલી એક વાદલી જતી માલમ પડી તે જોઇ તરતજ તેવણે એક મોટી લાકડી લઈને તે વતી પેલી વાદલીને ખુબ હીલવી એટલે જોઈ લેવો—બધે બધ વરસાદજ વરસાદ. મારા બાપનાં બધાં ખેતરોમાં બધો અનાજ ઉગી નીકલેઓ. આ સાંભળીને તમારા બાવાએ મારા બાપ પર એક કાગલમાં કાલા-વાલા સાથ લખ્યું કે મારૂં બેશુમાર લશકર અનાજ વગર ભુખે મરે છે વાસ્તે તમારાં બધાં ખેતરોમાં જેટલો અનાજ થગો હોય તેટલો લશકરને વાસ્તે મોકલી આપશો તો મોટી દુવા લાગશે ને તમે જે કીંમત કહેશો તે કીમતના રૂપીઆ હું જીવતો છું ત્યાં સુધીમાં ચુકવી આપસ નહીં તો મારી પછી મારો દીકરો ગાદીએ આવશે તે તમોને ચુકવી આપશે. વાસ્તે બાદશાહ સલામત અગર વાત ખરી હોય

તો અનાજના રૂપીઆ ચુકવી આપો ને અગર એ વાત જુઠી હોય તો તમારી બોલી મુજબ આ ઓરતને મારે હવાલે કરો."

બાદશાહનું કોહું તો ગેપ થઈ ગયું. તે વીચારવા લાગો કે "બકરૂં કાઢતાં ઉંટ પેશી ગયું. આ એક ઓરતની લાલચમાં વાતને ખરી કહુંછ તો અનાજના લાખો રૂપીઆ આપવા પડેછ." એમ વીચારી પેલા ત્રીજા શખસને કહયું "આ તારી વાત તદન જુઠી છે, માટે લે આ ઓરતને તું પરણવા લાયક છે." એમ કહી તેને સામું ઈનામ આપી રવાના કીધો.

---

પરેલનાં એક કારખાનાંમાં નીચે પ્રમાણે એક પાટયું મારયું હતું:—

"ગ્રહસ્થોએ મેહેરબાની કરી વગર રજાએ
અંદર આવવું નહીં."

હવે એવું બન્યું કે આ પાટયું વાંચવા છતાં આપણા સોહરાબજી સીકંદર કારખાનામાં દાખલ થયા અને ઠંડે પેટે અંદર ફરવા લાગ્યા. એટલામાં ત્યાંનો મેનેજર તેવણુ આગળ આવી કહેવા લાગ્યો, "શેઠ, બહાર પાટયું મારવા છતાં તમે વગર રજાએ અંદર દાખલ થયા." સોહરાબજી સીકંદરે આ સવાલનો ઉત્તર વાલ્યો કે "મારા મેહરબાન, તે પાટયું ગ્રહસ્થ માણસોને માટે છે, કંઇ હમારા જેવા સાહુ ચોરને માટે નથી કે હમો અંદર આવ્યે નહીં."

## વરસ કયાં નાખ્યાં હશે.

એક છોકરો પાણીના ઘડા આગળ ઉભો રહી ભજીઉં ખાતો હતો. પાણીના ઘડામાં પોતાનો પડછાયો પડવાથી તે સમજ્યો કે કોઇ બીજો છોકરો અંદર છે તેથી તેણે પેલું ભજીઉં દેખાડીને કહ્યું, "દેખ, એ ભજીઆ ચઇતા હએ." એટલામાં તે ભજીઉં ઘડામાં પડી ગયું તેથી રડતો રડતો પોતાના સવા ચતુર બાપ પાસે જઈને કહ્યું, "બાવા—બાવા, ઓ હંડેમેકા લડકાને હમારા ભજીઆ છીન લીઆ." બુઢ્ઢામીઆ હાથમાં લાકડી લઇ હાંડા આગળ જઇ જોયછ તો અંદર તો લડકાને બદલે મોટી દાહડીવાળા મીઆં માલમ પડ્યા. પોતાનાજ ઓળાને જોઈને બુઢ્ઢેમીઆએ દોળા ચઢાવીને કહ્યું, "કયું બદમાસ, મેં તો સમજા કે કોન લડકા હોગા; લેકીન ઇતની બડી દાહડીવાળા હોકે ભજીએ છીન લેનેકુ શરમ નહીં લગી."

---

દાકટર નીમ હકીમે પોતાના કંપાઉન્ડરને પુછયું કે "વાંકા મોહલ્લામાંનાં શુનાબાઇને કાલે મેં લખી આપેલી દવા તેં આપેલી કે?" કમપાઉન્ડરે જવાબ દીધો. "હા સાહેબ." દાકટરે પાછું પુછયું "તું શું ધારેછ, તેઓએ તે પીધી હોશે?" કમપાઉન્ડરે ગંભીર અવાજે ટાહુકો પુરયો "મારી ખાતરી છે સાહેબ." દાકટરે ઉલટમાં પુછયું "શાથી ખાતરી થઇ?" કમપાઉન્ડરે ઝડપમાં બોલી દીધું "હું સવારના દવાખાનામાં આવ્યો ત્યારે તેઓનાં બારણા આગળ બાંક મુકાતા હતા અને પાયદસ્તની ગડબડ ચાલતી હતી." દાકટરનું મોઢું જોઇ લેવું!

## સારૂં માણસ જોઇને નાખજે.

પતેતીને દહાડે સવારે શેઠ પોતાના ફેમીલી સાથ ફ્રૂટ ખાવા બેઠા. ખાઈ રહેવા બાદ તે ફ્રૂટનાં જે છાલ છોલટાં વધેલાં હતાં તે નાખી દેવા પોતાને ત્યાંના ચાકરને કહ્યું, "લે સોમલા, આ છાલનો ઢગલો કરી બહાર નાખી દે, પણ રસ્તામાં કોઈ જતું આવતું સારૂં માણસ જોઇને નાખજે, આંધલો થઇને ના નાખતો." સોમલો એક ટોપલીમાં છાલ ભરીને બારી આગળ આવી બેઠો. નજદીક પા કલાક સુધી બેસીને આવતાં જતાં માણસને જોતો તેવામાં એક કોઈ ગ્રહસ્થ પતેતીનાં ધોતાં કપડાં પેહેરી રોબમાંજ ત્યાં આવતાં સોમલાએ જોયો કે તરત ટોપલી લઇ તૈયાર થઈ ઉભો ને જેવો તે ગ્રહસ્થ બારી નીચેથી પસાર થવા લાગો કે તે ટોપલી તે બીચારાની ચલકતી પાઘડી ઉપર ઉંધી મારી. પેલા ગ્રહસ્થ તો ગાળ દેતા મોટે બુમ મારવા લાગા. ઘેરના શેઠ ને સોમ-લાજી બહાર આવ્યા પણ સોમલાએ તરતજ જવાબ દીધો, "નહીં છેઠ, અરધો કલાક બેછી રેહેલો પણ તમારાં જેવું છારૂં માનછ નહીં દીથેલું તેથી જેવા તમે આએવા કે તમારી ઉપરજ લાખ્યું."

---

## હુશીયાર.

**શીક્ષક**—બોલ જમશેદજી, બાલારામ ગાયછે એનું ઈંગ્રેજી શું ?

**નીશાળીઓ**—Balaram is cow, Sir.

## મરઘાં બતકાંનો વેપારી.

માણેક પેંગીનો બાપ મરઘા બતકાંનો વેપારી હોવાથી વારે ઘડીએ જ્યારે માણેકને કોઇ પુછતું ત્યારે તેને નીચે જોવું પડતું. આ શરમ કાહાડી નાખવા માટે માણેકે એક યુકતી રચી. જ્યારેબી કોઈ તેવનને પુછતું ત્યારે માણેક જવાબ આપતી, "મારા બાપ તો **તરકી**ના વેપારી છે."

---

એક વાર એક માથે પડેલા મુલ્લાંજી સાહેબે મસીદની અંદર વાએજી કરતી વેળાએ લોકોને પુછયું કે "અરે મારા ઘરમી પુરૂશો તમે જાણોછો કે આજ દીને હું તમને શું કેહેનાર છું." જવાબ 'ના' મળવાથી "આવા મુરખાઓ સાથે હું મારો વખત ગુમાવવા માંગતો નથી" એમ કહીને મુલ્લાં સાહેબ ત્યાંથી ખરી ગયા. બીજે દહાડે પાછી વાએજી કરતાં મીઆંજીએ પાછો એજ સવાલ કરયો. આનો ઉત્તર 'હા' મળવાથી "ત્યારે હવે તમને વધારે સમજાવવાની કશી અગત્ય નથી." એમ કહી પેલા લેભાગુ મુલ્લાંજીએ ત્યાંથી રૂખસદ લીધી. ત્રીજી વેળાએ વાએજી કરતી વખતે મુલ્લાંજીએ પાછો એજ સવાલ કરયો. ત્યારે એના જવાબમાં લોકોએ કહયું કે, "હમારામાંના અરધાં માણસો જાણે છે અને અરધાં તે વીશે અનજાણા છે." આ જવાબનો વલતી મુલ્લાંજીએ ઉત્તર વાલીઓ, "ચાલો ત્યારે જે લોકો જાણે છે તે લોકોએ જેઓ નથી જાણતા યાને ઉલ્લુઓ છે તેઓને સમજાવવાની તસદી લેવી." એમ કહીને મીઆંજી ત્યાંથી ગયા તે પાછા વાએજી કરવા આયાજ નહીં.

## ઉસાનો ભાઇ મુસો.

એક છોકરીએ પોતાની માને સવાલ કીધો "મા, મા, દરીઆમાં જો આગ લાગે તો બધી માછલીઓ કયાં જશે? તેઓ ઝાડપર જઇને બેસશે કેની વારૂં!" માએ જવાબ દીધો, "અરે રાંડ શેઆણીની છોકરી દીવાની—તેઓ કંઇ ગાએ ભેંસ છે કે ઝાડપર જઈને બેસશે?" (જુઓ શેઆણી માએનું શેઆણપણ.)

---

ચાર શખસો એક ગામથી બીજે ગામ જવા સાથે નીકળ્યા. રસ્તો જલદી કપાએ એવા ઇરાદાથી ચારોએ ઠેરાવ કીધો કે આપણે ચારો જણે કંઇ જુઠું બોલવું તેમાંથી સઉથી સરસ જુઠું કોણનું છે તે જોવું. આ ઉપરથી એક જણાએ કહ્યું, "મારા જેવો ગધેડો આખા દેશમાં મળનાર નથી." તેજ વખતે બીજાએ કહ્યું, "જા બા તું તો ખાલી પીલી વખત ગુમાવેછ. આપણી બોલી તો જુઠું બોલવાની છે ને તું તો સાચું કેમ કહે છે?"

---

બે છોકરાઓ એક વકીલનાં ઘરની બહાર ઉભા રહી જોયા કરતા હતા તેવામાં વકીલે બારીએથી કહ્યું, "એ તમો શું જોવો છો, ઓબી કંઈ દેવળ જોયું કે?" છોકરાએ જવાબ દીધો, "હા, પેહેલે તો હમે દેવળજ સમજ્યા પણ હમણા અંદરથી શેહતાનનું ડાકું નીકળેલું જોઇ બરાબર સમજ્યાકે એ દેવળ નહીં પણ દોજખ છે."

## બાવાનું બાનું ખરાબ.

બેરાંમજી સરકારીનો બુચો જાંહગીર બાવાની તેબલ આગળ ઉભો ઉભો રમતો હતો તેવામાં બુચાને હાથે તેબલ ઉપરના ખડીઆની સાહી ધોલાઈ અને સાહીનો રેલો બાનામાં ચાલીઓ. આએ જોઇ જાંહગીરની બેન પીલાઇ બુમ પાડવા લાગી કે, "માએ, માએ, બાવાનું બાનું ખરાબ થઇ ગીયું." આએ સાભળીને બુચીનાં મમાઈ જેવણ રાંધણીમાં ચોખા ચુટતાં હતાં તેવન જમીન સાથે પગ ચોલીને બોલીઆં, "અરે તુને ભુસુંરે બાપનાં બાના પરથી—જો રાંડ બાપનું હેત બાયછ તે—થાયની જે તારા બાપનું બુરૂં ચીતે ને વવરૂં બોલે તેનું. ખબરદાર જો રાંડ ફરીથી બોલીછ તો તારો ટોટો પીસસ."

---

બાઇ—રામા, તું તારા શેઠને ચાહ આપવા ગયો તેને કેટલો વખત થયો. શું ધાર આવી, રસતામાં ચાલતો હતો કે ઉંધાતો હતો?

રામો—બાઈજી, શેઠ ચાહ પીતાં જરા વધારે વખત લગાડે છે તેની તમને શી ખબર છે.

બાઇ—હું તે કઇએ સમજતી નથી. તુને જલદી ઘેર આવવુંજ જોઇએ. હીયાં બધું કામ પરી રહીયું છે તે કોણ કરે તારો કાકો કે મામો.

રામો—ઠીક છે બાઈ, હું હવે કાલથી વેહેલો આવીસ.

બાઈ—(બીજે દહારે રામો જલદી આવ્યો ત્યારે) કેમ રામા, આજે કેમ જલદી અવાયું?

રામો—જલદી કંઈ અમથું અવાયું. રસતામાં ઉભો રહીને

ચાહ ફુક મારી મારીને ઠંડી પારી તયારે પછી જયારે શેઠને આપી તયારે તેવણે ચાહને ઠંડી પરેલી જોઈ તયારે ગટ કરીને પી ગયા ને હું ઝટ કરીને તમારી પાસે આવી ઉભો.

બાઇ—તુને ઓવારી મુકુરે ભસતે ગીયાને. તું દરવંડ પારસીની ચાહેને ફુક મારે. તારા સેઠને તો એ વાતની ઘણી છીત છે. જો જાણશે તો તુંને ને મને છુંદી નાખશે. પણ જા તારૂં કાલું કર અને શેઠ આગળ બોલતો ના, સમજયો કે.

---

**સવાલ**—મુંબઇમાં બારટન કમપનીએ દુકાન કેમ બંધ કરી ?

**જવાબ**—કારણ કે તેની તીજોરી ઉપર બાર ટનનો બોજો હતો.

---

માકાદારૂ હાડકાની તપેલીમાંથી દરરોજ ગોસ્ત કોઇ જમી જતું હતું. આ ચોર પકડવાની માકાદારૂએ ઘણીબી તદબીર કીધી પણ સરવે ફોકટ. અંતે એક દીવસે માકાદારૂએ જોયું તો પોતાનો મોટો કુતરો મોટી રાંધણીમાં ભરાઈ તપેલી ઉઘાડી માહેથી બોટાં ચાંપતો હતો. તરતજ માકાદારૂએ રાંધણીમાં જઇ ચીપીઓ લીધો અને પેલા કુતરાને ચીપીએ ચીપીએ ઠોકયો. આથી કુતરો "કાઉ કાઉ કાઉ" કરીને પોકારવા લાગ્યો તેથી માકાદારૂ વધારે ચીરડાઇને બોલીઆ, "ગોલામના ઝણીઆ, કાઉએ તુને સીખવીયો કે કાઉ કાઉ કરીને પોકાર મારેશ. એ કાઉ કાણ છે, લન્ડા મને કહે તો ખરો."

## અક્કલનો ઓથમીર.

એક શેઠને ત્યાં એક ડોર અકલી ચાકર હતો. તેને એક દીવસે શેઠે એક દોઢીઉં આપ્યું કે જા એક ડોઢીઆનું તેલ લઈ આવ. પેલો ચાકર પેઆલું લઇ તેલવાળાની દુકાને ગયો ને ડોઢીઆનું તેલ માગ્યું. તેલવાળાએ તે પેઆલું છેક કાંઠા સુધી ભરી આપ્યું તે છતાં ચાકરે કહ્યું, "થોડું વધારે નાખની." તેલવાળાએ કહ્યું, "દીવાના, હવે પેઆલામાં નાખવાની જગા ક્યાં છે—શામાં નાખું તારાં કપાલમાં." આ સાંભળી પેલા ડોઢ ચતુરે પેલાં પેઆલાંવાળો હાથ ફેરવી ઉંધો કીધો ને તે પેઆલાંનાં તલીઆંની જે કોર રહે છે તે દેખાડી કહ્યું, "લે આમાં રેડ." ભરેલું પેઆલું ઘોલી નાખી પેઆલાની તલીઆંની કોરમાં જેટલું તેલ રહ્યું તે લઈ શેઠને ત્યાં ગયો. શેઠે તેલ જોઇ કહ્યું, "ડોઢીઆનું બસ આટલુંજ તેલ લાવ્યો?" તેજ વખતે તેણે જવાબ દીધો, "નહીં સાહેબ, નીચેબી ભરેલું છે એમ કહી વળી હાથ ફેરવી ઉંધો કીધો ને પેઆલું સરખું કીધું, એટલે પેલું થોડું તેલબી ધરતી માતાનાં પેટમાં ગયું.

---

## સસેકા તીન પાંઉ.

એક સાહેબે પોતાના બબરચીને એક સસલું કાપવાનો હોકમ કીધો. સસલું પકાવેઆ બાદ બબરચીનો તેમાંથી ખાવાનો શોખ થઈ આવવાથી તેનો એક પગ ખાઈ ગયો. સાંજે ટેબલ પર ખાતી વખતે શેઠને ત્રણજ પગ માલમ પડવાથી બબરચીને ચોથા પગ વીશે પુછ્યું. બબરચીએ

જવાબ આપ્યો, "સાબ, સસેકા તીન પાંઉ." સાહેબે તે વાત માની નહીં ને બબરચીને ખુબ ઠોકયો. બીજે દીવસે સાબ બહાર જવા નીકળ્યા ત્યારે સાથે તે બબરચીને પણ લીધો હતો. રસ્તે જતાં એક મેદાનમાં પુશકલ સસલાં ફરતાં હતાં. તેમાં એક સસલું પોતાનો એક પગ પેટઆગળ ઉંચો દાબીને ત્રણ પગ પર ઉભું હતું. તે જોઇ બબરચીએ તરત શેઠને કહ્યું, "દેખો સાબ, એ સસેકા તીન પાંઉ હએ." શેઠે જરા આગળ જઈ 'શીટ શીટ' કરી કીધું તેથી પેલું સસું ચોથો પગ બહાર કાહાડી ઉઠ્યું; તેજ વખત બબરચીએ સાબ તરફ જોઇ કહ્યું, "અગર સાબે ખાના પર 'શીટ શીટ' કીઆ હોતા તો ચાર પાંઉ હોજાતા."

---

## નેઆમત.

એક દીવસ બાદશાહ તથા બીરબલ બન્ને જણા જરૂખા પર સાથે બેસી વાત કરતા હતા. બીરબલની માનું નામ **કાલી** હતું અને બાદશાહની માનું નામ **નેઆમત** હતું. જે જરૂખાપર તેઓ બેઠેલા હતા તેની સામી બાજુએ રસ્તાપર એક કુતરો એક રોટલીનો કડકો ખાતો હતો તેની તરફ આંગલી કરી બીરબલને કહ્યું, "જો બીરબલ, પેલો કુતરો **કાલી** રોટલીને કેવો ચાવી ચાવીને ખાએ છે." બીરબલે તરત જવાબ દીધો, "બાદશાહ સલામત, તમારે મનથી તો તે **કાલી** રોટલી છે પણ તે ભુખા કુતરાને મનથી તો તે **નેઆમત** છે."

## રેટ-પેયર તથા કોરપોરેટર વચ્ચે વાતચીત.

રેટ-પેયર—કોરપોરેટર સાહેબ, તમો શેહેર સુધરાઇનો બધો વહીવટ કરો છો તો એક મારા સાદા હીસાબનો જવાબ કહેશો?

કોરપોરેટર—ભાઇ રેટ-પેયર, તમારા બધા હીસાબ હમારાં ગજવામાં છે—વરી હીસાબજ થાકતા હોતે તો મીટીંગમાં બેસી ઝુંપતે શું કામ—ને હાજી હા શું કામ કરતે! હીસાબ તો બેહસ્તી નવરોજી ફરદુનજી સાથે લઈ ગયા, પણ કહો તો ખરા તમારો વરી શું હીશાબ છે?

રેટ-પેયર—ઘણો સહેલો—"પાંચ શેર આદાંની બશેર શુંઠ થાય તો ત્રણ શેર શુંઠનું કેટલું આદું થાય?" એ કહો.

કોરપોરેટર—ભાઈ રેટ-પેયર, તમારે મનથી તો જાણે હમો નવરાજ છીયે કે તમારા હીસાબ કર્યા કરીયે; જુઓની, હાલ કેટલા દહાડા થયા તો તમારે વાસ્તે નવું બીલ સરકાર કહાડેછ તેને કાંતી પીંજી રૂ કરીએછ, વરી રૂનું સુતર ને સુતરનો રૂ અને એમાંથી પરવારેઆ કે વરી ગટરમાં પડવાનું છે. સત્તર લાખ ગયા તેની પાછળ બીજા કેમ મોકળવા તેના વીચારમાં છીયે. તેમાંથી ફારગ થઇ તમારા હીસાબનો જવાબ આપીશું. એટલાં મુગા મુગા બીલ ભરેઆ જાઓ, પણ વોટ મારે માટે રાખજો, કોઈને પરામીસ થશો નહીં, જરૂર ગાડી લઇ ધામધુમથી બોલાવા મોકલીશ.

---

અફવા અને ચુમી મળતી કાંય આવેછ? કારણકે તે એક મોંહોડેથી બીજે મોંહોડે જાયછ.

## લાલીઆજીની પરપેટી.

માંડ—ગરબી.

આજ રૂડા રંગમાં રમેછ રંક લાલિયોરે લોલ;
જુઓ કરવા પરપેટી (પતેતી) હું ચાલિયોરે. ૧.

બહૂ ગોજી અંગ્રેજોની જાતરે,
કરી ગોડ્ઢેલ ઘણી મારે લાતરે;
ભલા છેઠ પારછીની છી વાતરે. ૨.

નવે ધોતિયે દિપેછ લાલ કોરરે,
વલી ટોપીપર ચમકેછે મોરરે;
અરે આજે ફીકલાનો છો તોરરે. ૩.

કબૂ જૂવે ફીકલી તો હરખાયરે,
બધી ઓવળાઇ ઓવળાઈ જાયરે;
વલી તે પણ નાચી કુદી ગાયરે. ૪.

જ્યાં ખાટી તાડીનીં પણ ખૂટરે,
મલી ત્યાં ભોજન બ્રાંડીનીં લૂટરે;
પગો નાગા પામ્યા જોડી બૂટરે. ૫.

અરે દોછલાં તમારી છી વાતરે,
પડું ઓટલે અઢાર દિવછ રાતરે;
મલે ખાવા પકવાન ભાત ભાતરે. ૬.

ભલી બાઇ કરે રાત દિવછ વેઠરે,
મને ભોજન લાવી આલે હેઠરે;
છહૂ ચાકર ને જાણે હું છેઠરે. ૭.

ઘણાં જોજો આવાં નવાંજ છાલરે,
સુખી રહેજો બુઢ્ઢાં જવાંન બાલરે;
સુણો ફીરોજ વધો જછ ધન માલરે. ૮.

---

## નકટે સે નકટે મીલે.

એક બખીલ પાસે પુષ્કળ પૈસા હતા, પણ તે માણુસને તો નહીં પણ જાનવરને પણ કદી ખવાડતો નહીં હતો. એક સખસે એક વખત એવો ઠેરાવ કીધો કે આજે એ બખીલને ત્યાં કોઈબી રીતથી જરૂર ખાવું. એમ ધારી તે બખીલને ત્યાં મળવાને બહાણે ગયો; બખીલનો ખાવાનો વખત થયો પણ તે ઉઠયો નહીં ને બખીલબી બેસીજ રહયો અને વીચારતો કે કયારે પીડા જાય કે ખાવા જાઉં. આખરે જોયું કે તે તો ઉઠતોજ નથી તેથી જરા ગુસ્સે થઈ પોતાના બબરચીને કહ્યું, "ચલ જલદી લાવ, કમબખત, ઓ સુવરકા ગોશ ઓર ભુંસેકી રોટી લે આ." તે સાંભળી પેલો સખસ ચેતી જઇ બોલ્યો, "ઈનશાલા તાલા, બોત બરસ હુઆ એશી ચીજ એક બખત ખાઇથી, ઓર આજ આપકી સાથ દુસરી દફે ખાઉંગા," એમ કહી બખીલના કહેવા વગર તેની સાથે ખાવા લાગ્યો. બખીલથી પહેલાં તો કંઇ બોલાયું નહીં પણ તેને દબુસા મારતો જોઇ બખીલનું તદન પાકી આવ્યું તેથી તેને જોરમાં એક તમાચો મારયો કે તેથી તે ઉઠી જાય; પણ તે બેહાએ તો ઠંડે પેટે જવાબ દીધો, "હા-હા-હા, છોટપણમેં તો માબાપને માર મારકે ખાનેકુ શીખાયા, લેકીન બડપણમેં તો આપને મારકે ખુદ ખાના ખેલાયા."

## બાપુ ફાંસી ખાય તો આમ ખાજે!

ગુજરાત પ્રાંતના એક મોટા અને આબાદ કસ્બામાં તલકચંદ નામનો એક સાઉકાર વસ્તો હતો જેની કેટલાંક શેહેરોમાં આડતો ચાલતી હતી અને પોતાના કસ્બામાં પણ સારી આંટ ધરાવતો હતો. તલકચંદની વૃધ અવસ્થા થવા આવી ત્યારે પરમેશ્વરે એક સંતાનની બક્ષેસ કીધી હતી તેથી તે હમેશાં તેનો પાડ માનતો હતો અને ધર્મના ઉપઆસ્થા રાખી હતી. આગલા જમાનાના તેમજ હાલના વખતમાં પણ ઘણાક માતબર શખસો પોતાનાં ફરજંદોને ઘણો લાડ લડાવે છે અને પછવાડેથી તેનાં કેવાં માઠાં પરીણામો નીપજે છે તેની તેઓ કંઈ પણ દરકાર કરતા નથી. ઉપર જણાવ્યા પ્રમાણે આ વારતામાં જણાવેલા તલકચંદ સાઉકારે અને તેની ધણીયાણીએ પણ પોતાના એકના એક છોકરાને લાડમાંજ મોટો કીધો હતો અને તેનાં મોહોડાંમાંથી જે બોલ નીકળતો તે પ્રમાણે તુરત તેઓ કબુલ રાખતાં. આવી રીતના અતીશય લાડથી છોકરો ઘણો બેંહેકી ગયો અને જેમ જેમ ઉંમરે પુગતો ગયો તેમ તેમ વધારે પૈસા ગુમાવવા લાગ્યો અને વાડી, લાડી તથા ખરાબ સંગતના દોસ્તદારો સાથે ફરીને પોતાના બાપનાં નામ ને આંટને હલકું લગાડવા માડયું. તલકચંદ શેઠ પોતાના એકના એક દીકરાની આવી હાલત જોઇને ઘણો બળાપો કરતો અને પોતાની મુર્ખાઈને માટે પોતેજ અફસોસ કરીને બેસી રહેતો. એક દીવસ પોતાની દુકાનમાં ગુમાસ્તાઓની પાસથી હીસાબ લઇને તેઓને ઘેર મોકલી દીધા અને પોતે પોતાની રોકડ પુંજીની બરાબર

ગણત્રી કરી દુકાન બંધ કરીને ઘર આવ્યો. પોતાની સ્ત્રીને પાસે બેસાડીને તેણીને કહ્યું કે ભાઇ તો કુળમાં દીવો ઉઠયા છે માટે અગાડી જ્યારે આપણો કાળ થાય તે વખતે એ ભુખો મરે નહીં અથવા ભીખ માગે નહીં તેનો કંઇ ઉપાય કરવો જોઇયે. પોતાની સ્ત્રીએ પણ એવોજ વિચાર જણાવ્યાથી શેઠે સુંથારને ઘરમાં બોલાવીને પોતાની તૈયારી કીધી.

આ હકીકત બન્યાને થોડા દીવસ નહીં થયા એટલે શેઠાણીનું અકાલ મરત્યુ થયું જેનો દહાડો-પાણી શેઠે પોતાની આબરૂ પ્રમાણે કીધો. પોતાની સ્ત્રીનાં મરણથી શેઠને જબરો ધા લાગ્યો અને તેમની તબીયત પણ લથડવા લાગી. આથી શેઠે વિચાર કીધો કે મોતનો કંઇ ભરૂશો નથી અને મનની વાત તો મનમાં રહી જશે તેથી છોકરાને આગળ બોલાવીને શીખામણ આપી કે "અલ્યા રત્ના, (છોકરાનું નામ રતનચંદ હતું) તું મોટો થયો તોપણ મારા ધંધામાં કંઇ લક્ષ આપ્યું નહીં અને મને એવો ભય છે કે મારાં મરણ પછી તું ભીખ માંગશે; માટે જ્યારે તારો એવો વખત આવે ત્યારે કુવો પુરીશ નહીં અથવા બીજી રીતનો કંઇ પણ અપઘાત કરીશ નહીં પણ ઘરને ત્રીજે માળીએ વચલો ભારવટયો છે, તેને પીતળનું એક નવું કડું જડેલું છે તેમાં દોરડું નાંખીને ફાંસી ખાજે કે કોઈના જાણવામાં આવે નહીં અને ચરચા થાય નહીં. આટલું મારૂં મરતી વેળાનું વચન તારે માન્ય કરવું." આ પ્રમાણે બાપની શીખામણે છોકરાનાં મનપર જરા પણ અસર કીધી નહીં અને ઉલટો બાપને મુરખમાં ગણ્યો. આ પછી કેટલેક મહીને બાપનું પણ મરણ નીપજ્યું અને રતનચંદ ભાઈએ

બાપની દોલતનો અને સઘળાં રાચરચીલાંનો કબજો લીધો. તલકચંદ શેઠની આબરૂ પ્રમાણે તેમની મરણની સઘળી ક્રીયા કીધી અને નાતનો વરો પણ તેવીજ રીતે કરી પોતાની વાખવાખી કરાવી. ભાઇને તો ખબર પણ નહીં હતી કે બાપનું કેટલું લેણું છે, શું દેવું છે, ક્યાં ક્યાં આડતો છે, અને ગુમાસ્તાઓ કેવી રીતે વહીવટ કરે છે.

ગુમાસ્તાઓને અગાડીથીજ ખબર હતી કે રતન ભાઈ તો ઊડાઉ નીકળેલા છે તેથી તેઓએ પોતાનું ઘેર ભરયું અને એક પછી એક છોડીને ચાલી ગયા. એક ગુમાસ્તો જેણે શેઠનું નીમક વધારે ખાધેલું હતું તે હલાલ કરવાના વિચારથી પેઢી બંધ કીધી અને રતનચંદને જણાવ્યું કે દુકાનમાં મોટી ખોટ છે. ગુમાસ્તાને મોંહોડેથી આવી હકીકત સાંભળી પણ તેના માનવામાં આવી નહીં, કેમકે તે તો એમજ સમજતો હતો કે તેના બાપની અખુટ દોલત કોઇ દીવસ પણ ખુટવાની નથી. દુકાનમાં આવીને જ્યારે તપાસ કીધી ત્યારે ભાઈની ખાતરી થઈ કે હઇયાં તો સઘળું પોકળ ચાલે છે. રતનચંદ ભાઈના દોસ્તદારોને ખબર પડી કે ભાઈ તો ખાલી ખોખું થઈ ગયા છે ત્યારે તેઓએ પણ તેની સંગત છોડી દીધી, અને જ્યારે તે તેઓને ઘેર મળવા ગયો ત્યારે તેઓની બાયડીઓએ ઘેરમાંથી હાંકી કાહાડયો. આ પ્રમાણે જ્યારે ભુખે મરવાનો વખત આવ્યો ત્યારે પોતાના બાપની આગલી શીખામણ યાદ કરવા લાગ્યો. પોતાની ધણીયાણીને પણ તેણીને પીયર મોકલી આપી અને પછી ઘેરમાં જે રાચરચીલું હતું તે તમામ વેચીને પોતાનો નીભાવ કીધો. એક દીવસ

એવો વખત આવ્યો કે પેલા તેના આગળા મીત્રોમાંથી એકને ત્યાં અવરણીનો ખરચ હતો તે વખતે તેણે પોતાના આ જુના પાયમાલ થયલા મીત્રને યાદ કરીને તેડવા મોકલ્યો, પણ બીજાઓએ અખાડા કરવાથી તેણે જણાવ્યું કે "ફીકર નહીં, આવશે તો શાક, તરકારી વગેરે સાફ કરશે અને સાંજનાં એઠું ખાઇને જશે." આ પ્રમાણે કહીને તેને બોલાવ્યો. પોતાના એક મીત્રે તેને યાદ કીધો તેથી મનમાંને મનમાં હરખાતો તે આવ્યો ત્યારે એકે પાણીનો હાંડો બતાવીને કહ્યું કે "ભાઈ, એ લઈને નદીપર જા અને પાણી લાવ." આવા શબ્દ સાંભળતાંજ તેના તો હોંસ ઊડી ગયા કેમકે બાપ જનમમાં એક નાનો ઘડો વટીક ઉંચકેલો નહીં તો પછી તે હાંડો કેમ ઉંચકે! પણ લાચાર 'પેટ કરાવે વેઠ' એવી સાદી કહેવત યાદ કરીને તે હાંડો લઇને ઓવારા પર ગયો અને મોટી મુશકેલીથી પાણી ભરી લાવ્યો. પોતે જરા ગમતી હતો તેથી દોસ્તોને ખુશ કરવાના વિચારથી કહ્યું કે "ભાઇઓ, આજ તો મેં એક કઉતક દીઠું." એકે પુછ્યું કે શું? ત્યારે જવાબ આપ્યો કે "નદીમાં ઓવારાને તણાતો દીઠો." આ સાંભળતાંજ પેલામાંથી એકે ગુસ્સો કરીને ગાળ દઇને માથાંમાં ધપ્પો મારયો અને બોલ્યો, "કેમ, શું અમને કાંઇ દેવાના સમજે છે?" કમબકતી બીચારા રતનચંદની! સાંજનાં ખાવાનું પણ એંઠું આપ્યું તે ખાઇને ઘેર આવ્યો. ઘેરમાં દીવો કરવાને માટે દીવેલ લાવવાને પાસે એક પાઈ પણ હતી નહીં તેથી પડોસમાં એક ઘરડી ડોસી રહેતી હતી તેની પાસથી દીવો માગી લીધો, તેણે પણ કેટલીક વાત સંભ-

ળાવીને દીવો આપ્યો. દીવો લઇને ઘરમાં આવીને નીચેનાં કમાડ બંધ કરીને માળ ઉપર ગયો અને બાપની શીખામણ પ્રમાણે પેલા ભારવટયામાં જડેલાં કડાંમાં દોરડું ઘાલીને ગળાંમાં ફાંસો નાખીને જરા ખેંચવા જાય છે એટલામાં પેલું કડું નીચે પડી ગયું અને અંદરથી ખરર દઇને સોનાની મોહોરો નીચે પડી. આ તમાશો જોઇને તેણે બાપાની અક્કલપર આફરીન કીધી અને પરમેશ્વરની પ્રાર્થના કીધી જે તેના જનમમાં આ પેહેલીજ વાર હતી.

સવારમાં ઉઠી નાહી ધોઇને પુંજા કરી અને ઘેરમાં જોઇતો કરતો સરસામાન વીગરે લાવીને પોતાની સ્ત્રીને પાછી ઘરમાં બોલાવીને થોડા દીવસમાં સર્વે ઠરીઠામ કીધું. દુકાન પાછી ચાલુ કીધી અને નવા ગુમાસ્તા રાખીને પોતાને હાથે સઘળો વહીવટ કરવા માંડયો. આગલા પેલા ખુશામતીઆ મીત્રોને ખબર મળી કે એના ઘરડાનાં પુન પરતાપથી દોલત પાછી મળી છે તેથી તેઓએ ફરીથી એને ઘેર આવવા માંડયું પણ રતનચંદ તો સઘળી પોતાની આગલી રીત ભુલી ગયો હતો તેથી તેઓ કંઇ ફાવી શક્યા નહીં. ચાર દોસ્તો હતા તેઓ અવાર નવાર દરરોજ મેજબાની આપતા પણ રતનચંદ પોતાની ગીરોથી એક પઇ પણ ખરચતો નહીં. ઘણા દીવસ નીકળી ગયા ત્યારે રતનચંદે વીચાર કીધો કે હવે એ લુચ્ચાઓને આવતા એકદમ બંધ કરવા જોઈયે એવો વિચાર કરીને બેએક દીવસ પોતાની ગીરોથી પૈસા ખરચીને પેલાઓને મેજબાની આપી, જેથી તેઓ ઘણા ખુશીમાં આવ્યા કે હવે ભાયગ ખુલેઆં. જમી રહ્યા

પછી રતનચંદે તેઓને કહ્યું કે "ભાઇઓ, આજ તો મેં એક કઉતક દીઠું." પેલાઓએ પુછ્યું કે શું ? તેણે જવાબ આપ્યો કે "કીડીએ કુંજર ગળ્યો." પેલા સઘળાઓએ "હાજી સાહેબ, ખરી વાત હશે" એમ કહેતાંજ રતનચંદનો એક પરદેશી નોકર હતો તેણે ઉઠીને દરેકનાં માથાંપર ધપ્પો મારયો અને બોલ્યો કે "અમેરે શેઠ તો દીવાના હે, તુમ સબકી અક્કલ કયાં ગઇ ? એક કીડી કયા હાથીકુ ગળ જાવે ?" આ ઉપરથી શેઠે જવાબ આપ્યો કે હા ભાઇ, પૈસા હોય તો એમ પણ બને. આ પછી રતનચંદે પેલાઓને ખુલ્લે ખુલ્લું કહી દીધું કે હવેથી તમારે મારે બારણે આવવું નહીં.

---

## નહીં રે સાહેબ, હું તો મુગો છું.

એક જવાન પણ આંધળો પારસી કરકાબાલુસ થઇ જવાથી મારી આગળ આવ્યો અને ઘણાજ કાલાવાલા કરી બોલ્યો, "સાહેબ, હું જનમથીજ આંધળો છું. ખોદા ખાતર મારી ઉપર દયા કરો," વગેરે. આથી મને દયા આવી અને ગજવાંમાંથી એક બેઆની કાઢી તે કમબખત જવાનના હાથમાં આપી, જે કમભાયગે હાથમાંથી પડીને ગબડતી ગબડતી ગટરમાં જઇ પડી. પણ તરતજ તે આંધળા જવાને મારી બેહદ અજાયબી વચ્ચે પોતાનાં બદીઆનની બોંહે ઉંચે કીધી અને ગટરમાંથી પેલી બેઆની પોતાનાં ગજવાંમાં સેરવી દીધી. આ સઘળું જોઈને હું તો ડંગજ થઇ ગયો, અને મેં તે ઢોંગી આંધળાની આગળ જઇને પુછ્યું, "કેમ બા, તમે તો આંધળા હતાની?" મારા સવાલના જવાબમાં

તે જવાન બોલ્યો, "થઈ ગીયું રે બાપ, થઈ ગીયું. હું તો આંધરો ન-ન-નથી, પણ ખોદાના ક-ક-ક-સમ લઈ કેહુંછ કે હું અસલથીજ મુગો ને બેહેરો છું. તમે નહીં માનતા હોવ તો મારાં માબાપને પુછીને ખાતરી કરો."

તેની ભોલાઇથી મને તો હસ્વું આવ્યું; પણ પછવાડેથી મને માલમ પડયું કે આ ઢોંગી મઉલાબખશ તો કેથા 'ગપ-સપ'માં જાણીતા થયલા સોહરાબજી સીકંદર હતા.

---

## ચાશણીદારૂનું આફ્રીનગાન.

મુકતાત મંડાયા ત્યારે નાહાલીબાઇ ભરૂચીને તાંહ જમશેદ-દારૂ ભણવા ગયા. જમશેદદારૂ બચારા ઓલીઆ હતા તેથી સઘળાં મુવાંઓનાં નામ લલકારીને ભણેઆ. તેવણે રૂશતમ પેહલવાનથી સઘળાં ચહ્‌ડ ઉતર નામ દીધાં, તે સાંભળી નાહાલીબાઈ તો ખુશી ખુશી થઇ ગયાં ને જમશેદદારૂને બે આના આસોદાદ આપી. હવે ગેઈ કાલે નરોજની રાતે આફ્રીનગાન કરવા સારૂ ચાશણીદારૂ આવ્યા. તેવણને બે ચાર ઠેકાણે ભણવા જવાનું એટલે સપાટો ચલાવ્યો અને થોડીવારમાં સઘળું વીટાળી મુકયું. પેહલવાનોનાં નામ સાંભળયાં નહીં તેથી નાહાલીબાઇ જેવણ આગળ બેઠેલાં હતાં તેવણ તો ઘણાં નાખુશ થયાં અને બોલ્યાં "ઓ વાય ચાશણીદારૂ—ભુશુંરે—તે દાહારે જમશેદદારૂ આયા તે કેવું મજાનું ભણીઆ—આપરા પેહલવાનોને યાદ કીધા ને તમે તો ઓમટું ગોમટું કરીને ધાંકણું વારેઉં."

ચાશણીદારૂ જેવણ અલબત ઘણા ખંધા હતા તેવણે

જીવ ઠેકાણે રાખી જવાબ દીધો, "અં ! તમેબી અમથાંશ ઝો. એમાં તમે શું શમઝો. આઝે કાંઈ પેહલવાનોનાં નામ દેવાય. તમારાં રૂવાંનો આઝે સંધાં શીધારશે તેની સાથે રસતામાં પેહલવાનો થઇ ઝાય તો સંધી ફુરૂટ, ધારી, પોરી શંધું ખાઈ ઝાય ને આપરાં અસો રૂવાંનો ભુખાં પાછાં ઝાતે—તેથીને મેં આઝે તો પેહલવાનોને તેરવાના અખારા કીધા. વારૂં આઝે તો વશમાં બોલીઆંશ, હવે ફરીથી તમે ઝાણો."

નાહાલીબાઇની હવે ખાતરી થઈ તેથી બોલ્યાં, "મરી જાંઉરે ભુલના ભાંજતા પરથી. હવેથી પેલા જમશેદદારૂ જેવા દેહકાનીને મોકલતા રખે."

---

## દીકરીજી સગન માગો.

એક ધોબીની છોકરીને તેણીને સાસરેથી તેડું આવ્યું તેથી ત્યાં જવાની સર્વ તૈયારી કરવામાં આવી. પણ તે દીવસે તેણીના બાપના બધાં ગધેડાંઓ **ધોબીઘાટ** પર ગયાં હતાં તેથી તેણીનો બાપ ફીકરમાં પડયો કે " વખત કેવો આવ્યો છે કે નહીં ત્યારે ઘરમાં સેંકડો ગધેડાં રહે ને આજે મારી છોકરી જવા નીકલી ત્યારે એક પણ મળે નહી." આ ઉપરથી છોકરીએ કહ્યું, "બાવાજી તમે ફીકર શાના કરો છો, તમારૂં મારી ઉપર હેત છે તો હું તમોને એક શું પણ એક હજાર ગધેડાં બરોબર સમજું છું."

## જાણ્યા પછી કોણ કરે ?

ધનબઈ—કેમ સોહારાબ, મોહોડું ધોયા વગર નાસ્તો કરવા શાનો બેઠો ?

સોહારાબ—બાવાએ કાલે મને માઈક્રોસકોપમાં બતાવ્યું તો પાણીમાં નકરા નાના મોટા જીવરા હતા, તે શું હું મારાં મોઢાં પર લગારૂં કે ?

---

એક પરણેલી ઓરતના ભરથારની ગેરહાજરીમાં તેણીનો આશક આવ્યો હશે તેટલામાં ભરથારે આવી બારણું ઠોકયું. ગભરાટમાં પેલી ઓરતે પેલા મરદને એક કોથલામાં ઉતારીને દેવાળ સાથે અઢેલી મુકયો ને બારણું ઉઘાડી ભરથારને અંદર લીધો. થોડો વખત પછી ભરથારની નજર પેલા કોથલા પર પડવાથી પોતાની ઓરતને પુછયું, "આ કોથલામાં શું છે ?" ઓરતથી ગભરાટમાં કંઈ જવાબ અપાયો નહી ; તેવામાં પેલા ડોઢ ચતુરે કોથલામાંથી જવાબ દીધો, "અરે ભાઈ, એ તો ચોખાનો છે." ભરથાર તરત સમજી ગયો અને ચોખાને બહાર કાઢી ખુબ ખાંડેઆ.

---

જુરીએ અભીપરાય આપ્યો કે, 'બીન તકસીરવાર.' વડા જડ્જ સાહેબ બંદીવાન તરફ જોઈ બોલ્યા, "હવેથી તું કોઈ પણ દહાડે ખરાબ માણસની ટોળીમાં જતો ના." "હાજી સાહેબ," તે લુચ્ચાએ જવાબ દીધો, "તમે હવે ફરીથી મને હંઈયાં કબ્બી જોશો નહીં."

## ડાકટરોનાં સંકટ.

**મકાઈ ડોસાં** (રાતના બાર વાગતે ડાકટરનાં ઘેર આગળ રસ્તા પરથી)—મરી જાઉં ડાકટર, ઓ જી ભરૂં પેશતનજી ડાકટર.

**ડાકટર** (ઉંઘમાંથી ઉઠી બારીએ ડોકાવી)—કોણ છે? કેમ એવડી રાતે શું માગોછ?

**મકાઈ ડોસાં**—ઓ ધરૂં રે સાંભરતા પરથી. જી, મારા છોકરાને ઘણાં પેટ આવે ને બધું પેટ હારી આવેલું.

**ડાકટર**—અં! પછી! તે શું?

**મકાઈ ડોસાં**—જી, રાતના આવવાની ફી શું?

**ડાકટર**—પાંચ રૂપીઆ.

**મકાઈ ડોસાં**—ઓ વાય! ને સવારના આવો તો કેટલી ફી બધી ઓવરાઈ જાંઉ?

**ડાકટર**—બે રૂપીઆ.

**મકાઈ ડોસાં**—અં! તારે તો બધા જી આપું—સવારનાજ તેરવા આવશ!!

---

**ધણીયાણી**—જંગુ, જંગુ, જરા દોડ તો ડાકટરને ઘેર.

**ભરથાર**—કાંય, કોય, શું થયું?

**ધણીયાણી**—અરે, બુચો તારૂં કાલરનું બટન ગરી ગીયો.

**ભરથાર**—કાંઇ ગાંડી છે, ગાંડી! કાલરનાં બટન વગર હું બહાર કેમ જાંઉ!

## લડાઈ કેમ થતી હશે ?

**સાવક**—પપા, લડાઇ પહેલાં કેમ જાગતી હશે ?

**પપા**—તે તો જેવો વખત; જાણે જર્મની ને સ્પેન વચ્ચે લડાઇ થઇ તે એમ બન્યું કે સ્પાનીયર્ડોએ જર્મન વાવટો ખેંચીને નાખી દીધો.

**મમા**—અં ! વળી તમેબી શું બચ્ચાં આગળ ટોપ મારોછે, એમ કયે દહાડે બન્યું ?

**પપા**—તું શું સમજે ! તું વધારે જાણે કે હું ?

**મમા**—તારે શું બધી વાતે તમોજ હુસ્યાર કે ?

**પપા**—તુ તો ખરેખરી ધામટ છે. વગર સમજવે નકામી વચમાં પટપટ કરેછ. તમે બઇરાંઓની અક્કલ સોય ને દોરામાં.

**મમા** (ચીરડાઈને)—ને તમારા લોકોની અક્કલ વાડી ને કલ્બમાં—'લંબા સો બેવકુફ' એ કહેવત ખરેખરીજ છે.

**પપા**—અંહી આવ, સાવક, જો પેલી ચોપડી લાવ, હું તુંને બતાઉં કે જર્મની અને—

**સાવક**—નહીં પપા, બસ—હવે હું સમજ્યો કે લડાઇ કેમ શરૂ થતી હશે !

---

મા (લાડે લાડે બુચાને પુછેછ)—"દીકરા, વારૂ મમા મરી જાય તો તું શું કરે ?"

દીકરો—"શું તરે વરી, મમાની બધી નેતરો બાંજીને નાથી દેઉં."

## ઉખ્યાણું.

**સવાલ**—એક નારીને ઘણા નર, ને સઘળા સાથે પ્રીત.
નારી પહેલાં નર મરે, એ કયા ગામની રીત?

**જવાબ**—જીભ અને દાંતો.

---

"ભાઈ પ્રાણલાલ, હું શું કહું, મારે તને બહુજ માઠી ખબર કહેવી છે."

પોતાના મીત્રને આ પ્રમાણે બોલતાં સાંભળી પ્રાણલાલે ઘભરાઇને પુછ્યું, "ઓ બાપ મારા, બોલી દેની શું છે તે. મારો જીવ આવે ને જાય—બોલ ભાઈ બોલ."

"તારી સ્ત્રી મરણ પામી—ઓ—ઓ—ઓ."

"અરે રડ્યા, તેં તો મને ખાલીપીલી ગભરાવી મારયો. હું જાણુ જે મારાં ઘરમાં ચોરી થઇ!"

---

**ઇરાની**—બૉઇ, બૉઇ, પાણીનાં માટલાંમાં જીવતા ઊંદર પરીયા.

**બાઈ**—પણ બહાર કાહરી મુઓ કેની?

**ઇરાની**—હા, મેં માટલાંમાં જીવતી બીલારી નાખ્યા.

**બાઈ**—અરે, મુવોરે તું ઈડીયત; નીકળ, નીકળ અહીંથી, તારૂં કારૂં કર.

ઇરાની અજબ થઈ જાય છે ને મનમાં વીચારે છે કે "આજે બૉઇ દીવાના થાઈ ગીઓ."

## ધનપાળશા સેઠને ૨૦ હજારની બે શીખામણ.

જ્યારે હસ્તિનાપુરમાં મહાનપ્રતાપિ, ઉદાર, યશસ્વિ પરાક્રમી, અથવા સંક્ષેપમાં સકળગુણ સંપન્ન કહીયે તો ચાલે, એવો જાંબુનંદ નામે રાજા આખા ભરતખંડનું એક ચકવે રાજ્ય ચલાવતો હતો; ત્યારે ધનપાળશા નામે નગર શેઠ કે જેણે દેશદેશાંતરમાં બોહોળો વેપાર ચલાવી અઢળક ધન મેળવ્યું હતું, તે રહેતો હતો. તે શેઠની વાડીવજીફા હસ્તિનાપુરથી પાંચ ગાઉ છેટે હતા, ત્યાં કાંઇ કામસર શેઠ જતા હતા તે વખત રસ્તામાં કોઈ છેલની સોબત થઇ. તેને શેઠે કહ્યું કે, હે છેલ, તમો કાંઇ શીખામણ કહો.

છેલ—એક શીખના તો પૈસા બેસે છે.

શેઠ—કેટલા પૈસા?

છેલ—દશ હજાર રૂપીઆ.

શેઠે દશ હજાર રૂપીઆ આપ્યા; એટલે છેલ બોલ્યો કે, "**બાયડીને છાની વાત કહેવી નહીં.**" એટલું બોલી તે ચુપ રહ્યો. શેઠે કહ્યું કે એટલામા કાંઇ સાર્થક નહીં—એક બીજી શીખામણ કહો.

છેલે દશ હજાર રૂપીઆ લઈ કહ્યું કે, "શેઠજી, કોઈને **ખુશી કરીશ** એવું મોઘમ કહેવું નહીં." એટલું બોલી અટકી પડયો.

એટલેથી વાત બંધ કરી છેલે શેઠને કહ્યું કે, "શેઠજી, તમારા વીશ હજાર રૂપીઆનો બદલો વળી જશે. જ્યારે તમને સંકટ પડે ત્યારે મને યાદ કરજો. હું હસ્તિનાપુરમાં

તમારી શેરીમાં રહું છું. એટલું કહી છેલ શેઠથી જુદો પડી પોતાને રસ્તે ચાલ્યો ગયો. શેઠ પણ વીશ હજાર રૂપીઆ ગુમાવ્યા તેની ચીંતામાંને ચીંતામાં વાડીમાં કાંઇ કામકાજ કરી ઘેર આવ્યા. એ વાત બન્યા પછી કેટલેક દિવસે શેઠ પરદેશ વેપારને અર્થે ગયા. હવે શેઠ પરદેશ ગયા પછી શેઠાણીએ કોઈ મુસલમાન જોડે મીત્રાઇ બાંધી. તે મુસલમાન ગ્રહસ્થ માણસ હતો. બે વર્ષ પછી શેઠ પોતાને ઘેર પાછા આવ્યા તે વખત તે પોતાની સાથે એવાં બી લાવ્યા હતા કે તે વાવ્યા પછી એક કલાકે મોટું ઝાડ થતું ને લાગલાં ફળ થતાં તે ખાવામાં કામ લાગતાં. તે વાત શેઠે શેઠાણીને કહી, બી વાવી પારખું દેખાડયું. શેઠ દરરોજ દશ વાગે દુકાને જતા તે સાંજે ચાર વાગે પાછા ઘેર આવતા. શેઠ દુકાને જાય ત્યારે શેઠાણીનો મીત્ર શેઠાણી પાસે આવી તે બીમાંથી એક બીયું વાવી ફળ થાય તે ખાઈ શેઠાણી સાથે વાતચીત કરી પોતાને ઘેર જતો. એ પ્રમાણે પંદરેક દિવસ ચાલ્યા પછી એક દિવસ તે મુસલમાન શેઠાણી પાસે આવી કહેવા લાગ્યો કે આપણે શેઠને મારી નાખ્યે, અને તેની કાંઇ કળા તું ગોતી કાઢ. શેઠાણીએ કહ્યું કે તમે શેઠ પાસે જઇ કહો કે દુનીઆમાં વાવે ને તુરત ઉગે એવાં બી થતાં નથી; એટલે શેઠ તમને વાવે ને તુરત ઉગે એવાં બી થાય છે એમ કહેશે ત્યારે તમે સરત કરી શેઠને જીતજો.

એવું સાંભળી તે મુસલમાને શેઠ પાસે જઈ શેઠાણીના કહેવા મુજબ કહ્યું. ત્યારે શેઠે જવાબ આપ્યો કે સરત કરો

તો વાવ્યે કે તુરત ઉગે તેવાં બી દેખાડું. મુસલમાને કહ્યું કે જો વાવો ને તરત ઉગે તો મારે તમને એક લાખ રૂપીઆ આપવા ને ન ઉગે તો તમારાં ઘરમાં જેને હું પેહેલો હાથ અરાડું તે લઈ જાઊં. એવું સાંભળી શેઠે દુકાન બંધ કરી મુસલમાન સાથે પોતાને ઘેર જવા માડયું. હવે પોતાના મુસલમાન મીત્રના ગયા પછી શેઠાણીએ બી શેકી જ્યાં હતાં ત્યાં મુકી દીધાં. શેઠે ઘેર આવી પેલાં શેકેલાં બી મુસલમાનના દેખતાં વાવ્યાં પણ ફણગો સરખો ફુટયો નહીં તો પછી ઝાડની તો શી આશા. હારી જવાથી નિસ્તેજ થયલા શેઠે મુસલમાનને કહ્યું કે કાલે સવારે મારે ઘેર આવી તમને પસંદ પડે તેને હાથ અરાડજો, હું તે તમને આપવાને બંધાયલોછું. એવું સાંભળી મુસલમાન પોતાને ઘેર ગયો. તેના ગયા પછી શેઠે છેલને ઘર જઇ સઘળી હકીકત કહી, તે સાંભળી છેલે કહ્યું, કે તમે બીયાંની વાત તમારી સ્ત્રીને કહી હતી? શેઠે જવાબ દીધો કે, હા, મેં કહી હતી ખરી. ત્યારે છેલે કહ્યું, કે એ કર્મ તમારી ઓરતનું છે; ને મને તો એમ લાગે છે કે તમારી ઓરત તે મુસલમાન જોડે વ્યવહારમાં હશે; પણ કાંઈ ચીંતા નહીં. એમ કહી તે શેઠ સાથે શેઠને ઘેર ગયો. પછી તેણે શેઠાણીને ચોથે માળે બેસાડી આખાં ઘરમાં જવેરાત, દાગીના, રૂપીઆ, વીગેરે જે કાંઇ શેઠ પાસે હતું તે પંથરાવ્યું અને ચોથે માળ ચઢવાની નીશાણી પડી જાય એવી ગોઠવી. સઘળું તૈયાર થયા પછી તે મુસલમાનને તેડાવ્યો તે આવીને જુએ છે તો આખાં ઘરમાં જરજવેરાત દીઠું પણ શેઠાણીને મેળવવાની લાલચમાં કશાને હાથ અરાડયો નહીં અને અદબ કરીને ત્રણ માળ સુધી શોધી

વળ્યો. પણ શેઠાણીનો પત્તો લાગ્યો નહીં ત્યારે ચોથે માળ ચઢવા તૈયાર થયો પણ નીશાણી પડી જાય એવી જોઇ તેને જેવો હાથ અરાડી ઠીક કરવા જાય છે કે તુરત છેલે કહ્યું કે બસ, હવે ઉપર ચઢવાનું કાંઇ કામ નથી કારણકે આ નીશાણીને તેં હાથ અરાડયા માટે એ લઈને ચાલ્યા જાઓ. આવું સાંભળી તે મુસલમાન શરમીંદો પડી નીશાણી લીધા વગર પોતાને ઘેર જતો રહ્યો. ત્યારથી તેણે શેઠાણીની સોબત છોડી દીધી. અને શેઠે તેનો કેમ નીકાળ કર્યો તે સાથ આપણને કામ નથી.

એ વાતને કેટલાક દિવસ ગયા પછી શેઠ એક દિવસ શેહેરમાં ફરતા હતા તેવામાં તેનો જોડો અંગુઠા આગળથી જરા ફાટયો તેથી મોચીની દુકાને જઇ કહ્યું કે મારો જોડો શીવી આપ. હું તને ખુશી કરીશ. એવું સાંભળી તે મોચીએ જોડો શીવી આપ્યો ને કહ્યું કે હવે મને ખુશી કરો. શેઠે તેને બે આના આપવા માંડયા પણ તે તેણે લીધા નહીં ને કહેવા માડયો કે મને તો ખુશી કરી વચન પાલ્યું જોઇએ. પછી શેઠે તેને ખુશી કરવા માટે પાંચ, સાત, વીશ, પચીશ, સો, હજાર, રૂપીઆ આપવા કહ્યું પણ તે વાત મોચીના માનવામાં આવી નહીં. આખરે મોચીએ સરકારમાં જાહેર કર્યું ત્યારે શેઠને કચેરીમાં બોલાવી મંગાવી રાજાએ કહ્યું કે, “શેઠજી આ મોચીને તમારા કહેવા પ્રમાણે ખુશી કરવો જોઇશે.” એ વાત આખા ગામમાં ફેલાઇ ગઇ, તેથી તે વાત છેલે જાણી કે લાગલો દરબારમાં જઈ શેઠને આસ્તેથી કહેવા લાગ્યો,

કે "તમે ઘભરાશો નહીં. રાજાની હજુરમાં તમે આ મોચીને કહો કે રાણી સાહેબને છોકરો આવ્યો છે તેથી તું ખુશી કે નાખુશી?" શેઠે અત્યાનંદથી મોચીને કહ્યું કે, "રાણી સાહેબને છોકરો આવ્યો છે તેથી તું ખુશી કે નાખુશી?" મોચીએ જોયું કે ના કહીશ તો ડોકું છટકી જશે તેથી જવાબ આપ્યો કે હું ખુશી છું. એવું સાંભળી છેલે રાજાને કહ્યું કે માહારાજ મોચી ખુશી થયો. રાજાએ એવું સાંભળી મોચીને ઘેર જવા ફરમાવ્યું. પછી શેઠ ને છેલ બન્ને જણ દરબારની રજા લઈ પોત પોતાને ઘેર ગયા. આ પ્રમાણે રૂપીઆ વીશ હજારનો અવેજ શેઠને વળી રહયો.

---

## સમજે તેનું મોહત, નહીં તેની કમબખ્તી.

એક કલબની ટેબલ ઉપર બે શેઠો વચ્ચે વાદ વીવાદ પડયો. એકે પોતાના ઇરાની બબરચીની તારીફ કીધી કે તે કોઇ કોઇ 'ડીશ' એવી નાદર પકાવે છે કે તમે કળુ પારખી શકો નહીં. આથી બીજાનું પાકી આવ્યું અને તકરાર પરથી તેઓ સરત ઉપર આવી ગયા. ઠરાવ થયો કે અગરદાદસાલને દહાડે સઘળા મીત્રોએ ઇરાની બબરચીવાળા શેઠને ત્યાં જમવા જવું અને ઇરાનીને હાથની એક 'ડીશ' શાની બનાવેલી છે તે જો કોઈબી પારખે તો ખાનાનો સઘળો ખર્ચ ઘરધણી આપે, નહીં તો સઘળા જણા બબે રૂપીઆ આપે.

શેઠે પોતાના ઈરાની બબરચીને આ સરતથી વાકેફ કીધો. તેણે બહુજ મહેનત લઈ ખુબ અછછું ખાનું પકાવી હાજર કર્યું

જેમાં એક 'ડીશ' ઘણીજ સ્વાદીષ્ટ હતી. સામાવાળાએ તેમાંથી ચાખી જોયું, હોઠ મટમટાવ્યા, સુંઘી જોઇ, પણ તે શાની બનાવેલી છે તે સમજ પડે નહીં. કસટર સાહાસ, ને આમલી ને ગુલાબ વગેરેના સોડમ આવે અને મોંહેડાંમાં મુકતાંજ પગલી જાય એવી આ વાણી હતી! સરત મુજબ પેલાએ ત્રણ અટકળ કરી જોઇ:—

ખાટી મીઠી ગલેલી છે?——નહીં.

હલવાનનું ભેજું રોસ્ટ કીધેલું છે?——નહીં.

આખરે પેલાએ કબુલ કીધું કે હું હારયો એટલે શેઠે કરાનીને બોલાવ્યો—"બેહરામ, બેહરામ."

"જી, આવીજી."

"આએ ડીશ ઘણીજ સરસ છે. એ શાની બનાવીછ?"

"જી, એ તો તમારાં જુનાં મોજાં, મેલાં કપરાંના કંડીઆમાંથી કાહરી પકાવી!"

---

માટી બઈયેર એક ટેબલપર ખાવા બેઠાં હતાં. ટેબલપર મુકેલાં સારાં સારાં પકવાન તરફ જોઇ માટીજી બોલ્યા, "આ હા, આ બધાં પકવાનો પેલી વગર કંઇ કામનાં નથી; તે હોતે તો સઉ ખવાતે." ધણીયાણી સમજ્યાં કે ધણીજી કોઇના ધાંદામાં ફસ્યાછે, પણ સબર રાખી પોતે કાંઈ બોલ્યાં નહીં. રાતે જ્યારે સુવા ગયાં ત્યારે આસ્તે રહીને ધણીયાણી બોલ્યાં, "આ હા, આવું મજેનું નરમ બીછાનું છે, આવી આઇટ છે, પણ પેલા વગર સઉ નકામું; તે હોતે તો કેવી કંઇ

આવતે!" ધણીજીથી તો ખમાયું નહીં, તેવણે દોળા ચઢાવી પુછયું, "એ તું શું બકેછ, પેલો કોણ?" ધણીઆણીજીએ કહ્યું, "જેમ તમે ખાતી વખત પેલીને યાદ કરતા હતા તેમ મેં સુતી વખત પેલાને યાદ કીધો. તે પેલી કોણ છે તે તો પહેલાં કહો." ધણીએ જવાબ દીધો, "દીવાની, પેલી એટલે ભુખ, કારણકે ભુખ વગર ગમે તેવું સારૂં ખાનું નકામું,' ધણીઆણીએ તરતજ ઉત્તર વાલ્યો, "ત્યારે વલી પેલો એટલે પવન, કારણ કે પવન વગર સઉ નકામું—ઉંઘ આવેજ નહીં."

---

પોલીસનાં માણસો અને વરસાદની કમાન એક બીજાને મળતી કાંય આવેછ?——કારણકે તેઓ હમેશાં તોફાન પુરૂં થયા પછી પોતાનો દેખાવ દે છે.

---

## સામટી સજા.

માજીસ્ટ્રેત—બંધવા, તુંને તારા વાંક માટે ૧૫ દીવસની સખત મજુરીનાં કેદખાનાની સજા કરૂં છું. તારે કંઇ કહેવું છે?

બંધવો—સાહેબ, મારી ૧ બઈરી, ૭ છોકરાં, ૨ બેન ને ૪ ભાઈઓ છે.

માજીસ્ટ્રેત—વારૂ તેનું શું છે?

બંધવો—એટલાં માણસો એકદમ બંદીખાનામાં જઇ એક દહાડામાં ૧૫ દહાડાની ટેપ પુરી કરે તો ચાલે કે સાહેબ?

## એમાં શું !

બુચો જે આગલી રાતે એક હાથચાલાકીનો ખેલ જોઈ આવ્યો હતો તે હર્ષભેર બાપને કહેવા લાગ્યો, "પપા, પપા—આએ નાચવાળો ઘણોજ હુશીયાર હતો જો. એક રૂપીઓ લઇ હાથમાં એમ તેમ ફેરવ્યો અને તે રૂપીઆનો એક સુતરાઉ રૂમાલ બનાવી દીધો."

બાપે બરડો ઠોકી કહ્યું, "અરે બચ્ચા, તેમાં શું મોટી વાત! એમ તો તારી માએ વીસ રૂપીઆ હાથમાં ખખડાવી એક પલકારામાં તેની આખી રેશમી સારી બનાવી દેછ!"

---

**દોસ્તીને** માટે એક સાએર નીચે પ્રમાણે મીસલ આપે છે:—

કચ્ચા સુતકા ધાગા
બહોત તાણો તુટ જાય,
તુટા ઓર ફીર સાંધો
બીચમેં ગાંઠ રહે જાય.

---

"આ કાગજ પોસ્ટ આફીસ મધે લઈ જા, અને ત્યાંથી એક ટીકીટ લઇ એનીપર ચોંટાડીને દબામાં નાખી આવ," એમ મેરવાનને તેના બાપે કહ્યું. થોડોક વખત પછી મેરવાન દોડતો આવી કહેવા લાગ્યો કે, "બાવાજી, મેં શું તાલ કરી તે તમો જાણો છો કે? હું ગયો ત્યારે દબા આગળ કોઇ હતું નહીં, અને તેથી પોસ્ટ માસ્ટરની નજર ચુકાવીને વગર પૈસે કાગજ નાખી આવ્યો."

## સુધરેલું વાણ્યાનું જોડું.

કોણ કહે છે જે વાણ્યાઓ સુધારામાં પછાત પડેલા છે- મઇ પરમદહાડેજ રસ્તેથી જતાં મેં એક વાણ્યાને તેની સાથે એક જુવાન સ્ત્રીને ચાલતાં જતાં જોયાં અને અચાનક પાછળથી મેં નીચે પ્રમાણે વાત સાંભળી :---

સ્ત્રીએ કહ્યું—"મારા સમ, તમે એવા વહાલા લાગો છો કે જાણે મારા બાપા."

તો પેલો પુરૂષ કહે જે—"મારી લાડકી, તું એવી વહાલી લાગે છે જે જાણે મારી મા"

---

## પાક બેહાઈ.

એક શખશ બીજા શખશને ઘેર ઉઘરાણીએ ગયો ને બહારથી બારણું ઠોકી ખબર આપી. પેલો શખશ ઘરમાં હોવા છતાં તેણે પોતાના ચાકરને કહ્યું, "કહે કે શેઠ ઘરમાં નથી." આ શબ્દો પેલા બહાર ઉભેલા શખશના સાંભળવામાં આવ્યા, તોપણ ચાકરનું કહેવું સાંભળી મુગો મુગો ચાલી ગયો. એક વખત એવો આવ્યો કે પહેલા શખશને બીજા શખશનું કામ પડવાથી તે તેને ઘર આવ્યો ને બારણું ઠોક્યું ત્યારે તે શખશે પોતે બહાર આવીને કહ્યું, "તેવણ ઘરમાં નથી." પેલાએ કહ્યું, "તમે છો ને ના કેમ કહો છો" તે શખશે જવાબ દીધો, "ભલા આદમી, તે દીવસે હું તારા એક નોકરના બોલપર ભરોસો રાખી ચાલી ગયો; પણ તું મારા પોતાના કહેવા પર ભરોસો નથી લાવતો?"

## નવી ફાશીનના પોલકા.

ગુલબાઈ સુધારાવાળાં એક દહાડે કલ્યાણ મોતીને ત્યાં પોલકો વેતરાવવા ગયાં. દરજીને ફાશીન કેવી કરવી તે સમજાવતાં હતાં તેટલાં ટેબલ ઉપર પડેલો એક નવી ફાશીનનો પોલકો તેમની નજરે પડયો. નાકનું ટીચકું કરી ગુલબાઈ બોલ્યાં, "આવું એબ લગામણું વાજાંવારા જેવું કાંઈ કરતો ના. આવી વગર અરથની લેસ ને ઝાંઝર લંગર ટાંકીને સામું કપરૂં તમે લોક બગાડોછ." આ સાંભળી પરદાની પછવાડે દીનબાઇ એક નવો પોલકો પહેરી જોવા ભરાયલાં હતાં તેવણ બોલી ઉઠયાં, "જી, એ તો મારો પોલકો છે. મેં આએ નવો પહેરી જોવા હમણાંજ દીલમાંથી કાહરયો."

ગુલબાઇ ત્યાંથી કેમ સટકી ગયાં હશે તે તો કલ્યાણ મોતીને ત્યાં જાય તે જાણે!

---

## બચારો ઈરાની.

મેલાસા મખીચુસને ત્યાં એરામ નામે એક ઈરાની બાવરચી હતો. મેલાસાને કલેજીનો ઘણો શોખ તેથી જ્યારે ત્યારે પોતાને સારૂ બકરાની કલેજીનું પકવાન કરાવતા હતા. એક દીવસે મેલાસાનાં ઘરની મુસલમાની આયા તપેલીમાંથી રાંધેલી કલેજી ખાઇ ગઇ, તે જોઈ એરામ ઈરાનીએ મોટેથી બુમ પાડી મેલાસાનાં ઘણીયાણી રૂડીબાઇને કહ્યું, કે "બાઇજી, બાઇજી, પેલો આયા શેઠની કલેજી ખાઇ ગીઓ."

## એક નીર્દોષ જાહેર ખબર.

અત્રેનાં એકાદ પત્રમાં નીચલી જાહેરખબર આવી છે:—

**જાહેર ખબર**—જે ગ્રહસ્થ મારી વાડીમાંથી ગયા રવીવારે દોધી ચોરી ગયો છે તે જો તેનાં થોડાં બીઆં ટપાલની મારફતે મોકલી આપશે તો ઘણી મેહેરબાની થશે, કેમકે એ દોધીની જાત ઘણી કીમતી છે અને મેં બીઆં છેક ચીન વેરથી મંગાવ્યાં હતાં.

---

## સુરતી ગત.

સુરતથી મેહલાસા મફતીઆ મુંબઈ આવી પોતાના મીત્ર કાવશા કરમદાંને ત્યાં ઉતરયા. કાવશા બચરવાલ હતા અને આ પરોણાના આવ્યાથી ઘણી અગવડ પડતી હતી તોયે બે ચાર દહાડા તો ઘણી મેહમાનદારી કરી. પણ બેહસ્તી મેહલાસા તો નીઠયા નીઠે નહીં.

કાવશા શરમાઉ હતા તેથી ઉઘાડું તો કહેવાયું નહીં એટલે એક રાત્રે પોતાની બાયડી સાથ મસલહત કરી તેવણે પરોણાને કહ્યું, કે "ભાઇ મેહલાસા, અજાબ તમારી બઈરી છોકરાંને તમારા વગર સોહવાતું હશે! તે લોક તમારી કાગડે ડોળે વાટ નહીં જોતાં હશે?"

મેહલાસાએ જવાબ દીધો, "અરે હારે બા, ઘણા દહાડા થયા તેજ મને વીચાર આવતો હતો. હું કાલનો કાલ કાગળ લખી તેઓને અંહી તેડાવી મંગાઉ છ—મને કહેતાં શરમ લાગતી હતી પણ સારૂં થયું કે તમેજ બોલ્યા."

## અખંડ સૌભાગ્યવંતાં !

આવતા અઠવાડીયાંમાં એક લગન થનાર છે જેમાં એક પુરૂષ જેના બેઉ પગ લાકડાંના છે તે એક વીધવા જેણીનો એક હાથ લાકડાંનો અને એક આંખ કાચની છે તેની સાથ પરણનાર છે ! ખોદા એ જોડાંને સલામત રાખે !

---

## ચાકરીનો ઉમેદવાર.

મનચેરજી શેઠે જાહેરખબર છપાવી, કે " અજમીર ખાતે દુકાન ઉપર નોકરી કરવા માટે એક પારસી જોઈયે છે; તેને ખાધા પીધાનું સાથે રૂ. ૪૦નો પગાર આપવામાં આવશે. ઉમેદવારોએ મનચેરજીને તેમણે ઘેર મળવું."

આ જાહેરખબર દાદી ટંપાલના જોવામાં રાતના આવી. તે નાટકમાં જઈ ભારોભાર થયલો હતો તોબી વીકટોરીઆ બોલાવી તેમાં બેસી રાતના એક વાગતે મનચેરજીનાં ઘર આગળ ગયો અને વીકટોરીઆવાળા પાસ ખુબ બારણું ઠોકાવ્યું.

મનચેરજી શેઠે ઓટલા પર આવી આંખો ચોળતાં પુછયું, " કેમ ભાઈ, રાત પડી કાંઈ કામ પડયું !"

દાદીએ વીકટોરીઆમાં બેઠાં બેઠાંજ જવાબ દીધો, " અઅરે એ તો હુંઉંઉં શેઉં. ઝ–ઝ–ઝાયર ખબર વાંશીને–એ–એ–એ આયોશ."

મનચેરજીએ ફફડીને કહ્યું, " ભલા માણસ, આવડી રાતે તમે આયા તે કાંઈ આળસ નહીં આવી ? વારૂં શું કહોછ ?"

" કાંઈ નહીં. એ–એટલુંશ કે— એ શાકરી મને નહીં પરવરે બા—શા–આ–બ–મેરબાન."

## દાંતનાં દરદનો અકસીર ઉપાય!

દાંત જો મણોજ કળતો હોય અને નહીંજ ખમાય તો તે દરદ વીસરાવવાનો અમારી પાસ અકસીર ઉપાય છે. તાતવેલું લોઢું પગનાં તળીઆંને લગાડી રાખવું. જ્યાંસુધી તાતવેલું લોઢું પગને લાગશે ત્યાંસુધી દાંતનું દરદ જણાશે નહીં.

---

## ડાકટરનાં કૌતક.

**ડોસાં**—આ ડાકટર, મરી જાઉં, જરા કપરાં પહેરીને વહેલા મારી સાથ મારે ઘેર આવો તો.

**ડાકટર**—કાંય, કાંય? કોઈ ઘણું અકરાયછ કે?

**ડોસાં**—અરે હારે બાવા, હું ઘણીજ શીક છેઉં, પણ તમને તેરી લાવવા કોઇ આગળ નહીં હતું તેથી હું પોતેજ તેરવા આવી!

---

એદલજી દમણીઆનું ભેજું ગેપ હતું. જ્યારેબી લખવા બેસે ત્યારે તરેહવાર જાતની રમુજી ભુલો કરતા. એક દીવસ તેવણ પોતાની વાહાલી ઉપર કાગજ લખતા હતા. આખું કાગજ લખવા પછી એક તાજે કલમ લખી જેમાં નીચે મુજબ લખ્યું હતું:—

તાજે કલમ—વાહાલી, આ કાગજ જો તને પુગે તો એનો જવાબ લખજે પણ જો નહીં પુગે તો મને લખજે કે કાગજ ગેરવેલે ગયું છે.

## ગરીબ બચારૂં !—કોણ ?

**આવાંબાઈ**—ઓ માયરે ! ઇનજીન કોઇ માણસનાં દીલ પરથી ચાલી જાય તે કેવું ખરાબ !

**દોલી** (ઇનજીન ડ્રાઈવર)—હાસતો, તેથી બચારાં ઇનજીનને એટલો આંચકો આવેછ કે બોલ્યાની વાત નહીં.

---

## બીરબલ ને વીંછુનો ચટકો.

એક દીવસ બાદશાહે એક વીછુંને પકડીને એક પડીકાંમાં બાંધી બારીમાં મુકી રાખ્યો. જ્યારે બીરબલ આવ્યો ત્યારે તેને કહ્યું, “પેલી બારીમાં સેવનું પડીકું છે તે લઈને ખા.” બીરબલે જેવું પડીકું ઉખેડયું કે તરત તેના હાથમાં વીછુંએ ચટકો માર્યો. તે વખતે તો બીરબલ સમજી જઈને ચુપ રહયો, પણ ત્યાર પછી દરરોજ બાદશાહ તેને ચીડવ્યા કરતો કે “કેમ બીરબલ, પેલા બારીમાંની સેવ.” આસરે પંદરેક દીવસ જવા બાદ બીરબલ બાદશાહનાં ગોસલખાનામાં બહારથી ભરાઈ રહયો. જેવો બાદશાહ ગોસલખાને આવ્યો ને બેસવા જાય છે કે બીરબલે તેને એક ટાંચણી ભોકી. બાદશાહ ચમકી ઉઠયો ને કોઇ ચોર હશે એવી બીહીકથી ગોસલ કીધા વગર ઉઠીને ત્યાંથી ચાલી આવ્યો; તેટલુંજ નહીં પણ ચકુનમનો મારયો કોઇ આગળ તે વાત કહી પણ નહીં. જ્યારે દરબાર ભરાઇ અને બાદશાહ તથા બીરબલ આવી બેઠા ત્યારે વખત જોઇ વળી પાછું બાદશાહે બીરબલ તરફ હશીને કહ્યું, “કેમ બીરબલ, પેલી

બાગીમાંની સેવ." તરતજ બીરબલે હાથ જોડી કહ્યું, "કેમ બાદશાહ, પેલો ગોસલમાંનો દેવ."

---

## ધમકીથી કામ નીકળ્યું તો ઠીક, નહીં તો ખેર.

છોકરો—કેમ બાપા, પૈસા નથી આપવા?

બાપ—નહીં.

છોકરો (પીસ્તોલ કાઢી સામે ધરી બોલ્યો)—ઠીક છે ત્યારે—

બાપ (ધભરાઇને)—લુચ્ચા, શું કરવું છે એથી—હેં ?

છોકરો—કરે તે શું, આ પીસ્તોલ વેચીને પૈસા કરીશ.

---

## પૈસા એકાંનો પારો.

પૈસા એકુ પૈસા-લાજ.
પૈસા દુ રાજ-કાજ.
પૈસા તી ધરમ-ધ્યાન.
પૈસા ચોક ગુરૂ-માન.
પૈસા પંચાં ભકતીભાવ.
પૈસા છંગ હાથી-સરપાવ.
પૈસા સત્તાં ભાઈ-ભોંજાઇ.
પૈસા અથ્થાં મેહરબાન ભાઇ.
પૈસા નવવાં નવે કલામ.
પૈસે દાંન લોક કરે સલામ.

## નો માઈ નો, કોઈ કર ગયા ગટ.

એક બાવો હતો તે રોજ ૫દીયાંની ભાંગ પીતો હતો. એક દહાડે ભાંગ તૈયાર કરીને બાવાજી ફાટીતુટી સાદરીના છતર પલંગપર લેતેલા હતા, તેટલાં એક મુફ્તબક્ષ બીન મવળાબક્ષ ભાંગનો વાડકો ગટાવી ગયો. જ્યારે બાવાજી ખુશ નીંદમાંથી બીદાર થયા ત્યારે જોય છે તો ભાંગનું 'લોબાંન' મૂકેલું. માટે તેવણ ગોયા દીવાના થયા અને "નો માઇ નો, કોઇ કર ગયા ગટ" બોલતા બોલતા શહેરમાં ફરવા લાગ્યા. જો કોઇ અચરત થઈ સવાલ પુછે તો જવાબ "નો માઇ નો, કોઇ કર ગયા ગટ" શીવાય હતો નહીં. એમ કરતાં રાજાના મહેલ આગળ આવ્યો તો ચાર સુંદરીઓ મહેલના ઝરૂખાપર બેઠેલી જોઈ, તેથી તુરત પોતાનું "નો માઇ નો, કોઈ કર ગયા ગટ"નું બાગેબુલંદ બોલવું શરૂ કીધું. તે સાંભળીને તે ચાર સુંદરીઓ વીચારવા લાગી, કે 'એનો અર્થ શો?' માટે જે કોઇ એનું દુ:ખ પારખી આપે તે એની સાથે પરણે. તે ઉપરથી એક જણી ઉઠી, તેની આગળ ગઈ, અને પૂછયું, કે "ધાન દાળકા સૂતરા ખાના, ઘઉંકી મેદી ચટ, આપણ દો જણ ખાણા ખાઈંગે, ઓજ મીનોકી ગટ?" દરવીશે કહ્યું, "નો માઈ નો, કોઈ કર ગયા ગટ." બીજી આવી બોલી, "સેજ પલંગકા નરમ બીછાના, ઉપર મેરી છટ, આપણ દો જણ પોઢણ પોઢેંગે, ઓજ મીનોકી ગટ?" પણ ફકીરે તો પોતાનો હંમેશનોજ જવાબ વાળ્યો. ત્રીજીએ કહ્યું, "પાન, સોપારી, એલાયચી, અંદર લવંગ મૂખવાસ, આપણ દો જણ મૂખવાસ કરેંગે, ઓજ મીનોકી ગટ?" દરવીશતો પેલોજ જવાબ આપ્યો.

ચોથી જે ઘણી ચાલાક હતી તે બોલી, "અધેલીકી હીંગ, સવાયાકી ભાંગ, આપણ દો જણુ ગુટ ગુટ પીએંગે ઓજ મીનોકી ગટ?" એ સાંભળી ફકીર બોલ્યો, "સચ માઈ, સચ, ઓજ મીનોકી ગટ." આથી તે સ્ત્રી પોતાના કોલ મૂજબ તેની સાથ પરણી.

---

## એવી તક કયારે આવશે, મારા બાપ.

ગુજરાતમાં આવેલાં એક સંસ્થાનીક ગામમાં એક ન્યાયધીસ થઈ ગયા છે, તેમને કચેરીમાં બેઠાં બેઠાં પણ પોતાની નજદીકમાં ઉભેલાં માણસોને મોંઢેથી હુકમ ન કરતાં, ચીઠી પત્રી લખીને હુકમ કરવાની બહુ ટેવ હતી. એક વેળા એક પાંચ-છ વખત તુરંગમાં જઈ આવેલા ગુનેહધારને તપાસતાં તેવણુ ગુસ્સામાં આવી ગયા અને સામે ઉભેલા કોટવાલને એકાદ નાનાં કાગજના કકડા ઉપર લખી મોકલ્યું કે, "કોટવાલ, એના કાન પકડી ખુબ હીલવી નાંખ." હવે બન્યું એમ કે ચીઠી લખી ગુસ્સામાને ગુસ્સામાં કોટવાલ જે તકસીરવાનની પાસે ઉભો હતો તેની તરફ આંગળી કરી ફરાસને આપી અને પોતે ન્યાયપુસ્તક વાંચવા મંડયા. ફરાસ સમજ્યો નહીં જે ચીઠી કોને માટે છે અને ફરીથી પુછે તો સાહેબ ગુસ્સો કરે એમ સમજીને તે ચીઠી લાગલીજ ચોરને પકડાવી દીધી. આ સાહુકારને વાંચતાં આવડતું હતું તેથી તે વાંચી તેની ખુશીનો શો પાર! ન્યાયધીસ સાહેબ ગુસ્સામાં અને ઉતાવલમાં ચીઠી લખતાં પોતાનાં વાકયમાં 'એ' શબ્દ લખવો ભુલી ગયા હતા. પછી જોઇ લ્યો મજાહ. "કોટવાલના કાન પકડી ખુબ હીલવી નાખ" એવો

હુકમ મળેલો વાંચી 'એવી તક કયારે મળશે, મારા બાપ' કરતોજ દોડીને પેલા ભલા માણસે તો કોટવાલના કાનના હાલ હવાલ કરી નાખ્યા અને પાંચ-દસ સીપાઇ દોડી આવ્યા તોયે કાન છોડે નહીં. છુટા પડતાં ન્યાયધીસના હાથમાં ચીઠી મુકવામાં આવી તો તે વાંચી તેમનું કોડું ભોપ થઈ ગયું. કોઇ કહેશો જે એમાં ભુલ કોણની: ન્યાયધીસ સાહેબની, ફરાસની, કે ચોરની? એમાં ગરીબ બીચારા ચોરનો તો કાંઈ વાંક નથીજ. એ પછી ન્યાયધીસ સાહેબે નાની ચાઠીઓ કોર્ટમાં ફેરવવાનું મુકી દીધું છે.

---

## અક્કલ કોઈના બાપની છે.

બે મુસાફરોએ રાત પડી જવાથી એક ઝાડ નીચે ઉતારો લીધો ને પોતાના ખાવાને વાસ્તે ખીર પકાવી તઈઆર કીધી. તે બંનેમાં એક શખસ વધારે ચાલાક હતો તેણે પોતાના બીજા દોસ્તને કહ્યું, "જો ભાઈ આ પેઆલાં છે તેમાં એક મોટું છે ને એક નાનું છે. તે બંને પેઆલાંઓ ખીરથી ભરીએ ને પછી આપણે સુઇ જઈએ ને જ્યારે આપણે ઉઠીએ ત્યારે આપણ બંનેમાંથી જેણે વધારે મોટો ખુવાબ જોયો હોય તે મોટા પેઆલાંમાંની ખીર ખાય." આ સરત બીજાએ કબુલ રાખીને બંને જણા સુતા. પણ પેલો શખસ જે જરા ભોટ હતો તેણે સુતાં સુતાં વીચાર્યું કે મારો દોસ્ત જરા વધારે ચાલાક છે તેથી જરૂર એ કોઇ મોટી સ્વપનાની વાત પણ જોડી શકશે ને આ ખીર જરૂર ખાઇ જશે, વાસ્તે બેહેતર કે એ સુતોછે તેટલામાં હુંજ પેહેલી એ ખીર ખાઇ

જાઉં પછી વખત આવશે ત્યારે જે જવાબ આપવો ઘટશે તે આપશું. એમ વીચારી પેલા ભોટજીએ ખીરનાં મોટાં ને નાના બંને પેઆલાં પેટમાં હોમાવી દીધાં ને પેટ ઠંડું કરી ઓઢી પોઢીને લેટી ગીઆ. સવારના પેલા ચાલાકજી પેહેલા ઉઠેઆ ને ભોટને ઉઠાડીઓ. પછી ખીર ખાવાની ઉલટમાં પેહેલે ચાલાકે પોતાનો ખુવાબ આ મુજબ કહી સંભળાવ્યો—"જો ભાઇ મને તો એક એવો તો સરસ ને જબરો ઘોડો મલ્યો કે જેવો તેની પીઠ પર હું સવાર થયો કે તરતજ પવનની મીસાલ તે દોડવા લાગો ને એક પલમાં દુનીઆને આ પાર લઈ જતો તો બીજી પલમાં દુનીઆને પેલે પાર લાવી મુકતો. એ પ્રમાણે હું તો દુનીઆના બંને પાર ફરી વલેઓ." ચાલ ભાઇ વેહેલો થા, હવે તારો ખુવાબ કહે. ભોટજીએ કહ્યું, "અરે ભાઈ મારી ખુવાબની વાત કંઈ પુછજ ના. રાતે હું તો સુતેલો હતો તેવામાં એક જબરદસ્ત મોટો દેવ આવીને ઉભો. તેના હાથમાં મોટી ડાંગ હતી તે વતી મને ઉઠાડેઓ ને પેલી ડાંગ મારાં માથાં આગળ ઉંચકીને મને કહયું, બચ્ચા આ ડાંગ જોઇકે? એકજ પડશે તો તારો ખીમો કરી નાખશ, નહી તો આ બધી ખીર એકદમ પીજા. ભાઇ મારાં તો હાંજાં ગગડી ગયાં ને બીહીકનો મારેઓ બધી ખીર ખાઈ ગયો ત્યારે તે દેવ પણ ચાલેઓ ગયો." ચાલાકજી તો આ સાંભળીને ફીકા થઈ ગયા તોપણ પેલા ભોટને જરા ગુસ્સામાં કહ્યું, "પણ ભલા આદમી દેવ આવ્યો તેઆરે મને કાંએ નહી બુમ મારી?" ભોટે જવાબ દીધો, "પણ હું શું જાણું કે તમે દુનીઆને આ પાર છો કે પેલે પાર છો." ભોટજીના ભરતે ચાલાકજી ભુખે મુઆ.

## મોઘો સરકમ.

ઇંગ્લાંડના સર્વેથી જે નામીચા ત્રણ ડાકટરો છે, તેમની દરેકની વર્ષ દહાડે સવા લાખ રૂપ્યાની ઉપજ છે. ડાકટર સર આશલી કુપર એક વર્ષમાં રૂપ્યા બે લાખ કમાયો હતો.

હમણા ઇંગ્લાંડના ત્રણ મોટામાં મોટા ડાકટરો સર વીલીયમ જેનર, સર વીલીયમ ગલ, અને સર એનડ્રુ કલાર્ક છે. ગયા માસમાં એક માતબર બાનુને જોવા માટે તેને નાઇસ ખાતે બોલાવ્યો હતો જ્યાં તે ઘણી આનાકાનીથી ગયો અને ૫૦,૦૦૦ (પચાસ હજાર) રૂપ્યાની ફી મળી! આ ફીનો પાંચમો ભાગ આ ભલા ડાકટરે પોતાની ફી માટે રાખ્યા અને બાકીના વૈદાનાં બે ધર્મખાતાંમાં વહેંચી આપ્યા.

કહે છે કે કેન્ટમાં વસતા એક માતબર શખ્સને સરકમ થયો. ત્યાંના ડાકટરોથી સંતોષ ન પામી તેણે ડાકટર ગલને લંડનથી બોલાવી મંગાવવા ઈચ્છયું. ડાકટર ગલ તેવાર રોકાયલો હોવાથી સર વીલીયમ જેનર આવ્યો અને તેને રાબેતા મુજબ રૂપ્યા ૭૫૦ની ફી મળી. પણ આથીબી સરકમ નરમ ન પડયો તેથી બીમારે એડીનબરોના એક નામાંકીત ડાકટરને બોલાવ્યો જે ચાલી ચલાવીને ૪૦૦ માઇલથી આ દરદીને જોવા આવ્યો. તેણે દર માઇલની એક ગીની એટલે ૪,૦૦૦ રૂપ્યા ફી લીધી. તોબી ફેર નહીં પડયો એટલે આખરે લંડનથી ડાકટર ગલને બોલાવી મંગાવ્યો અને તેને ૪,૦૦૦ રૂપ્યા ફી આપી. આ પ્રમાણે દસ હજાર રૂપ્યાના ખરચે આ સરકમ દરૂસ્ત થયો.

સર વીલીયમ ગલ એક ચકમ ઘરાકની નીચલી વાત

કહે છે:—કહે છે કે આ ઘરાક ઉપર એક 'ઑપરેશન' કરવું પડયું. આ વેળાએ 'કલોરોફોર્મ' આપીને બેસુદ્ધ કરવાની યુક્તી જણાઇ ન હતી. દરદી બહુજ ફફડયો અને ડાકટર ગલને ફી આપવા ના પાડી. ડાકટર ઓરડો છોડી જતો હતો ત્યારે આ ચક્રમ ઘરાકે પોતાની કાનીઆ ટોપી ગુસ્સાથી ડાકટરનાં આંગ ઉપર ફેંકી અને બોલ્યો, "લે આ—બીજી ફી મળશે નહીં."

ડાકટર પોતાની રૂમમાં બેઠો અને ટોપી ઉખેડી જોઈ તો અંદરથી ૨૦૦ પૌંડ યાને ૨,૦૦૦ રૂપ્યાની બેંક-નોટ સીવેલી મળી.

---

## લાજીક.

ભગલો હજામ આતવારે શાપુરજી તારીવાલાનાં બાલ કાપવા બેઠો. બાલ કાતરતાં અકસમાતથી શાપુરજીના ગાલ પર કાતરનો એક જબરો ચપકો મુકાઇ ગયો. આથી શાપુરજીના મીજાજનું પુછવું શું? તેવણે તો સીંહ પેરે છલાંગ મારીને આખી ખેતવારી ગજાવી મુકી ને હજામને કકો ખખો કરવા લાગ્યા. આથી ભગલાનું પાકી આવ્યાથી આસ્તે રહી બોલ્યો, "એમ ચેમ કરો છો, બાપઝી, તમે મને કોઇ દી કેહેલું કે ગાલ પર ચપકો મુકવો નહીં? તમે મુંને એમ કીધું હોત તો જરૂર ચપકો મુકતે ચેમ કરી." આ ફીલસુફીથી તો શાપુરજીને તે વખ્ત એટલો તો ગુસ્સો લાગ્યો પણ કાંઇ બોલ્યા નહીં. જેવો હજામ બાલ કાપી ઉઠ્યો તેવુંજ દીલમાં રૂસતમ પેહેલવાનનું ઝહનુન લાવીને પોતાના નબળા જેવા હાથથી હજામના ગાલ

પર બે ત્રણ સલાપ ખેંચી કાઢી. ગરીબ બીચારો ભગલો! તે તો રડમસ થઇ ગયો અને ગાલ પસવારતો બોલ્યો, "ચેમ બાપઝી, ગરીબ હોજામને ચેમ મારીયો."

આ સવાલના જવાબમાં શાપુરજી હજામનીજ ધપમાં બોલ્યા, "એમ ચેમ કરો છો, બાપઝી, તમે મને કોઈ દી કેહેલું કે ગાલ પર સલાપ મારવી નહીં? તમે મુંને એમ કીધું હોત તો જરૂર ગાલ પર સલાપ મારતે ચેમ કરી."

---

## એક બખીલની વાત.

બે ભાઈ હતા તેમાં એક ભાઇ ઘણો બચરવાલ અને ઘણી ગરીબી હાલતમાં હતો; બીજો ભાઈ ઘણો પૈસાવાળો હતો, તેને એકબી છોકરૂં નહીં હતું અને જાતે ઘણો બખીલ હતો. એક દહાડે નાચાર ભાઇ—ઘણાં છોકરાંવાળો—મરવા પડયો ત્યારે ખાટલે પડયો પડયો પોતાના દોલતવન ભાઇને તેડવા લાગ્યો. ઘણાંબી લોકો તેડવા જાય પણ પેલો બખીલ આવે નહીં કે રખે એ મરી જાય તો એનાં બચ્ચાંને ખવાડવું પડે અને રખે એ કાંઇ માગે. એવા બખીલી વિચારથી પોતાના ભાઈને મરતી વખત મળવા જાય નહીં. જ્યારે બીચારો મરવા જેવો થયો ત્યારે ઘણાં સારાં માણસો બખીલને સમજાવવા ગયાં, કે "તારા ભાઇનો જીવ તારામાં ભરાઇ રહયો છે અને તેનો જીવ જતો નથી," ત્યારે બખીલ સાહેબ ભાઈને મળવા ગયા. મરવા પડેલા બચરવાલ ભાઈએ ઉઠી બખીલને કોટી કીધી અને પોતાની પાસે રૂ. ૧૦૦ હતા તે તકીયા તળેથી કાઢી

બખીલને આપ્યા અને કહ્યું, કે "અરે ભાઈ, ઘણી જેહમત કરી રૂ. ૧૦૦ એકઠા કીધા છે પણ સાથે તો કોઇ આપતું નહીં, હું તો ખાલી હાથે જાઉં છું, તેથી એટલા તું લે અને જ્યારે તું મરે ત્યારે તારા રૂપીઆ સાથે મારાબી લેતો આવજે." હવે બખીલને સમજ પડી કે સાથે તો કોઇ લઇ જતું નથી અને હું શા માટે એટલો બખીલ થાઉં એમ સમજીને ભાઇનાં છોકરાંનું પાલણુ કરવા લાગ્યો.

---

એક વિદ્વાન કહે છે, કે "ઉંઘ લાવવાનો રસ્તો એ છે, કે 'કાંઈબી ચીજનો વિચાર કરવો નહીં'." અમે કહયે છેયે, કે "ના બાપુ—ઉંઘ લાવવાનો રસ્તો એ છે, કે 'વિચાર કરવો, કે ઓ બાપરે, સહવાર પડી'."

---

થોડાક હ્હાડાની વાત ઉપર એક શખ્સે દાદાભાઈ હુંડીની નાટકશાળામાં અરધી કીંમતે દાખલ થવા ઈચ્છયું.

સવાલ પુછયો, "કાંસ ?" જવાબ મળ્યો, કે "મારી એકજ આંખ છે!"

---

## ગધેડાને કેટલા પગ?

બુચો—માયજી, ગધેરાંને કેટલા પગ હોય ?

માયજી—તે તો જેવો ગધેડો! એમ તો તારા પાપાનો બેજ છે!

## હુશીયારી કોઇના બાપની છે?

(પહેલો નમુનો.)

હું એક ગરીબ પેન્શનર છું. ગયા એપ્રીલ માસમાં હું સીલાન ગયો અને ત્યાં બે માસ રહી જુનમાં પાછો આવ્યો. ત્રણ માસનું ચઢી ગયલું પેન્શન લેવા માટે હું 'પે ઑફીસ'માં ગયો ત્યારે ત્યાંના હેડ ક્લાર્ક શેંડયાજી પાન ચાવતા બેઠા હતા. તેવણ આગળ મેં મારી જુન માસમાં હૈયાતીની સરટીફીકેટ રજુ કરી ત્યારે તેવણ અક્કલ દોડાવી બોલ્યા, "તે તો ખરા, જુન મહીનાચ્યા પેન્શન તુમાલા મીલેલ; પરંતુ એપ્રીલ અને મે મહીનાયાંત તુમી જીવતા હોતા તેચ્ચા પુરાવા કાય?"

(બીજો નમુનો.)

શાપુરજી અડગરાના પગ ઉપર સોજો આવ્યો તેથી તેમના મિત્રોએ ભલામણ કરી કે વડની વાદી આગળ એક મુસલમાન ડાક્ટર રહે છે તે દવા આપશે તે વાપરવાથી ચાર દહાડામાં સોજો ઉતરી જશે. અડગરાજી ત્યાં ગયા અને હકીમને પગ દેખાડી લેપ લીધો અને ઘર ગયા. આ પ્રમાણે ત્રણ વાર રોકડા પૈસા આપી લેપ લઇ ગયા પણ ફેર તો કાંઇ જણાયો નહીં અને સામું પેટમાં દુખવા લાગ્યું તેથી છેડાઇને હકીમ પાસે આવીને ફર્યાદ કરવા લાગ્યા, "હકીમ સાહેબ, આએ શું? તમારી દવાથી કાંઈ ફેર જણાતો નથી. મને તો લાગેછ કે એ બધા ઢોંગ છે."

હકીમે જવાબ દીધો, "હું નાચાર છું, સાહેબ, આ લેપથી

ફાયદો નહીં થયલો મારી જીંદગીમાં મેં આ પહેલીજ વાર જોયો છે."

"એમ છે?" શાપુરજીએ તાપસી પુરી, "તારે તો એક બીજી શીશી આપો; પણ જો આ વખત પીતાં ફાયદો નહીં થશે તો તમારૂં કીધું તમે જાણવું!"

શાપુરજીનાં પેટમાં દુખવાનો સબબ હવે હકીમજીને સમજ પડી ગયો. પગે લગાડવાના લેપના ત્રણ ચપ્પુ શાપુરજી પીથી ગયા હતા!

## કલ્બનું ભરકણ.

બાવા કલ્બમાં ગયલા છે તેથી માય ખભરેલાં છે અને બુચાને ખુબ ધમકાવે છે. ઘણોવાર તો બુચાએ સાંભળ્યા કીધું, પછી નહીં ખમાયું તેથી બોલી ઉઠયો, "મમા, કેટલી ટકટક કરોછ? પછી પપા કલ્બમાંથી અબ્વારા આવશે તેવણુને ધમકાવવા કાંઇ રહેવા દેઓની!"

## ડાકટરોનાં સંકટ.

"ડાકટર, તમેબી બડા હમ્બગ છેઓ. કાલે તમે બેરામજીને કહ્યું, કે 'તે આઠ દહાડામાં ધીમેધીમે બહાર નીકળી શકશે' અને આજે તો તે બચારો ગુજરી ગયો."

"બાવા," ડાકટરે જવાબ દીધો, "વળી ગેઆંન કરતાં તે વધારે આસ્તે સવારી શાપર કરશે? જુઓ તે ધીમેધીમે બહાર નીકળ્યો કેની!"

## તેરીબી ચુપ ને મેરીબી ચુપ.

કાલબાદેવી ઉપર આવેલા એક કપડીયાની દુકાને 'ક્લીયરન્સ સેલ' હતું. તે દહાડે સાંજનાં એક એસ્કીબાઈ ત્યાં આવી અને પાંચ-પંદર કોરનાં બંડલ કઢાવી કાંઈબી પસંદ નહીં આવ્યાથી ખરીદ કીધા વના ચાલી ગઈ. જતી વેળા દુકાનદારના જોવામાં આવ્યું, કે બાઈ હળવેથી એક કોરનું બંડલ તફડાવી પોતાની સાડીમાં સંતાડીને લઈ ગઇ. તે વખત તો તે કાંઈ બોલ્યો નહીં પણ બાઈ જેવી ઘર પોંહોચી તેવીજ તેણીના હાથમાં એક ચીઠી અને બંડલ એક માણસે લાવી મુક્યાં. આ ચીઠી નીચે પ્રમાણે લખેલી હતી:—

"બાઈ સાહેબ,

તમો જે સાડીની કોર પસંદ કરી લઈ ગયાં તે ફક્ત નવ ગજ છે, અને તમારી સાડીને પુરી પડશે નહીં તેથી તેજ તરાંહનો બાકીનો કટકો મોકલ્યો છે તે લેજોજી. નહીં પસંદ હોય તો આ માણસને બેઉ કટકા પાછા આપવાની મેહરબાની કરજો."

બાઇ ચમક્યાં તે લાગલાં બેઉ કટકાના રૂપ્યા ચીઠી લાવનારને ચુકવી આપ્યા!

---

## લાગી સરત.

ઉદવાડામાં બે મોબેદો વચ્ચે સરત લાગી. આમાંથી એક મોબેદ ઘણાં બટકાં પાળતો હતો, જે માટે તેની મશ્કરી કરવામાં આવી ત્યારે તેણે સરત મારી કે એક ખાનાં ઉપર દસ બટકાં ખાઈ જાઉં. તેણે શું કીધું તે જુઓ—તેણે એક બટક

કાપ્યું અને તેને રાંધી તેના ઝીણા કકડા કરી બાકીનાં નવ બટક આગળ નાખ્યા. અલબતે પા કલાકમાં તો તે પસાર થઈ ગયા. આ પછી બીજું કાપ્યું ને આઠને ખાવા નાખ્યું. આમ કરતે છેલ્લું એક બટક બાકી રહી ગયું. આ છેલ્લું બટક જોકે ખાઈને માતેલું બન્યું હતું તોએ બાદશાજીએ તેને સહેલાઈથી નોશ કરી દીધું. આ સરતનો હજુ ચુકાદો થયો નથી.

---

## ગળેપડુ માજીસ્ત્રેટ.

સોરાબજી સીકંદર એક દહાડે પાલણજીનાં હાટલમાં ભપકામાં જમી આવ્યા અને ફી આપતા તો ડોસા થયા, પણ સાથે જતી વેળા મજવાંમાં છરી અને કાંટા ચપડાવી ગયા. જ્યારે તેમને માજીસ્ત્રેટ આગળ ઉભા કીધા ત્યારે માજીસ્ત્રેટે ડોળા કાઢી પુછયું, “ એ બદમાસ, તુંને શરમ નહીં આવી કે મફતનું ખાઈને જતો રહ્યો ? ગયો તો ગયો પણ સાથે વળી ચમચા અને કાંટાબી તફડાવી ગયો!”

સીકંદરે આસ્માન તરફ ડોળા ચઢાવી ઉત્તર દીધો, “ સાહેબ, ખોદા સાહેદ છે, કે આ કાંટા અને ચમચા લઇ જવામાં મારી મતલબ ઘણી પવિત્ર હતી !”

“ પવિત્ર !—તે કેમ ?”

“ સાહેબ, મારાં દીલમાં હતું કે એ કાંટા અને ચમચા મારવાડીને ત્યાં મુકી આએ હાટલમાં ખાધું તેના પૈસા ભરી દેઉં કે જેથી બચારા હાટલવાળાને નુકશાન નહીં થાય !”

## ઉદ્યોગી મધમાખ.

**દુકાનનો ધણી**—ચાલ જમસુ, દુકાનમાં તુંને શીખાઉ દાખલ રાખવાને ત્રણ મહીના થયા. તું બધી જાતનું કામ જોઈ વળ્યો છે. મારે હવે તુંને એકાદ ખાતું સોંપવું છે.

**શીખાઉ**—ધણી મેહરબાની, સાહેબ.

**દુકાનનો ધણી**—ચાલ બોલ, ત્યારે તુને શું કામ પસંદ છે? જે કામ તુંને ગમશે તે તુંને સોંપસ.

**શીખાઉ**—વારૂ સાહેબ, ત્યારે મને દુકાન બંધ કરવાનું કામ આપો, સાહેબ!

---

સોરાબજી સીકંદરે ગયાં અઠવાડીયાંમાં પોલીસમાં દંડ આપતાં ખોટો રૂપ્યો ધકેલી દીધો.

એક મિત્રે સવાલ કીધો, "કાંય?"

જવાબ મળ્યો, કે "એમાં શું? ઈનસાફ દેવી આંધળી છે."

---

ધનજીને કોઈએ પુછ્યું, કે "તું વાંચવા સારૂ એકાદ ન્યુસપેપર કાંય લેતો નથી?" ધનજીએ જવાબ દીધો, "ઇએ! મારા બાપ એક આખ્ખો મારીએ ભરીને નુહપેપરનાં કાગરીઆં મુકી ગયલા તેમાંનાં હજી બે ચારબી વાંચેચાં નથી ને વરી બીજાં લઇને હું અચાર ભરૂં?"

## કાંઈ નહીં, ખોટી થઈશું.

કોઈ કોઈ લોક ભારી એંટાલ આવે છે. એકવાર મારી ઑફીસમાં એક ટચાક જેવો ફરંગી આવ્યો અને કહેવા લાગ્યો, કે "એડીટરને મળવું છે." મેં ઉત્તર દીધો, કે "એડીટર નથી." ફરંગીબા આથી સમજ્યા નહીં અને જીદ કરવા લાગ્યા. આખરે તેવણ બોલ્યા, "ઠીક છે—હું ખોટી થઈશ. પણ એડીટરને મળવા વગર મારે જવું નથી."

આ કાળા સાહેબને સેવકે ખુરશી આપી માન અકરામથી બેસાડયા. પા કલાક થયો, અર્ધો કલાક થયો, અને સીનોર સાહેબ તો ખુરશી ઉપર અકડવકડ કરવા લાગયા. કલાકેક થયા પછી અકળાઇને ઉઠયા અને મને પુછયું, "પણ તમને કાંઈ ખબર છે કે નહીં કે એડીટર ક્યારે આવશે?"

"નહીં સાહેબ, બરાબર ખબર નથી," મેં જવાબ આપ્યો.

"પણ આસરે—સુમારે—ક્યારે આવશે?"

જાણે હું વિચાર કરતો હોઉં તેમ મેં મારાં માથાં ઉપર હાથ મુક્યો અને બોલ્યો, "જાણે સાહેબ ગયા શનીવારે રાતની ટ્રેનમાં ઉપડયા તે ચાર દહાડે સીમલે પુગશે—ત્યાં પંદરેક દહાડા રહેશે—અને ચાર દહાડા પાછું આવતાં થશે—એટલે હું ધારૂં છું કે આજથી ૧૯મે દહાડે અહીં આવી પોહોંચવા જોઈયે!"

સીનોર સાહેબનું કોહું ભોપ!

## છાંટા-પાણાના મોહોકાણ.

અરે ભાઈ, મારી વાત માને તો પારકાં ઘેરમાં જાય ત્યાં થોડો દારૂ પીજે, નહીં તો મારા જેવો રકાસ થશે.

મારા દોસ્ત ખરશેદજી ખેંગટને ત્યાં તેવણના છોકરાનું પહેલું વરસ હતું તેથી તમારા સેવકને ઘણી ઓંહોસ કરી ઈજન કીધું એટલે જવાની ફરજ પડી, અને તે વિષે ધણીયાણીને ચેતાવી આપણે ઉતરી પડયા. ખરશેદજીનું આખ્ખું કુટુંબ 'ટી-ટોટલર' હતું એટલે એક વરસનો બુચોબ્બી બે ચમચી 'બબો' ચાટયા વગર સુવે નહીં, અને સારૂં રડું હોય ત્યારે તેવણને ત્યાં ખાણાંમાં દારૂનો ખર્ચ વધારે થતો હતો. આપણે તો બે ગ્લાસથી વધારે લીધો હોય તો દુન્યા ફરતી દેખાય. ટેબલ મંડાઇ અને બહારના તો ફકત ત્રણ પુરૂષો અમો હતા, બાકીનાં સર્વે ઘેરનાં સગાંવહાલાં હતાં. સ્ત્રી પુરૂષો સાથે એકજ ટેબલપર જમવા બેઠાં. મારી પાસે મોબેદ જમશેદદારૂ ગગરાટ બેઠા અને બરાબર સામે ફાંકડી શીરીન તે ખરશેદજીની સગી બેઠી હતી. ગગરાટદારૂએ હાથમાં બાટલી લીધી અને પોતે લઈને મને પણ પોતાના હાથે નામવા લાગ્યા. હવે આપણે 'થોડો-ઘણો' કરયે તો સામેનાં બઈરાંમાં હસી થાય એવી ધાસ્તીથી ગુપચુપ જોયા કીધું.

પહેલી સલામતી દાદાર હોરમઝદની લેવાઇ—બીજી સલામતી જરથોસ્તી ફીરકાની લેવાઇ એટલે મારૂં ટંબ્લર ખાલી થયું કે તરત દસ્તુરજીએ તો લાગલું બીજું પોણું ટંબ્લર ભરી નાખ્યું. ત્રીજી સલામતી લેવાઇ એટલે આપણે તો ચકચુર ને બલા દુર— શરમને લીધે બીજી અર્ધો દજન સલામતી લીધા બાદ ટેબલ ઉઠી

એટલે આપણેબી ઉઠવા માંડયું, પણ પગ તો બોજો ઉંચકવા આનાકાની કરે; દીલમાં ધારસ્તી રાખી જેમ તેમ ઉઠયા અને ખુબ તરેહથી આઈસ-સોડા પીને મારા દોસ્ત ખરશેદજી પાસેથી રજા ચાહી. તેવણ તો વધુ ખોટી કરવાની મતલબથી સામી ઓંહોસ કરવા લાગ્યા, પણ આપણે જાણ્યું કે ખોટી થઇશું તો ફેસ્તો થશે તેથી જીવને ગમતું નથી એવું બાહનું કાઢી ત્રણ વરસનાં બચ્ચાંની પેઠે દાદરપરથી ઉતરીને જેમ તેમ ગાડીમાં બેઠા અને ઘેર આવ્યા. દસ વાગી ગયલા હતા એટલે બાકુતો સુઇ ગયલાં અને ધણીયાણી તો આપણા ગયા પછીનાં બાંયતળીયે આવેલાં. તેવણે મારાં પગલાં સમજીને ખંખાર મારીને ચેતવણીની 'સીગ્નલ' કીધી તેથી ગુરા તો પુરા અકડી ગયા. દાદર તો હિમાલય પર્વત કરતાં ઉંચો દેખાય તોપણ એક હાથે કટેરો અને બીજે હાથે દોરડું પકડીને ઉપર ગયા; ઓરડાના દરવાજા આગળની ખુરશી ઉપર બેસી કપડાં કાઢીને જેમ તેમ વકટ-લેન કરતા ધોલ્યા આગળ ગયા.

જોરીમાં બુચો ઉજરડાંથી સુવે નહીં તેથી દીવો તો હંમેશની પેઠે ઘણો ધીમો બળતો હતો. આપણે તો સહીસલામત ઘેર આવ્યા તે માટે ધોલ્યાપર બેસી સુકરાના કરીને અરેટાવા જતા હતા તેટલાં હાથને બુચાની ઓઢવાની સાડી લાગી. જરા હાથ લંબાવતાં બુચાનું બદન હાથને ટાઢું ટાઢું લાગ્યું. મેં વિચાર કીધો કે જ્યાં છે ત્યાં બુચાને ધોલ્યાપર સુવાડીને એની માય નીચે ઉતરી હશે. બુચો જાગે તો નીચે લઇ જવાની મોટી ફીકરથી 'સારીમાં લપેટાયલા' બુચાને આસ્તે રહીને હાથ હીલવ્યા વગર અંધારી જોરીમાં મુકયો.

કેફમાં ને કેફમાં અર્ધો કલાક હીંચ તાણ્યા પછી હું સુઈ ગયો-પણ સુવા જતાં ઘોલ્યાપર કાંઇ ભીનું ભીનું લાગ્યું એટલે આપણે સમજ્યા કે બચ્ચું છે,એ તો હોય!

સવારનાં ઘણીયાણીએ નીચેનાં કોકટડોસાંને સોજ્જુ કરવા મોકલ્યાં ને આપણે તો કેફમાં મુવેલા જેવા પડેલા. ડોસાં ઝારૂ કાઢતાં ઘોલ્યા નજદીક આવ્યાં અને મારાં કપડાં લોહીથી ખરડાયલાં જોઈ મને હાંક મારી. પણ પાછો જવાબ નહીં મળ્યાથી બીજાં ભાડુતોને ને ઘેરવાળાંને લઈને ઉપર આવ્યાં. મને ખુબ હીલવીને ઉઠાડયો એટલે આપણે અર્ધી ઉંઘમાંથી ઉઠયા. ઘેરવાળાં પુછવા લાગ્યાં, કે “બા, તમને એટલું લોહી ક્યાંથી નીકળેછ? બધાં કપડાં ખરાબ થયાંછ.” મેં આંખ ચોળતાં ચોળતાં જવાબ આપ્યો, કે “એ તો સતે બુચાએ ઘોલ્યો ભીંજવ્યો તેને મેં ઉંચકીને જોરીમાં પોઢાવ્યો અને અર્ધો કલાક હીંચ તાણ્યા પછી હું સુતો.” આ સાંભળી કોકટડોસાં બોલી ઉઠયાં, કે “બુચાને તો સાંઝનો એની માય આગળ જોરીમાં નીચે સુવાડેલો છે, એ તમેબી એમ શું કરોછ, બા?” હવે આપણે સાવધ થઈ કુરતણી ઉંચકીને જોરીમાં જોયું તો બુચાને બદલે એક અધમુવો બીલાડો સારીમાં વીંટળાઈને લોહી-લુવાણ પડેલો! પછી જોઇ લો મારી આબરૂ! સઘળાં લોક પેટ પકડીને હસવા લાગ્યાં, અને મેં તો ચીઢમાં ને ચીઢમાં બીલાડાને બહાર પટકી નાખ્યો. તેટલાંમાં ઘેરવાળાંનો નાનો છોકરો બેલુ બોલી ઉઠયો, કે “એ બીલાડાને તો પાસેનાં છાપરાંપર અંગ્રેજના છોકરાઓએ મોટો પથ્થર મારેલો, પછી દેખાયો નહીં એટલે અંહીયાં ભરાયો હશે.” ત્યારે

મેં પાસેનાં છાપરાં આગળની બારી ઉઘાડી પડેલી જોઈ ખાતરી કીધી, કે એ નામદાર જખમી થવાથી બારીવાટેથી આવીને સારીમાં વીંટળાઇ ધોલ્યાપર સુતેલા અને મેં કેફમાં બુચો જાણી જેરીમાં સુવાડયો અને ફોકત અર્ધો કલાક હીંચ તાણી!

---

## ડુબેલાને બચાવવાના સોળ કાયદા.

એક મુસલમાન અકસ્માતથી પાલવા બંદર ઉપર ઉભેલો દરીયામાં પડી ગયો. જ્યારે તેને કેટલાક ખલાસીઓએ કાઢીને બહાર લાવી સુવાડયો ત્યારે એક ડાકટરપણું શીખતો વિદ્યાર્થી ત્યાં ઉભો હતો. આ શીખાઉ ડાક્ટર સાહેબની મદદને ખાતર સઘળા ખસી ગયા. વિદ્યાર્થી બોચી ખજવારવા લાગ્યો, જે જોઈ એક તમાસગીરે પૂછ્યું, "કેમ, એને સાવધ કરોની વીચ્યારમાં કેમ પડયા છો?"

મેડીકલ કાલેજના વિદ્યાર્થીએ ઉત્તર દીધો, "ડુબેલાં માણસને સાવધ કરવા સારૂ સોળ ચીજ કરવી જોઈયે—તે મારે મોઢે છે રે, પણ પહેલી કઈ તે જરા ભુલી ગયોછ."

આ ટાંકણે ડુબેલા મુસલમાને આંખ ઉઘાડી અને ધીમે સાદે બોલ્યો, "શેઠ સાહેબ, એ સોળા ચીઝોમેં દારૂ ખીલાનેકા હય કે નહીં હય?"

વિદ્યાર્થીએ કહ્યું, "હા—હયે."

ડુબેલાએ કહ્યું, "યા અલ્લાહ! જબ તો ઓઈ ચીઝ કર દો, ઓર બાકીકી પંદરા છોડ દો."

## ખરો ઘરડો તે આ.

હંગરીમાં એક પુરૂષ—બાવાજીનો બુચો—હાલ ૧૩૦ વર્ષની ઉમ્મરનો છે, તે સારી તંદરોસ્તીમાં છે અને પોતાની પૂર અક્કલ હુશીયારીમાં છે. જે ગામમાં તે વસે છે તે ગામનાં લોક તેને મફત ખાનું પુરૂં પાડે છે. તેના થોડાક દાંત હજી બાકી છે. તે ઉતાવળે ચાલી શકે છે. તે દહાડામાં એકજ વાર ખાય છે અને કોઇ દહાડેબી આજારી પડયો હોય એવું તેને યાદ નથી. તે કોઇવારબી પરણ્યો નથી; ખરેખાત એની લાંબી જીંદગીનું છુપું કારણ એજ હશે!

---

## તાનસેન!

એક દીવસે એક બાદશાહની દરબારમાં એક નામીચા ગવૈયાએ હાજર થઈને નમનતાઇ સાથે અરજ કીધી, કે "નામદાર બાદશાહ, જે ગાયણના હુન્નરની ખુબીનો પીછાણનાર છે તેણે તેનું ગાયણ સાંભળીને તેને ઈનસાફ આપવો."

ગવૈયો મોટો ઉસ્તાદ હતો અને બીજા ઘણા બાદશાહોની દરબારોમાંથી મોટાં ઇનામો મેળવ્યાં હતાં; અને બાદશાહ તો એવો અપટ હતો કે એક રાગથી બીજો રાગ પારખી નહીં જાણતો હતો, તો એવાં ઉમદાં ગાયણની ખુબી તો ક્યાંથીજ પીછાણી શકે. તોપણ ગવૈયાના વખાણના બોલોથી ખુશી થઇ ગયો એટલે તુરત હા કહ્યું.

બાદશાહનો એક વજીર ઘણો હુશીયાર હતો તેણે જોયું કે

બાદશાહની અક્કલની ખાંમી રખે પેલો ચાલાક ઉસ્તાદ પામી જાય માટે જેમ દરેક બાતમાં તે બાદશાહને પોતાની મરજી પ્રમાણે દોરવતો હતો તેમજ આએ વખતે પણ તેને શીખવી રાખ્યું, કે "બાદશાહ સલામત, જબ મીજલસમેં ગવૈયા ગાના શરૂ કરે કે આપ ફકત ખુશ દેલસે બએઠ કર સુનતે રહેના, ઔર ઉસકુ કુછ ફરમાના નહીં, મગર આધી રાત ગુજરનેકે બાદ આપ મેરે ઉપર ખ્યાલ રખના, ઔર મએ જબ મેરે કાનકે ઉપર હાથ રખુંગા તબ આપ ગવૈયેકુ ફરમા દેના કે 'કાનડા ગાઓ'." બાદશાહે જવાબ દીધો, "ઠીક હએ." જ્યારે ગવૈયાએ ગાવા માડયું ત્યારે જાણે કેટલુંએક સમજતો હોય તે પ્રમાણે બામખા હસતું મોઢું રાખીને મુંડી હીલાવ્યા કીધી.

એટલું શીખવી રાખ્યા પછી બાદશાહ કશી ભુલ કરશે નહીં એવા ભરોસાથી વજીર બેફીકર બેસીને ગાયણ સાંભળ્યા કરતો હતો, તેવામાં એકાએક તેનાં નાક ઉપર કીડ લાગી આવી જેથી તે બેધ્યાંનપણે પોતાનું નાક ઘવડવા લાગ્યો.

બાર વાગવાનો અમલ પણ થઇ ગયો હતો, અને બાદશાહ જેની નજર વજીરની ઉપરજ હતી તેણે ધારયું, કે "એ પેલીજ ઇશારત છે. પણ વજીરની મતલબ 'કાન'ને બદલે 'નાક' શબ્દ કહેવાડવાની છે" એમ વીચારીને તુરત પેલો ગવૈયો જે ઘણો ઉલટમાં આવીને ગાતો હતો તેને એકદમ અટકાવીને હુકમ કીધો, કે "નાકડા ગાઓ."

ગરીબ બીચારો ગવૈયો! રખે બાદશાહ જરાબી ખાંમી કાઢે એવી બીહીકથી જેમ બને તેમ હોશીયારીથી ગાતો હતો, તે

પહેલાં તો થોડોક વાર બાદશાહનું કોઠુંજ જોવા લાગ્યો; પણ જ્યારે તેને સમજ પડી કે કેવા એક ગાયણના ખાં આગળ તેણે પોતાનો વખત ફોકટ ગુમાવ્યો છે ત્યારે તેને એટલી તો નાસીપાસી લાગી કે પોતાની મહેનતના બદલાની કશી માગણી વટીક કીધા વગર બાદશાહને સલામ કરીને તુરત ત્યાંથી ચાલતો થયો.

---

## બારોભાર.

નશરવાનજી એક દહાડે બપોરના બારોભાર થઇને ઘેર આવ્યા અને ચાહ માગી. તેવણનાં ધણીઆણીએ ચાહ કરીને આપી જે પીતાં મોંહોડું મટમટાવીને નશરવાનજી બોલ્યા, "એ —ખટલી! આ—આ—જે શય એવી ખરા—આ—આ—બ કેમ લાગેશ?"

ખટલી છણકો કરી બોલી, "વળી ખરાબ શાને લાગતી'તી. ચાહ તો બરાબર છે પણ તમારૂં મોહોડું બગરી ગયલું હોશે. મુઆ મુગા જઈને મોંહોડાંને કોગરો કરી આવો."

આ પછી નશરવાનજી ચાહ તો પી ગયા પણ પછી ખાલી પીઆલાંમાં તળીયે કંઇ પડેલું જોઇ અચરતીથી બોલ્યા, "ઓ! તારે આએ શું?"

ખરશેદબાઇ પણ પીઆલાંમાં જોઇને બોલ્યાં, "મરેરે એએ! સહવારના બોરતીઆં ધોઇને ગામઠી સાબુ કેથે મુકઈ ગીઓતો તે મુવાને આખ્ખે ઘેરે શોધ્યો તે કેથો મુવો પીઆલાંમાં મુકાઇ ગયલો."

## મર્દાને મર્દ.

બચારા કાવશજીની ફ્લાંટ બાયડી તેવણને બહુજ દાબમાં રાખે. ઘરમાં એક નોકરના જેટલુંબી કાવશજીનું ચલણ નહીં હતું. એક દહાડે એક હસ્મુખો દોસ્ત મળવા આવ્યો, તેણે સઘળો રાહધાટ જોઈ કાવશજીની મશ્કરી કરી. રાતના નવેક વાગતે ધણીયાણી પોઢવા ગયાં એટલે કાવશજીને એકદમ શુર છુટ્યું અને પોતાના મિત્ર આગળ ડીંગ મારવા લાગ્યા, કે "બસ, હવે મારાં ઘરનો રાજા હું પોતે થવાનો. હું જાણું કે હશે—ચાલશે—પણ આએ તો હાથ આપતાં પહોંચો લઈ લેછ. બસ હવે મારાં ઘરનો રાજા હું."

આમ બોલી કાવશજી ઘરખચમાં કબટ ઉઘાડી બ્રાંડીની બાટલી લેવા જાય છે તેવામાં ધણીયાંણી જેવણે બહાર ઉભાં રહી સઘળું ચીમાઇને સાંભળ્યું હતું તેવણ બારણું ઉઘાડી અંદર આવ્યાં અને ડોળા કાઢી બોલ્યાં, "રાજા સાહેબ, ચાલો અતરઘડી સુવા." ! ! !

---

**છોકરીનો બાપ**—તમને ખબર તો છે નહીં, કે મારી છોકરીને રીતમાં ૪૦,૦૦૦ રૂપ્યા મળવાના છે?

**જમાઈ થવાને ઉમેદવાર**—હાજી.

**સસરાજી**—ને તમારી પાસે તો એક દોઢયું નથી તેનું કેમ?

**જમાઈ**—વાહ સાહેબ, આમ શું બોલોછ? શું ૪૦,૦૦૦ રૂપ્યા એ જણને થોડા છે?

## એમજ હશે.

એક બુઢી ડોસી ખાલીપીલી ટકટક કરયા કરે. એકવાર એક પાયદસ્ત જતી હતી તે જોઈ ડોસીએ એક ઘરડા ગામડીયા પારસીને મોટે સાદે પુછ્યું, "બા, એ કોણ ગુજએરૂં?" ગામડીયા ડોસાએ જવાબ દીધો, "તે તો કોણ જાણે—એ ગેઆનમાં જે હુતેલા તેજ ગુજએરા ઓહે તો!"

---

## પરિક્ષા.

**માસ્તર**—ચાલો છોકરાઓ, જાનવર બે જાતનાં હોય છે—ચારપગાં અને બેપગાં. ચારપગાંને ચાર પગ હોય છે, જેવાં કે ગાય, ઘોડો, બકરો, ઈત્યાદિ. બેપગાં એટલે જે બે પગવાળાં, જેમકે કાગડો, જેમકે હું, જેમકે તમે બધા, બેપગાં કહેવાય. ચાલો હવે, હું પરખાવી જોઉં—"રૂસતમ, હું કોણ?"

**રૂસતમ** (વિચાર કરીને)—કાગડા, સાહેબ!

---

**બાપ**—રૂસતમ, તારા ક્લાસમાં સર્વેથી આળસુ કોણ છે?

**રૂસતમ**—કોણ જાણે!

**બાપ**—કોણ જાણે શું? તું નહીં જાણે તો બીજું કોણ જાણે? જ્યારે બધા છોકરાઓ પોતાનું લેસન કરે અને ભણે ત્યારે એક જણ બેસીને આળસુની પેઠે સૌની ગમ જોયા કરે તે કોણ? (અલબત્તાં બાપની મરજી રૂસતમને દમ ભરાવવાની હતી.)

**રૂસતમ**—તે તો અમારો માસ્તર, પપા!

## રાજાના બે અર્થ થાય છે.

સુલતાન ઓસ્માનના એક બાગબાંને એકવાર એવું તે. નાદર કોબીજ ઉગાડયું કે સુલતાને ખુશીમાં આવી જઇ તેને સાઈપ્રસનો વાઈસરાય બનાવ્યો!

ઈંગ્લાંડના રાજા ૮મા હેનરીને એક બબરચીએ એકવાર ભૂંડનું ડોકું ખૂબ લેહઝતદાર પકાવીને ખવાડયું, તેથી ખુશી થઈ તેને 'નાઈટહુડ' બખશવામાં આવ્યો.

જેમ્સ પહેલો હંમેશ ખૂબસુરત પુરૂષોને પોતાના સલાહકાર અને માનિતા દાખલ રાખતો હતો. જ્યૉર્જ વીલીયર્સને એક સાધારણ માણુસ પરથી મોટો ઉમરાવ બનાવી દેવાનો સબબ એજ કે તે બહુ છટાવાળો હતો.

ફ્રાંન્સનો રાજા લુઇ ૧૪મો બીલીયર્ડનો મોટો ઉસ્તાદ હતો તેને હફાવનાર એકજ ધણી હતો જેનું નામ ડી શામીલાર્ટ હતું. આ ધણીએ એક વાર રાજાને હરાવ્યો તેના બદલામાં તેને ફ્રાંન્સનો વડો પ્રધાન કીધો.

રાણી ઇલીઝાબેથે ક્રીસ્ટોફર હાટનને આગળ વધાર્યો, તેનું કારણુ એ હતું કે તે ફક્કડ નાચનારો હતો.

કાર્ડીનલ ડે મોન્ટે જ્યારે પોપ થયો ત્યારે તેણે પોતાના હજુરિયા નોકરને કાર્ડીનલ બનાવી દીધો, તે એટલાજ માટે કે શેઠના એક લાડકા વાંદરા ઉપર આ નોકર બહુ પ્રિત રાખતો હતો.

## ખરી મહોબત!

સોરાબ અને શીરીન દરીયે કિનારે ચાંદરણી રાતના એકેકનાં ખભાં પર ડોકાં નાખીને ફરે છે, અને બેઉ જણ ખરા પ્યારમાં લપટાયલાં દીસે છે. શીરીન બોલી, "વહાલા સોરાબ, જો તારો પ્યાર મારા ઉપરથી ઓછો થાય તો હું શું કરૂં તેનો તુંને કાંઈ ખ્યાલબી છે?"

**સોરાબ**—શું કરે, વહાલી, કુવો પુરે?

**શીરીન**—નહીં!

**સોરાબ**—ત્યારે શું ઝેહેર ખાય?

**શીરીન**—નહીં!

**સોરાબ**—ત્યારે શું કરે? બોલની—હું તો જાણું.

**શીરીન**—મેટ્રીમોનિયલ કોર્ટમાં પગાર બંધાવી આપવાની ફર્યાદી માડું!

---

માણસ જાત પાંચ મિનીટ સાંભળવા કરતાં આખ્ખો દહાડો જીભ હલાવવાનું વધારે પસંદ કરે છે, તે છતાં ઇશ્વરે બે કાન સાથે એકજ જીભ શા માટે આપી હશે?

---

કોઈ માણસને કહેશો કે તારૂં અંગ પથ્થર જેવું છે તો તે ખુશી થશે પણ જો તમે તેને એમ કહેશો કે તારૂં માથું પથ્થર જેવું છે તો તેનો જીવ જશે! એમ શા માટે હશે વારૂ?

## સોરાબજી સીકંદરની ઉમ્મર.

**માજીસ્ટ્રેટ**—સોરાબજી, તારી ઉમ્મર શું ?

**સોરાબજી**—પાંત્રીસ, મુરબ્બી સાહેબ.

**માજીસ્ટ્રેટ**—હરામઝાદા, આઓ કોર્ટમાં આજે પાંચ વરસ થયાં તું આવેછ અને ત્યારથી એની એજ ઉમ્મર લખાવેછ! તું જુઠો છે.

**સોરાબજી**—નહીં સાહેબ, હું કંઈ એવો રેંજીપેંજી નથી કે ઘડીમાં એક ઉમ્મર લખાઉં ને ઘડીમાં બીજી. જે છે તેજ છે, સાહેબ!

---

જ્યારે તમે એક પુરૂષને ગજવામાંથી ઘડિયાળ કાઢીને વખત જોઈ પાછું ગજવામાં મુકતાં જુઓ ત્યારે તેને ' ટાઈમ ' પુછજો. દસમાંથી નવ જણ પાછું ઘડિયાળ કાઢી જોઈને તમને જવાબ આપશે. આ અખતરો અજમાવા જોગ છે.

---

**ડોસાં**—ગેઆટ, મરી જાઉં, ગેઆટ.

**રેલ્વે ગાર્ડ**—કેમ ડોસાં, કાંઈ ફરમાસ?

**ડોસાં**—મરી જાઉં, જરા ગારી આસતે હાંકજો, હું કે; મારી સાથે ટોપલીમાં ચાર ડજન ઈંડાં છે. નહીં તો તે બધાં ડોદરાઈ જશે!

## આળસુનો પાદશાહ.

માસ્તરે જાહેર કીધું કે જે કોઇ છોકરો આળસાઇ ઉપર સર્વેથી સરસ નિબંધ લખી આપશે તેને એક નાદર કેતાબ ઈનામમાં મળશે. સઘળા છોકરાઓએ નિબંધ લખીને આપ્યા તેમાં નાના રૂસતમે ફક્ત કોરાં કાગળોજ કાંઈબી લખવા વગર આપ્યાં. અલબતાં આળસાઈ ઉપર બીજી એથી સરસ સરેહ શું હોય? ઈનામ તેને મળ્યું!

---

ચાલવાની સરતમાં જીતવા માટે એક જુવાનને એક રૂપાંનું ટંબ્લર ઇનામમાં મળ્યું. આ તેને બક્ષીશ આપતી વેળા સરનશીન સાહેબ ભાષણ કરતાં બોલ્યા, "બા, તારા પગના વાપરવાથી આ કપ તુંને મળ્યું છે, પણ આ કપના વાપરવાથી તારા પગ જતા નહીં રહે તેની સંભાળ રાખજે!"

---

## ઘડિયાળ ચાલતું કેમ નહીં?

શેઠ (પોતાની ધણીઆણીને)—ગુલાં, મારૂં ઘડિયાળ કેમ બંધ પડી ગયું છે તે મને સમજ પડતી નહીં. હું જાણું છું કે સાફ કરાવવું પડશે.

આ સાંભળી બાવાની લાડકી બુચી બોલી ઉઠી, "નહીં પપા, સાફ તો નહીં કરાવવું પડશે, કેમજે મેં અને રૂસતમે ગઈ કાલે એક કલાક સુધી તેને ટપમાં સાબુનાં પાણીએ સારી કની ધોયું હતું!"

## ગરીબ બચારો ખુચો.

એક નાનો છ વર્ષનો છોકરો મોહોલ્લાને નાકે ઉભો રહી બહુજ કકળીને રડતો હતો. આ જોઈ એક દયાળુ બુઝરોગ બાઇએ તેને પટાવીને પુછ્યું, "દીકરા કેમ રડેછ?" છોકરાએ ડચકાં ખાઈ ઉત્તર દીધો, "મારી બેઆની જતી રહી."

બાઈએ પોતાની ચમચી તાણી કાઢી અને તેમાંથી પાવલી આપી બોલ્યાં, "લે ચાલ, મુગો રહી જા; આએ પાવલી લે અને હવે રડતો ના—ચાલ, હવે મને કહે કે કેમ કરતાં તારી બેઆની જતી રહી?"

છોકરાએ આંખો લુછી જવાબ દીધો, "ભુખ લાગી તે બે આનાનો હલવો લઇ ખાઈ ગયો!"

---

મીસ્ટર અને મીસીસ ચીનાઇને સઘળી ઈંગ્રેજી ધપ ઘણી પસંદ હતી. તેઓએ પોતાના ઈરાની ચાકરને સખ્ત તાકીદ આપેલી કે જ્યારે ઓરડાનું બારણું બંધ હોય અને અમો બે જણમાંથી એકબી અંદર હોઈયે ત્યારે પહેલાં હાંક મારવો અને જવાબ મળે ત્યારેજ બારણું ઉઘાડીને અંદર આવવું.

એક દહાડે ધણી ધણીયાંણી ઈઝીચેર પર બેસી ખુશીથી વાતમાં છે તેવામાં ઈરાનીએ બારણું ઉઘાડયું અને ડોકું માહે ઘાલી ચડપ દેતું પાછું ખેંચી લીધું અને બારણું બંધ કરી હાંક મારવા લાગ્યો, "બૉઇ—બૉઈ."

ઇરાનીને અંદર બોલાવ્યો અને આમ કરવાનું કારણ પુછ્યું ત્યારે તેણે જવાબ દીધો, કે "ઠોકયાની અગાઉ પહેલાં જોઉં કેની કે તમે કોઈબી અંદર છેઓ કે નહીં?"

## બુધવારના વાંધા.

એક ગ્રહસ્થની યાદદાસ્ત શકિત લગાર કાચી હતી. તેણે એક દહાડે પાર્ટી બોલાવી જમવાનાં ઈજન કીધાં; તેમાં મોટાં મોટાં માણસોને બોલાવ્યાં તથા તૈયારીબી તેમજ ધામધુમથી કરી. પાર્ટીનો દહાડો આવ્યો ત્યારે મેજબાને ખુબ મહેનત કરી બંગલો સણગાર્યો. સાંઝ પડી પણ કોઈ આવતું જણાયું નહીં. રાતના આઠ વાગ્યા અને એક જણબી મળે નહીં એટલે તેને ફાળ પડી. ફફડી ચટકીને તે પોતાના ઓરડામાં ગયો અને અંચીતું લખવાનું ખાતું ખેંચ્યું તો સઘળી ચીઠ્ઠીઓનું બંડળ એમનું એમ બાંધીને મુકેલું.

તેણે ચીઠ્ઠીઓ લખેલી તો ખરી પણ મોકલતાં ભૂલી ગયલો!

---

એક ચતુર પારસીએ એક પરદેશી ભૈયા પાસે થોડાક રૂપ્યા ઉછીના લીધા જેના બદલામાં તેઓ વચ્ચે નિચલું ખત થયું :—

" રામસીંગ ભૈયા,  
પચ્ચીસ રૂપૈયા;  
લેનેવાળા પારસી,  
ચાંદ મેરા શાખસી!"

'ગપ-સપ'નો કોઇ ડાહ્યો વાંચનાર મેહેરબાની કરી જણાવશે કે ઉપલું ખત કોર્ટમાં હક વાજબી ગણાય કે નહીં? જો તેમ હોય તો તમારો સેવક પણ થોડાક રૂપ્યા ઉછીના લેવા માગે છે.

## ચાર મુર્ખાઓ.

એક ખુલ્લી જગ્યામાં ચાર ચક્રમો બેસી માંહોમાંહે ગપ્પા મારતા હતા. તેઓ જાણે કોઇ વેપાર વણજની વાત કરતા હોય તેમ એટલા તો ગુલતાન બની ગયા હતા કે આસપાસ શું થાય છે તેની તેઓ દરકાર કરતા હતા નહીં. બનાવ એવો બન્યો કે તેઓની પાસેથી એક ગામનો પટેલ પસાર થયો તેણે તેઓને સલામ આલેકુમ કીધી. આથી તે ચારે મુર્ખાઓએ હાથ ઉંચક્યા. પટેલ થોડોક દુર ગયો કે એક જણ બોલ્યો, "જોયું કે યારો, પેલા મારા દોસ્તે મને સલામ કીધી; મારા બપાવાનો બાપ એના કાકાના ભત્રીજા સાથે હાથી-દાંતનો વેપાર કરતો હતો." આ સાંભળી બીજો બોલ્યો, "અરે જારે, તારા જેવાનેજ સલામ કરતા હશે, એ તો મારી બઇરીનો સાળો થાય માટે મને સલામ કીધી." એ પ્રમાણે બાકીના બે દોસ્તોએ પણ દાવો કીધો, કે "પટેલે તેમને સલામ કીધી." આથી તેઓ બોલાચાલી પરથી હાથ-ચાલાકીપર આવ્યા અને એકેકને સારી પેઠે 'ગુંદર પાક' ગુંડીગુંડીને ખવડાવવા લાગ્યા. તેવામાં એક દોઢ ચતુરે તેમને સલાહ આપી, કે "ભાઈઓ, અમથા શેના લડી પડો છો? તમે પટેલને ઘર જઇ પૂછો કે તેણે કોણુને સલામ કીધી." આ સાંભળી તે ચાર પોણ્યા તો નિકળીજ પડ્યા અને પટેલને ઘર જઇ બારણું ઠોક્યું. પટેલ બીચારો ઘભરાયો કે એ બળા શું છે તેથી પૂછ્યું, કે "શું માગો છો?" પેલાઓમાંથી એકે કહ્યું; કે "પટેલજી, તમે કોણુને સલામ કીધી?" પટેલે વીચાર્યું કે આ તો કોઇ ખરાજ નગીના હીરા છે માટે જવાબ આપ્યો, "છોરાવો લડો છો ચેમ? મેં તો તમારામાંથી જે મૂર્ખા

હતો તેને સલામ કીધી." એ સાંભળીને તો પેલા ચાર જણાઓ એક પછી એક કહેવા લાગ્યા, કે "હું મૂર્ખો છું" અને ફકત એક સલામને માટે સઘળા પોતે મુર્ખ હોવાનો દાવો કરવા લાગ્યા તેથી શોરબકોર કરી મેળ્યો. એવામાં વળી એક શખ્સે સલાહ આપી, કે "ભાઇઓ, એનો ઈનસાફ કાંઈ અમારાથી થાય નહીં માટે રાજા પાસ ફર્યાદ લઇ જાઓ." એ સાંભળી તે ચાર જણાઓ રાજાની દરબારમાં 'ઈનસાફ—ઇનસાફ' પોકાર કરતા ગયા. રાજાએ જ્યારે પોકાર સાંભળ્યો ત્યારે ઝરૂખાપર આવી બરાડ મારી, કે "ઇન કૌણ ગધ્ધા હયે કે જો દરબારકે કામમેં ખલલ કરતા હયે?" એ સાંભળી એકે કહ્યું, "માહરાજ, હું ગધ્ધો છું."—બીજો કહે, "જાંહપનાહ, હું ગધ્ધો છું." એમ ચારો જણ પોતાને ગદ્ધાનો એલકાબ આપવા લાગ્યા. રાજાએ હુકમ કીધો કે તેઓને પકડી બંદીખાને નાખે અને એક જણને દરબારમાં મોકલે. આ હુકમ મુજબ એક જણને દરબારમાં મોકલી ત્રણ જણને કેદ કીધા. પાદશાહે પહેલા મુર્ખને પૂછ્યું, કે "કયા ફર્યાદ હયે?" પેલાએ જવાબ આપ્યો, કે "સાહેબ, પટેલે મને સલામ કીધી અને મારા દોસ્તો તે માનતા નથી અને ઉલટો તેના બદલામાં મને મેથીપાક ખવડાવ્યો." રાજાએ ગુસ્સાથી કહ્યું, "અબે બનીએ, જુઠી પતરાજી છોડ દે, ઔર બ્યાંન કર કે તું ખુદકો ગધ્ધા કીસ બાસતે કહેતા હય?" જે સાંભળીને તેણે નિચે મુજબ વાર્તા કીધી:—

"સાહેબ, હું એક પૈસાદારનો છોકરો છું પણ મને મારા બાપે કેળવણી તથા રીતભાત શીખવવાને બદલે લાડમાં

ઉધારેલો હતો. બાપ મરી ગયા પછી મેં બધા પૈસા ઉડાવી નાખ્યા અને ભીખારીની હાલતે એક ગરીબ ઘેરમાં રહેવા લાગ્યો. એક દિવસે મારી બાયડીએ કહ્યું, કે 'સ્વામીજી, જરા છોકરાને રાખો કે હું પાસેનાં ઘરમાંથી દેવતા આણું.' આથી હું બોલ્યો, કે 'ગધેડી, હું કાંઈ બાયલો છું કે છોકરાને રાખું ? માટે આવ, તું મારી ખાંધ પર બેસ અને તારી ખાંધપર છોકરાને બેસાડ અને પછી આપણે દેવતા લેવા જઈયે.' એ સાંભળી મારી બાયડી મારી ખાંધપર ચઢી બેઠી અને પોતાની ખાંધપર છોકરાને લીધો અને અમો દેવતા લેવા ગયાં. પણ કમનશીબે મારા ઘેરનું બારણું ઘણું નાનું અને નિચું હતું માટે જેવો હું બહાર નિકળવા ગયો કે મારા છોકરાને ઉપલી ભીત વાગી તેથી તે એક આચકા સમેત નિચે પડયો અને તેના આચકાથી મારી બાયડી પડી અને છેલ્લે મેં પણ ભોંયને નાકઘસની કરી જમીન માપી. આ જોઈ લોક જમાવ થયું અને મને શું થયું તે વિષે પૂછયું. મેં સઘળું તેમને કહી દીધું તેથી જેઓએ મારી વાત સાંભળી તેઓએ મને ગધ્ધો, મુર્ખ, વગેરે ખેતાબ આપ્યા અને તે દિવસથી મને કોઈ 'મુર્ખ' વગર ઓળખી શકતું નથી."

એ સાંભળી રાજાએ કહ્યું, "સચ બનીઆ, તું ખરા ગદ્દધા હયે; અબ કુછ લંબી બાત મત કર, ઔર તેરે મકાન પર ચલા જા." એ પછી રાજાએ બીજાને બોલાવ્યો, જેણે પોતે મુર્ખો કાંય છે તે વિષે નિચે પ્રમાણે કહ્યું :—

"જાંહપનાહ, એક વખતે મારા બાપે મને ઘોડો અપાવ્યો

જે લગાર મસ્તાન હતો. એક વખતે જ્યારે ઘોડાવાળો નહીં હતો ત્યારે તબેલે જઈ મેં ઘોડો છોડચો. ઘોડો જેવો છુટયો તેવો નાહસવા લાગ્યો માટે હું ગભરાટમાં તે ઉપર ચઢી બેઠો પણ ભોગજોગે હું—ઉંધો—તે ઘોડાની પૂછડી ગમ મોંહોડું કરી બેઠો. અને લગામને બદલે પૂછડી પકડી. ઘોડો તો કેમે કરી થોબે નહીં માટે હું તો ગભરાણો, અને એક ગાય રસ્તે જતી હતી તેનું પૂછડું પછવાડેથી પકડી લીધું. ગાય બીચારી નાતવાન હતી માટે પડી ગઇ અને અમારી સાથે ઘસડાવા લાગી. એ વખતે એક વાણીઓ રસ્તેથી જતો હતો તેનું પોતિયું ગાયનાં સીંગડાંમાં ભેરવાઇ ગયું માટે તે પણ અમારી સ્વારીમાં ઘસડાવા લાગ્યો. વાણીઆએ તો કળાબકોર કરી મુકયો, માટે લોકોએ ધરીપકડીને ઘોડાને અટકાવ્યો અને શું બન્યું તે પૂછયું. મેં જે બન્યું હતું તે સર્વે કહ્યું ત્યારથી મારૂં નામ 'ગધેડો' કરી લોકોએ પાડયું."

એ પછી ત્રીજાને બોલાવવામાં આવ્યો જેણે નિચે પ્રમાણે બ્યાન કીધું:—

"સરતાજ, મને ભપકો કરવાનો ઘણો શોખ હતો. એક દહાડે મારા બાપે કહ્યું, કે 'તારે સાસરે જઇ તારી બાયડીને તેડી લાવ.' હું ઘણો ભપકો કરી જે ગામ મારૂં સાસરૂં હતું ત્યાં જવા નિકળ્યો. રસ્તે જતાં રાત પડી માટે વિચાર કીધો, કે 'જો રાતના જઈશ તો મારો ભપકો કોઈ જોશે નહીં, માટે બેહતર કે રાતવાસો ત્યાં કેથે કરી સહવારના જાવું' એમ વિચારી આસપાસ નજર કરવા લાગ્યો તો એક ઝુપડું નજર પડયું, ત્યાં જઈ જોઉં છું તો એક બાવો

બેઠેલો હતો. મેં તેની પાસ ખાવાનું માગ્યું. તેણે કહ્યું, 'મીયાં, ઈધર ખાનેકા તો કુછ નહીં, મગર ચાહો તો યહે રાત ઈધર ખાબ કરો, ઔર યહે મેરી તુમડી લે કર ગાંઉમે જા કર કુછ ખાના મંગ લા કર ખાઓ.' આ સાંભળી મેં મારો કિમતી પોશાક કાઢી ત્યાં મુકયો અને એક કામળી ઓઢી પાસેનાં શેહેરમાં ભીખ માગવા ગયો. ભોગ-જોગે તે શેહેર મારા સસરાનુંજ હતું અને વળી કમનશીબે હું મારાં સાસરાં આગળ જઇ બુમ પાડવા લાગ્યો, કે 'માઈ કુછ ખાનેકા દેઓ-ઓ-ઓ, માઈ-ઈ-ઈ.' એ બુમ સાંભળી મારી બાયડી ઘરમાંથી નિકળીને ખાવાનું લાવી અને બોલી, 'લે, ઓ સાંઈ, ખાવાનું લે.' મેં મારી બાયડીને ઓળખી નહીં અને ખુશી થતો ઓટલા આગળ દોડયો; પણ ભોગ કરમના! જેવો હું ઓટલા આગળ ગયો કે ગટરમાં ગબડી પડયો. મારી બાયડીએ બુમ પાડી અને લોકોએ મને એક ગરીબ માણસ સમજી બહાર કાઢયો અને મારા સસરાનાંજ ઘરમાં લઈ જઈ સુવાડયો. સહવારના મારો હાલ મેં (તેઓને નહીં પીછાણીને) કહ્યો. મારા સસરાએ મને ઓળખ્યો અને મને ઘણો ઠપકો આપ્યો. એ સિવાય જેણે મારો હેવાલ સાંભળ્યો તેણે મને મુર્ખ કહ્યો."

આ વાતથી રાજાને ઘણી રમુજ મળી તથા તેને વિદાય કીધા બાદ ચોથા શખ્સને બોલાવ્યો જેણે નિચે પ્રમાણે બોલવુ શરૂ કીધું :—

"એક વખતે હું મારે સાસરે ગયો જ્યાં મારા સસરા તથા બાયડી બહાર ગયાં હતાં અને મારી સાસુ કમોદના ચોખા

વીણવા બેઠાં હતાં. હું જઇને મારી સાસુ પાસ બેઠો. મારાં સાસુજી મારે માટે ખુરસી લાવવા ઉઠયાં. મને ભૂખ ઘણી લાગી હતી તથા ચોખાનો સોહરમ પણ ખૂબ આવતો હતો માટે એક બાચકો ભરી ચાવી ગયો અને બીજો બાચકો મોંહોડાંમાં મારયો કે તરત સાસુ આવી લાગ્યાં અને મેં શરમથી ચોખા મોંહોડાંમાં ચાવ્યા વગર રહેવા દીધા. સાસુજીએ બેઠાં બાદ મને પૂછયું, કે 'માબાપ કેમ છે?' પણ હું જવાબ આપું કયાંથી? મોંહોડાંમાં તો અડચણ હતી! ફરીથી મને બે-ત્રણ સવાલ પૂછયા, પણ મેં તો ઘુવડની માફક મોંહોડું કરી દોળા ફાડીને જોયાજ કીધું. સાસુજી તો ઘભરાયાં, તેટલાંમાં સસરાજી આવી લાગ્યા તેવણ તો દોઢ ચતુરજ હતા માટે કહ્યું, કે 'એને તો કોઇએ મૂઠ મારી છે માટે ભુવાને બોલાવો.' આથી એક ધુતારાને બોલાવવામાં આવ્યો, જેણે ૧૦૧) રૂપ્યા, એક ભેંસ, વગેરે ક્રિયાનો સામાન માગ્યો જે તેને આપવામાં આવ્યો. પછી તેણે મને એક ઓરડામાં બંધ કીધો અને ચાબકો ઉઠાવી કહ્યું, કે 'બોલ, તું બોલતો કેમ નથી?' મે કહ્યું, 'અરે સબર, યાર, જરા ચોખા ચાવી જવા દે' એમ કહીને બચક-બચક પેલા ચોખા ચાવી ગયો અને જે બન્યું હતું તે સઘળું કહ્યું. એ સાંભળી તે બોલ્યો, 'બચ્ચાજી, એ વાત તું કોઇ આગળ કહેતો નહીં; હું જ્યાંસુધી ક્રિયા કરૂં ત્યાંસુધી મુગો બેસી રહેજે, નહીં તો તને ભુત આવ્યું છે એમ કહીને ખાસડાં અને ચાબકાનો માર મારીશ.' હું તો બીકનો મારયો મુગો બેસી રહયો. તે ધુતારો ધુતમ-ધાતમ, ઝાડુ-પીછી, વગેરે ક્રિયા કરવા બાદ રૂપ્યા તથા ભેંસ લઈ વટેણા વાવી ગયો. તેના ગયા પછી

હું સસરા આગળ ગયો અને સઘળી બીના કહી, તેથી સઘળાંઓએ મને એક અવાજે 'ગધેડો' કહ્યો."

આ વાત સાંભળ્યા પછી રાજાએ તેને પણ તેને ઘર મોકલી દીધો.

---

## અક્કલ કોઈના બાપની છે ?

એક પાદશાહની દરબારમાં એક ઘણોજ હસમુખો અને હાજરજવાબી વઝીર હતો. તેના ઉપર દરબારનું સર્વે કોઈ માણસ હસદની આંખ્યોથી જોતું. તેમાં મૂખ્ય કરી એક પાદશાહની રાણી તેની ઉપર ઘણીજ અદેખાઈ કરતી હતી, કેમકે તે રાણી પોતાના ભાઈને વઝીરની જગ્યા ઉપર રખાવવા માગતી હતી. રાણી વારંવાર તે વિષે વાત કાઢે પણ પાદશાહ અખાડા કરી જતો.

એક દહાડે પાદશાહ પોતાના નાના છોકરાને કેડ ઉપર લઈ રમાડતો હતો તેટલાંમાં રાણી આવી લાગી અને પાછી પોતાના ભાઈને માટે અરજ ગુજારી, કે "એને વઝીરની જગ્યા આપવી યાતો એહની પરિક્ષા કરવી." પાદશાહે આ વાત કબુલ કરીને તુરતજ રાણીના ભાઈને બોલાવી મંગાવ્યો અને કહ્યું, કે "જો કોઈ મેરે છાતી ઔર પેટકે ઉપર લાતાં મારે, ઔર મેરે મુંહપે થુક લગાવે ઉસકે તહીં કયા સઝા ફરમાના ચાહીયે ?" રાણીના ભાઈએ ઘણોક વખત વિચાર કરી કહ્યું, "ખુદાવંદ, ઉસ મુંજીકે હાથ પાઉં કાત ડાલના ચાહીયે." હવે પાદશાહે વઝીરને બોલાવી મંગાવ્યો અને તેને પણ ઉપલુંજ પુછયું. વઝીર સમજી ગયો કે એ કોઇ નહીં પણ પાદશાહનો લાડકો બેટો હોવો જોઇયે.

જ્યારે કોઈ પણ બચ્ચાંને આપણે કેડ પર લઇયે છીયે ત્યારે તે ગેલમાં આવી જઈ છાતી અને પેટપર લાતો મારે છે અને આપણને બચી કરે છે. તેથી વઝીરે પાદશાહને કહ્યું કે "ગરીબ પરવર સલામત, ઉસને જો પાંઉસે લાત મારા ઉસ પાંઉમે સોનેકે કડે ડાલો, ઔર જો મુંહસે થુક લગાયા વો મુંહકો શીરીનીસે ભર ડાલો." પાદશાહ આ સમજી તેની અક્કલ ઉપર ઘણોજ ખુસ થયો અને રાણીના ભાઇને રજા આપી. રાણીની પણ હવે ખાતરી થઇ અને પોતાનો બોલ મુકયો.

---

## કર અને જો.

ભીમપોરના નગરશેઠને ચંદન નામે એક ઘણો ચવિત્રો છોકરો હતો અને શેઠનો છોકરો એટલે સર્વે સાથે ઘેલાં કાઢે. એક દહાડે ફરતાં ફરતાં તે ગામની પાદરે જઈ લાગ્યો જ્યાં એક ગવલણ ભેંસોને દુધ ડોહતી હતી અને ત્યાં એક આખ્ખું દુધનું ટબ ભરીને મુકેલું હતું. નગરશેઠના છોકરાએ દુધ પીવા માગ્યું તેથી ગવલણ તાજું દુધ લેવા ઘરમાં ગઇ કે ચંદને એક મુએલી બીલાડી ઉંચકીને દુધનાં ભરેલાં ટબમાં નાખી અને સાથે માંહે એક રૂપ્યો નાખીને ત્યાંથી ચાલી ગયો. છ માસ પછી નાનો નગરશેઠ પાછો ત્યાં આવી લાગ્યો અને વળી પાછું પીવા સારૂ દુધ માગી ગવલણને પુછ્યું, કે "છ માસની વાત ઉપર તારાં ટબમાં કોઈ મુએલી બીલાડી નાખી ગયું હતું તેનું શું થયું?" ગવલણ હસીને બોલી, "બાપુ, આમ રોજને રોજ થાય તો અમે તો નીહાલ થઇ જઇયે. તે હંધુ દુધ નગરછેઠને ત્યાં વેચયું અને નીચેથી રૂપીયો મયેલો તે તો જુદો!"

## પારસી બાનુઓ માટે એક અગત્યનો સફો.

જે નવી પરણેલી અથવા જુની પરણેલી પારસી છોડીઓને સાસરાં ગમતાં નથી અને સહવારનાં ઘેર જઈ સાંઝનાં પાછાં રાત્રે સાસરે આવવાનું અથવા નજીવે બહાંને ઘેર ભરાઇ રહેવાનું તથા માત-પીતા ઉપર મસતો મારી સસ્તો ખીચડો ખાવાનું પસંદ કરે છે તેઓને આ નિચલી બીના વાંચવાની હું સખ્ત ભલામણ કરૂં છું:—

જો એક અરબની બાયડી ઘરનું કામ કરવાને બદલે આજારી પડી તો તુરત તેને તેણીનાં માબાપને ઘર મોકલાવી દે છે અને કહેવામાં આવે છે કે મેં એક તંનદરોસ્ત બાયડી લેવાનું સાટું કર્યું હતું અને આજારી બાયડીનું પુરૂં કયાંથી કરૂં? જેમ હોરાજીમાં બાયડીને છેડે એક રૂપ્યો છ આના બાંધી સાક્ષીની હજુરમાં હાંકી કાઢી એટલે તલાક આપેલા કહેવાઇ ચુકયા તેમજ સાઈબીરિયામાં ધણીએ બાયડીની ટોપી ઉંચકીને ફેંકી દીધી કે બાયડીએ નીચું ડોકું ઘાલી ઘરમાંથી બહાર જવું. સુમાત્રામાં મર્દ સ્ત્રીની હજુરમાં એક સોટી ભાંજે એટલે તેને છોડી દીધી એમ સમજાઇ ચુકયું. આપણા પારસીઓમાં મર્દ પોતાની સ્ત્રીનો ચોટલો ધરીને પીખે અને તેથી જો તલાક આપેલા કહેવાઈ શકાતા હોય તો કેટલી બધી આપદા પતે!

સાઈબીરિયાના કેટલાક ભાગમાં જેવી લગ્નની ક્રિયા પુરી થઈ કે સ્ત્રી પોતાના ધણીની ગોલામગીરી કરવા તૈયાર છે તેની પુરવારી તરીકે તેનાં બુટ ખેંચી કાઢે છે. બીજા ભાગમાં સસરો જમાઇને લગ્નને બીજે દહાડે એક ચાબુક ભેટ આપે છે કે જેથી સ્ત્રીને શીક્ષા કરવાની ધણીને સત્તા મળેલી કહેવાય છે.

જાવામાં લગ્નની ક્રિયા પછી સ્ત્રી પોતાના ધણીના પગ સઘળાંઓની હજુરમાં ધોય છે. આફ્રીકાના એક ભાગમાં સ્ત્રી ધણીના પગ ધોઈ પોતાનાં લગ્નનાંજ કપડાંએ નુછે છે. માડાગાસ્કરમાં મર્દ બહારથી આવ્યો કે સ્ત્રી ભોંય ઉપર પડી તેના પગને જીભ લગાડે છે. મુંબઈ નામનો એક મુલક છે જ્યાં પારસી નામની એક વસ્તી છે તેમાં કેટલાંક નવી ફ્રાસીનના લોકમાં આથી ઉલટોજ મામલો છે. ત્યાં સ્ત્રી મર્દને ડપેણાં ઝીલાવે છે અને મર્દની મા પંચાત કરે છે તો સ્ત્રી પોતાની માને ઘર જઇને રીસાઈને ભરાઇ રહે છે જ્યાં છુપીરીતે તેણીને પટાવવા તેણીનો ભ્રથાર જાય છે!

---

## બચ્ચાંની તબીયત.

એક જોડું પરણ્યા પછી જ્યારે તેમને પહેલવહેલું બાળક થાય છે ત્યારે તેઓ તેના ઉપર દેવાના બની જાય છે, તે તો સર્વેને માલમ છે. તેમાં વળી ડાકટરો ચોપાન્યાંઓમાં ‘ બાળકોની માવજત ’નાં મથાળાં તળે તરેહવાર ઉલટી સુલટી શિખામણો આપી આબડગુંચડ કરી નાખે છે.

અમારે ત્યાં પહેલવહેલાં બુચાની વૃધિ થઈ હતી અને અમે અલબતે તેના ઉપર ઘણાંજ કુરબાંન હતાં. એક દહાડે મારી સ્ત્રી દોડતી આવી અને અકળાઈને કહેવા લાગી, “દીનશાહ, આજે મેં એક ન્યુસપેપરમાં વાંચ્યું કે એક જર્મન ડાકટરના વિચાર પ્રમાણે **સ્વિસ મીલ્ક** બાળકને ઝેહેર જેવું છે અને

તેથી તેની ખરાબી થાય છે. ઓ માય રે! આપરે તો દજનના દજન ડાબરા પાઈ રહ્યાં!"

મેં જવાબ દીધો, "પણ તેથી બુચાને કાંઈ નુકશાન થયલું લાગતું નથી. સામો ઘીના ડબરા જેવો બનતો જાયછ."

"ઓ વાય! બહારથી નરો પોપચા જેવો છે પણ કોણ જાણે અંદરથી શું નખ્ખોદ વળતું હશે તે આપરે કેમ જાણ્યે? હું તો બા આજનું આજ 'સ્વિસ મીલ્ક' બંધ કરૂંછ ને ભેંસનું દુધ લેઉંછ."

હું કાંઈ બોલ્યો નહીં. ચારેક દહાડા પછી મારા વાંચવામાં આવ્યું કે "ગવલીઓ ભેંસોને ઘોડાની લીદ અને એવો બીજો નજીસ ખોરાક ખવાડે છે તેથી તે રોગ બચ્ચાંમાં ઉતરે છે." હું છલાંગ મારીને ઉઠયો અને મારી બાયડીને વંચાવ્યું. અમો બેઉ ફિલસુફો ઘણો પસતાવો કરવા લાગ્યાં. મારી બાયડી કહે, "ખરેખર! એમજ હશે. કારણ કે આજે ચાર દહાડા થયા બુચો ઘણો અણમન્યો લાગેછ અને રોજ આખ્ખા દહાડામાં ત્રણ શેર દુધ પી જતો હતો તે હમણાં હડી શેરબી પીતો નથી!"

ભેંસનું દુધ તાબરતોબ બંધ થયું અને 'મેલીન્સ ફૂડ' ચાલુ થયું. ૧લી તારીખે એક માસીક ચોપાન્યું આવ્યું તેમાં મારી મીસીસે વાંચ્યું કે "જાણ્યું અજાણ્યું કાંઈબી બાળકને પાવું એ ઘણું જોખમ ભર્યું છે. કોઈવાર તેથી બાળકને તાવ ચઢી આવે છે," ઈત્યાદિ. મારી સ્ત્રી વળી પાછી દોડતી આવી અને મારી સાથે વઢવા લાગી, "તમેબી શું રોજ રોજ નવા

બુટ્ટા લઈ આવોછ ! આ શીશીમાંનું તમને કોણે પાવા કહ્યું ? જો મારા છોકરાને કંઈ થશે તો હું તમને પુછીશ. રાતના આખ્ખી આખ્ખી રાત લોપણમાં પડી રહેછ તે બળા જાણે આ શીશીમાંનું પીધાથી તો નહીં હોય ? હું કાંઈ હવે એ પાવાની નથી."

આખરે ઘણી પંચાત થવા બાદ ઠરાવ થયો કે ધવાડનારી આયા વગર નિકાળ નથી, નહીં તો છોકરો રદબાતલ થઈ જશે. અલબતે બુચો ખાસ્સો પાંચ મણીકો હતો. આયા આવી અને તે ચાર દહાડામાં સુકાઈને દાંડા જેવી થઈ ગઈ, તેમાં છોકરાને ઉંચકીને ચાલતાં તેનો દમ આખર થવા લાગ્યો એટલે તે મુકાને ચાલી ગઇ.

સારાંસ હાલ ઘરમાં ગાય રાખી છે અને રાતના બાર વાગ્તે બુચાને દુધ જોઇયે ત્યારે અમે છ સાત જણ હાથમાં ફાણસ લઈ ભોંયતળિયે સર્ઘસના આકારમાં દુધ ડોહવા જઈયે છૈયે !

---

## આડાંની સુંઠ

એક ઘણાજ બેહેરા પુરૂષની ખૂબસુરત બાયડી અને એક કડકણી કુતરી હતી. એક દહાડે રસ્તામાં ચાલતાં બેહેરાને એક મિત્ર મળ્યો, જેણે પુછયું, "સાહેબ મેહરબાન, ભાઈ, કાલે તમારાં ધણીયાણી અમારે ત્યાં મળવા આવ્યાં હતાં."

બેહેરો સમજ્યો કે કુતરી વિષે વાત કરે છે—તેથી બોલ્યો, "તોબાહ! ઘણો દલગીર છું. હવે એ રાંડને છુટી નહીં મેલું, કાલની કાલ સાંકળ મંગાવી બાંધી રાખીશ."

## સાવચેત નોકર.

જમશેદજી સુગાત્રાને સહવારના ઑફીસમાં ગયા અગાઉ પ્યાલું ભરી સેરવો પીવાની આદત હતી. તેવણનાં ધણીયાણી રોજ સોજા તુવાલમાં સેરવો ગાળીને આપે. જમશેદજી એટલા સુગાત્રા હતા કે બાઈડીને હાથ વડે નીચવવાબી દે નહીં. એક દહાડે એ લોકનો એક ઇરાની બબરચી સેરવો રાંધણીમાંથી તૈયાર ગાળીને લાવ્યો. વરનાં દેખતાં શેઠાણીએ પુછ્યું, "બેહરામ! રસ શા વડે ગાળ્યો; તુવાલ તો આંહીં છે."

"બૉઇ, શેઠનાં મોજામેં ગારી," એમ સાહા ઈરાનીએ જવાબ દીધો.

બાઈ ચમકીને બોલ્યાં, "ઓ મુઓ રે તું, તારી અક્કલ કાંહાં જતી રહી? મુઆ ઈરાની નસુગ તે ખરાજ નસુગ."

"અરે નહી રે બૉઇજી, નવા મોજાં નથી બગારયાં, મેલાં કપરાંમાંથી જુનાં મોજા લીધા'તાં!"